॥ૐ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# આજનું ભાથું -૨

## એટલે કે -

("ફેસબુક"માં "આજનું ભાથું" મથાળા નીચે,
પૂ. ગુરુદેવ તથા શ્રધ્ધેય મહાનુભાવો દ્વારા રજૂ થયેલા,
જીવનભાથા રૂપ સોનેરી સૂત્રો)



પ.પૂ. શ્રી ગુરુદેવ યોગભિક્ષુજી

યોગભિક્ષુ

## अीश्वर का बोधक ( नाम ) प्रणव/ओम् है ।




(समादिपाद के सूत्रां का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है, अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है ।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है ।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म-मृत्यु से) पर है ।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना ।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है ।

॥ ॐ ॥
॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥



પ.પૂ. શ્રી ગુરુદેવ યોગભિક્ષુજી

॥ ૐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

# આજનું ભાથું

## એટલે કે –

**(“ફેસબુક”માં “આજનું ભાથું” મથાળા નીચે,**
**પૂ. ગુરુદેવ તથા શ્રદ્ધેય મહાનુભાવો દ્વારા રજૂ થયેલા,**
**જીવનભાથા રૂપ સોનેરી સૂત્રો)**

જયનારાયણ ગ્રન્થાવલિ - પુષ્પ ૩૦

## યોગભિક્ષુ

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**
ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ વતી
ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ
૩બ, પલિયડનગર, સેન્ટ ઝેવિયર્સસ્કૂલ રોડ.
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ફોન નં. ૦૭૯-૨૭૯૧૧૧૯૫

**આવૃત્તિ : પહેલી** (૨૭-૧૨-૨૦૨૦)

**પ્રત :** ૧૦૦૦
© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.

**મૂલ્ય રૂ. ૧૪૦/-**

**સંકલન :** ડૉ. સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુ
શ્રી વજુભાઈ વી. પટેલ
શ્રી જગત સોની

**મુદ્રક :**
શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ,
૬, રંભા કૉમ્પ્લેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ
ફોન : ૦૭૯-૪૮૦૦૩૩૦૬

# બે બોલ

'ફેસબુક'માં 'આજનું ભાથું' મથાળા નીચે, પ. પૂ. ગુરુદેવનું જે, સર્વતોભદ્ર, બહુવિધ સત્સાહિત્ય રજૂ થાય છે તેનો આ પુસ્તકમાં, અલ્પ માત્રામાં સંગ્રહ થઈ શક્યો છે. આ 'આજનું ભાથું-ભાગ-૨', વાંચનાર સૌ માટે 'જીવન-ભાથું' બની રહેશે તેવી શ્રદ્ધા છે, કારણ કે તે સર્વોપયોગી બની રહે તેની ખેવના રખાય છે. પ્રણવ પરમાત્મા, આપણા સૌની શ્રદ્ધા પૂર્ણ કરે તેવી પ્રાર્થના.

ફેસબુક પર રજૂ થતાં પૂ.શ્રીના સત્સાહિત્યને ત્રણ લાખ એંશી હજાર 'લાઈક' મળી ચૂક્યા છે. અને વેબસાઈટ પર મુકાયેલા સત્સાહિત્યને આઠ કરોડ દશ લાખ મિત્રોએ વાંચ્યું છે. લગભગ એક હજાર આઠ સો ફેસબુક મિત્રો પણ નોંધાયા છે.

આપણે સૌ નસીબદાર છીએ કે ઘર બેઠા અલૌકિક લાભ પામીએ છીએ.

જયશ્રી ઓમ્‌ગુરુદેવ                                        તા. ૧૬-૭-૨૦૧૯

**— ભાવેશ રાવલ**

# — : શુભેચ્છા-અભિપ્રાય : —

*(પરમ ગુરુ-પ્રેમી ડૉ. હરેન્દ્રભાઈ પંડ્યા - ડાકોર)*




કદાચ... પૂરા એફ : બી...(ફેસબુક) પર શ્રી યોગઃ ભિક્ષુજી દ્વારા મુકાતી અનેકવિધ સમાજ ઉપયોગી પોસ્ટથી ઉત્તમ કોઈ નહીં હોય !!! સમાજ આપનો ઋણી રહેશે જય ગુરુદેવ.

★ ★ ★

ગુરુજી હજારો વર્ષ પહેલાં ભગવાન શ્રી ક્રિષ્ણએ શ્રી ગીતાજીનો ઉપદેશ આપી હિંદુ ધર્મમાં વિશ્વાસ જગાડ્યો હતો.... તેમ આજે શ્રી યોગભિક્ષુજી, એ જ કાર્ય કરી રહ્યા છે. જય રણછોડજી.

**— ડૉ. હરેન્દ્ર પંડ્યા**
**ડાકોર**

॥ ૐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

# જીવનપાથેય-જીવનનું ભાથું

## (પ.પૂ. ગુરુદેવશ્રીનું ફેસબુક પર આવતું 'આજનું ભાથું'નું સંકલન)

**૩૭૨. એષણા :** માણસ આ ત્રણ એષણાઓને કેન્દ્રમાં રાખીને જ તેની ફરતે ઘૂમરાતો હોય છે. - પુત્રૈષણા, વિતૈષણા અને લોકૈષણા.

**૩૭૩. એષણા :** પુત્રપ્રાપ્તિની ઇચ્છા, ધનપ્રાપ્તિની ઇચ્છા અને કીર્તિપ્રાપ્તિની ઇચ્છા, એ ત્રણ ઇચ્છાઓ માણસને, જાણ્યેઅજાણ્યે જળોની જેમ વળગી છે. તેમાંય કીર્તિની ઇચ્છા મુખ્ય છે. ધન અને પુત્રની ઇચ્છા પણ ખરેખર તો કીર્તિ માટે જ હોય છે.

લોકો મારા વિષે શું કહે છે ? મારાં વખાણ કરે છે કે નહીં, મારી પૂજા થાય છે કે નહીં, મને ગુરુ-સંત-સિદ્ધ માને છે કે નહીં ? વગેરે. આવું બધું માનવમનમાં ઘૂમરાતું રહે છે.

કદાચ કોઈ ધનેચ્છા અને પુત્રેચ્છા પર કાબૂ કરી લે તોપણ લોકેષણા તો તેની જીવતી જ હોય છે. તેના સંબલથી જ તે પેલી બે ઇચ્છા પર કાબૂ કરી શક્યો હોય છે.

કીર્તિ અને નામનાના પણ કવિઓએ કેવાં ગુણગાન ગાયાં છે!

**નામ રહંતા ઠકરા, નાણાં નહિ રહંત;**
**કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નહિ પડંત.**

**૩૭૪. એષણા :** એક સંત બધું ત્યાગીને જંગલમાં રહેતા હતા. ભોજન પણ અઠવાડિયામાં બે કોળિયા જ લે. તેમના જન્મદિવસે રાજ્ય દ્વારા તેમનું ખૂબ માનસન્માન, પૂજન-અર્ચન થાય. એક વાર એવું બન્યું કે, તેમના જન્મદિવસે જ તુલસીદાસજીની

પધરામણી રાજાના ત્યાં થઈ. જંગલવાળા સંતના સન્માનની તૈયારી ચાલતી જોઈને તુલસીદાસજીએ પૂછ્યું તો રાજાએ બધી વાત જણાવીને સંતના ત્યાગના બહુ વખાણ કર્યાં. એટલે તુલસીજી કહે કે જો મારું માનો તો આપણે બધા આવતી કાલે તેમનું સન્માન કરવા જઈએ.

સૌએ એ પ્રમાણે કર્યું. સંતની ઝૂંપડીમાં જઈને જોયું, તો સંત મૃત્યુની હાલતમાં પડ્યા હતા. સૌના પ્રશ્નના જવાબમાં તુલસીદાસજીએ ખુલાસો કર્યો કે આ સંત માનવસન્માનની આશા પર જ જીવતા હતા. ગઈ કાલે તેમનો જન્મદિવસ હતો, તેથી તેમણે તમારા બધાની ખૂબ રાહ જોઈ પણ કોઈને જોયા નહીં, એટલે એટલા બધા હતાશ-નિરાશ થઈ ગયા કે તેમનું મૃત્યુ થઈ ગયું. આ ખુલાસો સાંભળીને સૌને સાચી વાતની ખબર પડી અને સૌ ભ્રમમુક્ત થયા. અને તુલસીજીની સાથે સૌ બોલી ઊઠ્યા કે –

**કંચન તજ્યો, કામિની તજ્યો. તજ્યો સર્વ ધાતુ કો સંગ;**
**તુલસી લઘુ ભોજન કરે, જીએ માન કે સંગ.**

તેથી જ કહ્યું છે કે લોકૈષણા મહા બળવાન છે.

**૩૭૫. અમેરિકા :** અમેરિકા શા માટે જવું છે? શું ત્યાં ખૂબ ધન અને સુખ-સગવડ મળે છે, એટલા માટે?

પણ જો, ત્યાં જવા માટે જેટલી યોગ્યતાની જરૂરત પડે છે અને ત્યાં જઈને જેટલો પરિશ્રમ કરવો પડે છે, તે બધું ભારતમાં રહીને કરીએ, તો ત્યાં જેટલું બધું જ ભારતમાં પણ જરૂર મળે જ. વળી –

એકનો એક દીકરો અમેરિકા જઈને પછી મા-બાપને બોલાવવાનો હોય, પણ ત્યાં સુધીમાં તો કાં તો મા-બાપ મરીપરવાર્યાં હોય, કે અતિ વૃધ્ધ થઈ ગયા હોય. અને જો ત્યાં પહોંચે તોપણ ત્યાં ખૂબ ત્રાસી જાય. દીકરો ને વહુ તો નોકરીએ જાય. પોતે અંગ્રેજી જાણે નહીં. બંધ ઘરમાં નજરકેદ જેવી સ્થિતિ. ન કોઈને હળાય-મળાય કે ન દેવદર્શન. દીકરા ને વહુ માટે રસોઈ તૈયાર રાખે અને જો દીકરાને બાળકો હોય, તો બેબીસીટર! ઘરડા શરીરે આ બધું માબાપથી થઈ શકે નહીં. એટલે છેવટે ભારતભેગાં થઈ જાય! પણ... ભારત આવે ત્યારે ખબર પડે કે ઘર-ખેતર કાંઈ રહ્યાં નથી. એ તો બધું દીકરાને ભણાવવામાં અને અમેરિકા મોકલવામાં સ્વાહા થઈ ગયું હતું. આમ -

દીકરો ન તો માતાપિતાને સુખી કરી શકે કે ન તેમની અમૂલ્ય સેવાનો લાભ લઈ શકે. પણ તોય તેનો અમેરિકાનો મોહ છૂટે નહીં. કેમકે એ મોહ તો બચપણથી જ તેના માથામાં ભરી દેવામાં આવ્યો હતો.

અમેરિકા જઈ આવેલા પણ ત્યાંની સાચી હકીકત જણાવે નહીં. અને ફક્ત ત્યાંનો મોહ વધે એવી જ, એટલી જ વાતો કહે એટલે એમ જ થાયને?

અહીંથી ગમે તેટલી મોટી ડિગ્રીઓ લીધી હોય પણ તે ત્યાં ન ચાલે. જતાંવેંત તો જે કાંઈ જૉબ મળે તે સ્વીકારી જ લેવી જોઈએ, નહિ તો ભૂખે મરવું પડે. લાઇનની જૉબ તો બે-ચાર વર્ષે મળે ત્યારે ખરી.

અમેરિકા ગયા પછી તુરત જે નોકરી મળે, તે સહર્ષ સ્વીકારીએ અને ભારતમાં હોઈએ, ત્યારે જાતભાતનાં નખરાં કરીએ.

આતો ‘ગામનો જોગી જોગડો અને બીજા ગામનો સિદ્ધ’ જેવું થયું.

આ તો ફક્ત અમેરિકાની ઉપરછલ્લી વાતો થઈ. ત્યાં જનાર બધાંને આમ જ થાય છે કે બધાં આમ જ કરે છે એમ કહેવાનું નથી. આ પ્રકરણનાં બીજાં પણ ઘણાં પાસાંઓ છે.

**૩૭૬. અમેરિકા :** અમેરિકામાં જો જૉબ જાય તો ધરતીકંપ થયો! કારણ કે સવારથી સાંજ સુધીમાં જે બીલ આવવાનાં હોય તે તો આવે જ અને નોકરી હોય નહીં. પછી ધરતીકંપ થયો હોય તેવું જ લાગેને! અને જો થોડા દિવસ દવાખાનામાં રહેવું પડે, તો સૂપડાં સાફ, બધી મૂડી વપરાઈ જાય, દવાખાનાં એટલાં મોંઘાં.

પોતાની આજુબાજુ કોણ રહે છે, તેની કોઈને ખબર ન હોય, નીચેના માળે રહેતા બાપાને, ઉપરના માળે રહેતા દીકરાને મળવા જવું હોય, તો આગળથી ફોન કરવો પડે. દીકરી જો બાપાના ત્યાં આવી હોય અને કોઈને ફોન કરે તો, બીલના બધા પૈસા બાપાને આપી દે, તો એમાં કોઈને કાંઈ અજુગતું ન લાગે.

ભરબપોરે, પેમલા-પેમલી પરસ્પર અડપલાં કરતાં ચાલ્યાં જતાં હોય પણ તોય સડક પર ચાલ્યા જતા બીજા લોકોને તેમના તરફ જોવાનીયે પડી ન હોય!

બાળક થોડું મોટું થાય કે તેના માટે જુદો ખંડ. જો બાળક રડે, તો માઇક દ્વારા બીજા ખંડમાં ખબર પડી જાય એટલે માતાપિતા આવે. રમકડાંથી તો આખો ખંડ ભરેલો હોય, રમકડાં સાથે રમતાં-રમતાં જ બાળક ઘણું બધું શીખી શકે, એવાં બોલતાં રમકડાં.

ત્યાંના લોકો આવી વાતો કરે કે વાઇન, વાઇફ અને વેધરનો કોઈ ભરોસો નહીં. એટલે કે ત્યાંનું વાતાવરણ ક્યારે કેવું પલટાય તે કહી શકાય નહીં, વાઇન વિષે તો સૌ જાણે જ છે અને વાઇફ નોકરી પર ગઈ હોય, તે પાછી આવે, ત્યારે મનાય કે આવી, ત્યાં સુધી તેનો ભરોસો નહીં.

**૩૭૭. અમેરિકા :** અમેરિકામાં બાળકો થોડાં મોટાં થાય કે તુરત માબાપથી જુદાં પછી ફાધર્સ-મધર્સડે એજ મળવા આવે. ત્યાં માતૃ-પિતૃદિવસ એટલે ઊજવાય, કારણ કે

ફક્ત તે જ દિવસે માતાપિતાને મળવાનું. ભારતમાં તો રોજે માતાપિતાદિવસ, કારણ કે સંયુક્ત કુટુંબ.

અહીં જે કામ પુરુષો કરે, તે કામ તો ત્યાં સ્ત્રીઓ કરે, ત્યાં પુરુષો તો ખૂબ કઠિન, સાહસિક કામો કરે. ત્યાં અમુક કામ સ્રીઓનું અને અમુક કામ પુરુષોનું, એવો કોઈ ભેદ નહિ. સૌ સમયનું પાલન અતિ ચોકસાઈથી કરે. 'ટાઇમ ઇઝ ગૉડ'માં માનવાવાળા સૌ.

અમારે અમેરિકા જવાનું ત્રણ વખત થયું. દર રવિવારે જુદાં-જુદાં સ્ટેટમાં 'ગાયત્રી-મારુતિયજ્ઞ આધ્યાત્મિક મિત્રોના ત્યાં કરતા, અને એ નિમિત્તે, સાચી સમજણની વાતો ખૂબ કરતા. મિત્રોએ ત્યાં અમને ખૂબ સહકાર આપેલો. ત્યાંથી નીકળ્યાં ત્યારે પણ યજ્ઞનાં ૧૫-૧૬ આમંત્રણો બાકી જ હતાં. હજુ પણ તેઓ સૌ ખૂબ આગ્રહથી બોલાવે છે અને અમારી પાસે વિઝા પણ છે, પણ અમે ના પાડીએ છીએ. કારણ કે અત્યારે ૮૯ વર્ષની ઉંમરે શરીર નરમગરમ રહે, તેથી મિત્રોને ખૂબ તકલીફ પડે. તેઓને તો તકલીફમાં પણ આનંદ જ આવતો હોય, પણ આપણને તે ઠીક ન લાગે.

**૩૭૮. અમેરિકા :** ત્યાં અંગ્રેજી ભાષા અને મોટરડ્રાઇવિંગ જાણવાં અતિ જરૂરી. ન જાણતા હોય તેની સ્થિતિ મૂંગા અને લંગડા જેવી. નોકરીનું સ્થળ ઘણે દૂર હોય. ઝાડુ મારવાની નોકરી કરનારાને પણ મોટરમાં જવું પડે. મૉટેલમાં કચરા-પોતાં કરવાની નોકરી હોય પણ બીજાને તેની ખબર ન હોય. નોકરી પર જતાં પહેલાં જ ટી.વી. પર એ જોઈ લેવું જરૂરી કે વેધર કેવું છે. શિયાળામાં તો એવો બરફ વર્ષે કે ગાડી સાથે દટાઈ જવાય. મુખ્ય પ્રધાન પણ પોતાની ગાડી પોતે ચલાવે. ડ્રાઇવર નહીં. ઘરમાં નોકર નહીં. રસોઇયો નહીં. મોટા પ્રધાનોના ઘરમાં જે રાશન વપરાતું હોય, તે જ સામાન્યના ત્યાં.

ત્યાં અમે (યોગભિક્ષુ) અમારા મિત્ર જોડે તેમની અમેરિકન કંપની જોવા ગયેલા. મૅનેજરે જે થોડી વાતો કરી તે અમને મિત્ર ગુજરાતીમાં સમજાવતા. છેલ્લે એમણે કહ્યું કે અમેરિકાને, યોગભિક્ષુ જેવા માણસોની ખૂબ જરૂર છે. બાજુમાં જ તેમના ઘરે લઈ ગયા. તેમનાં વયોવૃદ્ધ પત્નીએ ટેબલ પર નાસ્તો મૂક્યો. અમે થોડું વિચારતાં હતાં ત્યાં જ તેવો બોલ્યા કે - કેકમાં અને બિસ્કિટમાં ઈંડાં નથી માટે લ્યો. અમે થોડો પ્રસાદ લીધો. મન ખૂબ પ્રસન્ન રહ્યું.

શિયાળામાં તો એમ થાય કે હવે શું કરવું? છતાંય સાંજે ફરવા તો જતાં જ. ધોતીની નીચે ચોયણો ઉપર સદરો તેના પર બે સ્વૅટર, તેના પર ગોદડા જેવો લૉંગકોટ. પગમાં મોજાં-બૂટ, માથા પર ડબલ કાનટોપી તોય પગનાં આંગળાં ખોટાં પડી જાય. પણ તોય, ખાધું પચાવવા માટે ફરવા તો જવું જ જોઈએ. અપચાના કારણે પેટમાં દુખે એ ન પોષાય.

એક વખત વસુબહેન જોડે સ્ટોરમાં ગયાં. ત્યાં તેમને તેમનાં બહેનપણી મળ્યાં. તેઓ વસુબહેનને કહે છે કે આ તમારા ગુરુજીને (યોગભિક્ષુજીને) કહી દો કે પૅન્ટ પહેરે, અહીં ધોતી ન ચાલે. બીમાર પડી જશે! વસુબહેને જવાબ આપ્યો કે ગુરુજીને કહેવાની જરૂરત નથી. તેમને જરૂરત લાગશે, ત્યારે પૅન્ટ પહેરી જ લેવાના. પછી આખો શિયાળો અમે પૅન્ટ અને લૉંગકોટ જ પહેરતા. ફરવા જઈએ ત્યારે.

**૩૭૯. અમેરિકા :** ડૉક્ટરની, ઇજનેરની, પ્રોફેસરની કે એવી જ બીજી ડિગ્રીઓ હોય તોપણ અમેરિકામાં જતાંવેંત પોતાની લાઇનની જૉબ મળે નહીં. લાઇનની જૉબ મળે, ત્યાં સુધી જે પણ, તાકા ઉપાડવાનું કે કચરાપોતાં કરવાનું કે મૉટેલમાં પલંગોની ચાદરો બદલવાનું કે એવું બીજું જે કાંઈ મળે તે કામ હસતેમોઢે કે રોતેમોઢે સ્વીકારી લેવું પડે. લાઇનની નોકરી મળે ત્યાં સુધી જો રાહ જોવે તો ત્યાંના ખર્ચાનું શું? હા. જો અબજોપતિ હોય તો વાંધો ન આવે. પણ અબજો પતિ ત્યાં જાય જ શા માટે ? ડૉલરની લાલચે તો, મોટા ભાગનાને ત્યાં જવા લલચાવ્યા હોય છે!

જરૂરી બધા પ્રકારની યોગ્યતા જેમણે પ્રાપ્ત કરી લીધી હોય તેમને જૉબ જાય તેની જરા પણ ચિંતા ન હોય. કારણ કે જૉબ જાય કે તરત તેમને પોતાના ત્યાં નોકરીમાં લેવા બીજી કંપનીઓ ટાંપીને જ બેઠી હોય! પૂરી યોગ્યતા વિના જ દેખાદેખી જ જેઓ ત્યાં પહોંચી જાય, તેને ઘણું સહન કરવું પડે. પછી તો થપ્પડ મારીને મોં લાલ રાખવું પડેને?

સારું ને ખરાબ બધે જ ભરેલું પડ્યું છે. આપણને જે ગમે તેને સારું અને, ન ગમે તેને આપણે ખરાબ કહીએ. વળી, સારા-ખરાબની આપણી વ્યાખ્યા પણ બદલાતી જ હોય છેને?

**જડ ચેતન, ગુણ દોષમય, વિશ્વ કિન્હ કિરતાર;**
**સત્-હંસ ગુણ ગહહિ પિય, પરહરિ વારિ વિકાર.**

**ભાવાર્થ :** પરમાત્માએ જડ, ચેતન, ગુણ તથા દોષવાળું જગત બનાવ્યું છે. સંતરૂપી હંસો તેમાંથી ગુણરૂપી દૂધને પી જાય છે અને દોષરૂપી પાણીને છોડી દે છે.

**નોંધ :** હર પ્રકારની પ્રતિકૂળ પરિસ્થિતિને પણ પહોંચી વળવાની તૈયારી હોય તો જ સ્વદેશ છોડીને વિદેશ જવાનું વિચારી શક્ય.

**૩૮૦. અભિનંદન :** 'ગાયત્રી-મારુતિયજ્ઞ' ખૂબ ઉત્સાહપૂર્વક પૂર્ણ થયો. સૌ પ્રેમીઓનો આનંદ જાણે હિલોળે ચડ્યો હતો. સૌને વંદન, અભિનંદન, આશિષ.

**૩૮૧. અમેરિકા (ભાગ-૬) :** અમેરિકન કંપનીવાળા મિત્ર કહે કે ગુરુજી જો આપ અહીં સ્થાયી થાવ અને અહીં આશ્રમ બનાવો તો હું મારી તમામ મિલકત આપના નામે કરી દઉં. **જવાબ :** તમારી ભક્તિ જોઈને બેહદ આનંદ થાય છે, પણ મને જો -

અમેરિકામાં સ્થાયી થવાની જરૂરત લાગે, તો હું અહીં રોકાઈ જ જાઉં, તેને માટે તમારે કાંઈ જ આપવાની જરૂરત નહિ. તમારો અઢળક પ્રેમ જ બસ છે. તેઓ કહે કે ગુરુજી! તમે તો અમે જ્યાં જઈએ, ત્યાં અમારી પાછળ-પાછળ જ હો છો ! તેઓએ ખુલાસો કરતાં કહ્યું કે અમો અમુક સ્ટેટમાં યોગાનંદજીના આશ્રમે ગયા હતા, ત્યાં આપના ફોટા હતા. (તેઓ સૌ યોગાનંદસંપ્રદાયમાં માનનારા હતા) આ સાંભળી અમે વિચારમાં પડી ગયા કે અમારા ફોટા ત્યાં ક્યાંથી? પછી યાદ આવી ગયું કે એ સમુદાયના એક સંત રાંચીથી આવેલા ત્યારે મણિનગરમાં એમના પ્રવચનમાં અમારું પ્રવચન પણ હતું. તે વખતે અમારા પ્રવચનમાં ખૂબ તાલીઓ પડેલી. તેઓ ગુજરાતી જાણે નહીં, એટલે પ્રવચન પૂરું થયે, મારા હાથમાં જે કાગળિયાં હતાં, તે તેમણે મારી પાસેથી માંગી લીધાં. મેં કહ્યું કે બધું ગુજરાતીમાં છે; તો તેઓ ઈશારેથી કહે કે એ બધું હું આશ્રમ જઈને સમજી લઈશ. મને આ બધી વાત યાદ આવી ગઈ, એટલે ઉપર કહેલી વાત ''આપ તો અમારી પાછળ-પાછળ ફરો છો'', તે વાત પણ સમજાઈ ગઈ.

**૩૮૨. અમેરિકા (ભાગ-૭) :** એક જગ્યાએ અમે એક મદ્રાસી હોટલમાં મિત્રો સાથે ગયા. મદ્રાસી હોટલ સિવાય તો શાકાહારી નાસ્તો બીજે મળે નહીં. અમે નાસ્તો કરતા હતા ત્યારે, થડા પર બેઠેલા બે ભાઈઓ વાત કરતા જાય અને અમારા તરફ ઈશારો કરતા જાય. અમે નાસ્તો પતાવીને બીલ આપવા ગયા ત્યારે અમે અમારા તરફ ઈશારો કરવાનું કારણ પૂછ્યું. તો એક કહે કે રાંચીવાળા સ્વામીજી સાથે, તમારા મણિનગરના વીડિયો-પ્રવચનનું ઍડિટિંગ મેં કર્યું હતું. અમે બીલના પૈસા આપવા માંડ્યા પણ તેઓએ સ્વીકાર્યા નહીં.

તે મિત્ર થોડા સમય પહેલાં અમદાવાદ આવેલા ત્યારે મળવા આવેલા. તેઓ હાથ જોડીને કહે કે ગુરુજી, ફક્ત એક વખત અમેરિકા પધારો. અમે અમારી શારીરિક સ્થિતિ જણાવી. તો ખૂબ ગળગળા થઈને કહે કે કાં તો આપ અમેરિકામાં અથવા હું અમદાવાદમાં! તેમનાં પત્ની કહે કે ગુરુજી આપનું અને યોગાનંદજીનું સાહિત્ય એકસમાન છે. ફક્ત આટલો જ ફર્ક તેમનું અંગ્રેજીમાં અને આપનું ગુજરાતીમાં.

આવો હતો આધ્યાત્મિક મિત્રોનો પ્રેમ, કલ્પનાતીત!

**૩૮૩. અમેરિકા (ભાગ-૮) :** સ્વામીબુવા નામે ઓળખાતા એક સંત-યોગીજીને મળવા ન્યુયૉર્કના તેમના મુકામે ગયા. તે વખતે તેમની ઉંમર એક સો આઠ વર્ષની હતી. કપાળે, બંને બાહુ પર તથા છાતી પર ભસ્મ. ડાબે ખભે જનોઈ. આખા શરીરની ચામડી ઢીલી પડી ગયેલી. તેમને જોતાં જ તેમની ઉંમરનો અંદાજ આવી જ જાય. જોતાં જ તેમના તરફ પૂજ્યભાવ પ્રગટે, એવો તેમનો પ્રભાવ.

અમારું ખૂબ સન્માન કર્યું. અમને ઊંચા આસને બેસાડ્યા. પોતે શિષ્યોને આસનો શિખવાડતા હતા. બધા જ શિષ્યો અમેરિકન. અઘરાં આસનો શરૂ થયાં, એટલે એક મદ્રાસ બાજુના ભાઈ ઊભા રહી ગયા. તેઓ અઘરાં આસનો ન કરી શક્યા. એટલે બુવાજી બોલ્યા કે લાડુપ્રિય બ્રાહ્મણ.

આસનોનો કાર્યક્રમ પૂરો થયો, એટલે અમને તેમની રૂમમાં લઈ ગયા. રૂમમાં ઘણા સંતોના ફોટા હતા. તેમણે અમારા પણ એક ફોટાની માંગણી કરી, જે પાછળથી મિત્રોએ મોકલી આપેલો.

તેઓ આંખથી હવા કાઢતા. શંખને રોક્યા વગર દીર્ઘ સમય સુધી વગાડી શકતા.

તેઓ કહેતા કે અમેરિકામાં બધા બ્રાહ્મણો જ વસે છે. મોટરમાં બેસે કે તરત જનોઈ (સીટબેલ્ટ) પહેરી લે છે. તેમને ઈરાનના રાજાએ યોગ શીખવા બોલાવેલા, ત્યારે ત્યાં એકસો રૂપિયાની એક કેરી મળતી હતી. બીજે દિવસે અમને ભોજન માટે બોલાવ્યા. પોતે જાતે રસોઈ બનાવીને અમને જમાડ્યા.

ચોર્યાસી આસનોના ચાર્ટ તો અમે જોયેલા. તેમના ત્યાં એક હજાર આસનોનો ચાર્ટ હતો. તેઓશ્રી ખેચરીમુદ્રાના જ્ઞાતા હતા. અમને કહે કે જો તમારે ખેચરીજ્ઞાતા બનવું હોય, તો હું જાતે તમારી છેદનવિધિ કરું. એક જ મુલાકાતમાં અમારા તરફ ખૂબ જ વાત્સલ્યભાવ થઈ ગયેલો.

આવું બધું અનુભવીને અમને વિચાર આવે કે ખેચરીમુદ્રા શીખવા માટે અમે પહાડેપહાડ ખૂંદતા હતા ત્યારે કોઈ ન મળ્યું અને અત્યારે બધામાંથી મનની ઉપરામ જેવી સ્થિતિ છે, ત્યારે સામેથી આવે છે !

**અરે પ્રારબ્ધ તો ઘેલું, રહે તે દૂર માગે તો;**
**ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેતો.**

**૩૮૪. અમેરિકા... (ભાગ-૯) : યોગશાસ્ત્રમાં ખેચરીમુદ્રાની જબર જસ્ત મહત્તા છે, ખેચરીસિધ્ધને ઝેરની અસર ન થાય. તેને વૃદ્ધાવસ્થા ન આવે કે મોડી આવે (સ્વામીબુવાજીનું શરીર ૧૧૬ વર્ષે શાંત થયું હતું.) તેઓ કહેતા કે એક વાર રાત્રે ચોર આવ્યા. હું લંગોટીભર ઊભો થઈ ગયો. અને કહ્યું કે તમારે જે જરૂરનું હોય તે બધું લઈ જાવ. રાજા-મહારાજાઓ તરફથી જે કાંઈ ઇનામ-ઈકરામ મળેલાં તે બધાં ચોરલોકો લઈ ગયા. મારું મસ્તક જાણે સાવ હલકું થઈ ગયું.**

બુવાજીના પગનાં આંગળાં જરા ઠરડાયેલાં હતાં. તે વિશે તેમણે ખુલાસો કરેલો કે ઘણાં વર્ષો પહેલાં હું મારા દેશમાં ગુજરી ગયેલો. બધાએ ચિતા પર સુવાડીને આગ

ચાંપી ત્યાં તો હું ઊભો થઈ ગયો. આંગળાં થોડા બળેલાં. ઘરવાળાએ મને ઘરમાં પેસવા ન દીધો. એ સૌ એવું માનતાં હતાં કે મરેલો જીવતો થાય અને ઘરમાં રાખીએ તો બધાં દુઃખી થાય. આ રીતે મારું અમેરિકા આવવાનું થયું. અહીંયાં યોગગુરુ બનીને મેં સૌને સુખી કર્યાં. તેઓ કહેતા કે

મારા બધા શિષ્યો અમેરિકન છે. કોઈ ભારતીય નહિ. ભારતીયો યોગ કરતાં મારા અંગત જીવનમાં વધુ રસ લે છે.

ભારતથી આવેલા એક પ્રખ્યાત સંતના પ્રવચનમાં અમે, બુવાજી તથા મિત્રો ગયા. સભામાં પાછળ બેસી ગયા. સંત સ્ટેજ પર અમે નીચે. એટલે ઊંચું જોઈ-જોઈને અમારી ડોક દુખવા લાગી, એટલે અમે દાઢીને હથેળી પર ટેકવી. સ્ટેજ પરથી સંતની નજર અમારા પર પડી. એટલે એમણે ઈશારાથી પૂછ્યું કે આમ કેમ? અમે કહ્યું કે ડોક દુખી ગઈ છે. ત્યાં સુધીમાં તો તેઓ અમને ઓળખી ગયા અને સ્ટેજ પર બોલાવવા લાગ્યા. અમે ના પાડી. પ્રવચન પૂરું થયું, એટલે અમે તેમને મળ્યા, તો કહે કે તમારે તો મારી બાજુની ખુરશી પર બેસવાનું હોય. અમે કહ્યું કે સ્ટેજ પર ભાર-ભાર લાગે અને પબ્લિકમાં બેસીએ, તો સાવ હલકું-હલકું લાગે. બહાર નીકળ્યા ત્યાં બુવાજીનાં ચંપલ જ ગૂમ. ઢગલામાંથી મહામહેનતે ગોત્યાં.

**૩૮૫. અમેરિકા... (ભાગ-૧૦) :** અમારો જ્યાં મુખ્ય મુકામ હતો, એ આખો મિત્ર-પરિવાર ગુરુસંતમય જ હતો. દર રવિવારે જુદા-જુદા રાજ્યમાં ગાયત્રી-મારુતિ-યજ્ઞ હોય, ત્યારે પૂરો પરિવાર સાથે જ હોય. તેમનાં બે બાળકોને એ વખતે વૅકેશન હોય પણ તોય બંને અમારી આધ્યાત્મિક પ્રવૃત્તિમાં જ રસ લે. બહેન સવારે પાંચ વાગ્યે જૉબ પર જાય ત્યારે લોટની કણક બાંધીને મુક્તા જાય. તેમના વિદ્યાર્થીપુત્ર તેમાંથી રોટલી બનાવીને બપોરે અમને જમાડે. બાજુમાં રહેતા તેના મસિયાઈ ભાઈ આવીને વાસણ વગેરે સાફ કરીને, અમે આરામ કરીએ ત્યારે જાય. અત્યારે તો એ બાળકો મોટી કંપનીઓમાં મૅનેજર છે અને તેમના ત્યાં પણ બાળકો છે. માણસ ભલેને મેવાની ઇચ્છા સિવાય સેવા કરે પણ તોય તેને મેવા મળે જ, એવો કુદરતનો અટલ-અફર નિયમ છે. તેમના સૌના નિષ્કામપ્રેમની યાદ આંખો ભીની કરી જાય.

ન્યૂજર્સીમાં એક ઘેર પધરામણી હતી. ૩-૪ દિવસ ત્યાં રહ્યા. મિત્રો દ્વારા ખબર પડી કે પાંચ વર્ષથી એમના પત્ની દેશમાં છે. વિઝા નથી મળતા. અમે થોડું પૂછ્યું તો તેમના પતિ કહે કે ગુરુજી! એમાં કાંઈ થઈ શકે તેમ નથી. તેના નામ નીચે લાલ લીટી મારી દીધી છે.

તેમના એક મિત્રના ત્યાં પધરામણી હતી. તેઓ અમુક સંપ્રદાયના ચુસ્ત અનુયાયી હતા. એટલે પધરામણી કદાચ શરમેભરમે થઈ હોય. ત્યાંથી વિદાય થતાં સમયે અમે અમારી અટેચીમાંથી સૌને કાંઈક ને કાંઈક પ્રસાદી આપતા હતા. મકાન- માલિકનો વારો આવ્યો, એટલે તેમને અટેચીમાંથી બે ફોટા આપ્યા, કે જે તેમના સંપ્રદાયના મહાન સંતોના હતા. તે જોઈને તે રાજી-રાજી થઈ ગયા. આ જોઈને જે મિત્રો કાયમ અમારી અટેચીમાંથી ચીજવસ્તુઓ લેતા-મૂકતા હતા, તે આભા થઈ ગયા. કારણ કે એમણે એ બે ફોટા ક્યારેય જોયેલા નહીં. અમે તેમને ખુલાસો કર્યો કે એ ફોટા, અટેચીમાં નહોતા ને આવી ગયા, એમ માનવાની જરૂર નથી, તમને અટેચીમાં ફોટા નહિ દેખાયા હોય એટલું જ.

અમે મુકામે પહોંચી ગયા પછી અઠવાડિયા પછી જેની પત્નીને વિઝા નહોતા મળતા તેમનો ફોન આવ્યો કે ગુરુજી મારાં પત્નીને વિઝા મળી ગયા છે. હું તેને ઍરપોર્ટ પર લેવા જાઉં છું.

**પરમાત્મા માટે કહેવાયું છે કે :**

**"કર્તુમ્, અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ."**

**ભાવાર્થ :** અશક્યને શક્ય કરવામાં અને શક્યને અશક્ય કરવામાં જેઓ સમર્થ છે.

**૩૮૬. અમેરિકા (ભાગ-૧૧) :** જે વિદ્યાર્થી રોટલી બનાવીને જમાડતા હતા તેમનાં લગ્ન અમદાવાદમાં થયાં. આ બધી વાતની ખબર તેમનાં પત્નીને પડી એટલે તેઓ પણ કહે કે આપણે પણ ગુરુદેવને જમાડીએ. પણ અમે તો ઉંમરના કારણે બહાર જતા નહોતા, એટલે તેઓ લોટની કણક લઈને અમારા ઘરે આવ્યા અને રોટલી બનાવીને અમને જમાડ્યા. પછી અમેરિકા ગયા, ત્યાં તેમને સરસ જૉબ છે અને બાલગોપાલ સૌ ખૂબ આનંદ કરે છે.

★ ★ ★

કર્નીમાં એક મિત્રના ત્યાં પધરામણી હતી. બહેન ભારતમાં ડૉક્ટર થયેલાં, ભાઈ ભારતમાં બૅંકમૅનેજર હતા, ત્યાં પણ સારી જૉબ હતી. બંને ખૂબ ગુરુસંતપ્રેમી. સાહેબે જાતે રસોઈ બનાવીને અમને જમાડ્યા. ફૂલને બદલે અમને ડૉલરનો હાર પહેરાવ્યો. મુકામે ગયા પછી બીજે દિવસે તેમનો ફોન આવ્યો કે ગુરુજી, એક ઘણી મોટી રકમ એક જગ્યાએ રોકાયેલી હતી, જે પાછી મળવાની આશા જ નહોતી, તેનો પૂરો ચૅક કાલે આવી ગયો છે.

તેમના સાળા બીજા સ્ટેટમાં રહે, કદાચ તેઓ વિશ્વહિંદુપત્રના તંત્રી હતા, તેમના ત્યાં અમને લઈ ગયા. એ શહેરમાં ખેતરમાં જ મકાનો. આખા ખેતરમાં સફરજનનાં ઝાડ. સવારમાં ઝાડ નીચે પુષ્કળ સફરજન પડ્યાં હોય. બાજુમાં જ નાના ડુંગરો પર ઝરણાં ખળખળ વહેતાં હોય. નિસર્ગદર્શન ખૂબ મોહક.

તેમણે અમારું યોગપ્રવચન ગોઠવેલું. નિમિત્તમાં સત્યનારાયણની કથા રાખેલી. પછી અમારી યોગકથા ચાલી. આખો નાગરપરિવાર ખૂબ સંસ્કારી. જ્યારે પણ ભારત આવે, ત્યારે અવશ્ય મળવા આવે.

**૩૮૭. બ્રહ્મ :** શાસ્ત્રો કહે છે કે ગુરુ, બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મશ્રોત્રિય હોવા જોઈએ. બ્રહ્મનિષ્ઠ એટલે જેમની પાસે બ્રહ્મ છે તે, જેમણે બ્રહ્મનો સ્વાનુભવ કર્યો છે તે. અને બ્રહ્મશ્રોત્રિય એટલે બ્રહ્મને સારી રીતે સમજાવી શકે - તેનું આબેહૂબ વર્ણન કરી શકે તે.

ગુરુ બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મશ્રોત્રિય બંને હોય, તો વધુ સારુ, પણ ફક્ત બ્રહ્મનિષ્ઠ હોય તોય ચાલે, પણ ફક્ત બ્રહ્મશ્રોત્રિય હોય તો ન ચાલે.

ગોળના સ્વાદનું વર્ણન કરી બતાવે તો સારું, પણ જો અભણ હોય કે મૂંગો હોય, તો સ્વાદનું વર્ણન ન કરી શકે, પણ જો તેની પાસે ગોળ હોય, તો તુરત આપણા મોઢામાં મૂકીને તેનો જાતઅનુભવ આપણને કરાવી શકે. પછી ગોળના વર્ણનની શી જરૂર ? ગોળ મોઢામાં પડતાં જ તેના સ્વાદનો જાતઅનુભવ થઈ જ ગયો.

બ્રહ્મ વિષેનાં પ્રવચનો જેમને આપવાં હોય તેમને શ્રોત્રિય હોવું જરૂરી.

શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી રમણ મહર્ષિ વગેરે ફક્ત બ્રહ્મનિષ્ઠ હતા.

**૩૮૮. સફળતા :** યજ્ઞની સફળતાનો મુખ્ય આધાર છે યજ્ઞ કરાવનાર પુરોહિત અને યજ્ઞ કરનાર યજમાન.

યજમાનમાં નિષ્ઠા-શ્રદ્ધા-ન્યાય-નીતિ વગેરે જેટલાં શુદ્ધ હોય અને પુરોહિતમાં, તપ-ત્યાગ-સંયમ-નિયમ જેટલાં વધુ હોય, તેટલી યજ્ઞની સફળતા વધુ સમજવી.

**૩૮૯. પ્રોટીન :** અશક્તો અને ઘરડાંઓ વધુ પ્રોટીન લેવાનો આગ્રહ રાખતાં હોય છે અને તેમને તે લેવાની ભલામણ પણ કરાતી હોય છે.

પ્રોટીન શક્તિદાયક છે તે ખરું પણ ક્યારે? જો તે પચે તો. અશક્ત અને ઘરડાની પાચનશક્તિ નબળી પડી ગઈ હોય, તેઓ જો કાંઈ પણ ભારે ખોરાક ખાય, તો તે પચે નહીં એટલે પોષણ મળે નહીં અને ન પચેલી સામગ્રીને બાહર ફેંકી દેવા માટે શરીરને

શ્રમ કરવો પડે, એટલે વધુ અશક્તિ આવે. ન પચેલો કચરો નાના-મોટા રોગ રૂપે બહાર ફેંકાય, પણ આવી બધી જરૂરી જાણકારીના અભાવે વધુ દુઃખી થવાય છે.

નેચરોપથી તો કહે છે કે ૪૦-૫૦ની ઉંમર પછી, બીજી ઈન્દ્રિયોની જેમ, પાચનશક્તિ પણ નબળી પડે છે, માટે કઠોળ ખાવાનાં બંધ કરવાં અથવા ખૂબ ઓછાં ખાવાં જોઈએ. વાલ, વટાણા, અડદમાં પુષ્કળ પ્રોટીન હોય છે. બીજાં કઠોળમાં પણ ભરપૂર પ્રોટીન હોય છે.

અમુક ઉંમરે પાચન નબળું પડી જાય, એ નિયમમાં કોઈ અપવાદ પણ હોઈ શકે.

મફત મળેલી સલાહનું મૂલ્ય ન સમજાય, તેવો માનવસ્વભાવ છે.

**૩૯૦. માળા-રૂપિયા :** માળા ફેરવતા હોઈએ, ત્યારે મન ઘણી જગ્યાએ ભટકે, પણ રૂપિયા ગણતા હોઈએ ત્યારે એમ ન થાય. કેમકે તો નુકસાન થાય. રૂપિયા કરતાં વધુ નુકસાન થાય, જો માળા કરતી વખતે મન ભટકે તો. રૂપિયા વખતનું નુકસાન સ્થૂળ એટલે તુરત દેખાય અને માળા વખતનું નુકસાન અતિ સૂક્ષ્મ, તેથી ન દેખાય અને તેથી માણસ ગફલતમાં રહી જાય.

આમ, જીવનમાં ઘણી જગ્યાએ બનતું હોય છે અને તેથી ઘણું નુકસાન ભોગવવું પડતું હોય છે. પણ તેનાથી બેખબર હોવાથી સદાય બેપરવા જ રહેવાય છે.

**૩૯૧. અમેરિકા (ભાગ-૧૨) :** ભરશિયાળે એક મિત્રે તેમના ઘરે બોંતેર કલાકનો ગાયત્રી-જપયજ્ઞ રાખ્યો. તે દિવસે સવારમાં એટલો સ્નો પડ્યો કે રસ્તા બધા બંધ, કારો સ્નોમાં દટાઈ ગઈ. જપયજ્ઞનો ૧૧ વાગ્યે પ્રારંભ, જો ત્યાં સુધીમાં આમંત્રિતો ન આવી શકે, તો અમે સાતઆઠ જણાંએ ૭૨ કલાક પૂરા કરવા એવું નક્કી કર્યું, પણ પ્રભુકૃપાએ ભરચક માણસ આવી ગયું.

૭૨ કલાક ઉમંગ-ઉછંગથી પૂરા થયા. હવે પુર્ણાહૂતિની આરતી કોણ ઉતારે? અમે કહ્યું કે ભારતમાં તો અમારે એવો ચાલ છે કે એક માસમાં જે વધુમાં વધુ ગાયત્રીમંત્ર કરવાનું બોલે આખું કુટુંબ મળીને, તે આરતી ઉતારે. એ પ્રમાણે થયું. પછી સૌ પ્રેમીઓ કહે કે હવે ગુરુજી અહીંની રીત પ્રમાણે. પછી ડૉલરથી ઉછામણી થઈ અને આરતી ઉતારાઈ.

તેમના ઘરે અમે ગાયત્રી-લઘુઅનુષ્ઠાન કરેલું. અમે મુકામે ગયા પછી થોડા સમયે તે મિત્રનો, દવાખાનેથી ફોન આવ્યો કે ગુરુજી, અમારા ત્યાં પુત્રપ્રાપ્તિ થઈ છે અને તેનું નામ અમુક રાખ્યું છે. તેમનાં પત્ની કહેતાં કે બાપજી! મોટી દીકરીની પ્રાપ્તિ અમુક

સ્વામીના આશિષથી, નાની દીકરીની પ્રાપ્તિ અમુક સ્વામીના આશિષથી અને આ પુત્રની પ્રાપ્તિ આપના આશિષથી થઈ છે.

પતિપત્ની અત્યંત સંતપ્રેમી. અમુક સમય અમુક આશ્રમમાં સેવા આપે. સંતોની પધરામણી કરે. અમને પણ ખૂબ ફેરવતાં. એક સ્થળે ગયા ત્યાં એટલો સ્નો કે પગ ઢીંચણ સુધી ખૂંપી જાય! અમારા ભારત આવ્યા પછી પણ ફોન દ્વારા તેમનો સંપર્ક ચાલુ જ છે. તેમના પૂજારૂમમાં અમે ગયા તો અમારા માથે પુષ્પવૃષ્ટિ થઈ. તેમણે ઉપર પુષ્પો એવી રીતે ગોઠવી રાખેલાં.

**૩૯૨. અમેરિકા... (ભાગ-૧૩):** પહેલી વખતે અમેરિકા ઍરપોર્ટ પર અમે ઊતર્યા ત્યારે, અમારા સામાનની તપાસણી સમયે તાળું પટામાં પેસી ગયું એટલે તે લોકોને આખું મશીન ખોલવું પડ્યું. પછી એ લોકોએ અમારી બીજી બૅગ તપાસી નહિ. અમને જેઓ લેવા આવેલા તે સૌ અમને બહારથી જોઈ શકે, પણ અમે તેમને જોઈ શકીએ નહીં. અમે અંગ્રેજી જાણીએ નહિ, ધોતી પહેરેલી, સૌ સામું જોતાં જાય અને ચાલ્યાં જાય, બધું ખાલી, હવે શું કરવું ? સામેથી એક નિગ્રોભાઈને મારા તરફ આવતા જોયા. મૂંઝવણ વધી, કેમ આવતા હશે ? આપણાથી કાંઈ ખોટું થઈ ગયું હશે? તેઓ સાડા છ ફૂટ લાંબા, અલમસ્ત. તેમણે તો મારી નજીક આવીને સલામ ઠબકારી! હવે મૂંઝવણ મટી ગઈ. ત્યાં તો તેમણે પોતાના ખિસ્સામાંથી અમારો ફોટો કાઢીને બતાવ્યો. અને ઇશારાથી અમને બધું સમજાવી દીધું. તેઓ અમારો સામાન અને અમને લઈને બહાર નીકળ્યા. ત્યાં તો બધા મિત્રો જે... જેકાર કરવા લાગ્યા. અમારું આવું સન્માન થતું જોઈને નિગ્રોભાઈ પણ ભાવવિભોર થઈ ગયા. ફૂલોથી શણગારેલી મિત્રોની ગાડીઓ અમને લઈને આગળ સરકવા લાગી. બાજુથી પસાર થતી ગાડીઓ, અમારા કાફલાને આશ્ચર્યથી જોયા જ કરે!

પેલા નિગ્રોભાઈ તો, અમને અંદર લેવા આવ્યા, ત્યારે જાણે પૃથ્વીમાંથી હનુમાનદાદા પ્રગટ થયા હોય એવું લાગેલું. કલ્પનાચક્ષુથી હાલમાં પણ એ દૃશ્ય તાદૃશ્ય થાય છે. નિગ્રોભાઈને અને જેમણે અમારો ફોટો નિગ્રોજીને આપ્યો હતો, તે ભાઈને અમે શાબાશી આપી. મુકામે પહોંચ્યા પછી સૌ કાજુના મેસૂરની પ્રસાદી જમ્યા.

**૩૯૩. અમેરિકા (ભાગ-૧૪) :** ઍરપોર્ટ પર જેમણે નિગ્રોભાઈને અમારો ફોટો આપેલો તે મિત્ર અમને તેમના મિત્રની મોટેલ પર લઈ ગયા. લગભગ સો રૂમની મોટેલ હતી. અમે સૌ આઠેક દિવસ ત્યાં રોકાયા. મોટેલમાલિકે એક પાદરીને અમને મળવા

બોલાવ્યા. તેમણે પ્રદક્ષિણા કરીને કહ્યું કે તમે જે કામ માટે અમેરિકા આવ્યા છો, તેમાં સફળ થશો.

મોટેલવાળું કુટુંબ ખૂબ ધાર્મિક, મુખ્ય સ્વામિનારાયણસંપ્રદાયમાં માને પણ ખૂબ વિશાળ મનનું. તેમનું ઘણું મોટું વર્તુળ, ઘણી પધરામણીઓ થાય, ત્યારે તેઓ સૌને સાવધાન કરે કે અહીં કાંઈ બળખા કૉર્પોરેશન નથી, સાચી સમજણની વાતો સાંભળવાની હોય, તો બાપજી પાસે આવવું.

તેમને ત્યાં ગાયત્રી-મારુતિયજ્ઞ પણ કરેલો. તે દરમિયાન સાચી સમજણની તથા ભ્રમમુક્તિની વાતો પણ થાય. વિદાયવેળાએ તેમણે, યજ્ઞની ભેટ-દક્ષિણા રૂપે કોરો ચૅક અમારા પગમાં મૂક્યો. અમે કહ્યું કે ભેટની રકમમાં અમારી ઈચ્છા કામ ન આવે. તમારી ઈચ્છા મુજબ લખો, પણ તેમ ન થયું, કોરો ચૅક લઈને અમે ગયા. મુકામે (હેડક્વાર્ટર) ગયા પછી બે-ત્રણ વખતે તેમના ફોન આવ્યા કે બાપજી ચૅકનું શું કર્યું ? અમે તો તેમના પર જ ભાર મૂક્યો. છેવટે એમણે ઉપાય ગોત્યો કે અમુક આંકડાની ચાર-પાંચ ચિઠ્ઠીઓ બનાવી, તેમાંથી એક ચિઠ્ઠી, બાળમંદિર જતી તેમની દીકરી પાસે ઉપડાવી. તેમાં જેટલા આંકડાની રકમ લખી હતી, તે અમને લખી મોકલી. આ રીતે ચૅકનું પ્રકરણ પૂરું થયું.

સાવ અજાણ્યા દેશમાં, અજાણ્યા માણસોમાં, આટલો અઢળક પ્રેમ-વાત્સલ્ય-માન-સન્માન મળે, તે કેવળ પરમાત્માની અહૈતુકી કૃપા જ કહેવાય.

**૩૯૪. અમેરિકા (ભાગ-૧૫) :** એક અમેરિકન કૉન્ટ્રાક્ટર બહેનને મળવાનું થયું. ખૂબ ઊંચી તાત્ત્વિક વાતો થઈ. છેલ્લે તેઓ કહે કે આપ અંગ્રેજી જાણતા હોત, તો બહુ સારું થાત. અમે પણ કહ્યું કે જો તમે ગુજરાતી કે હિંદી જાણતા હોત તો? તેઓ કહે કે આપ કાયમી અહીં રહી જાવ, મારે દર પંદર દિવસે આપના ડોઝની જરૂર છે. અમે કહ્યું કે : હવે તો અમે ભારત જઈશું.

અમારા ડોઝ માટે તમે ભારતીય બની જાવ. તેઓ કહે, આપની સાથેની વાતોથી મને અનહદ આનંદ મળ્યો છે. અમે કહ્યું કે જો અમારી વાતો સાંભળીને તમે ભાવવિભોર થઈને, ઊભા થઈને તાલીઓ પાડી હોત, તો અમને લાગત કે અમારી વાતોને આપ સાંગોપાંગ સમજ્યા છો, પણ એવું થયું નહિ, એટલે અમે અંદાજ કર્યો કે અમારી ગુજરાતી ભાષાનો, અંગ્રેજીમાં સાંગોપાંગ અનુવાદ થઈ શક્યો નહિ હોય. આપ જબરજસ્ત ગુણગ્રાહી છો. પછી સૌ ખૂબ આનંદથી, શેકહૅન્ડ કરીને છૂટા પડ્યા.

બીજાં એક અમેરિકન બહેન કે જેઓ અંગ્રેજીના પ્રોફેસર હતાં, નામ કદાચ મિર્ના સ્મિથ હતું, તેમને મળવાનું થયું. વાતો પૂરી થયે તેઓ કહે કે આપના જેવા વિનમ્ર માણસ મેં

મારા જીવનમાં પ્રથમ જ જોયા. આપને મળીને મને એમ લાગ્યું કે જાણે હું નઝારેથના જિસસને મળી રહી છું. એ બહેને આ બધું તેમના લેટરહેડ પેપર પર પણ લખી આપેલું.

અહીંના આવા અલૌકિ અનુભવો પામીને જાણે એમ લાગે કે આપણા સિવાય બહારનું જગત કેટલું બધું મહાન, ઉદાર અને ગુણગ્રાહી છે!

**૩૯૫. અમેરિકા... ભાગ-૧૬ :** એ શહેર આખું ડુંગરો પર વસેલું છે, વિશ્વની બધી યુનિવર્સિટીઓ એ શહેરમાં એટલે વધુ વસ્તી વિદ્યાર્થીઓની. મિત્રનું મકાન પણ ડુંગર ઉપર. ઘરેથી બહાર જઈએ એટલે ઢાળ ઊતરવાનો અને ઘરે આવીએ ત્યારે ઢાળ ચડવાનો. પતિપત્ની બંને ખૂબ સજ્જન, માયાળુ અને સંતપ્રેમી. ત્યાં અમારે દશબાર દિવસ રોકાવાનું થયું. મકાન ત્રણચાર માળનું. નીચે વિશાળ બગીચાની હદ પૂરી થાય, ત્યાંથી ગીચ જંગલની શરૂઆત થાય.

ચોથા માળેથી નીચે બગીચામાં અમે જોતાં હતાં, ત્યાં જમીન પર મોટો સાપ દેખાયો. અમે ઘરવાળાને બોલાવ્યા તો તેઓ કહે કે ગુરુજી! આ રબરનો સાપ છે. બગીચામાં બીજાં જંતુઓ ન આવે એટલે રાખ્યો છે.

એ બહેન અમને બધે ફરવા લઈ જાય. તેમના પતિ મ્યુનિસિપાલિટીમાં કામ કરે, બહેન કમ્પ્યૂટરમાં એક્કો. રાત્રે બાર-એક વાગ્યા સુધી નીચે ભોંયરામાં કમ્પ્યૂટર પર કામ કરતાં હોય. ક્યારેક રાત્રે અમે અને ડૉ. કે. પટેલ નીચે જઈએ, કમ્પ્યૂટર પર હાથ પણ અજમાવીએ. બહેન મોટા ભાગે પોલીસખાતાનું જ કામ કરતાં હોય. બહેન કહે કે આ પોલીસખાતાની બુકોમાં એવું જ ગણાવવાનો આગ્રહ રખાય કે - તમે લોકો જ્યારે બહાર ફરવા જાવ ત્યારે ખિસ્સામાં થોડા ડૉલર તો રાખવા. કારણ કે રસ્તામાં ગુંડો મળી જાય અને તમારા ખિસ્સામાંથી કાંઈ જ ન નીકળે, તો ગુસ્સે ભરાઈને તમને મારી પણ નાંખે, પણ જો થોડા પૈસા તેને મળી જાય, તો બે થપ્પડ મારીને નાસી જાય.

તેમને ત્યાં પણ ગાયત્રી-મારુતિયજ્ઞ કરેલો. ત્યાર પછી તેમના ત્યાં એક પુત્ર અને એક પુત્રી થયેલાં. એક વાર બહાર ફરવા ગયેલાં, ત્યારે તેમના પતિ કહે કે ગુરુજી! હવે ઘેર જઈએ, તમારે હજુ મારા હાથની ખાવાની તો બાકી છે. અમે બધાં હસી પડ્યાં અને કહ્યું કે ‘મારા હાથની રોટલી’ એમ કહો નહિ તો તેનો અર્થ થપ્પડ થાય. તેઓ હિંદી ભાષી હતાં. સંતો તરફનું તેમનું વર્તન, શિષ્ટાચાર, મર્યાદા, અદ્વિતીય હતાં. ભારત આવે ત્યારે મળવા આવે જ.

**૩૯૭. અમેરિકા... (ભાગ-૧૮) :** અમે શંકરાચાર્ય મહારાજશ્રીના આશ્રમે ગયા. આખું ક્ષેત્ર, નિસર્ગ-વનશ્રીથી ભરપૂર ભરેલું. જ્યાં ઊભા હોઈએ ત્યાંથી ખસવાનું મન જ ન થાય. આપણી ફરતે પથરાયેલ નિસર્ગદેવીના, પરમ પવિત્ર લાવણ્યને, ફાટી આંખે જાણે પીતા જ, નીરખતા જ રહીએ.

આશ્રમનાં સંચાલિકા અમેરિકન, સંન્યાસીની બહેન હતાં. અમે તેમને તેમની ગુફામાં, અમારા આવ્યાના ખબર મોકલાવ્યા તો જવાબ આવ્યો કે તેઓ કોઈને મળતાં નથી. અમે બે મિનિટ મળવાની વિનંતી કરી તો સ્વીકૃતિ મળી અને પછી તેમણે અમને બધાંને અડધો દિવસ રોકી રાખ્યાં.

પોતે જાતે અમને આશ્રમ બતાવવા આવ્યાં, જુદા-જુદા દેવોની જુદી-જુદી દેરીઓ હતી. ગણપતિજીની મૂર્તિની જનોઈ બતાવીને અમે પૂછ્યું કે આ શું છે? તો કહે કે 'જનેઉ' અને પછી તેને લગતા સંસ્કૃતમાં બે શ્લોક પણ બોલ્યાં. અમને આશ્રમમાં કાયમ માટે રહેવાનો આગ્રહ પણ કર્યો. તેઓ કહે કે અમારાં ત્યાં, ભારતીય બાળકોને, ભારતીય સંસ્કૃતિ શિખવાડવાની શિબિરો ચાલે છે, તેમાં આપ હાજરી આપવાની કૃપા કરો. અમે તેમને, અમારી અંગ્રેજી ભાષાની અજ્ઞાનતા અને ભારત જવાની જરૂરતની વાત કરી.

આવડા મોટા જવાબદાર આશ્રમની જવાબદારી સંભાળવી, યુવાન ઉંમર, ભગવો વેશ, ભારતીય દેવ-દેવીઓ અને સંસ્કૃતિ તથા સંસ્કૃત ભાષા-જ્ઞાન આ બધું તેમનામાં સ્વભાવ સિદ્ધ થયેલું જોઈને, અમારા સૌના સાનંદાશ્ચર્યનો કોઈ પાર નહોતો.

તેમનાથી છૂટા પડવાની કોઈની ઈચ્છા ન હોવા છતાંય, 'ૐ નમોનારાયણાય' કહીને સૌ છૂટા પડ્યાં.

**૩૯૮. જમું કે... :** હિંદીમાં કહે છે કે -

**ખાંય કિ ન ખાંય ? તબ ન ખાના,**
**જાંય કિ ન જાંય તબ જરૂર જાના.**

મનમાં પ્રશ્ન થતો હોય કે આજે જમું કે ન જમું ? ત્યારે ન જ જમવું અને જ્યારે એવો પ્રશ્ન થતો હોય કે જાજરૂ જઉં કે ન જઉં ? ત્યારે જવું જ. એનું નામ જ જા જરૂર.

બીજો નિયમ છે -

**જૈં બાર ખાંય , તૈં બાર જાંય.**

એટલે કે જેટલી વખત જમો, તેટલી વખત જાજરૂ પણ જાવ.

શરીર શાસ્ત્રના નિયમ મુજબ જે જમીએ તે, પેટમાં, પછી નાના આંતરડામાં પછી મોટા આંતરડામાં અને પછી મળાશયમાં મળ બનીને પહોંચે. મળાશયમાં પહોંચ્યા

પછી જો તુરત તેનો નિકાલ ન થાય તો મળ ત્યાં સડે અને ગૅસ વગેરે રોગો પેદા કરે. જે ખોરાક લીધો હોય, તેને મળ બનીને મળાશયમાં પહોંચતાં સોળથી વીસ કલાક લાગે. માટે જૈ બાર ખાંય તૈં બાર જાંય.

## ૪૦૧. એકસરખા :

**એકસરખા દિવસ સુખના, કોઈના જાતા નથી;**
**એથી જ શાણા સાહ્યબીથી લેશ ફુલાતા નથી. એક...**
**ભાગ્ય રૂઠે કે રીઝે, તેની તમા જેને નથી;**
**એ જ શૂરા જે મુસીબત જોઈ ગભરાતા નથી.**
**એ જે ખીલે તે કરમાય છે, સર્જાય તે લોપાય છે;**
**જે ચઢે તે પડે, એ નિયમ બદલાતા નથી... એક**

**- પ્રભુલાલ દ્વિવેદી**

જૂની કવિતાઓ કેટલી બધી પ્રભાવી હતી! વિદ્યાર્થી-અવસ્થાથી જ બાળક તૈયાર થવા લાગે. **- યોગભિક્ષુ**

**૪૦૨. અમેરિકા... (ભાગ-૨૧) :** પહેલીવાર અમેરિકા અમે ગયા ત્યારે ત્રણ માસનો વિઝા મળેલો, ત્યાં ઍરપોર્ટ પર ત્રણ માસનો સિક્કો લાગ્યો. ત્રણ માસ પૂરા થયે અમે ત્રણ માસનો વધારો કરાવ્યો. બીજી વાર પણ કરાવ્યો અને ત્રીજી વાર ત્રણ માસનો વધારો કરાવવા ગયા, એટલે ચાર માસનો વધારો કરીને કહે કે હવે વિઝા નહીં વધી શકે, સીમા પૂરી થઈ.

આમ, અમે કુલ દશ માસ ત્યાં રહ્યા. ભારત આવીને થોડા સમય પછી વિઝાનો ફરી પ્રયત્ન કર્યો પણ ન મળ્યો. તેમણે કારણ બતાવ્યું કે તમે વિઝા વધારી-વધારીને દશ માસ ત્યાં રહ્યા, ત્યાંના કાયદા પ્રમાણે હવે તમે કાયમ ત્યાં નહીં રહી જાવ તેની શું ખાત્રી?

ત્યાંની કચેરી આપણને કાયદા મુજબ વિઝા વધારી આપતી હતી જે, અહીંની કચેરીના કાયદા વિરુદ્ધ ગણાતું હશે, તેની ખબર કોને હોય? જે કાયદાઓ સીધાસાદા માણસોની સુખસગવડ માટે બન્યા હોય તે જ તેમને દુ:ખના દરિયામાં ધકેલી દેશે, તેની કોને ખબર હોય?

એ સાહેબના ગુજરાતી સહાયકે એમને કહ્યું કે આપ ત્રણેક દિવસ પછી ફરીને અરજી કરી જોજો. આ સાંભળીને અમને નક્કી થઈ ગયું કે મુખ્ય સાહેબે ખોટી રીતે ના પાડી છે. ફરીથી વિઝા જરૂર મળશે. અમે ત્રણેક માસ પછી અરજી કરી, તો વિઝા મળી ગયા.

**૪૦૩. અમેરિકા... (ભાગ-૨૨) :** અમેરિકાના યોગીના ભારતના ગુરુજીના આશ્રમની મુલાકાત અમે લીધેલી. ત્યાંના એક નિગ્રો સાધકભાઈ અમને મળવા આવ્યા. તેઓએ અમને પ્રશ્ન કર્યો કે : અહીંયાં ગુરુ-સંતોનું ચરણામૃત લેવાનો રિવાજ છે. આ બાબતમાં અમેરિકામાં મને સૌ પૂછશે, તેનો હું શું જવાબ આપી શકીશ ? કારણ કે ત્યાં સૌ એવું માનનારાઓ છે કે આમ કરવાથી તો રોગ થાય, ચરણામૃતની સાથે રોગ-જીવાણુઓ પણ પેટમાં જાય.

**જવાબ :** પ્રથમ તો આ પ્રશ્નનો જવાબ તમારે તમારા ગુરુજી પાસેથી મેળવવો ઠીક ગણાય. પણ અમને પૂછ્યું છે તો અમારી માન્યતા મુજબ કહીએ છીએ :

"જો રોગી માણસની સ્પર્શેલી વસ્તુ વાપરવાથી રોગ થતા હોય, તો નીરોગી માણસની સ્પર્શેલી વસ્તુ વાપરવાથી નીરોગી કેમ ન થવાય?" બસ આટલો ટૂંકો ને ટચ જવાબ છે અમારો.

**સદ્‌ગુણીના સહવાસથી સદ્‌ગુણ અને દુર્ગુણીના સહવાસથી દુર્ગુણ, વધતા-ઓછા પ્રમાણમાં આવે જ.**

આ નિગ્રો સાધક અમેરિકામાં પણ મળેલા.

**૪૦૪. અમેરિકા... (ભાગ-૨૩) :** એક મિત્ર સાથે દવાખાને જવાનું થયું. મિત્રને દાંતની તકલીફ હતી. તેમનું દાંતનું પત્યું, એટલે તેમણે અમેરિકન ડૉક્ટરને અમારો પરિચય કરાવતાં કહ્યું કે આ અમારા ગુરુજી છે, તેમણે પોતાના પાંચ-છ દુખતા દાંત, દોરો બાંધીને જાતે ખેંચી કાઢેલા. ડૉક્ટર તો મિત્રની સામે જ જોતા રહ્યા, પછી કહે કે ખોટું, હું ન માનું. મિત્ર કહે કે સાવ સાચું છે. તો તેઓ કહે તે મારી સામે કાઢી બતાવે, તો હું માનું. અમે મિત્રને કહ્યું કે તેમની સામે કાઢી બતાવીએ, પણ તેના બદલામાં તેઓ શું આપશે? કહેશે કે "હા, સાચી વાત". તેમના પ્રમાણપત્રની અમારે શું જરૂર? આ કાંઈ પ્રદર્શનની વસ્તુ નથી! આ તો એક અતિ ઉપયોગી કળા છે. આમ કહીને પછી અમે મિત્રને કહ્યું કે આ બધાનું, અંગ્રેજી કરીને તમે ડૉક્ટરને કહેશો નહિ, આ તો તમારા સમાધાન માટે છે.

આવી રીતે દાંત પાડવો તે કોઈ ચમત્કાર નથી. દાંત એટલી હદે હલી ગયો હોય કે જમતી વખતે બીક લાગે કે ક્યારે નીકળી પડશે. દાંત પડવાની રાહ જોતો જ હોય. આંગળી અને અંગૂઠાથી પકડવો ફાવે નહીં, એટલે મજબૂત દોરો લીધો, દોરાનો ગાળિયો દાંત પર બેસાડીને દોરાના બે છેડાને સહેજ ખેંચો, એટલે દાંત બહાર, દાંતના ખાડા પર

બે મિનિટ જીભને દબાવી રાખવી એટલે લોહી બંધ, જોકે દાંત એટલો હાલી ગયો હોય, એટલે ત્યાં લોહી હોય જ નહીં.

આ કોઈ ચમત્કાર નથી, એ જણાવવા આટલો ખુલાસો કરવો પડ્યો.

મિત્રોને વિનંતી કે દાંતનું આ પ્રકરણ વાંચીને આવો પ્રયોગ કરવો ઠીક નહિ, બહુરત્નાવસુંધરા.

**૪૦૫. અમેરિકા... (ભાગ-૨૪) :** ત્યાં એક અમેરિકન યોગી સાથે ઘણો લાંબો પત્રવ્યવહાર થયો. અમે તેમને અમારા મુકામે આવવાનું આમંત્રણ આપ્યું, તો તેમણે લખ્યું કે હું ભારત આવું તો તમને મળવા આવું, પણ આપ અમેરિકા આવ્યા છો, તો આપે મને મળવા આવવું જોઈએ. તેમના જણાવ્યા પ્રમાણે તેઓ, સાધના માટે ગિરનાર પર્વત પર સાત-આઠ વર્ષ રહેલા. તેઓ દત્તના ઉપાસક હતા, દત્તનો મંત્ર પણ અમને મોકલાવેલો. તેમણે જણાવ્યું કે હું તો અમુક વાદમાં માનું છું.

અમે જવાબમાં લખ્યું કે :

તમે ભલે અદ્વૈતવાદમાં કે દ્વૈતવાદમાં કે ત્રૈતવાદમાં કે વિશિષ્ટાદ્વૈતમાં કે કેવલાદ્વૈતમાં કે દ્વૈતાદ્વૈતમાં કે જેમાં પણ માનતા હો, તેથી અમને કાંઈ ફરક નથી પડતો, અમારા તરફથી તો આપનું સ્વાગત જ છે.

★ ★ ★

ત્યાં ત્રણ-ચાર દાંતના ડૉક્ટરમિત્રોએ પણ ખૂબ સહકાર આપેલો. એક મિત્ર તરફથી ગુરુપૂર્ણિમા ઊજવાયેલી ત્યારે કાજૂનો મેસૂર બનાવેલો.

★ ★ ★

ડૉ. પટેલભાઈના ત્યાં અમે ગાયત્રીમંત્રનું લઘુ-અનુષ્ઠાન કરેલું. ગાયત્રી-મારુતિયજ્ઞ પણ કરેલો, જેનો ઘણાએ લાભ લીધેલો. તેમનું સર્કલ ઘણું મોટું. આખું કુટુંબ ખૂબ સજ્જન અને સરળ. ત્યાં એ મિત્રો યજ્ઞ પછી કોઈ ચીજવસ્તુ, ભેટ-પ્રસાદી તરીકે, યજ્ઞની યાદી તરીકે વહેંચતા.

**૪૦૬. અમેરિકા... (ભાગ-૨૫) :** અમે જ્યારે અમેરિકા જતા, ત્યારે અહીંના મિત્રોનો એવો આગ્રહ ખરો કે અમારા સહાયક તરીકે કોઈ અમારી સાથે હોય. ડૉ. ભિક્ષુજીએ એ માટે વિઝા મેળવ્યો, પણ તેમને એમ લાગ્યું કે નીરુબહેન સાથે હોય, તો ગુરુજીને વધુ સગવડ રહે. તેથી નીરુબહેને પ્રયત્ન કર્યો, પણ વિઝા ન મળ્યો, ફરી પ્રયત્ન કર્યો, ત્યારે વિઝાસાહેબે પૂછ્યું કે કોની સાથે જાવ છો? તો કહે મારા પતિ જોડે. પ્રશ્ન : તેમને વિઝા મળ્યો છે? તેઓ આવ્યા છે? તો બહેન કહે, હા. સાહેબ કહે તો બહાર

જઈને તેમની પાસેથી વિઝા લઈ આવો. બહેને વિઝા લાવીને સાહેબના હાથમાં આપ્યો, એટલે સાહેબે વિઝા પર કૅન્સલના સિક્કા મારીને વિઝા પાછો આપ્યો. પત્યું, હવે ભિક્ષુજી પણ સાથે ન આવી શકે, એટલે અમારે એકલાએ જ જવું પડ્યું. ત્યાં ગયા પછી ભિક્ષુજી માટે ખૂબ પ્રયત્નો થયા પણ સફળ ન થયા. ત્યાંના સેનેટર દ્વારા તપાસ કરાવી, તો વિઝા ન મળવાનું કારણ જાણવા મળ્યું કે -

"તે બહેન પહેલી વખત વિઝા લેવા આવ્યાં ત્યારે કહે કે મારા ગુરુજી જોડે જાઉં છું અને બીજી વખત આવ્યા, ત્યારે કહે કે હું મારા પતિ જોડે અમેરિકા જાઉં છું. હવે આમને વિઝા કઈ રીતે આપી શકાય?"

આ તે કાંઈ કારણ કહેવાય? પતિ અને ગુરુજી બંનેની સાથે જ જવાનું હતું, પણ એક વખત ના પડાઈ ગઈ, હવે હા કેવી રીતે પાડવી? તંગડી ઊંચી રાખવી હોયને? અમારે પણ એક વખત એવું બનેલું કે વિઝાસાહેબ કહે કે, ફૉર્મમાં તો તમે લખ્યું છે કે અમને ત્યાં અમારા ભક્તો બોલાવે છે અને અત્યારે કહો છો કે આધ્યાત્મિકમિત્રો બોલાવે છે. અમે કહ્યું કે કદાચ આપ ભક્ત શબ્દમાં ન સમજો, તેથી અમે આધ્યાત્મિકમિત્રો કહ્યું. અમારો ખુલાસો તેમના ગળે ઊતરી ગયો. મગજ ઠેકાણે હશે. અમને વિઝા મળી ગયા.

**૪૦૭. અમેરિકા... (ભાગ-૨૬) :** આ રીતે ભિક્ષુજીનો વિઝા કૅન્સલ થવાથી મિત્રોને ખૂબ દુઃખ થયેલું. તેમના ચોપડામાં ખોટી નોંધ થઈ તે સુધારવી જ જોઈએ. આઠેક વર્ષ પછી તેમણે ફરી પ્રયત્ન કર્યો અને બંનેને વિઝા મળી ગયા અને તેઓ અમેરિકા જઈ પણ આવ્યાં. પણ ગુરુજી વિના જવું પડ્યું! તેમને તો અમેરિકા જવું જ ક્યાં હતું ? આ તો ધર્મસંકટના કારણે જવું પડ્યું.

ભારત આવ્યા પછી અમે દર પાંચ વર્ષે વિઝા કઢાવતા, પણ અમેરિકા જઈ શકતા નહિ, ઉંમરના કારણે. છેલ્લે અમે વિઝા કઢાવવા ગયા. મિત્રોના અતિ આગ્રહના કારણે. મિત્રો એમ માનતા હતા કે આ વખતે ગુરુજીને એક વર્ષના જ વિઝા મળશે. અમેરિકા જઈ શકતા નથી અને વિઝા ખાલી પડ્યા રહે છે એટલે.

વિઝા માટે અમે પાંચ-છ વ્યક્તિઓ મુંબઈ પહોંચ્યા. ફાઇવસ્ટારમાં ઊતર્યા. કારણ કે તે વિઝાકચેરીની નજીક હતી. અમને એ.સી.માં ટાઢ ચડી ગઈ એટલે તે બંધ કર્યું. છાશના એક ગ્લાસના સો રૂપિયા. સંડાસ-બાથરૂમમાંથી બહાર નીકળી શકાય નહીં, જો પૂરા સાવધાન ન હોઈએ તો. મિત્રો તો, ગુરુજીને ખૂબ સગવડ પડશે, એમ

માનીને ફાઈવસ્ટારમાં લાવેલા. પણ... બહારની હોટેલમાંથી ભોજન આવ્યું. સાત્ત્વિક અને અનુકૂળ હતું. વહેલીસવારે સૌ વિઝાકચેરીએ પહોંચી ગયા.

અમારી વ્હીલચૅર ઠેઠ વિઝાબારી સુધી લઈ જઈ શકાય તેવી પરમિશન જિગરભાઈએ મેળવી લીધી. વિઝાબારી થોડી ઊંચી અને અમે વ્હીલચૅરમાં થોડા નીચે અને સાંભળવાની તકલીફ એટલે સાહેબનું થોડું ઓછું સંભળાય. સાહેબે પૂછ્યું કે તમારે કેટલા શિષ્યો છે, કેટલી કમાણી છે? અમને જવાબ દેતાં વાર લાગી, એટલે જિગરભાઈએ જવાબ આપ્યો. એટલે સાહેબ તાડૂક્યા કે હું તમને પૂછતો નથી. જો ફરીને ભૂલ કરશો તો બધું કૅન્સલ થઈ જશે. અમે સાહેબને કહ્યું કે આપ થોડું જોરથી બોલો, અમે ઓછું સાંભળીએ છીએ, એટલે એમણે જવાબ આપ્યો. હવે એમ નહિ થાય. સાહેબ કહે આપ બીજા નામથી પણ ઓળખાવ છો? અમને જવાબ દેતાં વાર લાગી, એટલે પોતે જ કહે કે સંત તરીકે? અમે કહ્યું કે હા, તેમને પૂરો સંતોષ થયો એટલે અમને દસ વર્ષના વિઝા આપી દીધા. અત્યારે પણ અમારી પાસે પાંચ વર્ષના વિઝા છે. શું કરવાના? જોઈ જોઈ રાજી થવાનું...

**૪૦૮. અમેરિકા... (ભાગ-૨૭) :** વિઝાકચેરીમાંથી અમારા પર પત્ર આવેલો કે અમે વિનંતી કરીએ છીએ કે આપ વિઝા લેવા મુંબઈ આવો. અને મિત્રોનો ખૂબ આગ્રહ. આવાં બધાં કારણે વિઝા લેવા ગયેલા. મિત્રો માનતા હતા કે ગુરુજીને એક વર્ષનો વિઝા મળશે પણ મળ્યો દશ વર્ષનો. એમનેય એમ કે ક્યાં અમેરિકા જવાના હતા, આપોને દશ વર્ષનો એટલે પૂરો કસ નીકળે!

★ ★ ★

વૉશિંગ્ટનમાં અમે સૌ વ્હાઇટહાઉસ જોવા ગયેલા. ખૂબ મોટી લાઇન લાગેલી. થોડે દૂર એક મોટું કચરાદાન પડેલું. તેમાંથી ભિખારીઓ બ્રેડ વગેરે એઠવાડ વીણી-વીણીને ખાતા હતા. તે જોઈને અમને થયું કે આ દેશમાં પણ આવું? એ કહેવત સાચી લાગી કે "કાશીએ પણ કાગડા તો કાળા જ હોય!"

અમારો વારો આવ્યો, એટલે અમે સૌ વ્હાઇટહાઉસ જોવા અંદર ગયા. ખૂબ આનંદ આવ્યો. ખૂબ સ્વચ્છતા અને વ્યઉવસ્થા હતી, અંદરનું બધું અત્યંત આકર્ષક!

ત્યાંના મિત્રોએ શિકાગો સ્ટેશન પરથી અમારું પ્રવચન પણ રાખેલું, યોગના વિષય 'ભ્રાંતિદર્શન' પર અમે બોલેલા. એ ગ્રૂપ ડાકોરનું હતું. તેમને ત્યાં પણ ચાર-છ દિવસ રહેલા, આખા કુટુંબે ખૂબ પ્રેમ આપેલો.

**નોંધ :** ભારતમાં મિત્રો જોડે જ્યારે અમેરિકાયાત્રાની વાત નીકળે, ત્યારે તેઓ કહે કે ગુરુદેવ, વાતો સાંભળવામાં ખૂબ આનંદ આવે છે. જો આની નાની પુસ્તિકા છપાવી હોય, તો ખૂબ આનંદ આવે અને ઘણાને લાભ મળે. આવાં બધાં કારણે ફેસબુકમાં 'આજનું ભાથું'માં 'અમેરિકા' છપાય છે, જે કદાચ પુસ્તિકા પણ બને.

**૪૦૯. પોષણ... :** અલ્પપોષણથી જેટલું નુકસાન ભોગવવું પડે છે, તેના કરતાં અતિપોષણથી અનેક ઘણું ભોગવવું પડે છે. પણ અતિપોષણ એક એવું વ્યસન છે કે તે ભલભલાને અંધારામાં રાખી શકે છે.

મોઢામાં સ્વાદ બગડે એ કુદતનો સંકેત છે કે હવે ખમૈયા કરો, અર્થાત્ એકાધ ઉપવાસ કરો. ત્યારે જવાબમાં આપણે ભોજનને વધુ સ્વાદિષ્ટ બનાવીને દબાવીએ છીએ! બુદ્ધિ કોના...?

**૪૧૦. અમેરિકા... (ભાગ-૨૮) :** મિત્રો સાથે બાબા મુક્તાનંદજીના આશ્રમે પણ ગયેલા. આશ્રમ તો જાણે નિસર્ગનો સાકાર ટુકડો. સ્વામીશ્રી નિત્યાનંદજીની આત્મીયતાનો અદ્‌ભુત અનુભવ થયો. તેમણે અમારું પ્રવચન પણ રાખેલું. બધા જ ભક્તો-શિષ્યો અમેરિકનો. અમે હિંદીમાં બોલીએ અને સ્વામીજી તેનો અંગ્રેજીમાં અનુવાદ કરે.

બડેબાબા નિત્યાનંદજી અવધૂતના દર્શને અમે ગણેશપુરી ગયેલા અને તે વખતે શું બનેલું તે આખો પ્રસંગ અમે અમારા પ્રવચનમાં વર્ણવ્યો, તે સાંભળીને સૌ આનંદ-વિભોર થઈ ગયા. સામે દીવાલ પર અવધૂતજીનો ઘણો મોટો ફોટો હતો, તેની સામે જોઈને જ અમે બોલી રહ્યા હતા. આ પ્રસંગ ખૂબ રોચક છે. બાબા મુક્તાનંદજીને પણ સાંભળવો ખૂબ ગમતો હતો. (આ પ્રસંગ સ્વતંત્ર રીતે મૂકીશું.)

અમારું બોલવાનું પૂરું થયું એટલે સ્વામીજીએ અમારો સૌને થોડો પરિચય આપતા કહ્યું કે "અમારી ત્રણ પેઢીને ઓળખતા હોય તેમાંના આ એક 'યોગભિક્ષુજી' પણ છે."

પછી અમને ખૂબ પ્રેમથી જમાડ્યા. વિદાય થતી વખતે, એક અમેરિકન સાધિકા બહેને, કે જેઓ સંપૂર્ણ ભારતીય લાગતાં હતાં તેમણે, અમારા કપાળ પર કંકુ-ચોખા લગાવ્યાં અને નમસ્કાર કરીને અમારા પગમાં ભેટ મૂકી. અમે નહિ-નહિ કહ્યું, તો સ્વામીજી કહે કે લે...લો—લે...લો આશ્રમ મેં કામ આયેગા. સ્વામીજીને ખબર નહીં કે અમે તો— **"આશ્રમ વિનાના યોગભિક્ષુ છીએ."**

એક શિષ્યે તેમને પૂછ્યું કે ભારતથી અમુક સંત આવ્યા છે. તેમને આપણા આશ્રમમાં બોલાવવા છે? જવાબ મળ્યો કે વહ કહા સંત હૈ? વહ તો કથાવાચક હૈ. આ સાંભળીને એ સમજાય કે સંતમાં અને કથાવાચકમાં કેટલો ભેદ છે!

અત્યારે તો અમેરિકામાં તેમના ઘણા આશ્રમો છે. વલસાડમાં પણ તેમનો ખૂબ સરસ આશ્રમ છે, જ્યાં સમાજસેવાનાં જબરજસ્ત કાર્યો થઈ રહ્યાં છે. સ્વામીશ્રી કોમલાનંદજી દ્વારા ત્યાંના સમાચાર મળતા રહે છે.

**૪૧૧. અમેરિકા... (ભાગ-૨૯) :** પ્રથમ વાર ત્યાં ગયા, ત્યારે એક આધ્યાત્મિક-મિત્ર મળવા આવ્યા, જેઓ ત્રણ વખત સી.એ.માં નિષ્ફળ રહેલા. આ વખતે સફળ થયા. તેમણે પ્રશ્ન કર્યો કે થિયરી ઑફ રિલેટિવિટી એટલે શું?

**જવાબ :** સ્વામી માધવતિર્થજીએ તેના માટે સાપેક્ષવાદ શબ્દ વાપર્યો છે. સાપેક્ષ, સ અપેક્ષ. એટલે કે પરસ્પરની અપેક્ષાએ, એકબીજાની તુલનાએ. તુલનાત્મક સરખામણી કરવી. જેમકે જ્ઞાનમુદ્રા.

અંગૂઠો અને પહેલી આંગળીને મિલાવીને બાકીની ત્રણને ઊભી રાખીએ, તેને આપણે જ્ઞાનમુદ્રા કહીએ છીએ. તે શાનું જ્ઞાન આપે છે? સાપેક્ષવાદનું.

ત્રણ ઊભી આંગળીઓમાં વચ્ચેની તુલનાએ જે આંગળી મોટી છે, તેની તુલનાએ તે નાની છે, પણ ટચલી આંગળીની તુલનાએ તે મોટી છે. એટલે કે તે તેનાથી મોટીની તુલનાએ છોટી છે, છોટીની સરખામણીએ મોટી છે.

સાપેક્ષવાદના સિદ્ધાંત મુજબ કાંઈ જ સ્વતંત્ર નથી, તુલનાત્મક રીતે વિચારતાં બદલાઈ જાય છે. જેમકે :

પ્લેનવાળાની તુલનાએ કારવાળો ગરીબ છે, પણ સાઇકલવાળાની તુલનાએ તે ધનવાન છે.

થિયરી ઑફ રીલેટીવીટી નો જન્મ પણ થયો ન હતો, ત્યારની જ્ઞાનમુદ્રા પ્રચલિત છે, ગુરુ-સંતો અને અવતારીના ફોટામાં તે જોવા મળે છે.

જગતને સાપેક્ષ દૃષ્ટિએ જોવાની કળા જો હસ્તગત થઈ જાય, તો જીવન હલકું ફૂલ થઈ જાય.

**૪૧૨. મોબાઈલ... :** રાજકીય વડાઓ કહે છે કે એકેએકે યુવાનના હાથમાં મોબાઇલ હોવો જોઈએ, જ્યારે ધાર્મિક વડાઓ કહે છે કે યુવાનોના હાથમાંથી મોબાઈલ છોડાવીને

તેમને મંદિરે જતા કરવા જોઈએ. વડાઓના બે મત સાંભળીને સાંભળનારાઓએ શું કરવું ?

**૪૧૩. શ્રદ્ધાંજલિ... :** પરમગુરુનિષ્ઠ શ્રી કનુભાઈ શંકરભાઈ પંડ્યા ઓમ્ પૂર-નિવાસી થયા છે, તા. ૧૭-૪-૧૭ના દિવસે.

તેઓશ્રી ઓમ્ પરિવારના જૂનામાં જૂના સભ્ય હતા, પાયાની ઈંટ સમાન. આપણને સૌને કદી ન પુરાય એવી ખોટ પડી છે. તેમનો પૂરો પરિવાર પણ ગુરુમય જ છે, તેમના દ્વારા આપણે કનુભાઈની હાજરીનો અનુભવ કરીશું.

આવા પુણ્યાત્માઓ હયાત હોય, ત્યારે અને ન હોય ત્યારે પણ પ્રેરણા આપતા જ રહે છે. કુટુંબીજનો સૌ હિંમતમાં રહે અને સત્કર્મો દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપે.

॥ જયશ્રી ઓમ્ગુરુદેવ ॥

સમસ્ત ઓમ્પરિવાર વતી

**- યોગભિક્ષુ**

**- ડૉ. સદ્ગુરુ સમર્પણભિક્ષુ**

**૪૧૪. અમેરિકા... (ભાગ-૩૦) :** અમારા ભારત આવ્યા પછી સી.એ.સાહેબનો ભેટચૅક આવ્યો. અમે તે બૅન્કમાં ભરી દીધો. થોડા દિવસ પછી બૅન્કમાંથી સંદેશ આવ્યો કે તમારો ચૅક પાસ થયો નથી. અમે બૅંકમાં જઈને તપાસ કરી તો ખબર પડી કે ત્યાં તેમના ખાતામાં તેટલી રકમ નથી. આ વાત અમને સાચી ન લાગી. ત્યાં તેમને જણાવ્યું. તો તેમણે ત્યાંની બૅંકનું સ્ટેટમેન્ટ મોકલી આપ્યું, તેમ છતાં અહીં બૅંકવાળા ન માન્યા. અમે બે-ચાર ધક્કા ખાધા પછી જણાવ્યું કે ભાઈ, અહીં તો મેળ પડતો નથી, એટલે તમે ચૅક પાછો ખેંચી લ્યો. જવાબમાં તેમણે કહ્યું કે ગુરુજી, એમ ન બની શકે, ચૅક તમારે જ જમા કરાવવો પડે, આપ ચાર દિવસ પછી બૅંકમાં જજો, હું તેમની જોડે વાત કરું છું. અમે ચારેક દિવસ પછી બૅંકમાં ગયા, તો કોઈ પણ જાતની દાખલા-દલીલ વગર ચૅક સ્વીકારી લીધો. આશ્ચર્ય!

થોડા સમય પછી અમે તેમને પૂછ્યું કે આ બધું કઈ રીતે સીધુ ઊતર્યું ? તો મિત્ર-સાહેબે કહ્યું કે : મેં બૅંકને ફોન દ્વારા સૂચના આપી કે અમારું બધું જ બરાબર છે, છતાંય તમો ચૅક સ્વીકારતા નથી, તો હવે તેઓ આવે અને જો ચૅક નહિ સ્વીકારાય, તો હું કાયદેસર કરું છું. બસ, આટલી સૂચના માત્રથી બધું પતી ગયું.

આ પ્રકરણથી અમને જૂની કહેવત યાદ આવી ગઈ કે :

**"દર આવે ત્યારે સાપ સીધો દોર."**

**"છીણીબાઈ કેમ ગાજો છો? તો કહે : ઘણના ઘા પડે છે એટલે."**

આવું બધું તો બનતું જ રહેવાનું, જગતનો ભૂતકાળ અને ભવિષ્યકાળ આવો જ છે. તેથી જ તો સંત કબીરને કહેવું પડ્યું હશેને કે :

**કબીરા તેરી ઝોંપડી, ગલકટ્ટે કે પાસ;**
**કરેગા સો ભરેગા, તૂ ક્યોં ભયા ઉદાસ ?**

**૪૧૫. બુદ્ધિ... :** પરદેશ રહેતા હોય તેવા મહાપુરુષને જે ઓળખી શકે, તે બુદ્ધિશાળી કહેવાય.

સ્વદેશમાં રહેતા મહાપુરુષને જે ઓળખી લે, તે મહાબુદ્ધિશાળી કહેવાય.

સ્વશહેરમાં રહેતા મહાપુરુષને જે ઓળખી લે, તે પ્રજ્ઞાવંત હોય.

સ્વસોસાયટીમાં રહેતા મહાપુરુષને પણ જેઓ પારખી શકે, તે મહામેધાવંત હોય ! અને

જેઓ, સ્વનિવાસે પોતાની સાથે રહેતા મહાપુરુષને ઓળખી લઈને તેમનો દિવ્ય લાભ પણ લઈ શકતા હોય, તેઓ મહા નસીબવંત છે.

**૪૧૬. તેજ બુદ્ધિશાળી... : ગુરુસંતોનાં ચરણોમાં, બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને બેસી શકે છે, તે જ બુદ્ધિશાળી છે.**

અસીમ સુખને અને અસીમ સુખને, અર્થાત્ મોક્ષસુખને અને ભોગસુખને જે તાત્ત્વિક રીતે પારખી લે છે, તે જ બુદ્ધિશાળી છે.

પોતાની હર જન્મજયંતીએ જે, પોતાનાથી જાણ્યે-અજાણ્યે થઈ ગયેલાં પાપ-પુણ્યની નોંધ લઈને, વધુમાં વધુ સત્કર્મો કરવાનો દૃઢ સંકલ્પ કરે છે, તે જ બુદ્ધિશાળી છે.

આજ સુધીમાં કેટકેટલા ભોગો ભોગવ્યા છતાં સંતોષ નથી થયો તો હવે પછીના ભોગોથી સંતોષ નહિ જ થાય તેવું જેને સમજાઈ જાય છે તે જ બુદ્ધિશાળી છે.

આખા સમુદ્રમાંથી માત્ર અંજલીભર પાણી પીને જે નક્કી કરી લે છે કે આખો દરિયો આવો જ ખારો છે, કોઈ પણ જગ્યાએ મીઠો નથી, તેવું સમજનારો જ બુદ્ધિશાળી છે.

**એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય;**
**જો તૂ સેવે મૂલ કો, ફૂલે ફલે અઘાય.**

### ૪૧૭. ફેસબુક મિત્રો... :

(૧) કોઈ તો ફેસબુક-મિત્ર એટલા માટે થયા હોય છે કે 'આજનું ભાથું'માં આવતાં સત્સાહિત્ય-સામગ્રીનો લાભ પણ લઈ શકાય અને ઓમ્ પરિવારના ઉત્સવો, કાર્યક્રમોની જાણકારી પણ મળતી રહે. આવા ફેસબુક મિત્રો ખરેખર ખરા જિજ્ઞાસુ કહેવાય.

(૨) અમુક મિત્રો ફેસમિત્ર એટલા માટે થયા હોય છે - થાય છે કે સત્સાહિત્યનો લાભ પણ મળે અને ઓમ્પરિવારની પ્રવૃત્તિઓથી માહિતગાર પણ રહેવાય અને પોતાને ગમતી સામગ્રીનો પ્રચાર પણ કરી શકાય, એક પંથ દો કાજ. આવા મિત્રો પણ જિજ્ઞાસુ તો ખરા.

૩. વળી, અમુક લોકો તો એટલા માટે જ ફેસમિત્ર બને છે કે પોતાની, પોતાને ગમતી સામગ્રી ઠાલવી શકાય- પ્રકાશિત કરી શકાય; પોતાને, પોતાના ઉભરાને મનમાની રીતે વ્યક્ત કરી શકાય. આવા ફેસબુકમિત્રો તરફથી નથી તો કદી ટિપ્પણી આવતી કે નથી તો કદી શેર આવતું!

'આજનું ભાથુ' તરફ તેઓ નજર નાખતા હશે કે કેમ! આવા ફેસબુકમિત્રો જવલ્લે જ હોય છે, તેઓને શું કહી શકાય? જેમને જે ઠીક લાગે તે. સૌ સૌની દૃષ્ટિએ સૌને ધન્યવાદ.

**જેઠો કે જોર નાવે, ને ત્રિવિધના ટળે;**
**અંગુમાં આવે નૈ, ને પરબારું પતે!**

### ૪૧૮. પરમપ્રેમ :

**ઈશરતે કતરા હૈ - દરિયા મેં ફના હો જાના,**
**દર્દ કા હદસે ગુજરના; હૈ દવા હો જાના.**
**બુંદને આનંદ થાય ત્યારે, વિલીન થાય દરિયામાં -**
**જ્યારે—**
**દર્દ, બેહદ થઈ જાય -**
**જ્યારે, પોતે જ દવા થઈ જાય, ત્યારે.**

### ૪૨૦. હાડ... :

**હાડ-ચામડાં બહુ-બહુ ચૂંથ્યા,**
**ચાખો જી મધ મીઠું... (જુની કવિતા)**

હાડ-ચામડાં ચુંથવામાં કાંઈ બાકી રાખ્યું નથી અને તોય સંતોષ થયો નથી.

કદી એ વિચાર્યું નથી કે હાડ-ચામ ચૂંથવામાં-ચૂસવામાં આટલું બધું આકર્ષણ કેમ છે?

એ આકર્ષણ હાડ-ચામમાં નથી. પણ તેમાં રહેલા આત્મામાં છે. મડદાને ચૂંથવા કોઈ રાજી નથી. આત્મા નીકળતાની સાથે જ કાઢો-કાઢો.

જે શરીરનાં રૂપરંગની પ્રશંસા કરતા, તેના પર કવિતાઓ બનાવતા થાકતા નહોતા, તેમાંથી હંસલો ઊડતાની સાથે જ તે ગંદકીનો ગાડવો, તેનો સ્પર્શ થઈ જાય તો પણ સ્નાન કરવું પડે.

**કાયા-કલેવર કારમું છે, ગંદકીનો ગાડવો,**
**સમજુ જને સમજી જઈ, અભિમાનને તો છાંડવો.**

**- યોગભિક્ષુ**

**૪૨૩. દિવ્યપ્રેમ... : બૂંદને આનંદ થાય ત્યારે, વિલીન થાય દરિયામાં જ્યારે.**

જે બૂંદ-ટીપું સાગરથી વિખૂટું પડી ગયું હોય, તેની ઈચ્છા તો સાગરને ભેટવાની જ હોયને? પોતાનું ક્ષુદ્રપણું ત્યાગીને મહાસાગરમય જ થવાની હોયને?

જીવ પણ શા માટે લઘુ રેવાનું પસંદ કરે ? તેને પણ ગુરુ જ બનવું ગમે, તે પણ શિવપણું જ ઇચ્છે.

આત્માનું પરમલક્ષ્ય છે પરમાત્મામય બની જવાનું.

ઈશ્કેમજાજીનો જ્યાં છેડો આવે છે, ત્યાંથી ઈશ્કેહકીકીનો પ્રારંભ થાય છે, તે પ્રેમ સનાતન સુખ સુધી પહોંચાડે છે, પછી ભોગ, ભોગ્ય કે ભોક્તા જેવું કાંઈ જ બચતું નથી.

**લાલી મેરે લાલ કી, જિત દેખો તિત લાલ,**
**લાલી દેખને મૈં ગઈ, મૈં ભી હો ગઈ લાલ.**

**૪૨૫. ગૃહસ્થાશ્રમ ધન્ય છે... (૧):** ગૃહસ્થાશ્રમને ધન્ય કહ્યો છે. શા માટે? ગૃહસ્થાશ્રમ એ કોઈ નિર્લજ્જપણે, બે જવાબદારીપૂર્વક કામવાસના ભોગવવાનો પરવાનો નથી. માનવ-વંશતંતુ અર્થાત્ માનવશૃંખલાને અખંડ જાળવવા માટે અને 'માનવતા'થી ભરપૂર એવા માનવો ઉત્પન્ન કરવા માટે ગૃહસ્થાશ્રમ છે અને તેથી જ તે ધન્ય છે.

**૪૨૬. ગૃહસ્થાશ્રમ ધન્ય... (૨)... : ...માતા અને પિતા બનતાં પહેલાં તેને લગતી પુષ્કળ યોગ્યતાઓ પ્રાપ્ત કરવી પડે. જેઓ તે યોગ્યતાઓની પરીક્ષામાં પાસ થાય તેને જ પરણવાની અને સંતાન ઉત્પન્ન કરવાની સ્વીકૃતિ મળે તેવી સમાજની વ્યવસ્થા હોવી ઘટે.**

અતિ મીઠાં અને જાતવાન ફળોની પ્રાપ્તિ માટે બીજ-આરોપણની અને પછી ખાતર-પાણીની અતિ ચોકસાઈ અને ખૂબ જવાબદારીપૂર્વકની સંભાળ લેવાવી ઘટે.

મૂળમાં સિંચેલાં ખાતર-પાણી ઉપર જ ઝાડના આયુષ્ય, તંદુરસ્તી અને ફળ આપવાની ક્ષમતાનો આધાર છે.

આવતી આખી પેઢી કેવી થશે તેનો આધાર વર્તમાનકાળના ગૃહસ્થાશ્રમ ઉપર જ છે. જેવી નવી પેઢી હશે, તેવો સમાજ બનશે અને જેવો સમાજ હશે, તેવું વિશ્વ હશે.

**૪૨૭. ગૃહસ્થાશ્રમ ધન્ય... (૩) :** વૃક્ષની કિંમત તે કેટલાં વધુ ફળ આપે છે તેના પર નહિ, પણ કે કેટલાં જાતવાન અને તંદુરસ્ત ફળો આપે છે તેના પરથી થાય છે.

જે બાળકને પોતાની માતાનું દૂધ અને પિતાના સંસ્કાર નથી મળતાં તે બાળક પાસેથી ઘણી મોટી અને ઉમદા આશાઓ રાખવી તે મૃગજળથી તૃષા છિપાવવા બરાબર છે. પ્રારંભથી જ જે બાળક મા-બાપના પ્રેમવાત્સલ્યથી પોષાતું નથી, તે મોટું થયા પછી પણ કોઈને પોષી શકતું નથી અને હિજરાતું-હિજરાતું જીવે છે અને છેવટે અસામાજિકતા તરફ વળી જાય છે. **- યોગભિક્ષુ**

**૪૨૮. ગૃહસ્થાશ્રમ ધન્ય...(૪) :** ... ગૃહસ્થાશ્રમ શબ્દ 'ગૃહસ્થ' અને 'આશ્રમ' એ બે શબ્દોનો બનેલો છે. આ બંને શબ્દોનો અર્થ થાય છે : ઘરમાં રહીને જ આશ્રમી જીવન જીવવું; સંયમ, નિયમ અને અનુશાસનમય જીવવું; ઉદાર વૃત્તિ અને વિશાળ દૃષ્ટિ રાખીને જીવવું; વિશ્વ આખું જ મારું કુટુંબ છે એ ભાવનાને સુદૃઢ કરવાના પ્રયત્ન સાથે જીવવું. ગૃહસ્થાશ્રમમાં ઉચ્છૃંખલતા, સ્વચ્છંદતા તથા વ્યક્તિગત સુખના મોહને ક્યાંય સ્થાન નથી.

પરમગુરુ પરમાત્માની કૃપાથી અને ગુરુસંતોના સાંનિધ્યથી સૌનો ગૃહસ્થાશ્રમ ધન્ય બનો.

**૪૨૯. નામ રહંતા... :**

**નામ રહંતાં ઠકરાં, નાણાં નહિ રહંત;**
**કીર્તિ કેરા કોટડા, પાડ્યા નહિ પડંત.**

**ભાવાર્થ :** પૈસો કાયમ રહેતો નથી, સત્કર્મો દ્વારા કમાયેલું નામ જ કાયમ રહે છે. ઈંટચૂનાની બનેલી મહા મહેલાતો પણ નાશ પામી જાય છે પણ યશના મહેલોનો કદી નાશ થતો નથી.

**૪૩૦. કબીરા... :**

**કબીરા તેરી ઝોંપડી, ગલકટ્ટે કે પાસ;**
**કરેગા સો ભરેગા, તૂ ક્યોં ભયા ઉદાસ ?**

**ભાવાર્થ :** કબીર પોતાને જ સમજાવે છે કે તું કસાઈઓની નજીકમાં જ રહે છે, તેથી જીવહિંસા જોવી તો પડશે. પણ જે જેવું કરશે તે તેવું ભોગવશે, તું ઉદાસ ન થા.
**સાર :** પ્રયત્ન કરવા છતાંય જો ખોટું કામ ન અટકાવી શકીએ, તો 'કરેગા સો ભરેગા' એમ સમજીને મનનું સમાધાન કરી લેવું યોગ્ય ગણાય; ઉદાસ, હતાશ કે નિરાશ ન થવાય.

## ૪૩૧. કબીર કહે... :

**કબીર કહે કમાલ કો, દો બાતેં શીખ લે;**
**કર સાહેબ કી બંદગી, ઔર ભૂખેં કો અન્ન દે.**

**ભાવાર્થ :** કબીર કમાલને કહે છે કે જીવનમાં આ બે વાત મુખ્ય છે : એક તો ભગવાનનું ભજન કરવું અને બીજું ભૂખ્યાને ભોજન કરાવવું.
**સાર :** મનુષ્યજન્મની સફળતા તેમાં છે કે પ્રભુભજન કરીને મુક્તિ પ્રાપ્ત કરી લેવી. પણ ભજન બરાબર ત્યારે થઈ શકે, જ્યારે શરીર બરાબર હોય, તેથી શરીર બરાબર રાખવા માટે ભોજન લેવું પડે. માટે ભજન મુખ્ય છે અને ભોજન ગૌણ.

**૪૩૨. ગુરુ... :** ગુરુ ઐસા પ્રસાદ હૈ, જિસકે ભાગ્ય મેં હો ઉસે કભી માંગને કી જરૂરત પડતી નહીં હૈ. **- સુધાકર દ્વારા**
**અર્થ :** ગુરુ, એ એવા પ્રસાદ છે કે જે ભાગ્યશાળીને મળે છે, તેને કદી માગવાની જરૂરત નથી પડતી.
**રહસ્ય :** જેમનો પ્રસાદ પ્રાપ્ત કર્યા પછી, પ્રસાદ પ્રાપ્ત કરનારાને, કદી પણ, કાંઈ પણ, કોઈની પાસેથી પણ માગવાની જરૂરત જ ન રહે તે જ-ગુરુ - ગુરુદેવ - સદ્ગુરુદેવ.
**૪૩૩.**

## : શ્રી ગુરુઅષ્ટક : પૂ.પા. શંકરાચાર્ય વિરચિત :
**(ભાવાનુવાદ - યોગભિક્ષુ)**

**ધન, પત્ની પુત્ર, પૌત્રાદિ સર્વ, ગૃહ બાંધવાદિ, મિલે નિખર્વ;**
**પર જો લગા મન, ન ગુરુચરણ મેં, તો ક્યા પાયા? ભટકા ભવ અરણ્યમેં.**
**કંઠસ્થ વિદ્યા, વેદાદિ શાસ્ત્ર; ગદ્યસુપદ્ય, કવિતા સામર્થ્ય - પર જો...**
**વિદેશોં મેં માન્ય, સ્વદેશ મેં ધન્ય, જીવિકા પવિત્ર, સદાચારી નિત્ય. - પર...**
**ધરાતલ કે ભૂપ, ભૂપાલવૃંદ, સેવિત્ હૈં જિસકે, પાદારવિંદ - પર...**
**ન ભોગોંમેં, યોગો મેં, ન રાજ્યસુખોં મેં, મન ન લગા હો કભી કામસુખોં મેં - પર...**
**યશગાન, ગુણગાન, ફૈલે દિગંતો મેં,જગવસ્તુ સર્વ, હો પ્રાપ્ત કરોં મેં... પર**

**વન ઔર ગૃહકો, સમજે સમાન, મન ઔર દેહ સે, ચાહે ઉપરામ. - પર...**
**મહામૂલ્ય રત્નોં કી પ્રાપ્તિ હો જાય, કામોપભોગ, મિલે દિનરાત. - પર...**
**ઈસ ગુરુઅષ્ટક કા, જો કરેગા પાઠ,**
**ઔર ગુરચરણોં મેં, લગા રહે દિનરાત,**
**ત્યાગી, ગૃહસ્થી, બ્રહ્મચારી, હો ચાહે ભૂપાલ,**
**ચારોં પદારથ પાયેગા, નિશ્ચિત હૈ યહ બાત.**

૪૩૪. બિંદુ... :

**ઓમ્કારં બિંદુ સંયુક્તં**

કાંઈ પણ લખવાની શરૂઆત કરતી વખતે, જે ઘડીએ કલમ કાગળ પર મુકાય છે, ત્યારે પ્રથમ બિંદુ જ ઊપસે છે - સ્થપાય છે; અને એવાં અનંત બિંદુઓનું સુચારુ સ્વરૂપ તે જ અક્ષરો, શબ્દો અને વાક્યો.

(પૂ.શ્રીની 'ઈશ્વરની ઓળખ' પુસ્તિકામાંથી સાભાર.)

**૪૩૫. આંધળું અનુકરણ... :** માતાપિતા સાથેનો પ્રેમ એ કાંઈ પ્રદર્શનનો વિષય નથી. એ તો અનુભવવાનો-માણવાનો—તદ્રૂપ-તન્મય થવાનો વિષય છે. એ પ્રેમને તો જેમ બને તેમ છૂપો રખાય. પ્રદર્શન કરવાથી તો તે લોકોની ઈર્ષ્યાનો વિષય બને; અને તેથી તે કરમાય જાય.

આપણે તો સંયુક્ત કુટુંબવાળા, પરસ્પર દેવોભવ વાળા. રાત-દિવસ, આત્મીયતાનું આદાન-પ્રદાન પરસ્પર થતું જ રહે.

વિદેશીઓની જેમ આપણે કોઈ અમુક જ દિવસે પ્રેમ-પ્રદર્શન કરવાની જરૂરત નહિ, એ તો દેખાદેખી થઈ, એ તો અજ્ઞાનતાનું પ્રદર્શન થયું.

વિદેશમાં તો બચપણથી જ સંતાનો માતા-પિતાથી જૂદાં રહેતાં હોય એટલે તેમણે પરસ્પર મળવા માટે, આખા વર્ષમાં એક દિવસ નક્કી કરવો પડે, આપણે નહિ. આપણે તો —

**માંહી પડ્યા તે મહા સુખ માણે, દેખનારા દાઝે જોને...**

**નોંધ :** ઘરડાઘરો શહેરમાં જ હોય છે અને તેમાં શહેરોનાં જ ઘરડાઓ હોય છે.

૪૩૬. ઘટમાં... : **ઘટમાં જે ઘૂંટાય, છાનું છેક રહે નહિ;**
**બે બાંકે દેખાય, કીધાં ઢાંકણ કાચનાં.**

**ભાવાર્થ :** આંખો ઉપર કાચનાં ઢાંકણાં મૂકેલા છે, તેથી માનવમનમાં જે ચાલતું હોય તે આંખોનાં બે કાણાં દ્વારા પ્રગટ થઈ જાય છે.

**૪૩૮. નયનન કી... :**

**નયનન કી કર કોઠરી, પુતરી પલંગ બિછાય;**
**પલકન કી ચિક ડારી કે, પિય કો લિયો રિઝાય.**

**શબ્દાર્થ :** આંખોરૂપી ઓરડીમાં, કીકીરૂપી પલંગ બિછાવીને, પલક ઝપકાવવારૂપી પડદો પાડીને, પિયુને પ્રસન્ન કરી લીધો.

**ભાવાર્થ :** આંખો બંધ કરીને, ધ્યાનસ્થ થઈને, પ્રિયતમ એવા આત્માનાં-પરમાત્માનાં દર્શન કરીને કૃતકૃત્ય થઈ ગયા.

**૪૩૯. પારસમણિ... :**

**પારસમણિ કે સ્પર્શ સે, કંચન ભયી તલવાર;**
**તુલસી તીનો ના ગયે, ધાર, માર, આકાર.**

**ભાવાર્થ :** પારસમણિએ લોઢાની તલવારને સોનાની તો બનાવી દીધી, પણ તેનાં ધાર, માર અને આકાર ન ગયાં.

પોતાનો સ્પર્શ થતાંની સાથે જ પારસે તો લોઢાનું લોહત્વ ટાળીને, તેને સુવર્ણત્વ બક્ષી દીધું. પોતાની જવાબદારી પ્રામાણિકપણે નિભાવી, બીજું તો તે કરી પણ શકે શું ? કોઈનો સ્વભાવ તો તે કેવી રીતે બદલે ?

કૂતરાની પૂંછડી સો વર્ષે પણ વાંકી ! તે ભલે સોનાની થઈ જાય પણ વાંકાપણું ન છોડે તે ન જ છોડે.

**૪૪૦. સાપેક્ષવાદ... :** સુખ-દુઃખ, પાપ-પુણ્ય, નાનું-મોટું વગેરે જોડકાં સાપેક્ષ છે, સ્વતંત્ર નથી. જેમકે : જે નાનું છે તે, તેનાથી મોટાની તુલનાએ નાનું છે; પણ અતિ નાનાની તુલનાએ નાનું પણ મોટું જ છે.

**૪૪૨. અજ્ઞાનને... :** ગુરુજનોને જ્યારે ખાતરી થઈ જાય છે કે ધક્કો મારવા છતાંય, લાફો મારવા છતાંય, કઠોર વચન કહેવા છતાંય આપણે ભાગી નહિ જઈએ એટલા અધિકારી થઈ ગયા છીએ, કલ્યાણની કિંમતને તેટલી સમજી શક્યા છીએ ત્યાર પછી તેઓ આપણા અજ્ઞાનને ઝૂડી-ઝાપટીને સાફ કરી નાખે છે અને તે માટે ગુસ્સાની જરૂર પડે તો ગુસ્સો કરે છે અને થપ્પડની જરૂરત પડે તો થપ્પડ પણ મારે છે.

**ગુરુજનો આપણા ઉપર ગુસ્સો કરવાની હિંમત કરી શકે તેટલા અધિકારી અને તેમના આત્મીય બનીએ.**

**૪૪૩. ભાવનાનું મહત્ત્વ... :** માબાપની સેવા તેમનાં સંતાનોય કરતાં હોય અને નોકરોય કરતા હોય, પણ બંનેની ભાવના જુદી, અને તે પ્રમાણે તેનાં ફળ પણ જુદાં.

પણ જો સંતાનોની ભાવના નોકરો જેવી અને નોકરોની ભાવના સંતાનો જેવી હોય, તો ફળપ્રાપ્તિ પલટાઈ જાય.

ફળપ્રાપ્તિમાં ભાવના જ સર્વસ્વ છે.

**૪૪૪. યોગ... :** હાલમાં યોગ પર જબરજસ્ત ઊહાપોહ ચાલી રહ્યો છે. યોગ એટલે શું? તો કહેશે કે આસનો. અને વળી એવું માને કે જે વધુ અઘરાં આસનો કરી શકે તે મોટા યોગી!

પતંજલિનો યોગ અષ્ટાંગયોગ કહેવાય છે. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આ આઠમાં ત્રીજું અંગ આસન છે. આસનની વ્યાખ્યા પતંજલિમુનિએ આવી કરી છે - સ્થિર સુખમ્ આસનમ્. **અર્થ :** ૧. સ્થિરતા અને સુખ આપે તે આસન, ૨. સ્થિર સુખ આપે તે આસન.

આ સિવાય 'પાતંજલ યોગદર્શન'માં બીજું એકેય આસન કહ્યું નથી. હઠયોગમાં જે આસનો છે, તે આરોગ્યરક્ષા માટે છે. તે અતિ ઉચ્ચ પ્રકારનો વ્યાયામ છે. આસનોથી સૂક્ષ્માતિસૂક્ષ્મ નાડીજાલ પણ પ્રભાવિત થાય છે.

શાનાયથી પણ પ્રાપ્ત ન થઈ શકે તેવા મોક્ષને પણ 'યોગ' પ્રાપ્ત કરાવે, ચૌરાસીના ચક્કરમાંથી અને મહાભયંકર દુખદાયક એવા ગર્ભવાસથી પણ 'યોગ' જ છોડાવે છે. માટે :

યોગનો અર્થ માત્ર આસનો જ કરીશું, તો મહા નુકસાનીમાં રહી જઈશું.

**૪૪૫. ગણ ઉપર :** ગુરુસંતો, માતાપિતા અને બહેન-દીકરી-ભાણેજું સાથેનો સંબંધ એ વ્યવહાર નહિ, એ તો એકપક્ષી સંબંધ.

આપણી શક્તિ-ભક્તિ મુજબ તેમના માટે કરી છૂટીએ, બદલાની ભાવના નહિ. તેઓ આપણા માટે શું કરે છે તે જોવાનું નહિ, આપણે તેઓ માટે શું કરી શકીએ છીએ, તે જ ધ્યાનમાં રાખવાનું.

હું તમારું કામ કરું અને તમે મારું કામ કરો એ વ્યવહાર થયો. તેઓ સાથેનો સંબંધ વ્યવહારની કક્ષામાં ન આવે. આમાં તો ફક્ત, બદલાની ભાવના સિવાય કાંઈક કરી છૂટવાની તમન્ના. ફક્ત આ દોહરો જ ધ્યાનમાં રાખવાનો :

**ગુણ ઉપર ગુણ કરે, એ તો વ્યવહારાવટ;**
**પણ અવગણુ ઉપર ગુણ કરે, તેને હિંડોળા ખટ.**

ઉપકાર ઉપર ઉપકાર કરે એ કઈ મોટી વાત? પણ જ્યારે અપકાર ઉપર ઉપકાર કરે ત્યારે કાંઈક કર્યું કહેવાય. તેને તો પછી ખાટ અને હિંડોળા જ હોયને! એટલે કે તે મહાસુખિયો.

**૪૪૬. યોગ્યતા... :** આપણી યોગ્યતાને એટલી બધી વધારી દઈએ કે દેનારાએ સ્વયં કહેવું પડે કે 'માંગ્ય-માંગ્ય.' શું, માંગ્ય-માંગ્ય કહી શકનાર દેનારાને એટલી પણ ખબર નહિ પડે કે આપણને શાની જરૂર છે? ખુદા જબ છપ્પર ફાડકે દેતા હૈ ત્યારેય શું આપણે આપણી બુદ્ધિથી જ, આપણું પસંદ કરેલું જ માંગીશું? આપણી બુદ્ધિ કેટલી? આપણી પસંદગી કેવી? ધૂળ અને રાખ જેવી...

(પૂ.શ્રીની પુસ્તિકા **'વીજળીના ઝબકારે'**માંથી સાભાર)

**૪૪૭. ખરા બુદ્ધિશાળી... :** ખરા બુદ્ધિશાળી તો ત્યારે કહેવાઈએ કે જ્યારે આપણાથી વધુ બુદ્ધિવાળો આપણને જે કાંઈ આપે તેને જ યથાયોગ્ય સમજીએ, તેને જ આપણી પસંદગીનું બનાવીએ, તેને જ આપણા માટે શ્રેયસ્કર માનીએ.

(પૂ.શ્રીની પુસ્તિકા **'વીજળીના ઝબકારે'**માંથી સાભાર)

**૪૪૮. કુસંગ :** **જો રહિમ ઉત્તમ પ્રકૃતિ, કા કરી શકત કુસંગ;**
**ચંદન વિષ વ્યાપે નહિ, લિપટત રહત ભુજંગ.**

**ભાવાર્થ :** કવિ રહિમ કહે છે કે જેઓ ઉત્તમ પ્રકૃતિવાળા, દઢ સુસંસ્કારવાળા છે, તેમને કુસંગની કાંઈ જ અસર થતી નથી. જેમ ચંદનના વૃક્ષને સાપ લપેટાઈને રહે છે, તોય સાપના ઝેરની અસર ચંદનવૃક્ષને થતી નથી.

**૪૪૯. ક્યા કહૂં... :**

**ક્યા કહૂ કિરતાર કો, અજબ વિધિ કે ખેલ;**
**વિભીષણ કો રાજ્ય દિયા, ઔર હનુમાન કો તેલ!**

**ભાવાર્થ :** પરમાત્માના રાજ્યમાં સૌને પોતાના અધિકાર મુજબ મળતું રહે છે.

**૪૫૦. તારી બાઈડીને... :** થોડાં વર્ષ પહેલાંની વાત છે. અમે એક સંતના દર્શને ગયેલા ગયેલા. વગડામાં એક નાની તલાવડી, તેની વચ્ચે એક નાની ટેકરી. ત્યાં સંત રહે. ત્યાં ચાર-પાંચ કૂતરાંઓ પણ રહે. કૂતરાંને પ્રસાદ મળ્યા કરે અને સંત કાઢે નહિ, એટલે કૂતરાં ત્યાં પડ્યાં રહે.

અમે તેમના દર્શને ગયા, ત્યારે ત્યાં ત્રણ-ચાર ભક્તો સંત જોડે બેઠા હતા. બાજુના ગામથી એક ભક્ત મીઠાઈ લઈને આવ્યા અને પડીકું સંતના પગમાં મૂક્યું. સંતે એ પ્રસાદી સૌને વહેંચી દીધી. કૂતરાંને પણ આપી. કૂતરાં મીઠાઈ ખાઈ ગયાં અને પછી વધુની આશાએ બેઠેલા ભક્તો પાસે આવ્યાં. કૂતરાં તેના સ્વભાવ મુજબ ભક્તોનાં મોં

ચાટવા મંડ્યા. એટલે ભક્તો, હૈડ્ય કહીને કૂતરાંને ધક્કો મારીને દૂર ખસેડવા લાગ્યા. એટલે સંત ભક્તોને, ગુસ્સાથી કહે કે -

કેમ કૂતરાંને ધક્કો મારો છો ? ચાટવા દો તમારું મોઢું. ઘરે તમારી બાઇડીને કેમ ચાટવા દો છો મોઢું?

આવા ગૂઢ પ્રશ્નનો ઉત્તર, ભક્તો ક્યાંથી આપી શકે?

**સાર :** જ્ઞાનની અમુક ઊંચી સ્થિતિએ પહોંચ્યા પછી કદાચ, પહોંચનારાને, મનુષ્ય, પશુ અને પક્ષીમાં કાંઈ જ ભેદ નહિ લાગતો હોય, બધાં જ આત્મા-જીવાત્મા.

## ૪૫૧. ભગત જગત કો... :

**ભગત જગત કો ઠગત હૈ, ભગત ઠગે ના કોઈ;**
**એક બાર જો ભગત ઠગે, તો કોટિ યજ્ઞફલ હોઈ.**

ભક્તો પાસે જે વધુમાં વધુ કીમતી ભગવાન છે, તે કોઈ મેળવવાનો પ્રયત્ન નથી કરતું પણ સાવ ઓછી કિંમતની એવી સામાન્ય વસ્તુઓ જ મેળવીને ઠગાય છે. ભક્તને ઠગ્યા તો ત્યારે કહેવાય કે જ્યારે ભક્ત પાસેથી ભગવાનને પ્રાપ્ત કરે અને તો અનંતકોટિ યજ્ઞફળ મળે જ.

## ૪૫૨. નમન... :

**નમન નમન મેં ફેર હૈ, બહુ તમે નાદાન;**
**દગાબાજ દોઢા નમે, ચિત્તા ચોર કમાન.**

**સાર :** નમસ્કાર કરનાર દરેકના નમસ્કાર સાચા નથી હોતા. મૂર્ખ લોક વગર સમજ્યે ખૂબ નમસ્કાર કરે છે. અને વળી, દગાબાજ, ચિત્તો અને ધનુષ્ય, ખૂબ વાંકા વળે છે પણ એ નમસ્કાર નથી હોતા પણ હોય છે, શિકાર પર તરાપ મારવાની તૈયારી.

**૪૫૩. કરતા હોય તે... :** એક પક્ષી એવું છે જે તળાવના પાણી ઉપર ઉડતું હોય અને પાણીમાં માછલી દેખે એટલે સીધુ જ તેના પર ખાબકે અને માછલી લઈને ઉડી જાય. આ દૃશ્ય કાગડાએ જોયું એટલે તેને પણ મન થયું ખાબકવાનું. અને તે ખાબક્યો પણ ખરો! પરિણામ? તેનું માથું શેવાળમાં ફસાઈ ગયું અને તેના બે પગ ઉંચા બહાર રહી ગયા.

ઉપરનું દૃશ્ય, તળાવની પાળ પર ઊભેલા કવિએ નિરખ્યું એટલે તેના મોઢામાંથી આ શબ્દો સરી પડ્યા -

**કરતા હોય તે કીજિયે, ઔર ન કીજિયે કગ;**
**માથું રહે શેવાળમાં, ને ઉંચા રહે બે પગ.**

**ભાવાર્થ :** હે કાગડાભાઈ! તમે જે કરી શકતા હતા તે છોડીને, દેખાદેખી ઘણો મોટો લાભ ખાટવા ગયા તો તમારી ભૂંડી દશા થઈ, માથું શેવાળમાં ફસાઈ ગયું અને પગ બહાર રહી ગયા, આ રીતે ઉંધે માથે તમે મોતને ભેટ્યા. માટે -
કરતા હોય તે કીજિયે...

**૪૫૬. મોબાઈલ... : : ઋષિ અને વિજ્ઞાની :** સ્ટીવ જોબ્સે કહ્યું કે આઈપોડ અને આઈપેડ મેં સારા હેતુથી જ સમાજમાં મુક્યા છે પણ મને ખબર છે કે આ રાક્ષસ યુવા પેઢીની આંતરિક શક્તિઓને ખતમ પણ કરી શકે છે એટલે મેં મારા સંતાનો માટે એનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી છે.

બસ, જ્ઞાની અને વિજ્ઞાનીમાં આ જ, આટલો જ ફર્ક. વિજ્ઞાની નવી નવી શોધો કરવાની ધૂનના ગાંડપણના કારણે અને પછી વાહવાહી મેળવવાના પ્રલોભના કારણે, મહાવિનાશક શોધો કરે પણ ખરા અને તેને જાહેરમાં પણ મૂકે. જ્યારે -

જ્ઞાની ઋષિમુનિયો, વિનાશક શોધને જાહેરમાં મૂકે જ નહિ, તેઓ જાણે છે કે સામાન્ય મનુષ્યનો પોતાના મનપર કેટલો કાબુ છે.

આ તો એવું કહેવાય કે પાંચ દિવસના ઉપવાસીને, મીઠાઈ ભરેલા ઓરડામાં પૂરીને તેને કહેવું કે જો આમાંથી એક પણ ટુકડો ખાઈસ તો તને ફાંસીએ ચડાવીસું! આ સ્થિતિમાં, ઉપવાસી તો ખાય જ. પછી કહેવું કે ના પાડી હતી તોય મીઠાઈ ખાધી એટલે ફાંસી આપી!

**પોતાની મહાન શોધને પણ, જો તે વિનાશક હોય તો જાહેરમાં ન મૂકે તે ઋષિ અને તેને પચાવી ન શકે, જાહેરમાં મૂકે તે વિજ્ઞાની.**

**૪૫૭. મિત્રો... :** મિત્રો, તમે સૌ અમારી પોસ્ટ, અતિ પ્રેમ ઉત્સાહ અને સમજપૂર્વક વાંચો છો તેથી અમારો ઉત્સાહ વધે છે અને તેથી વધારે અને ઉપયોગી પોસ્ટ લખવાની પ્રેરણા મળે છે. થોડા દિવસ પહેલા "ફેસબુક" તરફથી જણાવાયુ હતું કે :

યોગભિક્ષુ, તમારી પોસ્ટને ૩,૦૦,૦૪૦ હજાર લોકો પસંદ કરી છે. આનો યશ તમારા પ્રેમના ફાળે જાય છે. કહે છેને કે મોર પીંછીએ રળિયામણો અને પીછીંઓ મોરથી સુશોભિત

જો તમારા સૌ મિત્રો તરફથી નિસ્વાર્થ પ્રેમ-પ્રેરણા ના મળે તો ૮૯-૯૦ વર્ષિય શરીર કેટલું કામ કરી શકે?

સૌને વંદન, અભિનંદન, આશિષ.

**નોંધ :** ‘ફેસબુક-મિત્ર’ થનારે પોતાની સંક્ષિપ્ત ઓળખ અને ફોટો આપવા જરૂરી ગણાય. તેથી સરળતા રહે.

**૪૫૮. ગરીબ... :** એક ગરીબને પૈસાદાર થવાનું મન થયું એટલે તે નગરશેઠની સલાહ લેવા ગયો. શેઠ ટેબલ પર પોતાનું કામ કરી રહ્યા હતા. શેઠે તેને ઈશારાથી બેસવાનું કહ્યું. કામ પત્યુ એટલે શેઠે પૂછ્યું કેમ આવ્યા છો? એમ કહીને શેઠે પોતાના ટેબલ પર બે મીણબત્તી સગળગી હતી તેમાંથી એક ઓલવી નાખી. આવનાર કહે કે આવ્યો તો હતો સલાહ લેવા પણ હવે જરૂર નથી. શેઠ કહે હું સમજ્યો નહિ. આવનાર કહે કે પૈસાદાર કેવી રીતે થવાય તેની સલાહ લેવા આવ્યો હતો, પણ આપે આપનું કામ પત્યુ એટલે ટેબલ પરથી એક મીણબત્તી ઓલવી નાખી; બસ આ જોઈને મને સમજાઈ ગયું કે પૈસાદાર કેવી રીતે થવાય.

(બચપણમાં વાંચેલ પુસ્તક ‘આગળ ધસો’માંથી સંક્ષપ્તિ.)

**૪૫૯. સહજ સમાધિ... :**

**સંતો સહજસમાધિ ભલી .**
**જબસે દયા ભયી સતગુરૂ કી,**
**સુરતિ  ન અન્ય ચલી. સંતો....**
**જહાં-જહાં જાઉ,સોઈ પરિકરમા,**
**જો કુછ કરુ સો પૂજા,**
**ગૃહ ઉજાડ એક સમ લેખું,**
**ભાવ મિટાવું દુજા. સંતો....**
**આંખ ન મુંદું, કાન ન રૂંન્ધું,**
**કાયા કષ્ટ ન ધારું,**
**ખુલે નૈન હસહસ કર દેખૂં,**
**સુંદર રૂપ નિહારું.સંતો....**
**કહૂં સો નામ ,સુનું સો સુમરિન,**
**જો કુછ કરું સો સેવા,**
**જબ સોઉં તબ કરું દંડવત્,**

**પૂજું ઔર ન દેવા. સંતો....**
**શબ્દ નિરંતર મનુઆ લાગા,**
**મલિન વાસના ત્યાગી,**
**સોવત જાગત ઊઠત બૈઠત,**
**ઐસી તારી લાગી.સંતો...**
**કહહીં કબીર યહ ઉનમની રહની,**
**જો પરગટ કર ગાઈ,**
**સુખદુ:ખસે વહ પરે પરમપદ,**
**સોઈ પદ હૈ સુખદાયી.**
**સંતો સહજ સમાધિ ભલી.**

## ૪૬૦. અમેરિકા યાત્રા :

'અમેરિકા-શુભેચ્છાયાત્રા' કે જે પૂ. ગુરુદેવે લખી છે, તેમાં તેમના સ્વાનુભવોનું, અતિસંક્ષિપ્ત વર્ણન, અતિઉપયોગી માહિતીઓ સાથે છે. તેનું વિમોચન ગુરુપૂનમના શુભદિવસે નિરધારેલ છે. પ્રેમીઓના અતિઆગ્રહથી આ પુસ્તિકાની રચના થઈ છે.ભક્તોને મળતા આનંદ દ્વારા,પોતાને મળતો આનંદ મેળવવા માટે ૮૯ વર્ષની ઉંમરે ગુરુજીએ આ પુસ્તિકાનું કાર્ય સંપન્ન કર્યું.

જે આશાએ પૂ.ગુરુદેવે આ પુસ્તિકા માટે શ્રમ લીધો છે, તેને સાર્થક કરવા આપણે આ પુસ્તિકાને ધ્યાનપૂર્વક વાંચીને તેનો લાભ લઈએ.

૧૯૮૨-૮૩માં દશ માસ, ૯૪ અને ૯૬માં ૭-૭ માસ ગુરુજી અમેરિકામાં રહેલા.

ભયંકર ઠંડીને કારણે ત્યાં ગુરુદેવ શર્ટપૅન્ટ પહેરતા તે બે ફોટા પણ પુસ્તિકામાં મૂક્યા છે. તે જોઈને ભક્તમિત્રોને આનંદ થશે.

**પ્રકાશક :** ઓમ્પરિવાર ટ્રસ્ટ-અમદાવાદ.

(નિવેદક : ભા.જ.રાવલ)

## ૪૬૧ અમેરિકાયાત્રા...

**'અમેરિકા - શુભેચ્છાયાત્રા'**
**આલેખક : યોગભિક્ષુ**
**આવૃત્તિ :** પ્રથમ

**વિમોચન :** ગુરુપૂર્ણિમા
**પ્રકાશક :** ઓમ્‌પરિવાર ટ્રસ્ટ
**મૂલ્ય :** રૂપિયા વીસ
**છાપકામ-ખર્ચદાતા :** શ્રી ગોપાલભાઈ ચી.શાહ યુ.એસ.એ.)

## ૪૬૨. —ઈશ્વરની ઓળખ...

**'ઈશ્વરની ઓળખ'**
**આલેખક :** યોગભિક્ષુ
**આવૃત્તિ :** પાંચમી
**વિમોચન :** ગુરુપૂર્ણિમા
**પ્રકાશક :** ઓમ્‌પરિવાર ટ્રસ્ટ
**મૂલ્ય :** રૂપિયા પાંત્રીસ

## ૪૬૩. વિમોચન...

'અમેરિકા-શુભચ્છાયાત્રા' અને 'ઈશ્વરની ઓળખ' આ બન્ને પુસ્તિકાનું વિમોચન અને વેચાણ ગુરુપૂર્ણિમાના દિવસે.એ સિવાય પ્રાપ્તિસ્થાન :
૩/બ પલિયડનગર સોસાયટી,સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલરોડ,નારણપુરા,અમદાવાદ-૧૩.ફોન: ૦૭૯-૨૭૯૧૧૧૯૫

**ગુરુપૂર્ણિમા-મહોત્સવ :** તા.૯-૭-૧૭, રવિવાર-સમય: સવારે આઠથી બપોરે બે, સ્થળ : શ્રી કામનાથ મહાદેવ હૉલ, લોયેલા (સેંટ ઝેવિયર્સ) સ્કૂલ સામે, દર્પણ સર્કલ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

## ૪૬૪. દીક્ષા.....

'' હે દેવાધિદેવ ! હું વિનતી કરું છું કે મને ગુરુદીક્ષા આપો અને ગુરુમાહાત્મ્ય સમજાવો.''

**-ગુરુગીતા**

આમ, માતા પાર્વતીએ મહાદેવને એમ કહેવું પડ્યું એટલે કે તો જ તેમને પતિ પાસેથી ગુરુ તરીકેનો લાભ મળે. પત્નીને પતિ પાસેથી પતિ તરીકેનો જ લાભ મળે. શિષ્યાને ગુરુ પાસેથી જે લાભો મળવા જોઈએ તે મળે. પત્નીને પતિ તરીકેનો,પુત્રને પિતા તરીકેનો,મિત્રને મિત્ર તરીકેનો લાભ મળે, પણ ગુરુ તરીકેનો લાભ તો માત્ર શિષ્યશિષ્યાને જ મળે. માટે જ માતા ગુરુદીક્ષાની વિનંતી પ્રથમ કરે છે અને ત્યાર પછી ગુરુમાહાત્મ્ય સમજવાનું કહે છે.

**સાર : જેનો જે અધિકાર હોય તેને જ તે મળે માટે અનધિકાર ચેષ્ટા,ચેષ્ટા રહે છે.**

**-યોગભિક્ષુ**

### ૪૬૫. કલ્યાણમાર્ગ...

કોઈ તો આપણને પોતાનું મસ્તક સહર્ષ આપી દેવા માટે ઉતાવળો થયો હોય, પણ - આપણી વૃત્તિ તો તેનો એક નવો પૈસો લેવા માટે પણ રાજી ન હોય.

આપણા મનની આવી સ્થિતિ હોય, ત્યારે સમજવું કે આપણે કલ્યાણપથના પથિક છીએ.

### ૪૬૬. સગવડઅગવડ...

જીવનમાં,વત્તા-ઓછા પ્રમાણમાં સગવડો અને અગવડો રહેવાની જ. જેઓ કેવળ અગવડોની જ નોંધ લે છે, તેઓ દુખી થાય છે અને જેઓ કેવળ સગવડોની જ નોંધ લે છે, તેઓ સુખી થાય છે.અને જેઓ બન્નેની નોંધ રાખે છે તેઓ, વ્યવહાર-પ્રપંચમાં રહેવા છતાં જળકમળવત્ રહી શકે છે. તેઓને હર્ષશોક કે સુખદુઃખના ઘાત-આઘાત-પ્રત્યાઘાત અસ્થિર નથી કરી શકતા,આ ઘણી મોટી પ્રાપ્તિ કહેવાય.

### ૪૬૮. ગુરુપૂનમ...

પરમગુરુ ઓમ્નારાયણને, પ્રાતઃ સ્મરણીય ગુરુસંતોને, વહાલા-ગુરુભક્તો-મિત્રોને, શ્રદ્ધેય-શુભેચ્છકો-પ્રસંશકોને, અભિનંદનીય સેવકો-સહાયકો-સલાહયકોને, ગુપ્તપણે આશિષોનો વરસાદ વરસાવતાં-ભદ્રજનો-સજ્જનો વગેરે-વગેરે સૌને-ગુરુપૂર્ણિમા નિમિત્તે વંદન, અભિનંદન, આશિષ.

### ૪૬૯. લઘુ... લઘુ, ગરુ-બનેગા હી.

૪૭૧ ॥ ૐ ॥

**॥ તસ્ય વાચકઃપ્રણવઃ ॥**

**આજે ગુરુપૂર્ણિમા**

**ગુરુ જપા કર જપા કર,**

**ઓમ્ ગુરુ ઓમ્ રટા કર રટા કર.**

**ઓમ્ ગુરુ ઓમ્, ભગાવે ગર્ભવાસા,**

**ઓમ્ ગુરુ ઓમ્, હૈ મુક્તિપ્રદાતા.**

પરમગુરુ પ્રણવ પરમાત્માને પ્રાર્થના કે આપણને સૌને આત્યંતિક સુખ પ્રદાન કરે.તેમને આપણા દંડવત્ પ્રણામ.

## ૪૭૨. ઓળખ...

ગુરુપૂર્ણિમાના દિવસે 'ઈશ્વરની ઓળખ'ની પાંચમી આવૃત્તિનું વિમોચન થયું. આના ઉપરથી અમને 'હળવદની ઓળખ'ની યાદ આવી ગઈ કે જે હળવદથી સુધાકર જાની કાઢે છે અને પછી ચાલ્યું તેનું ચિંતન -મનન, નિજાનંદ અર્થે. 'ઈશ્વરની ઓળખ'ને સરળ-સહજ કરવામાં 'હળવદની ઓળખ' સહાય કરી શકે. અર્થાત્ -

'હળવદની ઓળખ' જે એવી હોય કે હોવી જોઈએ કે તે 'ઈશ્વરની ઓળખ'ને સરળ, સહજ, સ્વાભાવિક કરી દે, હળવદની ઓળખ દ્વારા ઉત્સાહિત થયેલ મરજીવાઓ ઈશ્વરની ઓળખ કર્યા સિવાય જંપે નહિ.

અને એ ખરું જ છે ને કે જેઓ ઈશ્વરને ઓળખતા હોય, તેઓ જ તેમને ઓળખાવી શકેને?

હળ+વદ=હળ બોલ - ખેતી પ્રધાનતા દર્શક શબ્દ. હર+વદ=હર બોલ=હર, શિવ,મહાદેવ,નમઃશિવાય વગેરે બોલ. અર્થાત્ શિવની શિવતત્ત્વની પ્રધાનતાવાળું સ્થાન-ગામ શહેર.

હળવદ ગામને ફરતાં શિવાલયો. ૐ નમઃશિવાય, હર હર મહાદેવ હર...વગેરે નાદ-ગુંજનો વાતાવરણમાં સતત ગુંજાયમાન થતાં રહે અને હરભક્તોને અહર્નિશ ડોલાયમાન કરતાં રહે.

(આનંદિત થવા અને આનંદિત કરવા માટેની મૌલિક કૃતિ)

## ૪૭૪. હળવદ...

**અલૌકિક-હળવદ**

**જનની જણ તો ભક્ત જણ. કાં દાતા કાં શૂર,**
**નહિ તો રહેજે વાંઝણી,મત ગુમાવીશ નૂર.**

હળવદની ભૂમિમાં જ, તેના વાતાવરણમાં જ એવું કાંઈક અદ્ભુત, જબરજસ્ત, અલૌકિક, અદ્વિતીય, કલ્યાણકારી, પુનિત તત્ત્વ છે કે જે પરમાત્માની ઓળખ, શોધ, સાક્ષાત્કાર કરવા પ્રેરે છે તથા તે તેના માટે શક્તિમાન, ધૈર્યવાન, જ્ઞાનવાન, સાવધાન અને સક્ષમ પણ કરે છે. અને અંતે ઈશ્વરની ઓળખ-સાક્ષાત્કાર કરાવી જ દે છે અને પછી 'એક દીપસે જલે દૂસરા,ઉજિયાલા ચહૂ ઓર'ની પરંપરા.

આ જ હળવદની શ્રેષ્ઠતા અન્યો કરતાં આ જ તેની વિશેષતા. જો આ વિશેષતાને બાદ કરી દેવાય તો? તો 'હ ળ વ દ'ને નથી કાનો કે નથી માતર,કાંઈ મૂલ્ય નહિ.વાછડો

ખીલાના જોરે જ કૂદી શકે અને કાનોમાતર નહિનો બીજો અર્થ કે - તેનામાં કોઈ વિકાર નહિ, સંપૂર્ણ શુદ્ધ-મૌલિક.

'રાતા લૂગડાંને કાળાં મોં' એ કાંઈ મફતમાં મળતાં નથી, તેના માટે પણ તપ, ત્યાગ, ઉદારતા, ઇન્દ્રિયજય વગેરે શ્રેષ્ઠ સદ્ગુણોની અનિવાર્ય આવશ્યકતા રહે છે.

**'શૂરધણી, કુળમણી,પરહિત કાજે તમે ખેલ્યા એવા જંગ,**
**માથું પડ્યું, ધડ લડ્યું,દિવ્ય ઝનૂન, ચડ્યું અંગેઅંગ.'**

('દાદાની બિરદાવલિ'માંથી)

## ૪૭૫. જનની...

**જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,**
**નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.**

હે મારી માવડી! હે જનની! તારે કોઈને જન્મ આપવો જ હોય, તો ભક્તને કાં દાતાને કાં શૂરવીરને આપજે, બાકી સામાન્યોથી તો જગત ભરેલું જ છે,તેમાં એકનો વધારો કરીશ નહિ,વર્ષોથી સંઘરેલાં તારાં તપ-તેજ-સત્ત્વ-તત્ત્વ-નૂરને વેડફીશ નહિ.તેના કરતાં તો વંધ્ય રહેવું સારું.

## ૪૭૬. મુક્તાનંદજી...

ગણેશપુરીમાં અમે બાબા મુક્તાનંદ પરમહંસના સાંનિધ્યમાં થોડો સમય રહેલા, ત્યારની આ વાત છે.

અમે પૂછ્યું કે બાબા, આપના આશ્રમનું બધું સાહિત્ય અંગ્રેજીમાં છપાય છે, તો અંગ્રેજી ન જાણનારને તો તેનો લાભ ન મળેને?

**ઉત્તર :** દેખો યોગભિક્ષુ, અપને ભક્તોં મેં અધિક લોગ અંગ્રેજી જાનતે હૈં. યદિ સાહિત્ય હિંદી યા ગુજરાતી મેં પ્રકટ હોગા તો ઉન લોગોં કા ક્યા હોગા? આશ્રમ મેં કેવલ મૈં (મુક્તાનંદ) ઔર તુમ (યોગભિક્ષુ) દો હી અંગ્રેજી નહિ જાનતે.

(પુરાણાં પવિત્ર સંસ્મરણો)

## ૪૭૭. અસંખ્ય રોગ...

વિજ્ઞાનીઓએ સો રોગની કે હજાર રોગની દવા શોધી કાઢી.એટલે એ સો રોગ માંહેનો રોગ હોય, ત્યાં સુધી એ દવા કામ કરે, પણ તેની બહારનો રોગ હોય, ત્યારે શું ? ત્યારે તે નિષ્ફળ જાય.

રોગ તો અસંખ્ય છે.જેટલા રોમકૂપ એટલા રોગ.એક શરીરમાં બોતેર કરોડ રોમકૂપોની ગણતરી થઈ છે.

શરીરમાં રોગ સુપ્તાવસ્થામાં હોય, ત્યાં સુધી તેની ખબર પડતી નથી,પણ જ્યારે રોગ જાગૃત અવસ્થામાં આવે, ત્યારે તેની ખબર પડે છે. પણ તે રોગ જો હજાર રોગ માંહેનો ન હોય તો?તો રામ બોલો ભૈ રામ. -

## ૪૭૮. ગુરુરોગ...

ગુરુજનોનો રોગ પણ ગુરુ હોય,લઘુજનોનો રોગ લઘુ હોય. ઈશ્વરને ખબર હોય જ કે કોણ ગુરુ છે અને કોણ લઘુ, કોણ ખમતીધર છે.સૌની યોગ્યતા મુજબ સૌને આપે.

**કોઈનો ભાર ન રાખે મુરારિ,**
**આપે વ્યાજ સહિત ગિરધારી.**

## ૪૭૯. પ્રાયશ્ચિત્ત...

રોગ એ પાપ છે અને દવા તે તેનું પ્રાયશ્ચિત્ત છે. (પાતંજલયોગ પ્રદીપ) એટલે તુરત રોગની દવા શરૂ કરી દેવી જોઈએ, ભલે આપણે જે પથી માનતા હોઈએ તેની.

સંસારવ્યવહારમાં રહીએ છીએ, એટલે પાપ પણ થવાનાં જ,પણ જાણતા પાપ ન થાય તે માટે અતિ અધિક સાવધાન રહેવું જોઈએ.

## ૪૮૦. યોગીજી...

અમે યોગીજીમહારાજના (સ્વા.સં.) દર્શને ગયા.નમસ્કાર કરીને અમે તેમને યોગમાં વધુ માર્ગદર્શન આપવા વિનંતી કરી. ત્યારે તેઓશ્રી ખડખડાટ હસીને બોલ્યા કે હું અને યોગ!!! અરે ભૈલા..., અમે થોડો સમય ગિરનારમાં વિચરણ કરેલું એટલે લોકોએ અમને યોગી ઠોકી બેસાડ્યા. અમે યોગ બાબત કાંઈ જ જાણતા નથી. પછી અમે નમસ્કાર કરીને જવા માટે ઊભા થતા હતા, ત્યાં જ તેઓશ્રીએ અમારા બરડા પર (પીઠ પર) આસ્તે-આસ્તે ત્રણ ધબ્બા માર્યા અને ફળનો પ્રસાદ આપ્યો. અમે જયનારાયણ કરીને, આ અલૌકિક પ્રસંગને, વાગોળતા-વાગોળતા વિદાય લીધી.

(પુરાણા, પવિત્ર સંસ્મણો)

## ૪૮૧. દેણદાર...

કોઈ આપણને ખૂબ મદદ કરતું હોય,તે મદદ, તે આપણો દેણદાર છે, તેથી કરે છે કે તે, મદદ દ્વારા આપણો, અનાયાસે જ લેણદાર બની રહ્યો છે?
આ નક્કી કરવું અશક્ય છે.વળી,

આપણે જે સુખ-સગવડ ભોગવી રહ્યા છીએ, તે આપણા ગતજન્મના સત્કર્મના ફળસ્વરૂપે છે? કે તે આવતા જન્મ માટે ફળપ્રાપ્તિ માટેનો નવો જ પુરુષાર્થ છે?, તે પણ જાણી શકાતું નથી.

આ વાત સામાન્ય મનુષ્યો માટેની છે,અસામાન્ય માટેની નહિ.

## ૪૮૨. પરશુરામ...

તપોમૂર્તિ મહર્ષિ પરશુરામ, પોતાના ફરસાની ધાર, પથ્થર પર નહિ પણ પોતાની છાતીના વાળ પર ઘસીને કાઢતા હતા. જે છાતી પર આવા વાળ હોય તે શરીર કેવું હોય? એ ખડતલપણાની કલ્પના કોણ કરી શકે?

તેમને માનનારાઓએ,તેમના લોખંડી ખડતલપણામાંથી કાંઈએ ન લેવું ? માત્ર હઈસો-હઈસો જ કરવું? સભાઓ જ ગજવવી? સભાઓ ગજવતાં હાંફ ચડી જતી હોય અને એક ગાઉ ચાલતાં જ પરસેવો છૂટી જતો હોય, એવા શરીરે જ જીવવું?

શરીર આદ્યં ખલુ ધર્મસાધનં. જો ધર્મ માટે પણ શરીર જ મુખ્ય સાધન હોય, તો બીજા બધા માટે તો હોય જ.

પોતાનાં,પોતાનાના બધાનાં, શરીરો એવાં ખડતલ,લોખંડી, જાજ્વલ્યમાન, પ્રકાશપુંજથી ઝળહળતાં બનાવી દઈએ કે તેની હાજરી માત્રથી જ,આસુરી તત્ત્વો છૂમંતર થઈ જાય,તેને પતાવી દેવા માટે કોઈ સ્થૂળ સાધનોની જરૂરત જ ન પડે.

## ૪૮૩. રાખડી...૧

**હસો, કૂદો ને નાચો ભલે, અને ભલે થૈકાર કરો;(પણ)**
**બોંતેર કોટિ રૂંવે-રૂંવેથી જય-જય-જય ઓમ્કાર કરો.**
**કેસરી છો,સજો કેસરિયા, 'ઓમ્ ગુરુ ઓમ્' રણકાર કરો;**
**ગુરુનાવમાં,પ્રણવ હલેસે, કહે 'યોગભિક્ષુ' સૌ પાર થજો.**

## ૪૮૪. રાખડી...૨

**યુવા,વૃદ્ધો ઊભા શું ઉંબરે? ભાઈઓ, બહેનો ફાળ ભરો;**
**સમય ન કોઈની રાહ જુએ છે, પ્રણવતણો હું... કાર કરો.**
**ત્યાગી-રાગી,ધનિક-ગરીબ સૌ, ભ્રમણાનો ભંગાર તજો;**
**હવે તો હદ થઈ,ઓ બ્રહ્મચારી, પ્રણવતણો ટં...કાર કરો.**

### ૪૮૫. રાખડી...૪

ચુંડો કો પટકકર નિકલી,
મુંડો કો ઝટકકર નિકલી,
દંભો સે ડટ જાને નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી...
શિવાંબુ જટાસે નિકલી,
સ્વયંભૂ છટાસે નિકલી,
દ્વિપ જંબુસે હંસતી નિકલી,
શિવશંભૂ સહ ભૂતિ નિકલી,
ઓમ્કારધ્વનિ-ઐસે નિકલી....

### ૪૮૮. એક ધાગો...

એક ધાગો બહેનનો,બાંધ્યે બંધનમુક્ત હોઈ,
અઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ,
ત્રણ ધાગા જનોઈ કા, ધાર્યે ધુરંધર હોઈ,

### ૪૮૯. કુંતામાતા...

કુંતામાતાની રાખડીનો એકમાત્ર તાંતણો જ્યાં સુધી અભિમન્યુના કાંડા પર રહ્યો,ત્યાં સુધી-શ્રીકૃષ્ણ પણ તેનું કાંઈ બગાડી શક્યા નહિ,એ ધાગાને યેનકેનપ્રકારેણ હટાવ્યો, ત્યાર પછી જ અભિમન્યુને હટાવી શકાયો.

### ૪૯૦ સંપુટ...

**ૐ ગુરુ ૐ** તેમાં ‘ગુરુ’ શબ્દમંત્ર છે અને તેને બે ૐ થી સંપુટિત કર્યો છે.
કોઈ પણ મંત્રને જો ઓમ્થી સંપુટિત કરીને તેનો પચાસ લાખ વખત જપ કરવામાં આવે, તો તે એંસી કરોડ જપ કર્યા બરાબર થઈ જાય છે. ‘રામ’ મંત્રનો જાપ પચાસ લાખ વખત કરવામાં આવે, તો તે પચાસ લાખ જ રહે છે, પણ જો તેને ઓમ્થી સંપુટિત કરીને(ૐ રામ ૐ) કરવામાં આવે, તો તે એંસી કરોડની બરાબર થઈ જાય છે.આ રહસ્ય શ્રીરામ ઉપનિષદમાં જણાવ્યું છે.

બધા મંત્રોનું બીજ,બીજમંત્રો ગણાય છે (હ્રીં,શ્રીં, ક્લીં વ.) પણ બીજમંત્રોનું બીજ- ‘‘ૐ’’ છે તેથી જ તો ‘ૐ ગુરુ ૐ’

## ૪૯૧. વિટામીન ...

ડૉ. કાંતિભાઈનો અમેરિકાથી ફોન આવ્યો, ગુરુજી આપની તબિયત કેમ છે? જવાબ : સારી.

**તેઓ :** બસ,હવે વધુ વાતો નહિ કરું, આપને તકલીફ પડે.

**અમે :** અરે! કેમ નહિ, કરો? અમારું વિટામીન એ, બી, સી, ડીએ બધું એમાં જ છે.

**તેઓ :** (બીતાં-બીતાં) ગુરુદેવ, હું કાંઈ સમજ્યો નહિ...!

**અમે :** એમાં સમજવા જેવું શું છે ભાઈ ? ભક્તો સાથેનો સત્સંગ, આત્મીયતાથી ભરપૂર વાતો કરવી અમારા માટે વિટામીન એ, બી, સી, ડી-થી પણ વધુ પોષણદાયક છે. તેઓ ખડખડાટ હસી પડ્યા અને ફોન મૂકી દીધો.

(પરમાત્મા સૌને આવો દિવ્ય અવસર આપો.)

## ૪૯૨. પચાસ લાખ...

'ગુરુ' મંત્રના, સંપુટિત-(ૐ ગુરુ ૐ) જપ, પચાસ લાખ વાર કરવાથી તે,એંસી કરોડની બરાબર થઈ જાય છે.

## ૪૯૩. શ્રાવણ...

શ્રાવણમાસ=સાંભળવાનો માસ. પવિત્ર અને સાત્ત્વિક, ખૂબ-ખૂબ સાંભળવું કે જે આખું વર્ષ ચાલે. પૌષ્ટિક અને સુપાચ્ય ભોજન જમીને, પાચનશક્તિને એટલી સક્ષમ કરવી કે આખું વર્ષ તંદુરસ્ત રહી શકાય.

પવિત્ર મંત્રોના જપ ખૂબ-ખૂબ કરવા કે જેથી સૂક્ષ્માતિસૂક્ષ્મ નાડીઓ પરિશુદ્ધ થઈને એટલી બળવાન બને કે જેથી તે અતિન્દ્રિય તત્ત્વોને, વિષયોને પણ ગ્રહી શકે,સમજી શકે,તેનો સાક્ષાત્કાર કરી શકે. આ રીતે શ્રાવણમાસને સફળ કરી શકાય.

॥ ઓમ્‌નમઃ શિવાય ઓમ્ ॥

## ૪૯૪. સાંનિધ્ય...

નિત્યાનંદબાબા,પોતાના આસન પર, નિજાનંદમાં બેઠા હોય,દર્શનાર્થીઓની લાંબી લાઈન લાગી હોય,સૌ આતુરતાથી રાહ જોતા હોય.

હું (મુક્તાનંદ) દૂર એક ખૂણામાં લપાઈને આ બધાં અલૌકિક દૃશ્યો માણતો હોઉં.

બાબા, હં... એવો અવાજ કરે એટલે હું દોડીને તેમની પાસે પહોંચી જાઉં. કામ પતે એટલે હં... કરે એટલે હું મારી જગ્યાએ.

પ્રધાનો, શ્રીમંતો, ઍક્ટરો, ડૉક્ટરો, જજોથી માંડીને અતિ ગરીબ, બિમારો વગેરે બધાં જ હોય.આ બધાં જ, પોતાનું દુઃખ દૂર કરવા માટે જ બાબા પાસે આવ્યાં હતાં. આ બધું જોઈ જોઈને મને ખાત્રી થઈ ગઈ કે સુખ ક્યાંક બીજે જ છે.

બાબાએ મૌનમાં જ બધો ઉપદેશ મને આપી દીધો કે જેનાથી માનવજન્મ સફળ થાય.

ગુરુસંતોના સાંનિધ્યમાત્રથી જ એવું જીવનપાથેય પ્રાપ્ત થઈ જાય છે કે જાણે સર્વસ્વ મળી ગયું, હવે બસ...!!

આવું સાંનિધ્ય પ્રાપ્ત થવું તે તેમની અહૈતુકી કૃપા જ.તેઓ તો તેમની મસ્તીમાં જ, તેમના નિજાનંદમાં જ રમમાણ હોય.

આપણું સાંનિધ્ય તેમને વિક્ષેપ કરે પણ તોય સાંનિધ્યમાં રહેવા દે એ એમની અપરંપાર કૃપા જ. (પુરાણાં પવિત્ર સંભારણાં)

**કેવું આશ્ચર્ય ! વડના ઝાડ નીચે યુવાન ગુરુ અને વૃદ્ધ શિષ્યો બેઠા છે. ગુરુદેવ મૌન વ્યાખ્યાનથી શિષ્યોની શંકાઓનું સમાધાન કરી દે છે. - દક્ષિણામૂર્તિ સ્તોત્ર**

## ૪૯૫. અભિષેક ...

'ગુરુમહિમા'ના અખંડ પાઠસહ,

'શિવાલિંગાભિષેકયજ્ઞ' અખંડ દુગ્ધામૃત ધારાસહ. વડોદરા, ઉમરેઠ અને વલસાડ ઓમ્‌પરિવારના થોડા મિત્રોએ આ આયોજન નિરધાર્યું છે, વડોદરા મુકામે.

તા. ૧૭.૮.૧૭,બપોરે ૩થી ૫ સુધી. આ કાર્યક્રમ સીમિત છે. સૌ મિત્રોના આનંદ માટે જણાવે છે.

## ૪૯૬. ગણેશપુરી...

અમે, થોડાં વર્ષો પહેલાં, ગણેશપુરી,બાબા મુક્તાનંદજીના સાંનિધ્યમાં, ત્રણેક માસ રહેલા, ત્યારની આ વાતો છે :

આઠેક દિવસ થાય એટલે અમે બાબાજીને પૂછીએ કે બાબા, હવે હું અમદાવાદ જાઉં?

**બાબા :** કેમ? અમદાવાદમાં જે છે તે અહીં નથી? ન હોય તો લાવી દઈએ,તમારા જેવા સાધકો માટે તો આ આશ્રમ બનાવ્યો છે,**અમને સાધક અવસ્થામાં જે તકલીફો ભોગવવી પડેલી તે, અન્યોને ન ભોગવવી પડે તે માટે.**

હવે તમારે સાધનાની જરૂર નથી, તમે સિધ્ધાવસ્થા પ્રાપ્ત કરી લીધી છે, પણ તમને તેની ખબર નથી, અમારા આશ્રમમાં થોડો સમય રહેવાથી તમને તેની પ્રતીતિ થઈ જશે. ડુંગરની ચોટી પર પહોંચી ગયા પછી પણ જો ચાલવાનું ચાલુ રાખીએ, તો નીચે ઊતરી જવા બે-ચાર દિવસ પછી કબાટમાં કાંઈક ગોતતા હતા, ત્યાં જ અમારી નજર સાધના નોંધપોથી પર પડી કે જેના વિશે અમે એમ માનતા હતા કે તે બૅગ સાથે ચોરાઈ ગઈ છે.

આ પ્રસંગથી ખૂબ આનંદ થયો,

કોઈનો ભાર ન રાખે મોરારિ....

(પવિત્ર સંભારણાં)

## ૫૦૦. અભિનંદન ...

'ગુરુમહિમા' અભિષેકયજ્ઞના આયોજકોને વંદન, અભિનંદન, આશિષ. જય ઓમ્ગુરુદેવ.

## ૫૦૧. શ્રદ્ધાંજલિ ...

સર્વેના લાડીલા પરમગુરુપ્રેમી શ્રી ગુરુધ્યાન ભિક્ષુજીને સ્મરણાંજલિ, પ્રેમપુષ્પાંજલિ. જયશ્રી ઓમ્ગુરુદેવ.

સમસ્ત ઓમ્પરિવાર વતી - **ડૉ.સ.સ.ભિક્ષુ**

## ૫૦૨. બ્રાહ્મણ રાજા કેમ નહિ ?

પરશુરામ જે જમીનો બ્રાહ્મણોને આપી દેતા તે, બ્રાહ્મણો રાજાઓને આપી દેતા કેમ? બ્રાહ્મણોમાં રાજ્ય ચાલવવાની ક્ષમતા નહોતી? ભરપૂર હતી પણ-

રાજ્યને સુચારુ રૂપે ચલાવવા માટે સામ, દામ, દંડ અને ભેદ એટલે કે સમજાવટ, પ્રલોભન, શિક્ષા અને છળકપટ અપનાવવાં પડે.આ વાત તેમને મંજૂર નહોતી.

પોતાનાં તપ ત્યાગ છોડીને છળ-કપટ અપનાવવા એ તો એક પગલું નીચે ઊતર્યા, એ ન ખપે તેથી રાજ્ય ન ખપે. બ્રાહ્મણોને મન તો કટિમેખલા એ જ સોનાનો કંદોરો, દર્ભની વીંટી એ જ સોનાની અંગૂઠી, ગાયત્રીમંત્ર એ જ તેમની કામધેનુ.

રાજાઓ પણ તેમના ગુરુઓ, ઋષિઓની સલાહ મુજબ જ રાજ ચલાવતા હતા. તેમ કરતાં ચૂકતા, ત્યારે મુસીબતમાં ફસાતા.

બ્રાહ્મણને મન રાજા થવું એટલે પોતાનાં તપ-ત્યાગરૂપી સર્વોચ્ચ સ્થાન પરથી એક ડગલું નીચે ઊતરવું, વિદૂરનીતિને બદલે રાજનીતિ-કૂટનીતિને અપનાવી સંયમ-નિયમ તપ-ત્યાગ ત્યાગીને રંગરાગમાં ગહેકી જવું-બહેકી જવું. ત્રણ ધાગાને બદલે હિરચિર-પીળાં પિતાંબર સજવાં વગેરે.માટે ન ખપે રાજ્ય કે નથી થવું રાજા.

આર્યસંસ્કૃતિ સર્વોચ્ચસ્થાને છે, તેનું કારણ છે તપ-ત્યાગ, નહિ કે રંગ-રાગ.

**તીન ટૂક કોપિન કો અરુ બિન ભાજી લોન.**
**તુલસી રઘુવર ઉર બસે ઈન્દ્ર બાપુરો કૌન?**

ૠષિપત્નીઓ પોતાનાં બાળકોને લોટ-પાણીનું દૂધ પિવડાવતાં હતાં, પણ પોતાના પતિઓને યાચના કરવા જવા માટે મજબૂર નહોતાં કરતાં!!!

## ૫૦૩. બાબા...

બાબાનો મોટરકાફલો,ગણેશપુરીથી ત્ર્યંબકેશ્વર જવા નીકળ્યો. સ્થાનમાં પ્રવેશતાં પહેલાં સૌએ ઈંજેક્શન લેવાનું હતું. સૌ મોટરમાંથી ઊતરીને લાઇનમાં ઊભાં હતાં. અમારા મનમાં ખૂબ મૂંઝવણ હતી. અમારે ઈંજેક્શન લેવું નહોતું જ. હવે અમારો પાંચમો નંબર હતો.મનમાં ખૂબ ગડમથલ ચાલે-'ઈંજેક્શન તો નથી જ લેવું, તો પ્રવેશ નહિ મળે, તો બાબા ખૂબ નારાજ થશે,હવે શું કરવું?' ત્યાં જ જાહેર થયું કે ઈંજેક્શન લેવાની હવે કોઈને જરૂર નથી, સૌ આવી જાવ. અમારો મણનો બોજ જાતે માથા પરથી ઊતરી ગયો.સૌએ ધામધૂમથી ત્ર્યંબકેશ્વરમહાદેવનાં દર્શન કર્યાં અને ડુંગર ઉપર,બાબાના સાંનિધ્યમાં ખૂબ-ખૂબ આનંદ કર્યો.

**વહાલો,જાણે ઘટઘટ કી, મીરાં ભક્તિ કરે પરગટ કી.**

## ૫૦૪. બાબા...

બાબાનું શરીર ખૂબ નરમ, આશ્રમમાં સૌ ચિંતામાં.ભક્તો સૌ એ નિર્ણય પર આવ્યા કે બાબાને સારા દવાખાને લઈ જવા, બાબાની ઈચ્છા જરા પણ નહિ.ભક્તોએ અતિ આગ્રહ કર્યો એટલે બાબા કહે, મારે પત્ની નથી, એટલે તમે સૌ જોર લગાવો છોને? જો હોત, તો તે મારો પક્ષ લેત, હું કહું છું કે મારે દવાખાને નથી જવું. બાબાનાં આ વચનો સાંભળીને સૌ ઢીલા પડી ગયા અને એવા નિર્ણય પર આવ્યા કે બાબાના ઉપચાર માટે જે-જે, જેવાં-જેવાં મશીનોની જરૂર હોય તે બધાં, તાબડતોબ આશ્રમમાં લાવવાં. તુરત જ તેનો અમલ થયો અને બાબાજીના ઉપચારો આશ્રમમાં જ થયા.

ધન્ય-ધન્ય ગુરુનિષ્ઠાને,ગુરુભક્તિને. સદ્‌ગુરુનાથ મહારાજ કી જય.

**૫૦૫. બાબા ...**

**૧.** બાબા કહે, બડે બાબાની આજ્ઞા હતી અને સાધનાકાળમાં મને જે તકલીફો પડેલી તે બીજા સાધકોને ન પડે તે માટે આશ્રમ બનાવ્યો છે, નહિ તો હું પણ તમારી જેમ ફક્કડ રહેવા ઇચ્છતો હતો.

**૨.** અન્નપૂર્ણા હૉલમાં સૌ જમતાં હોય, બાબા આંટો મારવા નીકળે, બધાંએ લગભગ જમી લીધું હોયઃ હું હજુ જમતો હોઉં. બાબા મારી પાસે આવીને કહે, કોઈ બાત નહિ, ચબાચબા કે ખાના.મારા કરતાં ત્રણ ગણો પ્રસાદ જમનારાએ જમી લીધું હોય અને હું હજુ જમતો હોઉં. એક લાંબાપાતળા વાનપ્રસ્થી હતા એ કહે, યોગભિક્ષુ, હમેં કેવલ એક કિલો આટા ચાહિયે બસ.

**૩.** અન્નપૂર્ણામાં જવાઆવવાના રસ્તામાં જ બાબા બેઠા હોય. સૌ નમસ્કાર કરીને જાય. જમીને નીકળનાર કોઈકોઈને કાંઈક ભેટપ્રસાદી પણ આપે.એક વખત હું જમીને નમસ્કાર કરવા ગયો, એટલે બાબાએ મને ખેસ ઓઢાડવા લાંબા હાથ કર્યા, એટલે હું બે ડગલાં પાછો ખસી ગયો. બાબા કહે, ડરો મત, ડરો મત, હું તમને સંન્યાસ નથી આપી રહ્યો, આ તો અસલ ચાઈનીઝ સિલ્કનો કેસરી ખેસ છે. હું આગળ વધ્યો, એટલે બાબાએ મને ખેસ ઓઢાડી દીધો. ઘણાં વર્ષો, સુધી એ પ્રસાદી અમારી પાસે હતી.

**૫૦૬. અમ્મા...**

**૧.** અમે અમ્માને પૂછ્યું કે આપની આખા દિવસની દિનચર્યા શું ?તેઓ કહે, બાબાની તમામ પ્રકારની જરૂરતોનું પૂરેપૂરું ધ્યાન રાખવું તે જ અમારી દિનચર્યા. એ સિવાય બીજી એકેય નહિ.

**૨.** વડોદરાથી એક મોટા જ્યોતિષી આશ્રમમાં આવેલા. સૌ પોતાનું ભવિષ્ય જોવડાવવા પડાપડી કરે. અમને જ્યોતિષમાં સહેજ પણ રુચિ નહિ. અમે મૂંઝાણા,શું કરવું? જો, જોષ જોવડાવવા નહિ જઈએ, તો બધાં નાસ્તિક સમજશે. અમે અમ્માને જઈને આ બધી વાત કરીને પૂછ્યું કે હવે અમારે શું કરવું ? અમ્મા ખડખડાટ હસીને કહે કે યોગભિક્ષુજી, આપણે એ બધાંની કાંઈ જ જરૂર નહિ,એ બધું તો સામાન્ય માણસો માટે છે.

**૩.** બીજી એક વખત અમે પૂછ્યું કે બધાંને શક્તિપાતની ક્રિયાઓ જોરજોરથી થાય છે,અમને ક્યારે થશે? ત્યારે પણ એવો જ જવાબ મળેલો કે આપણે બાહ્ય ક્રિયાની જરૂર નહિ, આપણે અંદર સૂક્ષ્મ રીતે બધું થાય. ધન્યધન્ય અમ્મા

(અમ્મા એટલે પ્રતિભા ત્રિવેદી, સંસ્કૃતના પ્રોફેસર, આજીવન બાબાને સમર્પિત, બ્રહ્મચારિણી, પાછળથી સંન્યાસની દીક્ષા લીધેલી. બનતા સુધી પ્રખ્યાત કવિવરનાં પૌત્રી.

**૫૦૭. બાબા...**

અમે આશ્રમમાં હતા તે દરમિયાન અમને જે-જે સંતોને મળવાની ઈચ્છા થાય, તેમને બાબા આશ્રમમાં બોલાવે.અમે કહીએ કે અમારે અમુક સંતને મળવા જવું છે,તો તેઓ કહે કે અરે! આપકો જાને કી ક્યા જરૂરત હૈ? તેમને આશ્રમમાં બોલાવીશું. પછી બોલાવે. જુદા રૂમમાં અમને મુલાકાતની વ્યવસ્થા કરી આપે. સંત વિદાય થાય, ત્યારે તેમને ખૂબ સન્માનપૂર્વક ઘણી ભેટો આપે.પછી કહે કે મને નથી લાગતું કે આટલા ક્ષેત્રમાં આપને વધુ માર્ગદર્શન કરી શકે એવું કોઈ હોય,પણ બધાને મળશો, એટલે ખાત્રી થઈ જશે.નિકમ ગુરુજી કરીને એક મહાન સજ્જન સાથે પણ મુલાકાત કરાવેલી.

આશ્રમની બાજુમાં નદીને સામે કાંઠે એક રામદાસ કરીને હઠયોગી રહે. તેઓ પાણીમાં દિવસો સુધીની સમાધિ લગાવતા. તેમને પણ આશ્રમમાં બોલાવીને અમારી સાથે મુલાકાત કરાવેલી. વિદાય વખતે ઘણી ભેટો આપેલી.તેઓએ અમને આમંત્રણ આપેલું, એટલે અમે ત્રણેક દિવસ તેમના આશ્રમમાં ગયેલા.

**૫૧૦. બાબા...**

૧. અમે ગણેશપુરી આશ્રમમાં હતા, ત્યારે શંકરાચાર્યમહારાજને આમંત્રણ આપેલું. તેમને સત્કારવા માટે આખો કાફલો એક ગાઉ સુધી આગળ ગયેલો. વાજતે-ગાજતે તેમની આશ્રમમાં પધરામણી કરેલી.

તેમની વિદાય પછી અમને સૌને સંબોધીને બાબા કહે-

**મહેમાનને આપણો પરિચય મોઢેથી બોલીને અપાય નહિ,એ તો આપણે તેમનું સ્વાગત કેવું ને કેટલું કરીએ છીએ, તે પરથી જ મહેમાનને આપણો પૂરોપૂરો પરિચય મળી જતો હોય છે.**

૨. શંકરાચાર્યજી બગીચામાં ટહેલતા હતા. અમે અને હરિપ્રસાદ વ્યાસ (વેદાંતાચાર્ય,યોગાચાર્ય)તે તરફ ફરતા હતા. અમે શંકરાચાર્યજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. રૂમ પર ગયા પછી **વ્યાસજી કહે, યોગભિક્ષુજી,આપના સંપર્કથી ઘણું શીખ્યો છું, પણ આજે તમારા નિરઅભિમાનપણાથી જે શિખાણું તે અજોડ છે.**

૩. **અમેઃ** વ્યાસ, અહીં ક્યારેય ખીચડી નથી થતી. ઘરે રોજ ખીચડીની આદત એટલે ક્યારેક સાંભરે, તે જ દિવસે અન્નપૂર્ણામાં ખીચડી બની...

## ૫૧૧. તિરુપતિ...

થોડાં વર્ષો પહેલાં અમે તિરુપતિ ગયેલા. અમારી ટુકડી,દર્શન માટે સવારમાં જ લાઇનમાં ઊભી રહી ગઈ. રોહિતભાઈ (ગુરુધ્યાનભિક્ષુજી) અંદર તપાસ કરી આવ્યા, તો ખબર પડી કે દર્શનનો નંબર સાંજે આવશે. રોહિતભાઈને થયું કે ગુરુજી સાંજ સુધી ઊભા નહીં રહી શકે.એટલે તેઓ કહે કે ગુરુદેવ,આપ સ્વીકૃતિ આપો તો દર્શન વહેલા થાય તેની વ્યવસ્થા કરીએ.અમે કહ્યું કે-

આપણો જ્યારે નંબર આવે, ત્યારે જ દર્શન કરીએ તો જ સાચા દર્શન ગણાય અને તો જ ફળ મળે. સવારથી સાંજ સુધી ઊભા રહેવાનું જે તપ થાય તે તપને કારણે જ ભગવાને ફળ આપવું જ પડે, માટે મનની દોડાદોડી બંધ કરાવીને ધૈર્યપૂર્વક લાઇનમાં ઊભા રહીએ અને જપ કરીએ. ભૂખ-તરસ લાગે, તો નાસ્તો અહીં જ મંગાવી લઈએ.

સાંજે નંબર આવ્યો, તો બે મિનિટ દર્શન કર્યા ન કર્યા અને બહાર,પૂજારીઓ ભાગો-ભાગો કરતા હતા.

## ૫૧૩. તિરુપતિ...

તિરુપતિમાં દર્શનનું મુખ્ય કામ પતાવીને અમે સૌએ ત્યાંનાં વિખ્યાત સ્થળોની પણ મુલાકાત લીધી.એક સારી હોટલમાં અમારો ઉતારો હતો.

બીજે દિવસે સૌ નહાવાનું વગેરે પતાવીને તૈયાર થઈ ગયા. આજે ક્યાં જઈશું, તેની વાતો ચાલતી હતી. વચ્ચે થોડો સત્સંગ ચાલ્યો.

અમે-એક કે જેણે સ્નાન કરીને વાસી કપડાં જ પહેરી લીધાં અને બીજાએ સ્નાન કર્યા સિવાય જ ધોયેલાં કપડાં પહેરી લીધાં. જોનારને વાસી કપડાંવાળો ગંદો લાગે અને ધોયેલાં કપડાંવાળો ચોખ્ખો લાગે. પણ ખરેખર તો પહેલો ચોખ્ખો છે અને બીજો ગંદો છે.

યોગમાં આંતરશૌચને મુખ્ય અને બહિર્શૌચને ગૌણ ગણ્યું છે. બંને શૌચને રાખી શકાય તો બહુ સારું નહિ તો આંતરશૌચને જરૂર સાચવવું, તેની જરૂર ખૂબ છે.

આંતરશૌચ એટલે સદ્‌ગુણોનું મક્કમતાપૂર્વક પાલન કરવું અને બહિર્શૌચ એટલે સ્નાન વગેરેથી શરીરને ખૂબ શુદ્ધ રાખવું.

ત્યાંનો કાર્યક્રમ પત્યો એટલે સૌ અમદાવાદ આવી ગયા. અમે ઘરે આવીને જોયું તો,અમેરિકા જવા માટેનો ઈન્ટરવ્યુપત્ર આવ્યો હતો. તે માટે મુંબઈ ગયા અને અમને આસાનીથી અમેરિકાના વિઝા મળી ગયા.

## ૫૧૪. દયાનંદ...

સ્વામી દયાનંદે તેમના ગુરુ વિરજાનંદજીનાં ચરણોમાં, ગુરુદક્ષિણામાં થોડાં લવિંગ મૂક્યાં ત્યારે ગુરુદેવ કહે, મારે ઘણી વધુ ગુરુદક્ષિણા જોઈએ છે.

**જવાબ :** ગુરુદેવ હું તો સંન્યાસી છું. મારી પાસે આથી વધુ નથી,કહો તો માથું આપી દઉં.

**ગુરુજી :** માથું નહિ પણ હાલમાં વેદનો સૂર્ય અસ્ત થઈ ગયો છે. તેનો તું ઉદય કર, બસ આટલું જ જોઈએ છે મારે. વળી, મારા આશીર્વાદ છે કે તું કાલજિહ્વા થઈશ.

પછી તો દયાનંદે એવો તો સપાટો બોલાવ્યો,દેશભરમાં એવા તો શાસ્ત્રાર્થો કર્યા કે વેદસૂર્ય ચારે દિશાઓમાં ઝળહળી ઊઠ્યો. તેમણે એ રીતે ગુરુજીને સાચી ગુરુદક્ષિણા અને સાચી શ્રદ્ધાંજલિ આપી.

કાલજિહ્વા એટલે,વાદવિવાદમાં કે તર્કવિતર્કમાં કે દાખલા-દલિલોમાં તેમની સામે કોઈ ટક્કર લઈ ન શકે. સામો પક્ષ શું તર્ક વગેરે કરશે, તેનો અંદાજ તેમને આગળથી આવી જતો.

## ૫૧૫. કફનો દર્દી...

કફના દર્દીને એમ કે ડૉક્ટરની અને વૈદ્ય બંનેની દવા એકસાથે કરું. જેથી જલદી સાજો થઈ જઈશ. પણ એમ બને નહિ અને તે પીડાતો રહે. કેમ? પૂરી જાણકારીના અભાવે.

ડૉક્ટરની દવાથી કફ સુકાય અને વૈદ્યની દવાથી કફ પીગળે.આ ક્રમ ચાલે એટલે દર્દી જલદી સાજો થવા બંને દવા કરે પણ એથી તો દર્દ લંબાય. પણ દર્દીને આ કોણ સમજાવે?

કફ સુકાવાથી થોડો સમય રાહત રહે, પણ અમુક સમય પછી તે પાછો પીગળે.આ ક્રમ ચાલ્યા કરે.

કફ પીગળવાથી તે નીકળી જાય, તેથી લાંબો સમય રાહત થાય.

આ બધાં રહસ્યો અતિ ઉપયોગી અને ચિંતન-મનન કરવા જેવાં છે.

## ૫૧૬. બહિર્મુખ ધ્યાન...

અતિશય બહિમુર્ખ સ્થૂળ ધ્યાનનું જ પરિણામ આધુનિક વિનાશક વિજ્ઞાન છે. બહિર્મુખ ધ્યાન, બહિર્મુખ પ્રવૃત્તિને એટલી હદે વધારી મૂકે છે કે ઉપરથી ડાહ્યો દેખાતો મનુષ્ય અંદરથી પાગલ અવસ્થાએ પહોચી ગયો હોય છે. જ્યારે અંતર્મુખ સૂક્ષ્મ ધ્યાનથી અંતર્મુખ બનીને મનુષ્ય સાચાં સુખશાંતિ પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે. સ્વરૂપસ્થ બની જાય છે. (પૂ. શ્રીની પુસ્તિકા 'મંત્રવિજ્ઞાન અને ધ્યાન' માંથી સાભાર)

## ૫૧૭. જપયજ્ઞ...

સ્થૂળ સાત્ત્વિક કાર્યોનો પ્રારંભ સૂક્ષ્મ સાત્ત્વિક કાર્યો (સાત્ત્વિક વિચારો)થી થાય છે ને સાત્ત્વિક વિચારોને બળ મળે છે મંત્રજપથી. કલિયુગમાં મંત્રજપનો ઘણો મહિમા છે. મંત્રજપને યજ્ઞ સમાન ગણવામાં આવે છે. મંત્રજપ-યજ્ઞમાં નથી પૈસાની જરૂર, નથી આહુતિની જરૂર કે નથી વિદ્વત્તાની જરૂર.મંત્રજપ હરદમ અને હર જગ્યાએ થઈ શકે છે.

(પૂ. શ્રીની પુસ્તિકા 'મંત્રવિજ્ઞાન અને ધ્યાન' માંથી સાભાર)

## ૫૧૮. વિજ્ઞાન...

બને ત્યાં સુધી અમે દરેક વાત વિજ્ઞાનનો સહારો લઈને વૈજ્ઞાનિક રીતે સમજાવવાનો પ્રયત્ન કરીએ છીએ અને તેથી જ અમેરિકાના અમારા આધ્યાત્મિક પ્રવાસ દરમિયાન એક એન્જિનિયર ભાઈએ કહ્યું હતું કે-

**'ખૂબ જ ભણેલા અને નાસ્તિક લોકોને પણ આસ્તિક કરવા હોય, તો યોગભિક્ષુજીનો સત્સંગ સરસ છે.'**

આ વાત એટલા માટે કરી કે આ યુગ વિજ્ઞાનનો છે, કલીયુગ છે.

(પૂ.શ્રીની પુસ્તિકા 'મંત્રવિજ્ઞાન અને ધ્યાન'માંથી સાભાર)

## ૫૧૯. ગુરુપૂનમ...

(અમેરિકામાં પૂર્વીબહેન ન.શાહના ત્યાં ગુરુપૂનમ ઊજવાઈ હતી, તે સમયે પૂ.ગુરુદેવે ફોન દ્વારા આપેલા આશિષ.)

આપ સૌનું સ્વાગત. તમે સૌ દર વર્ષે ઉત્સાહભેર આ ઉત્સવ ઊજવો છો, તે તમારી ઊંડી સમજની સાબિતી છે.

ચોરાસી લાખ જન્મ પછી મનુષ્યજન્મ મળે છે, એ રહસ્યને જે જાણે છે અને તેને સાર્થક કરવાનો પ્રયત્ન જે કરે છે, તે જ મનુષ્ય કહેવાને લાયક ગણાય.બાકી બીજાં બધાં તો શિંગડાં-પૂંછડાં વિનાનાં પશુઓ જેવા જ.

જુદા-જુદા વેશમાં,દેશમાં,સંબંધમાં લેણું-દેણું પૂરું કરવા ભેળા થઈએ છીએ. તે પૂરુ થતાં પાછા ચક્રાવે. ગર્ભવાસથી માંડીને મૃત્યુ સુધી દુઃખ ને દુઃખ જ.

ચોરાસી લાખમાં જન્મની કિંમત સમજી જઈને-ચેતી જઈને ચોરાસીના ચક્કરમાં ન સપડાઈ જવાય તેવાં કર્મો કરવા લાગી જઈએ ત્યારે મનુષ્ય કહેવાઈએ.

પરમગુરુ પ્રણવપરમાત્મા સૌને સાચી સમજ આપે એવી પ્રાર્થના.

ગોપાલભાઈએ સહપરિવાર, તળેલું તથા ગળ્યું ન ખાવાનું વ્રત ગુરુપૂર્ણિમાંથી ઓમ્‌જયંતી સુધી લીધું તે માટે પૂ.શ્રીએ ખૂબ અભિનંદન આપીને કહ્યું કે તમે ગુરુપૂર્ણિમાની ઉજવણીનો પૂરો લાભ લીધો. (અતિ સંક્ષિપ્ત)

## ૫૨૧. શ્રદ્ધાંજલિ...

સ્મરણાંજલિ

પ્રેમ-પુષ્પાંજલિ

આપણા સૌના લાડીલા, પરમગુરુપ્રેમી શ્રી ઓમ્‌કારભાઈ રાવલ 'ઓમ્‌પુરધામ' પધારી ગયા છે. ઉંમર ૬૯ વર્ષ, નિવાસ અમેરિકા.

તેમનો પૂરો પરિવાર એટલે જાણે સત્‌યુગના માણસો. આવા માણસોની આપણને ખોટ પડી છે. સમસ્ત ઓમ્‌પરિવાર વતી યોગભિક્ષુ, ડૉ.ભિક્ષુના જયશ્રી ઓમ્‌ગુરુદેવ

**–યોગભિક્ષુ**

**– ડૉ. સ.સ.ભિક્ષુ**

## ૫૨૨. મનુષ્યજન્મ...

પશુ, પક્ષી, કીટ, પતંગ વગેરે તો ખાધું-પીધું, પ્રજા ઉત્પન્ન કરી અને મરી ગયાં. શું માણસે પણ એ જ કરવાનું છે? મનુષ્યજન્મ એ ચોરાસી લાખમો જન્મ છે. આગળની અનંત યોનીઓમાં જન્મ લેતો-લેતો જાત-ભાતના અનુભવ કરતો-કરતો જીવ, મનુષ્યયોની ધારણ કરે છે. ત્યાં સુધીમાં તેણે બધી જીવયોનીના અનુભવો અનુભવી લીધા હોય છે. તેને નક્કી થઈ જ ગયું હોય છે કે આખો દરિયો ખારો જ છે, હવે ગળપણને બીજે ક્યાંક શોધવાનું છે.

આ બધું ભૂલી જઈને બસ ખાધું, પીધું અને મૃત્યુ? પાછા ચોરાસીના ચક્કરમાં!

શું આટલી જ બુધ્ધિ? આટલું જ વિજ્ઞાન? શું આ જ વિકાસ? ચોરાસીના ચક્કરમાંથી બહાર કાઢીને, સનાતન સુખને જે આપે તેનાથી બીજો મોટો વિકાસ કયો?

પશુપક્ષી કરતાં કાંઈક વિશેષ પ્રાપ્ત કરવા માટે જ માણસ થયા છીએ. જે સુખ કદી નષ્ટ ન થાય તેવા સુખને પ્રાપ્ત કરવા માટે જ મનુષ્યયોનીમાં આવ્યા છીએ, તે કદી ન ભુલાય તો- ભયો....ભયો....ભયો....

## ૫૨૩. સંતરામમંદિર...

અમારાં પચીસેક પુસ્તકોમાં પહેલું પુસ્તક 'ગુરુમહિમા', જેમાં, પૂ. શ્રી નારાયણદાસજીમહારાજશ્રી (મહંતશ્રી સંતરામ મંદિર-નડિયાદ)એ આશીર્વચન લખી આપ્યા છે.

અમે ગુરુમહિમાની હસ્તલિખિત પ્રત લઈને તેમની પાસે ગયા અને આશીર્વચન માટે વિનંતી કરી. તેમણે પ્રત પર ઊડતી નજર નાખીને કહ્યું કે આપને કાલે આપના સ્થાને મળી જશે.અમે નમોનારાયણ કહીને વિદાય લીધી, ત્યારે તેમણે અમને શાલ ઓઢાડી બંધ કવર આપ્યું અને પ્રસાદીની નાની પોટલી આપી.

બીજે દિવસે અમારા સ્થાન 'ધર્મમેઘ'માં વરસતા વરસાદમાં તેમનો વિદ્યાર્થી તેમનું કવર આપી ગયો. તેમાં બે પત્રો હતા. એક કોરો અને બીજો આશીર્વચન લખેલો. સાથેની ચિઠ્ઠીમાં લખ્યું હતું કે **આ આશીર્વચન અનુકૂળ ન લાગે તો સાથેના કોરા કાગળ પર (લેટરહેડ સહી કરેલો) આપને જે યોગ્ય લાગે તે લખી લેજો.** આ વાંચીને તો અમે ઘડીક તો આનંદ-આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા!! અમને થયું કે..

**લોકો કોરો ચૅક આપે છે. પણ કોરા કાગળ પર પોતાના નામે જે લખવું હોય તે લખવાની પરવાનગી આપનારા તો આ પ્રથમ જ વિભૂતિનો સાક્ષાત્કાર થયો!!**

પૂ.મહારાજશ્રી જોડે અમારી આ પ્રથમ મુલાકાત હતી. આ પ્રસંગથી અમને એમ લાગ્યું કે જાણે એમણે અમને એક નજરમાં જ માપી લીધા હતા.

**પછી તો પ્રસંગોપાત્ત ત્યાં જવાનું થતું, ત્યારે વિદાય વખતે તેઓ શ્રી કહેતા કે આવતાં-જતાં દર્શન આપતા રહેજો. અમે હસીને કહેતાં કે દર્શન આપવા માટે નહિ પણ દર્શન કરવા માટે આવવાની ખૂબ જ ઈચ્છા હોય છે. પણ આપના તરફથી સ્વાગત એવું એટલું જોરદાર થતું હોય છે કે આવવાની હિંમત જ નથી થતી.**

'ગુરુમહિમા'માં તેઓશ્રીએ જે લખી આપ્યું હતું તે જ મૂક્યું છે.આપણે તો તેમનો જ અભિપ્રાય જોઈતો હતો.

**- યોગભિક્ષુ**

## ૫૨૪. જ્યોતિષ...

**ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!**
**થવાનું, ન થવાનું કરે, નજૂમી કોણ એવો છે ?**
**(નજૂમી જ્યોતિષિ)**

કાલ સવારે શું થવાનું છે, તેની ખબર જાનકીનાથને -શ્રીરામને પણ ન હતી. તો જ્યોતિષિનું તો ગજું કેટલું?

અને ધારી લ્યો કે કોઈ જોષી ભવિષ્યને જાણી શકે છે, પણ તેને ટાળી શકે છે? કદી નહિ.

કોઈ ભવિષ્યવેત્તા તમને જણાવે કે બે માસ પછી તમારે માથે ઘણું મોટું દુઃખ આવી પડવાનું છે, તો તમારી શું દશા થાય? દુઃખ તો બે માસ પછી આવવાનું કહ્યું પણ તમારે તો દુખી થવાનું અત્યારથી જ શરૂ થઈ ગયુ!ભવિષ્ય જાણીને તો વધારે દુખી થવાનું.

**ભવિષ્યમાં થનાર ઘટનાની કોઈને ખબરેય પડતી નથી અને કોઈથી ટાળી પણ શકાતી નથી. એ સત્ય તો આ ભજનમાં કહી જ દીધું છે-**

**૧. ન જાણ્યું જાનકીનાથે...**

**૨. ન જાણ્યું જ્ઞાની ગૌતમે...**

**૩. ન જાણ્યું ભિષ્મ જેવાએ..**

**સવારે શું થવાનું છે?** વગેરે.

પાપ-પુણ્યનાં ફળને ભોગવીને જ તેમાંથી મુક્ત થવાય છે.

## પ૨પ. દશહરા...

નવરાત્રીના નવ દિવસમાં સાધના દ્વારા શક્તિ મેળવીને,દશહરાને દિવસે દશને હણવાના.એટલે કે દશ ઇન્દ્રિયો પર આપણો કાબૂ હોય, નહિ કે તેનો આપણા પર.

આ રીતે દશેરા મનાવીએ તો પૂરો લાભ મળે.પછી ફાફડા-જલેબી ભલે ઝાપટીએ.

સૌને દશેરાના વંદન, અભિનંદન, આશિષ

## પ૨૬. ગામઠી ગીતા...

**જોગી કરહણિયો ને ભડ અરજણિયો,**
**ઈ બે જિયાં થાય ભેળાં,**
**હંજયળા ઈ બે જિયાં થાય ભેળાં...**
**આપણું મનળું તો ઈમ સાયખ પૂરે છે-**
**તિયાં દાડી ઊડે ઝી ચેળા...**
**હંજયળા દાડી ઊડે ઝી ચેળા.**

## ૫૨૭. ભોગ્ય-ભોક્તા-સર્જક...

પરમાત્માએ તો અનંત કોટિ ભોગ્ય પદાર્થોનું સર્જન કર્યું પણ જો તેને ભોગવનાર જીવાત્મા જ ન હોય તો? માટે પરમાત્મા અને જીવાત્મા બંનેનું મહત્ત્વ સરખું જ છે.

પરમાત્માને અજરઅમર અનાદિ માનવામાં આવે છે. તે જ પ્રમાણે જીવાત્મા પણ મનાય છે.

(એક નિરાળું ચિંતન)

## ૫૩૦. સત્યં...

॥ ઈશ્વરનું નામ ઓમ્ છે. ॥

આજે ઓમ્‌જયંતીના પુનિતપર્વે આપણે સૌ સંકલ્પ કરીએ કે-

સત્યં,શિવં,સુંદરને સૌ પ્રાપ્ત થાઓ. **-યોગભિક્ષુના વંદન**

## ૫૩૩. કલ્યાણ...

વહાલા કલ્યાણ-પથિકો, આપણે સૌ આ નવા વર્ષમાં કાંઈક નવું પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ.

એ એવું નવું કે જે કદી જૂનું ન થાય-જેનો કદી નાશ ન થાય. તેવું શું છે?

- સનાતન સુખ અર્થાત્
- મોક્ષ-મુક્તિ.

એ સિવાયનું બધું જ નુકસાનીનો સોદો છે.

**- યોગભિક્ષુ**

**- ડૉ. ભિક્ષુના વંદન-અભિનંદન-આશિષ**

## ૫૩૪. રાવણ...

(એક મૌલિક દૃષ્ટિ)

જો સીતામાતાનું હરણ ન થયું હોત, તો શ્રીરામ-હનુમાનના પરમ-પ્રચંડ પરાક્રમને પ્રદર્શિત થવાનો,મોકો ન મળ્યો હોત. તેમના પ્રચંડ-પરમપવિત્ર પરાક્રમને પ્રદર્શિત કરાવવામાં, રાવણને નિમિત્ત બનવાનું મહાભાગ્ય મળ્યું એ પણ ભુલાવું ન જોઈએ. રાવણની ગુપ્ત મહત્તા પણ અદ્વિતીય છે.રાવણે જ,રામ-હનુમાનને ઘરોઘરમાં અને વ્યક્તિ-વ્યક્તિએ પૂજનીય બનાવી દીધા.

હીરોની પ્રશંસા કરાવવામાં વિલનનો હિસ્સો કમ નથી હોતો.વિલન,પોતાની પ્રશંસાના ભોગે, બધો સુયશ હીરો પર વરસાવે છે.

## ૫૩૬. લાભપાંચમ...

પરમગુરુ, પ્રણવપરમાત્માને પ્રાર્થના છે કે -

લાભપંચમી-જ્ઞાનપંચમીના શુભદિવસે અમને એવો લાભ આપવાની કૃપા કરજો કે-

**જગતના ક્ષણભંગુર અસલ સ્વરૂપને પારખી શકીએ અને સનાતનસત્ય-સ્વરૂપવાળા પરમતત્ત્વને પામી શકીએ, એવી સૂક્ષ્મ બુદ્ધિ અમને પ્રાપ્ત થાય.**

જ્ઞાનપંચમીના પરમપવિત્ર દિવસે સર્વે કલ્યાણ-પથિકોને વંદન, અભિનંદન, આશિષ.

**- યોગભિક્ષુ**

**- ડૉ. સ.સ. ભિક્ષુ**

જયશ્રી ઓમ્ ગુરુદેવ, જયનારાયણ

## ૫૩૮. ગુરુશિષ્ય...

અમીર ખુશરોના ગુરુ પાસે એક ગરીબ કાંઈક આશાએ આવ્યો. ગુરુ પાસે કાંઈ નહોતું એટલે પોતાની ચાખડી આપી દીધી. તે ભાઈ તો ચાખડી વેચવાના મનસૂબા સાથે જતા હતા, ત્યાં સામે અમીર ખુશરો મળ્યા. પેલા ભાઈ પાસેથી બધી વાત જાણી, એટલે તેણે પેલા પાસેથી, સંપત્તિથી લાદેલાં સાત ઊંટના બદલામાં, ગુરુજીની ચાખડી ખરીદી લીધી.

એ ચાખડીઓ ખુશરોએ ગુરુચરણોમાં મૂકી. બધી વિગત જાણીને ગુરુજી ભાવવિભોર થઈ ગયા અને અનુભવવા લાગ્યા કે ‘મને આવો શિષ્ય મળ્યો છે, હવે મારે શાનીએ જરૂર નથી’.

છેલ્લે ગુરુજીએ પોતાના વસિયતનામામાં લખ્યું કે **‘મારી કબરની બાજુમાં જ મારા શિષ્યની કબર બનાવજો, મારો શિષ્ય મારાથી થોડો પણ દૂર ન થાય.’**

(નટુભાઈ ઠક્કર ‘હળવદની ઓળખ’માંથી સાભાર, ટૂંકાવીને.)

## ૫૩૯. નાભિ...

મળદ્વાર, મૂત્રદ્વાર, નાભિસ્થાન, મુખદ્વાર, નાસિકાદ્વાર, દષ્ટિદ્વાર અને શ્રવણદ્વાર એ શરીરનાં અતિ મૂલ્યવાન-ઉપયોગી અંગો છે. તેની સ્વચ્છતા-પવિત્રતા પર આરોગ્યનો ઘણો આધાર છે. નાભિસ્થાન (દૂંટી) શરીરના મોભ સમાન છે. તેની સફાઈ પર ખૂબ ઓછું ધ્યાન અપાય છે.

માના ગર્ભમાં, બાળકનું મા સાથેનું સંધાન, વિશેષ કરીને નાભિ દ્વારા જ હોય છે. ગર્ભમાં બાળકનું પાલનપોષણ નાભિના માધ્યમથી થાય છે.જન્મ થાય ત્યાં સુધી નાભિનું સંધાન મા સાથે રહે છે. નાયડાછેદન બાદ જ તે સંધાન છૂટે છે.

નાભિ એ શરીરનો મધ્ય ભાગ છે. નાભિની નીચેનો ભાગ એ અધો અને ઉપરનો ભાગ તે ઊર્ધ્વ ભાગ કહેવાય છે.સાધકોને આદેશ હોય છે કે મનને અધો ભાગમાં ન જવા દેવું.

ચૌદ લોકની મધ્યમાં પૃથ્વી છે.પૃથ્વીની ઉપરના સાત લોક અને નીચેના સાત પાતાળ મળીને ચૌદ લોક-ચૌદભુવન ગણાય છે.

નાભિસ્થાનને ખૂબ જ શુદ્ધ, સ્વચ્છ, પવિત્ર રાખવું જરૂરી છે. કેમકે તે શરીરનાં ચૌદ ભુવનની મધ્યમાં રહી તેનું સમતોલન જાળવે છે.

## ૫૪૦. કેદી...

૧. કેદીને આપણે સળિયા પાછળ જોઈએ છીએ, પણ કેદી આપણને સળિયા પાછળ જુએ છે.
૨. પૈસાદારને ગરીબ દુખી લાગે છે, પણ ગરીબને પૈસાદાર દુખી લાગે છે.
૩. રાગીને ત્યાગી દુખી લાગે છે, પણ ત્યાગીને રાગી દુખી લાગે છે.
૪. જમેલાને લાગે છે કે હવે પછી મારે જમવાની જરૂર નથી અને ભૂખ્યાને એમ લાગે છે કે હું ધરાઈશ નહિ.

આ બધાં જોડકાં ખૂબ વિચિત્ર લાગે છે, પણ બધાં પોતપોતાની રીતે સાચાં છે.

## ૫૪૧. બ્રેકફાસ્ટ...

અંગ્રેજીમાં નાસ્તાને બ્રેકફાસ્ટ કહે છે. તેનો અર્થ છે ઉપવાસ તોડવો.આખી રાત ખાધા-પીધા વિના પસાર કરી હોય એટલે એને ગણ્યો ઉપવાસ.પણ ખરેખર તે ઉપવાસ ન ગણાય, કારણ કે

ઊંઘમાં તો ખાવા-પીવાની જરૂરત જ ન હતી. જો શરીર અન્ન-જળ માગતું હોય અને તોય, સમજપૂર્વક તેને તે ન આપીએ, તો તે ઉપવાસ ગણાય. ઉપવાસને પણ એક પ્રકારનું તપ ગણવામાં આવે છે. ઉપવાસનો તાત્ત્વિક અર્થ તો છે 'પાસે વસવું'-પવિત્ર જીવન જીવવું.

સવારે જે ખાઈએ તે 'શિરામણ', બપોરનું 'ભોજન', ત્યાર પછીનું 'રોંઢો' અને રાત્રીનું ભોજન તે 'વાળુ' કહેવાય છે.

## ૫૪૨. શિષ્યપૂર્ણિમા...

**પ્રશ્ન :** ગુરુપૂર્ણિમા કેમ, શિષ્યપૂર્ણિમા કેમ નહિ?

**જવાબ :** નામ ભલે ગુરુપૂર્ણિમા આપ્યું, પણ તે છે ખરેખર શિષ્યપૂર્ણિમા. કારણ કે તે દિવસે કામ તો શિષ્યોનું થવાનું છે. પુરાણી પરંપરા મુજબ તે દિવસે શિષ્યો આવે અને ત્રણ રાત્રિ-દિવસ ગુરુજીના સાંનિધ્યમાં રહી, આગળની સાધનાનું માર્ગદર્શન મેળવે. ગયા વર્ષમાં શું-શું કર્યું, કેટલી સફળતા મળી, સાધનામાં ક્યાં, કેટલાં વિઘ્નો આવ્યાં, વિઘ્નો ટાળવા શું કરવું? વગેરે બાબતોમાં ગુરુજી જોડે વાતચીત કરીને માર્ગદર્શન મેળવે. આગામી વર્ષ દરમિયાન સાધનામાં શું-શું સુધારા-વધારા કરવાના છે, તે ઊંડાણપૂર્વક સમજી લે વગેરે.

આ બધી દૃષ્ટિએ જોતાં ગુરુપૂર્ણિમા એ શિષ્યપૂર્ણિમા જ છે.હાલમાં આગળની બધી પરંપરા લુપ્ત થઈ ગઈ છે.

## ૫૪૩. ઢાળ તરફ...

પાણી ઢાળ તરફ જાય તેમાં આશ્ચર્ય શું? એ તો તેનો સ્વભાવ છે. પાણી ઢાળની સામેની બાજુ જાય તે આશ્ચર્ય, તેમાં પ્રયત્નની જરૂર.

મન વિકારી થાય તેમાં આશ્ચર્ય શું? તે તો સ્વાભાવિક છે.મન નિર્વિકાર રહે તે આશ્ચર્ય કહેવાય. મનને નિર્વિકાર રાખવામાં પ્રયત્ન કરવો પડે છે.

પાણીની ગતિ નીચેની તરફ અને અગ્નિની ગતિ ઉપરની બાજુ હોય છે, તે તેનો સ્વભાવ છે. તેને તેના સ્વભાવ વિરુદ્ધ ગતિ કરાવવી હોય, તો પ્રયત્ન કરવો પડે.

## ૫૪૪. જવાબદારી...

આપણાથી જાણ્યે-અજાણ્યે પણ જો ખોટું કામ થઈ જાય, તો તેથી થતું નુકસાન આપણે એકલાએ જ નથી ભોગવવું પડતું પણ આપણા માતા-પિતા, સ્નેહી-મિત્રો, ગુરુ-સંતો વગેરે ઘણાં બધાંને નીચું જોવું પડે છે. સ્વચ્છંદી તો થવાય જ નહિ, આપણી સ્વતંત્રતા પણ મર્યાદિત હોવી જોઈએ. આપણાં સારાં-નરસાં વર્તન સાથે સમાજ કેટલો સંકળાયેલો છે, તે ભુલાવું ન જોઈએ.

પોતાની જવાબદારીઓને પૂર્ણ સમજીને તેનું પાલન કરે તે જ માણસ,બાકી તો પશુપક્ષીઓ પણ ખાવું-પીવું અને પ્રજા ઉત્પન્ન કરવી એ કામ તો કરે જ છેને.

## ૫૪૫. પ્રજ્ઞાવંત...

★ બુદ્ધિશાળી તે કહેવાય કે જે દરિયામાંથી અંજલિભર પાણી પીને એ નક્કી કરી લે કે આખો જ સમુદ્ર ખારો છે, હવે બીજી કોઈ જગ્યાએ ચાખી જોવાની જરૂરત નથી.

★ દરિયાના પાણીને અનેક જગ્યાએથી ચાખવા છતાંય એ નક્કી ન કરી શકે કે 'આખો જ દરિયો ખારો છે.' એટલે જીવનભર ચાખતો રહે અને થાકતો ને હારતો રહે. આને કહેવાય બુદ્ધિનું બુઠ્ઠાપણું.

★ એ જ પ્રમાણે જેને, એક જ જન્મમાં સમજાય કે 'ભવસાગર ખારો છે, બીજો જન્મ લેવા જેવો નથી,' એ પ્રજ્ઞાવંત છે.વળી-

★ અનેક જન્મો લેવા છતાંય જેને એ નક્કી જ ન થાય કે 'સમસ્ત દુઃખોનું કારણ જન્મ છે, હવે બીજો જન્મ જ ન જોઈએ.' એ તો અનેક જન્મો લેતો જ રહે અને સુખ માટે હવાતિયાં નાખ્યા જ કરે.આથી મોટું બુદ્ધિનું દેવાળું બીજું કયું હોય ?

## ૫૪૬. સનાતનસુખ...

બાળક પાસે એક અતિ આકર્ષક લાકડાનું રમકડું અને સાવ બિનઆકર્ષક એવું સોનાનું રમકડું મૂકીએ તો તે લાકડાનું જ લે, કેમકે તેને સોનાના મૂલ્યની ખબર નથી.તેણે તો આંખને ગમ્યું તે લીધું. તેમ-

આપણે પણ લોભામણાં એવાં ક્ષણિક ભૌતિક સુખભોગો પાછળ આંધળી દોટ મૂકી છે. ઉપરથી આકર્ષક નહિ એવા,પણ સરવાળે સોના જેવા સનાતનસુખની ઓળખ નહિ હોવાથી આપણે તેના તરફ સંપૂર્ણ બેદરકાર છીએ અને એટલે ચોરાસીનું ચક્કર છૂટતું નથી.

## ૫૪૭. સતીશૂરા...

**ઊંચો ગઢ ગિરનાર વાદળથી વાતું કરે,**
**મરતા રાખેંગાર ખડેડી ખાંગો કાં ન થયો?**

આ ફિટકાર સાંભળીને ગિરનારનાં સો-સો મણનાં ચોસલાં ટૂટી-ટૂટીને ખરવાં પડવાં લાગ્યા. એટલે વિનંતી કરતો બીજો અવાજ સંભળાયો-

**મા પડ્ય મારા વીર, ચોસલાં કોણ ચડાવશે?**
**મરતા રાખેંગાર,ગયા ચોસલાં ચડાવનહાર.**

આ સાંભળીને ચોસલાં ખરવાં-પડવાં બંધ થઈ ગયાં,જે ચોસલું હજું પૂરેપૂરું પડ્યું નહોતું, હજું ખાંગું જ થયું હતું, હજું વાંકું જ વળ્યું હતું, તે એ જ સ્થિતિમાં લટકી રહ્યું.

જેણે ગિરનારની યાત્રા કરી હશે, તેણે આ લટકતાં ચોસલાં જોયાં હશે..

આ તો સતીશૂરાની વાણી, શાપ આપે, તો નખ્ખોદ નીકળી જાય અને વરદાન આપે, તો અભરે ભરાય.

આ કાંઈ-

પેમલા-પેમલીનો બકવાસ નથી કે 'અભી બોલા ને અભી ફોક'.

## ૫૪૮. બાલકોબા...

થોડાં વર્ષ પહેલાંની આ વાત છે. અમે અમારાં બાના ઉપચાર માટે નિસર્ગ-ઉપચાર આશ્રમમાં હતા, જે પૂના પાસે, ઉરુલિકાંચન ગામમાં છે.

અમે અમારી રૂમમાંથી,બાલકોબા ભાવેજી (વિનોબા ભાવેજીના નાના ભાઈ) ને મળવા તેમની રૂમ પર ગયા.

તેઓ નીચે બેઠા હતા અને કાંઈક લખતા હતા. તેમણે અમને બેસવાનો ઈશારો કર્યો. લખવાનું પૂરું થયું એટલે અમારા સામું જોઈને કહે કે **'તમને કદાચ નવાઈ લાગતી હશે કે અમે, લખેલા કાગળની પાછળ કેમ લખીએ છીએ? લોકોના અમારા પર આવતા પત્રો એક બાજુ કોરા હોય છે. તેનો ઉપયોગ અમે તેમને જવાબ આપવા કરીએ છીએ. રાષ્ટ્રની સંપત્તિનો ઉપયોગ ખૂબ કરકસરથી કરવો જોઈએ.'** પછી કહે કે હવે સાંજે આવજો.

અમે સાંજે ગયા તો અમને ખૂબ આશ્ચર્ય થયું. સવારે તેમની એક આંખ બંધ હતી. અમે માન્યું કે એક આંખે કાંણા હશે. પણ અત્યારે જોયું તો જે આંખ બંધ હતી તે ખુલ્લી હતી અને જે ખુલ્લી હતી તે બંધ હતી. અમે વિચારવા લાગ્યા કે જોવામાં આપણી કાંઈ ભૂલ તો નથી થતીને? અમે કાંઈ પૂછીએ ત્યાર પહેલાં જ તેઓશ્રી કહે કે 'તમને મારી આંખ જોઈને કદાચ આશ્ચર્ય થતું હશે, પણ એક આંખથી ચાલતું હોય તો બંને આંખ શા માટે વાપરવી જોઈએ ? રાષ્ટ્રની સંપત્તિનો ઉપયોગ ખૂબ સંભાળીને કરવો જોઈએ.'

બસ. આ બધું સાંભળીને અમે નમસ્કાર કરીને, આનંદવિભોર થતાં અમારી રૂમ પર ગયા.

## ૫૫૦. આરામ...

આખો દિવસ ખૂબ પૌષ્ટિક ખાઈએ-પીએ છીએ, જાતભાતનાં પૌષ્ટિક દવા-ઈંજેક્શનો પણ લઈએ છીએ, તોય સાંજે થાકી જઈએ છીએ,

એમ કેમ? વળી-

રાતભર, રાત આખી કાંઈ જ ખાતાંપીતાં નથી, છતાંય સવારે તાજામાજા થઈને ઊઠીએ છીએ, એમ કેમ ? કારણ કે-

રાત્રે બધી જ ઈન્દ્રિયોએ પોતાના વિષયો ત્યાગી દીધા હોય છે, એટલે તેને પૂર્ણ આરામ મળે છે.

આંખ-કાન વગેરે પોતાનું જોવા-સાંભળવાનું કામ શરૂ કરે, એટલે તેને સૂક્ષ્મ શ્રમ પડે છે. હાથપગ વગેરે કામ શરૂ કરે પછી તો શ્રમનું પૂછવું જ શું.

'ઈન્દ્રિયો વિષયો છોડે એટલે તેને ખૂબ આરામ મળે છે.' એ જાણકારીનો ખૂબ સદ્ઉપયોગ કરી લેવો જોઈએ.સ્વપ્નમાં સૂક્ષ્મ ઈન્દ્રિયો અને સૂક્ષ્મ વિષયો હોય છે.

## ૫૫૦. ગુરુપ્રેમભિક્ષુજી...

શ્રી ગુરુપ્રેમભિક્ષુજી કહેતા કે ગુરુજી ! મારે તો બારેમાસ ગુરુપૂર્ણિમા છે. તેમના મિત્રને તેમણે લખેલું કે હવે અમે કોઈના મિત્ર નથી, જેઓ અમારા ગુરુજીને માનતા હોય તેઓ સૌ અમારાં ગુરુભાઈબહેનો.

તેમણે જ અમને અમેરિકા બોલાવેલા. તેમણે ઘરમાં સૌને કહી દીધેલું કે જુઓ, ગુરુજીને બોલાવીએ છીએ.ગુરુજી અહીં સંપૂર્ણ સર્વતંત્ર—સ્વતંત્રપણે રહેશે.આપણને ગમતા હોય તેમના ત્યાં જાય અને ન ગમતા હોય તેમના ત્યાં ગુરુજી ન જાય એવું નહિ બને. અણગમતાને ત્યાંથી આમંત્રણ આવશે અને ગુરુદેવને જવું હશે તો,આપણે સૌએ સહર્ષ સાથે જવાનું.જો તમોને સૌને આ વાત સ્વીકાર્યા હોય તો જ ગુરુજીને અમેરિકા બોલાવીએ.

આવી હતી તેમની અગમચેતી અને આવો હતો ગુરુપ્રેમભિક્ષુજીનો ગુરુપ્રેમ.

અમે દશ માસ તેમના ત્યાં રહ્યા. તેમનાં બે બાળકો અને પત્ની સૌ ગુરુ-સેવામય જ.ત્યાંના શિયાળાની તો શું વાત કરવી ?

એક સો મોટેલના માલિકના ત્યાં પધરામણી થઈ.પણ સ્વભાવ સર્વધર્મ-સમભાવ. અમારી પધરામણી માટે કોઈ, આવે તો કહી દે કે અહીં બળખા કૉર્પોરેશન નથી, સાચી સમજણની વાતો સાંભળવી હોય, તો બાપજી આવે.

## ૫૫૨. લક્ષ્મણજી ...

ઈન્દ્રજીતને જીતવા માટે પહેલા ઈન્દ્રિયોને જીતવી પડે.જેમકે લક્ષ્મણજી. અને-

લક્ષ્મણજી થવા માટે, બાર-ચૌદ વર્ષ સુધી આહાર અને ઊંઘનો ત્યાગ કરીને બ્રહ્મચર્યનું ચુસ્ત પાલન કરવું જરૂરી.

આહાર પર કાબૂ હોય, તો ઊંઘ પર કાબૂ આવે અને ઊંઘ પર કાબૂ હોય, તો બ્રહ્મચર્યપાલનમાં ઘણી સહાયતા મળે.

ભરઊંઘમાં જ અનઇચ્છિત એવું ઘણું બધું બની જવાની સંભાવના વધુ.

લક્ષ્મણજીનો આહાર-ઊંઘનો ત્યાગ એ ઘણું મોટું રહસ્ય છે. જો તેનો ઉકેલ લાવી શકાય, તો ઘણા પડદા ખોલી શકાય.

**તરણાં ઓઠે ડુંગર રે...**
**ડુંગર કોઈ દેખે નહિ.**

## ૫૫૪. લાડુ...

● ઉરુલિકાંચનના, નિસર્ગઉપચાર આશ્રમના ઉપચારક કહેતા કે પહલે તુમ લાડુ કો ખાવ, પીછે લાડુ તુમ્હે ખાયગા, અસ્તુ.

● શરીરને યોગ્ય પ્રમાણમાં છએ રસની જરૂર. પણ આપણે ગળ્યો રસ વધુ પ્રમાણમાં અને કડવો રસ બિલકુલ જ નથી લેતા. તેથી મધુમેહ વગેરેને કારણે પાછળથી ગળ્યા રસ સાવ બંધ અને કડવો રસ ખૂબ લેવો પડે છે, અસ્તુ.

● જમીનમાં તો છએ રસ છે, જેને જે રસ જોઈએ તે, તેનું બી વાવીને તે મેળવી શકે છે,અસ્તુ.

● ગુરુસંતોમાં પણ બધું જ છે. સૌ પોતાની યોગ્યતા મુજબ મેળવે છે.

## ૫૫૫. ગણવું ...

● શ્રીરામ ખૂબ ગણ્યા એટલે ભગવાન બની ગયા અને રાવણ ખૂબ ભણ્યા પણ ગણ્યા નહિ, એટલે રાક્ષસપણું ન છોડી શક્યા.

● રામ, દુશ્મન પાસેથી—રાક્ષસ પાસેથી પણ લાભ લઈ શક્યા. તેની પાસે યજ્ઞ કરાવ્યો.ભલે રાવણ રાક્ષસ હતો, પણ તે મહા વિદ્વાન હતો, તેથી તેની પાસેથી લાભ લેતી વખતે તે દુશ્મન છે કે રાક્ષસ છે, તે વાત રામે વિસારી દીધી.

● રાવણ ભગવાન પાસેથી પણ લાભ ન લઈ શક્યો, કારણ કે તે માત્ર ભણ્યો હતો,ગણ્યો ન હતો.

● સાક્ષર અને રાક્ષસ એ બે શબ્દોમાં બહુ ફર્ક નથી.સાક્ષર શબ્દના સ નો કાનો ર ને લગાડીને અવળેથી વાંચવાથી રાક્ષસ થઈ જાય છે.

## ૫૬૦. મિત્ર...

**ચાર બાંસ ચૌબીસ ગજ, અંગૂલ અષ્ટ પ્રમાણ,**
**ઉપર ઘોરી શાહ વસે,મત ચૂકે ચૌહાણ.**

ઉપર મુજબ દોહરો બોલીને,ચંદબારોટે મિત્ર પૃથ્વીરાજ ચૌહાણને માપ આપી દીધું કે ઘોરી શાહ કેટલી ઊંચાઈએ બેઠો છે. તેજણને ટકોર.કેદી અને અંધ બનાવેલા પૃથ્વીરાજે, સનન્.... કરતું શબ્દવેધી બાણ વછોડ્યું અને તુરત ઘોરીશાહ ભોંયભેગા.આ

જોઈને ઘોરીના સૈનિકો બંને મિત્રોને હેરાન કરે તે પહેલાં જ બંનેએ નક્કી કરેલા સંકલ્પ મુજબ,પરસ્પર કટારી મારીને વીરગતિ પ્રાપ્ત કરી લીધી.

ધન્ય-ધન્ય છે તેમની મિત્રતાને. એક ભારતસમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ અને બીજા કવિસમ્રાટ ચંદબારોટ અર્થાત્ ચંદ બરદાઈ કે જેમણે અદ્વિતીય, અલૌકિક એવા 'પૃથ્વીરાજ રાસો'નું સર્જન કર્યું.

## ૫૬૧ દિપસે ...

**એક દીપ સે પ્રકટિત દૂસરા, ઊજિયાલા ચહૂં ઓર,**
**ભેદ ન પાયે, પ્રકટિત મેં, પહલા, દૂસરા કૌન?**

દેખનેવાલોં કો યહ પતા નહિ ચલતા કિ કિસ દીપને કિસ દીપ કો પ્રકટ કિયા,પર દોનોં દીપ જાનતે હૈં કિ કૌન પ્રકટાનેવાલા હૈ ઔર કૌન પ્રકટિત કિયા હુઆ હૈ.

જેમકે ગુરુ-શિષ્ય.

## ૫૬૨. સૌની ઉન્નતિ...

કોઈ વ્યક્તિ ખૂબ સંયમ નિયમના પાલનમાં અને આહાર-વિહારમાં સાવધાન હોય, તેથી તેની તંદુરસ્તી ખૂબ સારી હોય અને તેથી તે સો-સવાસો વર્ષ જીવી શકે. પણ જો પોતાનાં પરિવારજનોની તંદુરસ્તી માટે બેધ્યાન હોય, તો પરિવારજનો ૭૦થી ૮૦ વર્ષ સુધી જ જીવે. જો આમ બને તો સો વર્ષવાળાનું શું થાય? પછી તો તેની પાસે મારું કહેવાય એવું કોઈ જ બચ્યું ન હોય, પછી તો તેનું જીવન ખારું-ખારું, નિરસ થઈ જાય. હવે તો તેને, દીર્ઘાયુ માટે જે સંયમ-નિયમનું પાલન કર્યું હતું તે પણ નિરર્થક લાગવા માંડે. આમ ન થાય તે માટે.

તેણે પોતાનાં પરિવારજનોને પણ પોતાના જેવું જ આદર્શ જીવન જીવે તેવાં તૈયાર કરવાં જોઈએ. તો જ બધાં જ દીર્ઘાયુ થાય અને પરસ્પર સૌને સૌનો સાથસહકાર મળે, જેથી સૌને જીવન જીવવા જેવું લાગે.

તેથી જ સ્વામી દયાનંદ કહેતા કે કેવળ પોતાની જ ઉન્નતિથી સંતોષ માનવો જોઈએ નહિ.સર્વની ઉન્નતિમાં જ આપણી પણ ઉન્નતિ છે. પણ જો

આવું થાય તો પરિવારમાં અશાંતિ રહે
હું જરા ભણેલી નહિ ને, સાજન એમ.એ.પીએચ.ડી.
કૉપ કહુ તો કોપ કરી કહે, કપ...કપ...કપ...
કદમ-કદમ સાથોસાથ, હારોહાર, ખંભેખભો મિલાવીને.

## ૫૬૩. સર્વેભવન્તુ...

સુખ મેળવવા માટે આપણે આપણી જેટલી સંભાળ લઈએ છીએ તેટલી જ કુટુંબની, પડોશીની, પોતાના ગામની, પોતાના રાષ્ટ્રની અને પોતાના વિશ્વની સંભાળ લેવી જરૂરી ગણાય અને તો જ આ શાંતિપાઠ સાર્થક થાય-

**સર્વેભવન્તુ સુખિનઃ સર્વેસન્તુ નિરામયા,**
**સર્વેભદ્રાણી પશ્યન્તુ, મા કશ્ચિત્ દુખભાગ્ ભવેત્ ॥**
**શાંતિઃ શાંતિઃ શાંતિ :**

## ૫૬૫. કાજુ...

એક દાદા ગુજરી ગયા, તેમના ખિસ્સામાંથી દશબાર દાણા કાજુબદામના નીકળ્યા. તે જોઈને છિદ્ર દેખો કહે કે મારો બેટો, મેવો ઝાપટતો હોય એટલે ગડદિયા જેવો જ હોયને!

અરે ભાઈ! પણ તમને મેવો ઝાપટવાથી કોણે રોક્યા છે? પણ ક્યાંથી ખાવ? વ્યસનમાં જ બધું ઉડાડી દો છો. દાદા તો નિર્વ્યસની હતા. પણ,

દોષદેખાને તો બધે દોષ જ દેખાય અને ગુણદેખાને બધે ગુણ જ દેખાય અને વિવેકીને ગુણ હોય ત્યાં ગુણ અને અવગુણ હોય ત્યાં અવગુણ દેખાય. પણ, સાચા સંતોને-જ્ઞાનીઓને તો ગુણ કે અવગુણ કાંઈ જ ન દેખાય, તેમને તો બધે જ ફક્ત અને ફક્ત ચૈતન્ય જ, આત્મતત્ત્વ જ, સર્વવ્યાપકપણે વિલસતું, લહેરખિયા લેતું, ઊછળતું જણાય.

## ૫૬૬. રોગ...

અમુક ભાઈ તો પૂરા નિર્વ્યસની છે, તોય કેમ બીમાર પડે છે ?

**ઉત્તર :** બીમાર થવાનાં અનેક કારણો હોય છે, અને રોગ પણ અનેક હોય છે. એટલે નિર્વ્યસનીનો રોગ એ વ્યસનનું કારણ તો નથી જ એ નક્કી.

વ્યસન સિવાય પણ આરોગ્યના નિયમોનો ભંગ થાય એટલે રોગ થાય. સમજો કે રોગ થવાનાં દસ કારણો છે, તેમાંનું વ્યસન પણ એક છે. તેથી નિર્વ્યસનીનો રોગ એ વ્યસનનું કારણ નથી, બીજાં નવ કારણોમાંથી ગમે તે હોય.

ઘરમાં અશાંતિ, ધંધામાં નુકસાન, કોઈ આઘાત, ચિંતાવાળો સ્વભાવ વગેરે પણ રોગનું કારણ બનતાં હોય છે. માટે-

'નિર્વ્યસનીને પણ કેમ રોગ થયો,' એવો કુતર્ક કરીને પોતાના જ પગ પર કુહાડો ન મારીએ.

## ૫૬૮. સ્વાદ...

વધુ મીઠું ખાવાની આદતવાળાને ઓછા મીઠાવાળું બેસ્વાદ લાગે અને ઓછા મીઠાવાળું ખાવાની આદતવાળાને વધુ મીઠાવાળું બેસ્વાદ લાગે.આથી એ સમજાયું કે-

સ્વાદ, વસ્તુ કરતાં આદતમાં વધુ છે. તો-

એવી આદત-ટેવ કેમ ન પાડીએ કે જે સંપૂર્ણ આરોગ્યદાયક હોય?

આદતના કારણે બીડી-તમાકુ, દારૂ વગેરે જેવા અસ્વાદુ પણ સ્વાદું લાગે છે અને વેજિટેબલ ઘીની આદતના કારણે ચોખ્ખા ઘીમાં પણ સુગંધને બદલે દુર્ગંધ આવે છે. આ તો સામાન્ય દાખલો છે.

## ૫૭૦. સોહં ...

**'સોહં'** સો = તે, હં = હું. તેહું આત્મા હું. સો માંથી સ કાઢી નાખો એટલે રહે ઓ અને હમ્ માંથી હ કાઢી નાખીએ એટલે રહે મ્ , એટલે રહ્યું ઓમ્. સોહંનું સંક્ષિપ્ત સ્વરૂપ ઓમ્ અને ઓમ્નું સંક્ષિપ્ત સ્વરૂપ બિંદુ, (મીંડું નહિ.)

## ૫૭૧. આરોગ્ય ...

જે જમીએ તેમાંથી પ્રથમ કફ થાય,પછી પિત્ત થાય ને પછી વાયુ થાય.

શરીરમાં સવારે કફની, બપોરે પિત્તની અને સાંજે વાયુની પ્રધાનતા હોય.

બાલ્યાવસ્થામાં કફની, યુવાવસ્થામાં પિત્તની અને વૃદ્ધાવસ્થામાં વાયુની અધિકતા હોય છે. આ સામાન્ય નિયમ છે.

## ૫૭૪. બાવાની લંગોટી...

એક ભાઈને ખૂબ વૈરાગ્ય ચડ્યો, એટલે જંગલમાં ઝૂંપડી બનાવીને રહેવા લાગ્યા. સામાનમાં બસ બે લંગોટી.થોડા દિવસ પછી એક લંગોટી ઉંદરડા લઈ ગયા. બાવાજીએ ઉંદર માટે બિલાડી રાખી. પણ બિલાડીને રોજ દૂધ જોઈએ. હવે? દૂધ માટે ગાય રાખી, પણ ગાયને રોજ સાચવે કોણ? એટલે એક બાઈ રાખી.બાઈને બાળકો જોઈએ એટલે બાળકો થયાં. લંગોટીની કેવી કમાલ! સમાજ છોડીને જંગલમાં ભાગ્યા તો જંગલમાં પણ મંગલ થયું.

સાચો વૈરાગ્ય જંગલમાં પણ નથી કે નથી વસ્તીમાં, તે તો છે સાચી સમજમાં, (હૃદયમાં) તેથી જ તો શંકરાચાર્યજીએ કહ્યું કે-

**હઠાભ્યાસોહી સંન્યાસો નૈવ કાષાય વાસસા,**
**નાહં દેહોઆત્મેતિ નિશ્ચયો ન્યાસ લક્ષણં.**

**અખાભગતે પણ ગાયું કે-**

**ઝીણી માયા છાની છરી મીઠી થઈને મારે ખરી,**
**વળગી પછી અળગી નવ થાય, જ્ઞાની પંડિતને માંહીથી ખાય,**
**અનેક રૂપે માયા રમે, જ્યાં જેવું ત્યાં તેવું ગમે,**
**'અખા' માયાના ઘણા છે ઘાટ, જ્યાં જુઓ ત્યાં માયાના જ હાટ.**

એટલે જ કહેવાય છે કે 'એને તો બિચારાને બાવાની લંગોટીવાળું થયું.'

## ૫૭૬. શુભાશીર્વાદ...

'ગુરુમહિમા' પુસ્તકને પ.પૂ.નારાયણદાસજીમહારાજના આશીર્વાદ. (સક્ષિપ્ત-)

સંતશ્રી યોગભિક્ષુજીએ આ ગ્રંથમાં એટલી સરળતાથી ગૂઢ રહસ્યો સમજાવ્યાં છે કે સામાન્ય સાધક પણ આમાંથી ('ગુરુમહિમા'માંથી) ઘણું પ્રાપ્ત કરી શકશે. આ પુસ્તકના સાદ્યંત અભ્યાસથી આપણા પ્રાચીન સંતોનાં ગૂઢ ભજનો ઘણી જ સરળતાથી સાધક સમજી શકશે અને અધ્યાત્મમાર્ગમાં ઘણી પ્રગતિ કરી શકશે.

ગુરુપૂર્ણિમાના મંગળ દિને વિમોચન થતાં આ 'ગુરુમહિમા-માહાત્મ્ય' ગ્રંથને યોગીરાજ અવધૂતશ્રી સંતરામમહારાજની દિવ્ય અખંડ જ્યોતિના શુભ આશીર્વાદ પ્રાપ્ત થાઓ.

**નડિયાદ, ગુરુવાર તા. ૯-૭-૮૧**

નારાયણદાસ, ગુરુ શ્રી સંતરામમહારાજ,મહંત શ્રી સંતરામ મંદિર.

## ૫૮૧. સૌ માટે...

'આજનું ભાથું' એ મથાળા નીચે ફેસબુકમાં જે સત્-સામગ્રી પીરસાય છે, તે સર્વોપયોગી થાય તેવો પ્રયત્ન કરાય છે. બાળક,યુવાન,વૃદ્ધને,ઓછું ભણેલાઓ અને વિદ્વાનોને, અમીર, ગરીબ, મધ્યમ વર્ગ વિગેરે સૌ માટે છે આ વિભાગ.

આમાં આરોગ્ય અને નીતિ-નિયમ-સંયમ વિષે, આચાર-વિચાર-સદાચાર વિષે,વ્યાયામ-પ્રણાયામ-યોગ વિષે,વ્યક્તિ અને સમાજ વિષે પણ હોય. ઍલોપથી-નેચરોપથી-હોમિયોપથી-આયુર્વેદ વિષે પણ કાંઈક આવે.ગૃહશાંતિ-વિશ્વશાંતિ-વાતાવરણ-પર્યાવરણ વિગેરે વિષે પણ ઈશારો હોય. ભૌતિકવિજ્ઞાન-ઋષિવિજ્ઞાન અને આત્મવિજ્ઞાન વિગેરે વિષે પણ વૈવિધ્યસભર ઘણું બધું.

આવા, સર્વજીવ કલ્યાણકારી પ્રયત્નમાંથી, ગુણગ્રાહીજનો જરૂર પુષ્પંપત્રં પ્રાપ્ત કરી જ લેતાં હોય.બાકી તો, ગાયના અઉમાંથી ઇતરડી તો લોહી જ, અને તેનું વાછરડું દૂધ પ્રાપ્ત કરે છે, તે સૌ જાણે જ છે.

## ૫૮૨. પંકજ...

શ્રી 'ગુરુ-પાદ-પંક' (ઉર્ફે પંકજભાઈ શાહ) કહેતા કે ગુરુજીને ત્યાં કામ કરવાનું હોય, ત્યારે બીક બહુ લાગે પણ શીખવાનું બહુ મળે.

'ધર્મમેઘ'માં કાંઈ રિપેરિંગ વગેરે કામ બધું તેઓ સંભાળે. જે મજૂરો આવ્યા હોય, તેમને સમજાવી દે કે બીડી બહાર જઈને પીવી. થોડા વધુ જવાબદાર હોય તેને પણ સમજાવે કે જો-જો સંભાળજો. ગુરુજી કાંઈ પૂછે તો બરોબર સમજી-વિચારીને સાચો જવાબ આપજો, જરા પણ ખોટું બોલશો, તો તુરંત પકડાઈ જશો. ગુરુજી ઈજનેરનું કામ પણ જાણે છે. હું પણ તેઓને પૂછીપૂછીને બધું કરું છું.

'ધર્મમેઘ'માં એ.સી.લગાડવા માટે તેઓએ ખૂબ વિનંતીઓ કરેલી પણ અમે એમ કહીને વાત ટાળતા કે પછી અમને એ.સી.ની આદત પડી જાય અને પછી તો 'ધર્મમેઘ'ની બહાર જ નીકળવાનું મન ન થાય અને તો તમારાં સૌનાં ઘરે પણ નહિ આવી શકીએ.

એમના સ્વધામગમન બાદ એ.સી.તો આવ્યું અને તેના દ્વારા તેમની યાદ પણ તાજી-માજી.

## ૫૮૩. ચમત્કાર...

ગુરુપ્રેમભિક્ષુજી અહીં હતા, ત્યારની આ વાત છે.

એક પત્રકાર તેમના ઘરે જઈને કહે કે ગઈ વખતે આપણે ગુરુજીના દર્શને ગયા હતા, ત્યારે તેઓએ મને ચાંદલો કરેલો એક સિક્કો આપ્યો હતો. ઘરે જઈને વાંકા વળીને હું કાંઈક લેતો હતો, ત્યાં જ મારા ખિસ્સામાંથી તે સિક્કા સાથે બિજા સિક્કાઓનો ઢગલો થઈ ગયો, એટલે મારે ગુરુજીના દર્શને જવું છે.

એટલે ભિક્ષુજી કહે કે જોજો ભૂલથી પણ આ સિક્કાના ઢગલાની વાત ગુરુજી પાસે ન કાઢતા, નહિ તો ગુરુજી ઘરમાં પેસવા નહીં દે. તેઓ તો ચમત્કાર શબ્દને આ રીતે સમજાવે છે. ચ = ચમત્કાર મત કર. કારણ કે તું પોતે જ મહા મોટો વિરાટ ચમત્કાર છો. બ્રહ્માનંદજીએ કહ્યું છે કે-

**નહિ કાગજ-કલમ જરૂરત હૈ. બિન રંગ બની સબ મૂરત હૈ,**
**ઈન મૂરત મેં એક સૂરત હૈ, તૂને એક અનેક દિખાઈ દિયા.**
**જલબુંદ કો લેકર, દેહ રચી, સૂર,માનવ,દાનવ દેહ જુદા,**
**સબ કે ઘટ-મંદિર કે અંદર તૂને આપ મુકામ જમાય દિયા.**

**'જલબુંદ કો લેકર દેહ રચી'**

એ લીટીમાં રહેલા ચમત્કારને જો, ચમત્કાર તરીકે સમજી શકાય-મૂલવી શકાય, તો એથી મોટો બીજો ચમત્કાર કયો ?

**૫૮૪. કળા...**

પૂ.ગુરુજી કહેતા કે માણસે ખૂબ કળાઓ-વિદ્યાઓ જાણી-શીખી લેવી જોઈએ. ખૂબ-ખૂબ ભૌતિકતાને જાણી-સમજી લઈએ, એટલે તેનાથી આપોઆપ ઉપરામતા પ્રાપ્ત થાય, તેનું આકર્ષણ તૂટી-છૂટી જાય. એટલે આધ્યાત્મિકતા તરફ સ્વંભૂપણે રુચિ જાગે. પછી કોઈના મોઢે દૂધપાકનાં વખાણ સાંભળીને દૂધપાક તરફ આકર્ષણ કે કુતૂહલ કે જિજ્ઞાસા ન જાગે, પણ ઊલટાનું એમ થાય કે તમતમારે ખાવ બેટા ખાવ. અમને ખબર છે કે દૂધપાક કેવો લાગે ? અમે તો તે ખાઈખાઈને ઓકટી ગયા છીએ, અમને ખબર છે કે **ઝન્નત હકીકતમેં ક્યા હૈ, હમ જાનતે હૈં, લેકિન દિલકો ખુશ રખને કા ગાલિબ યહ ખ્યાલ અચ્છા હૈ.**

સાઈકલ ન હોય ત્યાં સુધી તેનું આકર્ષણ રહે પણ તે મળ્યા પછી તેનો મોહ-આકર્ષણ તૂટી જાય, તેમ ઘણી બધી કળાઓ-વિદ્યાઓ પ્રાપ્ત કર્યા પછી ઝન્નત ક્યા હૈ નો રહસ્યફોટ થઈ જાય.

પૂજ્યશ્રીએ પોતે પણ ઘણી કળાઓ હસ્તગત કરી છે. જેમકે પોતે દરજીનું-સુથારનું-લુહારનું-કડિયાનું કામ જાણે. તેઓને ભરત-ગૂંથણ ફાવે, ઘોડા પણ દોડાવે, નિશાનબાજી પણ કરી શકે, જપયજ્ઞો અને આહુતિયજ્ઞો પણ કરે - કરાવે, પાકવિજ્ઞાન (રસોઈ) કે જેને પાંચમો વેદ કહે છે, તે પણ આવડે,યોગ-આસન-પ્રણાયામ તો તેમનો મૌલિક વિષય. કેમેરાઓ પણ ખૂબ વાપરેલા અને અત્યારે આ સ્માર્ટફોનનો લાભ ખૂબ લે છે અને ફેસબુક-માં આપે છે- 'આજનું ભાથું' દ્વારા. વણાટ માટે હાથશાળ અને મશીનશાળ પણ ચલાવી લે. હાથશાળ તો આખી જાતે ઊભી કરી શકે.

પ્રભુનામની માળા ફેરવવામાંથી પણ ચૂકે નહિ. પાણીમાં તરવામાં પણ એક્કો. હાથપગ હલાવ્યા વગર પાણી પર ચત્તા સૂઈ રહે(પ્લાવીની પ્રાણાયામ).

સાગરમાં બિંદુ જેટલું આ બધું રજૂ કરવાનું કારણ શું? માત્ર પ્રેરણાની પ્રાપ્તિ નહિ કે આત્મપ્રશંસા.

તા.ક. સાવ થોડું કહ્યું પણ ખૂબ ઝાઝું કરી સમજીએ. **- ડૉ. સ.સ.ભિક્ષુ**

## ૫૮૬. રાખડી...૪

જેમણે રાખડી મોકલી છે, મોકલવાની ઇચ્છા છે અને મોકલવાની ઇચ્છા નથી તેમની રાખડી પણ કે જે માતૃવાત્સલ્યી છલકાઈ રહી છે તેનો, ઊર્મિભર્યા પ્રેમસાગરથી છલકાતા હૃદયે સ્વીકાર કરીએ છીએ.સૌને વંદન-અભિનંદન, આશિષ.

## ૫૮૬. કળા...

મરિનલાઇન્સના દરિયાકિનારે(મુંબઈ) કૈવલ્યધામ આશ્રમમાં યોગ દ્વારા રોગ મટાડે છે. ત્યાં નિયમિત જનાર સભ્યો માટે સામાન રાખવા નાનાં-નાનાં ખાનાંઓ છે. તેનાં અમુક ખાનાંઓનાં તાળાં ખૂલતાં નહોતાં. ગુરુજીને ત્યાં જવાનું થયુ એટલે બધાં તાળાં ખોલી આપ્યાં. ત્યાંનાં મૅનેજર કહે, આપ તો તાળાં ખોલવાના મશીન જેવા છો, તેમણે ગુરુજીને એક હેન્ડડ્રિલ ભેટ આપી. ગુરુજી કહે, આ તાળાં ખોલવાની કળા કોઈને શિખવાડાય નહિ, અત્યારે તો મોક્ષદ્વાર પરનાં લોખંડી તાળાં કેવી રીતે ખોલવાં? તેની જ વાતો ગુરુજી ખૂબ કરતા હોય છે.

કેદારેશ્વરનો ચાતુર્માસ પૂરો કરીને ગુરુદેવ સીધા ગુરુધ્યાનભિક્ષુજીના ત્યાં ગયેલા. ત્યાં એક કબાટ કે જેમાં ચાંદીનાં વાસણો હતાં. તે ઘણા સમયથી ખૂલતો ન હતો. તે દિવસે પ્રયત્ન કરતાંની સાથે જ ખૂલી ગયો.

થોડાં વર્ષો પછી ગુરુજી કૈવલ્યધામમાં પોતાની ચાલતી સાધનાના માર્ગદર્શન માટે કૈવલ્યાનંદજીમહારાજશ્રીને મળ્યા. વાતચીતના અંતે મહારાજશ્રીએ કહ્યું કે - આપ જે ભૂમિકા પર છો, તેનાથી આગળનું માર્ગદર્શન હું આપી શકું તેમ નથી, પણ સાવધાન કરું છું, કે મોટાં બોર્ડો લગાવેલા આશ્રમમાં જશો નહિ.

આપ છો એ ભૂમિકાથી આગળ કોઈ બતાવી શકશે નહિ.

**પ્રશ્ન :** તો હવે મારે શું કરવું?

**જવાબ :** ઈશ્વર પ્રણિધાન(ઈશ્વર-શરણાગતિ).

અમે પૂછ્યું કે આપે શાદી કેમ નથી કરી?

**જવાબ :** કિસીને લડકી દી નહિ, મૈંને શાદી કી નહિ.

લોનાવાલામાં તેમના યોગાશ્રમમાં એ વખતે પણ એવાં મશીનો હતાં કે શરીરની બધી રચના તથા પ્રાણની ગતિવિધિ પણ નીરખી શકાય.

મહારાજશ્રીનું વ્યક્તિત્વ અતિ પવિત્ર દેખતાંની સાથે જ નમનનું મન થાય. ગોરો વાન, દૂબળું શરીર, ખાદીનાં ધોતી-કૂર્તા.

**૫૮૭. રાખડી...૫**

કેશરી છો, સજો-કેશરિયા.

જયનારાયણ.

**૫૯૧. પ્રેમભિક્ષુપત્ર...**

તા.૧૦-૦૮-૮૩, હોલૉકેન, યુ.એસ.એ. ...

ધ્યાનના કટિંગમાં એક વાત ગમી કે ભારત દેશ ગરીબ કેમ છે? સુંદર જવાબ છે! નૈતિક મૂલ્યો છોડી દીધાં છે! ગુરુજનો આગળ મનની અપેક્ષા, એનાથી ગરીબી આવે છે.

સંતોને ઓળખવા માટે અધિકારપણું જોઈએ.

પ્રભુ કૃપા કરજો.ભગવાનને વિનંતી, પ્રાર્થના કરીએ કે અમારા બાપુને શતઃ વર્ષ દીર્ઘાયુ રાખે, અમારા જેવા ભૂખ્યાતરસ્યા અને નિરાધાર ઓમ્ભક્તોનાં કલ્યાણ માટે.

ડૉક્ટરભિક્ષુ સેવાદાસજી છે, ધ્યાનભિક્ષુ સેવાભિક્ષુ છે,નૈષધજી હનુમાનજી અને ચોવીસ કલાક એવરેડી ભરતજી દેસાઈ.સૌને મારા નારાયણ.સેવા કરવાનો આવો મહામૂલો અવસર ન ચૂકીએ, નહીં તો ખોટ વરતાશે.

લિ.આપનો આજ્ઞાંકિત ગુરુપ્રેમભિક્ષુના વંદન પ્રણામ.

**૫૯૪. અસત્યનારાયણ... :** સત્યનારાયણની કથા પૂરી થઈ, એટલે ઘરધણીએ મિત્રને પૂછ્યું કે તમે આટલા બધા મોડા કેમ આવ્યા? જવાબ : ‘‘કથા શરૂ થાય તે પહેલાં જ પહોંચવા તૈયાર થયો હતો, પણ બરાબર એ જ વખતે મહેમાન આવ્યા, એટલે મોડું થયું.’’

સાવ ખોટી વાત, કથામાં આવવાની ઈચ્છા જ ન હતી, પણ પછી એમ થયું કે લોકો ટીકા કરશે, એટલે સાહેબ કથામાં આવ્યા અને –

‘‘સત્યનારાયણની કથામાં કેમ મોડા પડ્યા?’’ તેનો જવાબ અસત્યનારાયણ કથા કરીને આપી દીધો!

**૫૯૫. વિકાસ... :** વિકાસ... વિકાસ... ભૌતિક વિકાસ એ આધ્યાત્મિક વિકાસની પ્રાથમિક ભૂમિકા છે અને આધ્યાત્મિક વિકાસની ઉપરામતા મોક્ષમુક્તિમાં છે.

જો ભૌતિક વિકાસમાં કદી ઉપરામતા જ ન આવે, તો તે વિકાસ માથે પડ્યો કહેવાય.

**૬૦૦. અભિષેકયજ્ઞ... :** ઓમ્પરિવારમાં આ મંત્રથી ‘પુષ્પ-અભિષેક-યજ્ઞ’ કરાય છે.

**પ્રણવ પ્રભુજી ઓમ્... પૂજું ચરણો તમારાં...**
**આદ્ય ગુરુજી ઓમ્... અર્ઘ્ય સ્વીકારો અમારાં...**
**ઓમ્... સમર્પયામી...**

**૬૦૧. સમાનતા... :** પશુ, પક્ષી અને માણસમાં, ચારે વર્ણમાં, બધી જ નાત જાત અને કોમમાં, અમીર, ગરીબ, ભણેલ અને અભણ વગેરે-વગેરે બધાંમાં આટલી સમાનતાઓ છે :

આહાર, નિંદ્રા, ભય, મૈથુન બધાંમાં સરખાં; કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, મત્સર બધાંમાં સરખાં; બધાને કડવો રસ કડવો અને મીઠો રસ મીઠો લાગે; બધાંનાં શરીરો પંચમહાભૂતનાં; શરીરમાં કાન, નાક, આંખ વગેરે સરખાં; બધાંને ઠંડું હોય તે ઠંડું અને ગરમ હોય તે ગરમ લાગે; હર્ષ, શોક, સુખદુ:ખની લાગણી સૌની સરખી; વાત્સલ્યભાવ સૌમાં હોય; મૃત્યુભય અને દિર્ઘાયુની ઇચ્છા સૌમાં સમાન; સૌને ઊંઘ અને આરામની જરૂરત સમાન; ચામડીનો રંગ ભલે જુદો હોય, પણ લોહી તો સૌનું લાલમલાલ.

આ સિવાય અન્ય સમાનતાઓ પણ ગણાવી શકાય.

**૬૦૩. ગાંવકા... :**

**પ્રશ્ન :** આપણા બધા ગુરુસંતો વિદેશ કેમ જાય છે ? શું ભારતમાં તેઓની જરૂર નથી?

**ઉત્તર :** ભારતમાં તેમની ખૂબ જરૂર છે અને તેથી જ તેઓ વિદેશ જાય છે. તેઓ વિદેશની છાપ લઈને આવે પછી જ આપણે તેમને માન્ય કરીએ છીએ. નહીં તો ગાંવ કા જોગી! જ્યાં સુધી તેઓ ગાંવ કા જોગી જોગટા મટી ન જાય ત્યાં સુધી આપણે તેમનો ઉપદેશ સાંભળીએ નહીં અને ત્યાં સુધી આપણું કલ્યાણ થાય નહીં. આપણા સૌનાં કલ્યાણ માટે જ તેમને વિદેશ જવું પડે છે, આપણે જ તેમને વિદેશ જવા મજબૂર કરીએ છીએ. વળી, બધા જ સંતો વિદેશ નથી જતા, અમુક જ જાય છે અને યોગ્ય સમયે પાછા આવે છે અને કોઈક યોગ્ય લાગે તો ત્યાં સ્થાયી પણ થઈ જાય છે.

તેઓ 'વિદેશ જઈ આવેલ'ની ડીગ્રી પ્રાપ્ત કરે પછી તેઓ રાતને દિવસ કહે કે દિવસને રાત કહે, બધું જ સાચું !!!

**૬૦૪. બીજા ગામનો સિદ્ધ :** વ્યક્તિ વિશ્વપ્રસિદ્ધ બને તે ઉત્તમ કહેવાય; પણ તે સ્વરાષ્ટ્રે પ્રશંસાને પાત્ર બને તે અતિ ઉત્તમ ગણાય; પણ જો તે વ્યક્તિની મહાનતાને તેના પોતાના ગામવાળા અને તેના પરિવારવાળા પણ ઓળખી શકે, તો તે ઉત્તમોત્તમ ગણી શકાય. બાકી તો 'ગામનો જોગી જોગટો' જેવું જ થતું જોવામાં આવે છે અને તેથી મહાનની વધુ નજીક રહેનારા જ તેની મહાનતાના લાભથી વંચિત રહી જતાં હોય છે. કારણ કે —

જ્યાં સુધી સો રૂપિયાની નોટની ઓળખ ન હોય, ત્યાં સુધી તે સામાન્ય કાગળ જ લાગે.

**૬૦૭. તક ઝડપવી... :** હળવદના બ્રાહ્મણ જાત્રા કરીને પાછા વળ્યા'તા. તેમણે સાંભળ્યું કે અમદાવાદમાં બ્રહ્મચોરાસી છે, એટલે તેઓ ચોરાસીના દર્શન કરવા ગયા. ત્યાં તો બધા જ ભૂદેવો રેશમી ઝભ્ભા અને મુગટવાળા, અને આ ભૂદેવે તો એક જાડું ખેસિયું ઢીંચણ સુધીનું પહેરેલું અને એક ઓઢેલું. બાલદાઢી વધેલાં શરીરે ખડતલ. કેડે રોકડા રૂપિયાની વાંસળી બાંધેલી. આવા દીદાર. તેઓ પણ પંગતમાં જમવા બેઠા એટલે બાજુવાળો કહે એય... આઘો બેસ. આમ સૌનું આઘો બેસ, આઘો બેસ સાંભળીને તેમનું સ્વમાન ઘવાયું. તેમના સામાનમાં દોરી લોટો અને એક માટીની દોણી. તેઓએ વિચાર્યું કે આ રેશમિયા ઝભ્ભાને મારે યુક્તિપૂર્વક બતાવવું જોઈએ કે હું પણ હળવદનો બામણ (બ્રાહ્મણ) છું. એટલે તેઓ પંગતમાંથી થોડે દૂર જઈને, જાણીજોઈને ઠેસ ખાઈને પડી ગયા અને એટલે તેમની દોણી ફૂટી ગઈ અને તેથી તેઓ જોરજોરથી રોવા લાગ્યા. સૌ ભેળા થઈને પૂછે કે શું છે, કેમ રડો છો? તમને નવી દોણી લાવી આપીએ. તો તેઓ કહે કે -

મારે મન તો આ દોણી મારી મા સમાન છે અને મારે તેમની પાછળ ચોરાસી કરવી પડે. જો તમે ચોરાસીની હા પાડો, તો જ હું છાનો રહું.

ચોરાસીની સ્વીકૃતિ મળતાં જ અહીં બનેલા પ્રકરણના બધા સમાચાર હળવદ મોકલી, ત્યાંથી બધાંને બોલાવી અને ધામધૂમથી બ્રહ્મચોરાસી કરી અને રેશમિયા ઝભ્ભાવાળાની પંગતમાં જાતે પીરસ્યું. અસ્તુ.

**મહા શૂરવીર હોય તેઓ જ સત્કર્મો કરવાની તકો ઊભી કરી શકે. એ સિવાય તો -**

**મળેલી તક જે ચૂકી જાય, સંસારમાં તે ગોથાં ખાય.**
**જેઓ તકને ઊભી કરે, સંસારસાગરે તેઓ તરે.**

**૬૦૯. વાઘને... :** વસુબહેન (પ્રેમભિક્ષુનાં પત્ની) હસતાં-હસતાં કહેતાં કે બાપુએ ત્રણે વાઘને (ગુરુપ્રેમભિક્ષુ, ડૉ. ભિક્ષુ અને કનુભાઈને) શિયાળ બનાવી દીધાં. અમે જવાબમાં કહેતા કે :

અમોએ નહિ, પણ તે ત્રણેનાં ગુરુપ્રેમ, ગુરુનિષ્ઠા અને તેમની સાચી સ્વયંભૂ સમજણે તેઓ જાતે શિયાળ બની ગયા. અર્થાત્ તેઓ સાત્ત્વિક વિનમ્ર અને કલ્યાણપથના પથિક બની ગયા.

**૬૧૫. સત્કર્મો... :** થોડાં વર્ષો પહેલાંની આ વાત છે. મોટાભાઈ ત્યારે હયાત હતા. ડાકોરથી શ્રી ધ્યાનભિક્ષુજી આવેલા, તેમને થોડું એકાંત મળતા તેમણે મોટાભાઈ જોડે વાત કરવાની તક ઝડપી. તેઓ મોટાભાઈને કહે કે...

**"મોટાભાઈ, અમારા ધંધા ખૂબ સારી રીતે ચાલે છે. પ્રભુકૃપાથી ખૂબ કમાઈએ છીએ, પણ આ વાતની પૂ. ગુરુદેવને ખબર નથી, એટલે તેઓ, હું તેમની સેવા માટે કાંઈ ખર્ચ કરું તો મને રોકે છે. માટે આપ કૃપા કરીને ગુરુદેવને જણાવી દેજો કે પ્રભુકૃપાથી હું ખર્ચ કરી શકું તેમ છું. મને સેવા કરવાનો અવસર આપે."**

આના ઉપરથી એ જણાય છે કે સત્પુરુષોનો, પોતાની લક્ષ્મી સત્કર્મોમાં વાપરવાનો કેટલો બધો ઉત્સાહ અને તાલાવેલી હોય છે ! ગમે તે નિમિત્ત ઊભું કરીને પોતાના દ્રવ્યનો સદ્વ્યય કરી જ લે છે.

અનુભવીની વાણી છે કે માણસે-માણસે ફેર, કોઈ લાખેય ન મળે; ને કોઈ ટકાના તેર.

**૬૧૭. માબાપ... :** માબાપ સમજે કે બાળકો મોટાં થઈ રહ્યાં છે, પણ પોતે ઘરડાં થઈ રહ્યાં છે, તે તરફ સાવ બેધ્યાન હોય છે!

પોતાની દીકરીઓને પારકે ઘરે મોકલવાની છે અને પારકા ઘરની દીકરીઓને પોતાના ઘરે લાવવાની છે. પરિણામે...

બધા જ પ્રકારની પ્રતિકૂળતાઓ આવવાની છે, એમ નક્કી કરીને તે માટે તૈયાર રહેવાનું છે. તો પ્રતિકૂળતા બિલકુલ નહિ આવે અથવા સાવ થોડી આવશે તોપણ ખૂબ આનંદ થશે અને જો ખૂબ જ અનુકૂળતાઓ થઈ જશે, એમ માની લીધું હશે તો, થોડી પ્રતિકૂળતા થતાં જ ભાંગી પડાશે. જેમકે -

સોની આશા રાખી હોય અને પચીસ જ મળે, તો ખૂબ દુઃખ થાય, પણ જો પચીસની જ ધારણા રાખી હોય અને સો મળે તો ખૂબ જ આનંદ થાય.

**૬૧૮. રાતાંલૂગડાં :** રાતા લૂગડાં ને કાળાં મોં, રખે તમે હળવદિયા હો.

હળવદની લાલ માટી એટલે પહેરેલાં કપડાં લાલ થઈ જાય અને ખેતરમાં ધોમધખતા તાપમાં કામ કરતા હોય, એટલે ચામડી ઘઉંવર્ણી હોય.

એ વખતે હળવદમાં બધા બ્રાહ્મણો ગરાસદાર. ખેતરો પાંચ-દશ ગાઉ દૂર. સવારમાં ખેતરે જવા નીકળે. ઢીંચણ સુધીનું જાડું પોતિયું પહેરેલું હોય અને એક ઓઢેલું હોય. ભમરડાની જાળી જેવી ત્રણ દોરાની જનોઈ. રાત્રે, લગભગ એક કિલો બાજરો પલાળે, સવારે તે

કપડાની ઝોળીમાં ભરી સાંતીડે લટકાવી દે. ખેતરે પહોંચતાં સુધીમાં બધી બાજરી પેટમાં! રાંધેલું તો બહાર લઈ જવાય નહીં. સાંજે ઘેર આવી, નાહીધોઈ પૂજાપાઠ કરી પછી જમવાનું.

**લાલી મેરે લાલ કી, જિત દેખો તિત લાલ;**
**લાલી દેખન મૈં ગઈ, મૈં ભી હો ગઈ લાલ.**

## ૬૧૯. હળથી ઢેફાં... :

★ સોની, નાની હથોડીથી સોનું રૂપું ઘડે,
★ સુથાર મોટી હથોડીથી ખીલીઓ ઠોકે,
★ લુહાર ઘણથી લોઢું ટીપે,
★ નાત-ચોરાસીમાં બ્રાહ્મણો લાકડાની મોગરીથી મૂઠિયા ભાંગે, અને
★ એ કાળમાં હળવદના બ્રાહ્મણો પોતાના ખેતરમાં હળથી ઢેફાં ભાંગે!

## ૬૨૦. સાચા સંત... :

**પ્રશ્ન :** પણ સાચા સંત મળે ક્યાં ?
**ઉત્તર : પ્રશ્નોનો કોઈ નથી અંત, દલીલો પણ છે અનંતાનંત;**
**એ બંનેનો જ્યાં છે અંત, ત્યાં જ છે સમજો સાચા સંત.**

પ્રશ્નો અને દલીલોનો અંત ત્યારે આવે કે જ્યારે મનનું સમાધાન થઈ ગયું હોય અને મનનું સમાધાન થઈ જાય પછી સાચા સંતને ગોતવાપણું જ ન રહે.

**૬૨૧. હારજીત... :** મહાબળવાન હોય, તે જ હાર અને જીતને પચાવી શકે. સામાન્ય તો હારમાં ભાંગી પડે અને જીતમાં છકી જાય.

હારને પણ જેઓ આસાનીથી પચાવી શકે, ખરેખર તો તે તેની એક પ્રકારની જીત જ છે.

**૬૨૨. નૂગરા... :** ચાંગદેવે ઓરડામાં પ્રવેશ કર્યો, ત્યાં મુક્તાબાને નહાતાં જોયાં એટલે તુરત પાછા વળી ગયા. ત્યાં જ તેમણે મુક્તાબાનો અવાજ સાંભળ્યો.

'ફટ્ નૂગરા' આ સાંભળીને ચાંગદેવ ત્યાં જ અવળેમોઢે ઊભા રહી ગયા અને કહે કે - 'બા, મને નૂગરો કેમ કહ્યો ?'

**જવાબ** - "તો બીજુ શું કહું ? બાર સો વર્ષની તમારી ઉંમર છે, વળી, જ્ઞાનેશ્વર જેવા તમારા ગુરુ છે, તોય હજુ સ્ત્રી-પુરુષનો ભેદ તમારામાંથી ગયો નથી!"

ઉપર્યુક્ત વાતો તો પહોંચેલાની છે, અધિકાર વગર અનુકરણ કરવા જઈએ તો હંસની ચાલ ચાલતા કાગડાની પણ ભૂલી જઈએ.

**૬૨૩. ઉત્તરાયણ... :** ઉત્તરાયણ એટલે ભિષ્મપિતાનો મહાપ્રયાણનો દિવસ. દેવવ્રતે પોતાના પિતાની ઇચ્છા પૂરી કરવા આજીવન બ્રહ્મચર્ય પાળવા ભીષણ પ્રતિજ્ઞા લીધી, એટલે તેઓ ભિષ્મ કહેવાયા. તેમના પિતાએ તેમને ઇચ્છા-મૃત્યુનું વરદાન આપ્યું. બાણશૈયા પર સૂતાં-સૂતાં તેઓ ઉત્તરાયણની રાહ જોતા હતા. ત્યાં સુધી તેમણે શરીરને ટકાવી રાખ્યું.

ગીતામાં પણ કહ્યું છે કે ઉત્તરાયણમાં મૃત્યુ પામનારનો મોક્ષ થાય છે.

પરમ પિત્રુભક્ત, બ્રહ્મચર્યની ભિષ્મપ્રતિજ્ઞા લેવાવાળા ભિષ્મનો આજે દેહોત્સર્ગ, તેથી ઉત્તરાયણના મહાપર્વને –

**'ભિષ્મ દેહોત્સર્ગ મહાપર્વ'** તરીકે ઊજવવું જોઈએ.

**૬૨૪. ઊર્ધ્વલોક... :** ઉત્તરાયણના દિવસે પતંગને ઊર્ધ્વમાં મોકલાય છે. એટલે કે ઊર્ધ્વમાં જવાનું છે, અધમાં નહિ. મનને નાભિથી ઉપરના ભાગમાં જ રમમાણ કરાવવાનું છે, નાભિથી નીચે નહિ.

ઉત્તર + અયન = ઉત્તર તરફ ગતિ.

**૬૨૫. પતંગ :** પતંગ આકાશે ઊડીને ઊર્ધ્વલોકમાં જવાની પ્રેરણા આપે છે. તેનાથી પ્રેરણા લઈને, પછી તેને છોડીને, ઊર્ધ્વલોકમાં જવાનો પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે.

નાનું બાળક ચાલતાં ન શીખ્યું હોય, ત્યાં સુધી ચાલણગાડીનો સહારો લે તે યોગ્ય છે, જુવાન તંદુરસ્ત માણસ ચાલણગાડીનો ઉપયોગ કરે, તો તેની ચાલવાની ગતિમાં રુકાવટ આવે અને તે હાસ્યને જ પાત્ર બને.

**૬૨૯. ઉપરની સરકાર... :** 'મોટા માણસની ઓળખાણ છે, એટલે ગુનો કરીશું તોય ગુનેગાર નહિ ગણાઈએ,' એમ માનીને જો ગુનો કરીએ અને મોટા માણસ જો હાથ ખંખેરી નાખે તો? તો પસ્તાવાનાં પોટલાં. અને ધારો કે તેમની ઓળખાણનો ગેરલાભ લઈને, સરકારમાં ભલે નિર્દોષ સાબિત થઈએ, પણ સરકારની પણ સરકાર કે જેને કર્મનો અફર નિયમ કહેવામાં આવે છે, તેના તો ગુનેગાર ઠરીશું જ, અને તો દુઃખનાં પોટલાં.

**૬૩૨. આ વાત... :** સાધુ પોતાની તેજણ ઘોડી લઈને બાજુના ગામ જતા હતા. રસ્તામાં તેમણે એક લંગડાને પડેલો જોયો. દયાળુ સાધુએ તેને પૂછ્યું કે ભાઈ તારે ક્યાં જવું છે? તે રોતાં-રોતાં બોલ્યો કે સામે ગામ. એટલે સાધુ પોતે ઘોડી પરથી ઊતરી ગયા અને તેને ઘોડી પર ચડાવ્યો. થોડાં પગલાં ચાલ્યા એટલે એ લંગડાએ પોત પ્રકાશ્યું. તે કહે કે :

મને ન ઓળખ્યો? હું ખડગસિંહ ડાકુ, તારી ઘોડી લેવા જ મેં આ નાટક કર્યું હતું. સાધુને આવી ઘોડીની શું જરૂર? આ તો અમારે કામની. આવજો, જાઉં છું. તાકાત હોય, તો આવજો લેવા.

સાધુ કહે : ઘોડી મેં તને આપી, પણ મારી એક વિનંતી છે કે આ વાત તું કોઈને કહીશ નહીં, નહીં તો લોકો તારી આ ઠગબાજીની વાત સાંભળીને સાચા દુખિયારાને પણ મદદ નહિ કરે. બસ, પછી સાધુ પોતાના રસ્તે અને ડાકુ પોતાના.

તેજણને ટકોર. સાધુની હૃદયદ્રાવી વાણીએ, ડાકુ પણ દ્રવિત થઈ ગયો હતો. તેણે થોડા દિવસ પછી ઘોડીને છૂટી મૂકી દીધી, એટલે ઘોડી પહોંચી ગઈ પોતાના પિતા-પાસે-સાધુ પાસે.

**૬૩૩. વંશવૃદ્ધિ... :** લગ્ન શા માટે કરવાનાં છે? વંશવૃદ્ધિ માટે. વંશવૃદ્ધિ થઈ ગઈ, પતિ-પત્ની માતા-પિતા થઈ ગયાં, બસ, હવે તેમણે પણ - માતા-પિતાએ પણ પરસ્પર માતા-પિતાના સંબંધથી બંધાઈને, મર્યાદામાં રહીને જ વર્તવાનું છે. આ જ આર્યસંસ્કૃતિની ભેટ છે, આ જ ઋષિસંસ્કૃતિનો આદર્શ છે.

**૬૩૭. વિસર્જન... :** ગણેશજીની મૂર્તિઓ ખૂબ મનમોહક હોય છે, જાણે હમણાં બોલશે! પણ તોય, સમય પૂરો થતાં તેનું વિસર્જન હસતાં-નાચતાં-કૂદતાં કરી દઈએ છીએ. તે એ શીખવે છે કે -

હરકોઈ ચીજવસ્તુનું, તે જડ હોય કે ચેતન, તેનું વિસર્જન આ જ પ્રમાણે કરજો. ગણેશની મૂર્તિમાં એક ભૂત (માટી) છે, શરીર-મૂર્તિમાં પંચભૂત છે. બીજો સંદેશ એ છે કે અપરિગૃહી બનો. અતિ આવશ્યક સિવાય અન્યનો સંગ્રહ ન કરો.

મુનિ પતંજલિએ પણ કહ્યું છે કે અપરિગ્રહથી ગતજન્મનું અને આવતા જન્મનું જ્ઞાન થાય છે.

આમ, દરેક પર્વો, શોધકબુદ્ધિને કાંઈક સાત્ત્વિક ભાથું આપે જ છે.

**૬૩૯. શિવશક્તિ... :** શિવ ભોળા છે, શક્તિ ચંચળ છે. શિવ સ્થિર છે, કેમકે તેઓ શક્તિશાળી છે, શક્તિ ચંચળ છે, કેમકે તે અશક્તિશાળી છે. સ્થિરત્વ શિવત્વનું દ્યોતક છે અને લોલત્વ બલાભાવનું સૂચક છે. **દરેક શરીરમાં શિવ-શક્તિ બંને રહેલાં છે. શિવ-બીજ વીર્ય છે અને શક્તિ-બીજ રજ છે. દરેક શરીરમાં રજ અને વીર્ય બંને રહેલાં છે...** (પૂજ્ય. શ્રીના 'પ્રેરણાસિંધુ' પુસ્તકમાંથી સાભાર)

**૬૪૩. બંધારણ... :** દેશનું બંધારણ તો જાણ્યું, પણ દેહનું બંધારણ ન જાણ્યું કે જે દેહ માટે દેશ-બંધારણની રચના થઈ છે.

જો દેહના બંધારણને ઊંડાણપૂર્વક જાણી-સમજી લેવામાં આવે, તો વિશ્વને તેના વાસ્તવિક રૂપે જાણી-માણી શકાય.

જેમ એક્સરે દ્વારા શરીરમાં જોઈ શકાય છે, તેમ વિશ્વ-રચનામાં ઓતપ્રોત થયેલું પંચમહાભૂત પારખી શકાય, જો દેહ-બંધારણને તાત્ત્વિકપણે સમજી લઈએ તો.

**૬૪૪. શિવ... :-** શિવ તો સાપ, વીંછી, કાનખજૂરા વગેરે જીવોને પોતાનો શણગાર બનાવે છે. જ્યારે આપણે તો ઘરના માખી, વંદા વગેરે નિર્વિષ જીવોનો ઘાણ કાઢી નાખીએ છીએ, અને છતાંય આપણે આપણને 'શિવભક્ત' સમજીને ગૌરવ અનુભવીએ છીએ !!! (પૂજ્યશ્રીની 'પ્રેરણા સિંધુ' પુસ્તકમાંથી સાભાર)

**૬૪૫. આપણું કુરકુરિયું... :** પહેલા મુક્કો મારીને પથ્થર તોડી નાખતા હતા અને અત્યારે ટેકા વિના બેસી પણ નથી શકતા. માટે, હામ, દામ ને ઠામ હોય, ત્યારે કાંઈક કરી લેવું જોઈએ. બંગલા બનાવ્યા અને કુટુંબનું પોષણ કર્યું. તેથી શું? કૂતરું પણ પોતાના કુરકુરિયાને જિવાડવા માટે બીજાના કુરકુરિયાને મારીને ઉપાડી લાવે છે. આપણે પણ શું આવું જ કરતાં રહીશું ? આપણું કુરકુરિયું પણ જીવે અને બીજાનું પણ જીવે, એવું નહિ શીખીએ?... (પૂજ્યશ્રીની પુસ્તિકા 'પ્રેરણા સિંધુ'માંથી)

**૬૪૭. જનની... :**

**જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;**
**નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.**

આ લીટીઓ કેટલા બધા સાવધાન કરી દે છે! જો જન્મ આપવો જ હોય, તો ભક્ત, દાતા કે શૂરવીરને-મહાવીરને-અતિવીરને આપજે. બાકી તો પૃથ્વી આકાશ-પાતાળ તો સામાન્યોથી ભરેલાં જ પડ્યાં છે, તેમાં એકનો વધારો કરીશ નહિ. જન્મોજન્મની શીલરૂપી પૂંજીના ભોગે પણ જો કોઈ ઉદ્ધારક ન અવતરાવી શકાયો, તો શીલપૂંજી ખોઈને જન્મભરનું દારિદ્ર વહોરવાનો અર્થ શો?

(પૂજ્યશ્રીનું પુસ્તક યોગભિક્ષુજીની 'પ્રેરણાસિંધુ'માંથી)

**૬૪૮. શ્રાદ્ધ... :** શ્રાદ્ધપક્ષમાં કાગડાને દૂધ-રોટીની વાસ નાખે છે, તેથી જે થતું હોય તે ખરું, પણ તેથી એટલું તો જરૂર થાય છે કે તે દિવસે કાગડા ભરપેટ હોવાથી અન્ય નાના જીવ મરતા બચી જાય છે.

શ્રાદ્ધમાં ભલે ન માનતા હોય, તેવા અહિંસાવાદીઓ પણ જો શ્રાદ્ધના સોળ દિવસ કાગડાને દૂધ-રોટી નાખે તો અનંત જીવોને મરતા બચાવી શકે.

મોટા જીવને બચાવવા જેટલી ખેવના નાના જીવ માટે લેવાતી નથી.

(પૂજ્યશ્રી યોગભિક્ષુજીની 'પ્રેરણાસિંધુ' પુસ્તક માંથી)

**૬૪૯. ભર્તુહરિ... :** રાજા ભર્તુહરિએ અમરફળ પ્રાણપ્યારી રાણી પિંગલાને આપ્યું, પિંગલાએ તે ફળ પ્રાણપ્યારા અશ્વપાલને આપ્યું, અશ્વપાલે પ્રાણપ્યારી વેશ્યાને આપ્યું અને વેશ્યાએ તે ફળ, ખૂબ ભેટ મેળવવા ભર્તુહરિને આપ્યું. આ ફળ જોઈને ભર્તુહરિની આંખો ફાટી રહી ગઈ ! બસ,

આ જ સમયે, ભર્તુહરિની ચિત્તભૂમિમાં વૈરાગ્યનું બીજારોપણ થયું. તેમાંથી જ 'વૈરાગ્યશતક'નું ઝાડ ફૂલ્યુંફાલ્યું.

**૬૫૦. વાહ !... :** જે મને ચાહે, હું તેને ન ચાહું; હું બીજાને ચાહું! બીજો મને ન ચાહે, તે ત્રીજાને ચાહે! આમ, વિરોધાભાસની સાંકળ લંબાતી જ જાય.

વાહ! દોરંગી દુનિયા.

**૬૫૧. નાસ્તિક... :**

**પ્રશ્ન :** આપ તો મંદિરમાં માનતા નથી તોય મંદિર કેમ જાવ છો?

**ઉત્તર :** હું ભલે મંદિરમાં ન માનતો હોઉં, પણ મારા પરિવારમાં તો હું માનું જ છું, અને મારો પરિવાર આખો મંદિરમાં માને છે, માટે હું મંદિર જાઉં છું, પરિવારને આનંદ આપવા માટે.

**૬૫૨. અરીસા... :** ચિત્તને અરીસા જેવું બનાવીએ, કૅમેરાના રોલ જેવું નહિ. કૅમેરાની ફિલ્મ ઉપર જેટલાં ફોટા-પ્રતિબિંબો પડે છે, તે તેના પર ચીપકી જાય છે. પણ અરીસા પર પડેલું એક પણ પ્રતિબિંબ તેને ચોંટતું નથી. તે પ્રમાણે, મન પર પડેલાં રાગ-દ્વેષ વગેરેનાં પ્રતિબિંબો તેને ચોંટવાં જોઈએ નહિ. આવું મન કેળવાય માટે જ સત્સંગ-સ્વાધ્યાયમાં અને ગુરુ-સંતોનાં ચરણોમાં જઈએ છીએ.

**૬૫૫. મંત્રવિજ્ઞાન... :-** 'સ્માઇલ' બોલીએ એટલે મોબાઇલના કૅમેરામાં ફોટો પડી જાય, 'વીડિયો' બોલીએ એટલે તે ચાલુ થઈ જાય. હથેળી બતાવીએ તોપણ ફોટો પડી જાય. વાહ! આશ્ચર્ય! તો –

ઋષિમુનિઓ, સિદ્ધજનો હાથ ઊંચો કરીને આશિષ આપે કે આપણા માથા પર હાથ મૂકે કે બોલીને શાપ કે આશિષ આપે, તેની અસર કેમ ન થાય ?

મંત્રદષ્ટાના મંત્રોનો પ્રભાવ કેમ ન પડે? પડે જ.

મોબાઇલમાં પણ નક્કી કરેલા શબ્દોની જ અસર થાય છે, તેમ સિદ્ધો દ્વારા શોધાયેલા જ શબ્દો (મંત્રો)ની અસર થાય.

માણસનું મગજ એટલે સ્થૂળ થઈ ગયું છે કે, આધ્યાત્મિક સૂક્ષ્મ વિજ્ઞાન તેની સમજની બહાર છે, તેથી તે ભૌતિકવિજ્ઞાનમાં જ રાચ્યા કરે છે.

**૬૫૭. તાજો ઉપદેશ... :- ॥ પ્રત્યક્ષં કિમ્ પ્રમાણં ॥**

ડૉ. કાંતિભાઈના ત્યાંથી, યજ્ઞનો પ્રસાદ (ટિફિન) લઈને શ્રી રજનીકાંત અને તેમના પુત્ર આવ્યા. પીરસીને અમને બોલાવ્યા. અમે પ્રસાદનો પ્રારંભ કર્યો. ચિ. દર્શન પણ પીરસવા આવ્યો. તેનો હાથ, પાણી ભરેલા ગ્લાસને લાગી ગયો, એટલે બધું પાણી અમારી થાળીમાં. થાળી એક બાજુથી ઊંચી કરી અને પાણી પર કપડું મૂકીને પાણી ખેંચી લીધું. ચટણીની વાટકીમાં પણ પાણી હતું. તે અમે વાટકી વાંકી વાળીને કાઢી નાખ્યું. રજનીકાંત કહે કે ગુરુજી ચટણી બીજી લાવું છું. અમે કહ્યું કે, ના, બીજી ના લાવશો, ચટણી બહુ તીખી હતી, તે હવે અમારા માપે થઈ ગઈ.

(આ લખાણનો સાર શું ? એ તો વાચનાર જાણે. 'માંહી પડ્યા તે મહા સુખ માણે')

**૬૫૯. એક રોટલી... :** છગન તો એક જ રોટલી ખાય, પણ મગન તો ત્રણ ખાય. પણ—

છગનને એક રોટલી સાથે દાળ-ભાત, શાક-કચુંબર-રાઇતું, એકાદ મિષ્ટાન્ન, કઠોળ અને ફળફળાદિ પણ હોય. પણ -

મગનને ત્રણ રોટલી સાથે માત્ર શાક જ હોય, પણ તોય કહેવાય કે —

છગન માત્ર એક જ રોટલીથી ચલાવે છે.

**૬૬૦. દોટ... :** આટઆટલા જન્મો અને આટઆટલાં વર્ષો જેની પાછળ દોટ મૂકી છે, તે મૃગજળ છે, તેવી જો ખબર પડી હોય, તો હવે તો દોડતા બંધ થઈએ, હવે તો સ્થિર થઈએ!

પાણી સ્થિર હોય, અરીસો ચોખ્ખો હોય, તો જ પ્રતિબિંબ ચોખ્ખું દેખાય.

**૬૬૨. ચમત્કાર...! :** હમણાં-હમણાં ગુરુજીના ચમત્કારો વિષે સાંભળવા મળે છે. જેમકે ગુરુજીની કૃપાથી પુત્ર થયો કે કેસ જીતી ગયા કે પાસ થઈ ગયા કે લગ્ન થઈ ગયાં, કે રોગ મટી ગયો કે નોકરી મળી ગઈ વગેરે-વગેરે.

સાચી વાત, તેમ થયું હશે, લોકો જૂઠું શા માટે બોલે? પણ - એ બધું અમે કર્યું છે, તે વાત સાચી નહિ. એમના પુરુષાર્થ અને પ્રારબ્ધથી બધું થયું. જો એ બધું અમે કર્યું હોય તો તેની અમને ખબર હોય. પણ અમને એ ખબર હોતી નથી. એની ખબર તો અમને ત્યારે જ પડે કે જ્યારે કોઈ આવીને અમને ખબર આપે.

**બિન ભૂમિ મનોહર મહેલ રચ્યા, બિન બીજ કે બાગ લગાય દિયા;**
**સબકે ઘટમંદિર કે અંદર, તૂને આપ મુકામ જમાય દિયા !**

**૬૬૬. સાચો પ્રેમ... :** જેમ પાયાની ઈંટ કહેતી નથી, કહી શકતી નથી કે હું પાયાની ઈંટ છું, તેમ સાચા પ્રેમને પ્રદર્શનની જરૂર નથી - તેને પ્રદર્શિત કરી શકાતો જ નથી.

સાચા પ્રેમને અમુક દિવસની કે અમુક જગ્યાની મર્યાદામાં બાંધી શકાતો નથી. એ તો અખંડપણે શ્વાસે-શ્વાસે અનુભવી શકાય તેવું પરમ પાવન-પવિત્ર-પુનિતતત્ત્વ છે.

સાચા પ્રેમનો ધારક સદા નિજાનંદની મસ્તીમાં રમમાણ રહે છે.

પ્રદર્શન કરી શકાતો પ્રેમ એ તો વાસના દ્વારા આકર્ષિત થયેલાઓને પરસ્પરને છેતરવાની પ્રયુક્તિ માત્ર છે.

**લાલી મેરે લાલકી, જિત દેખો તિત લાલ;**
**લાલી દેખન મૈં ગઈ, મૈં ભી હો ગઈ લાલ.**

**૬૬૭. પ્રેમદર્શન... :** જેમ ઈમારતના પાયાની ઈંટ કહેતી નથી - કહી શકતી નથી કે હું પાયાની ઈંટ છું; જો તે કહે-કહી શકે, તો તે પાયાની ઈંટ શાની ? તેમ -

સાચો પ્રેમ કદી પ્રદર્શિત કરી શકાતો જ નથી; જો કરી શકાય તો તે સાચો પ્રેમ શાનો ? તો, તે પ્રેમ એક અભિનય માત્ર જ છે, પરસ્પરને છેતરવાની પ્રયુક્તિ જ છે.

**૬૬૮. લગ્ન જેટલો... :** ગોવિંદપુરામાં પૂ. ગુરુદેવના ૯૦મા વર્ષની ઉજવણી ધામધૂમથી સંપન્ન થઈ. ગુરુ-ભાઈબહેનોના ઉત્સાહનો તો કોઈ પાર નહતો. સૌ આપસમાં વાત કરતાં હતાં કે દીકરાનાં લગ્ન કરતાં પણ વધુ ખર્ચ, આ ગુરુ-મહોત્સવમાં દામોદરભાઈએ કર્યો. તેમનો મોટો આખો પરિવાર પણ આ ગુરુ-મહોત્સવમાં એકાકાર હતો.

ખરી વાત છે, વ્યાવહારિક ઉત્સવો કરતાં પણ જેમને આધ્યાત્મિક ઉત્સવોની કિંમત વધુ સમજાણી હોય, તે જ કલ્યાણકારી લાભ લઈ શકે. ગુરુ-સંતોના આશિષથી જ આવી સૂક્ષ્મ બુદ્ધિ પ્રાપ્ત થાય.

આપણા સૌ પર પ્રણવગુરુ પરમાત્માની કૃપા ઊતરો.

**૬૭૦. મશીનો... :** ભૌતિકવિજ્ઞાન દ્વારા નિત્ય નવાં મશીનોની શોધો થઈ રહી છે, તે શું માણસને આરામ આપવા માટે? ના... એ તો મનુષ્યની શક્તિનું ટીપેટીપું નિચોવી લેવા માટે થઈ છે, મનુષ્ય પાસેથી વધુમાં વધુ કામ લેવા માટે થઈ છે. ઘડી કે બેઘડી માટે પણ તે નવરો શાનો રહે, આરામ શાનો કરે ! માટે -

નવનવાં મશીનોની શોધોના સમાચાર જાણી હરખાવાની જરૂર નહિ.

**૬૭૧. કર્મ... :** નિષ્કામકર્મની અતિ મહત્તા છે, તે ખરું પણ કોઈ કર્મ નિષ્કામ હોતું જ નથી. માતા-પિતાની અને ગુરુ-સંતોની સેવા અને સત્કર્મો કરવા પાછળ પણ મોક્ષ-મુક્તિની કામના-ઈચ્છા હોય છે, પણ તે ઈચ્છાપૂર્તિ દ્વારા સનાતનસુખની પ્રાપ્તિ થાય છે, તેથી તે સકામ-કર્મ ઈચ્છનીય ગણાય છે.

**૬૭૨. કોમલાનંદજી... :** પૂજ્ય સ્વામી નિત્યાનંદ, બાબા મુક્તાનંદ પરમહંસ, બાબા નિત્યાનંદ અવધૂત (ગણેશપુરી).

ઉપર્યુક્ત ત્રણે પેઢીનાં દર્શનનો, સાંનિધ્યનો અને સત્સંગનો લાભ, પ્રભુકૃપાએ અમને પ્રાપ્ત થયેલો.

સ્વામી નિત્યાનંદજીનો આશ્રમ (શાંતિમંદિર - સ્વામી મુક્તાનંદ) વલસાડમાં છે. તેના દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં સર્વજીવહિતાય સુખાયનાં કાર્યો, વર્ષોથી થઈ રહ્યાં છે. અમેરિકામાં પણ તેમના બીજા આશ્રમો છે. ત્યાંના આશ્રમની મુલાકાત અમે લીધેલી, ત્યારે તેમના દ્વારા થયેલ સન્માન અને તેમની આત્મીયતાનો પરિચય અમને મળેલો.

બાબા મુક્તાનંદજીનાં શિષ્યા પૂ. સ્વામી કોમલાનંદજી, વલસાડનો આશ્રમ અત્યારે સંભાળે છે. તેઓશ્રી પરમ દિવસે મળવા આવેલાં.

તા. ૨૫મીના વલસાડના યજ્ઞમાં તેમના સાંનિધ્યનો લાભ મળશે.

**૬૭૩. આયુષ્ય... :** બૅન્ક બૅલેન્સ કેટલું વપરાયું, તેના તરફ ખૂબ કાળજીપૂર્વક ધ્યાન આપીએ છીએ પણ સૂર્ય ઊગ્યો અને અસ્ત થયો, એટલે આયુષ્યનો એક દિવસ ઓછો થયો, તેના તરફ સંપૂર્ણ બેભાન હોઈએ છીએ!

**૬૭૪. શ્રદ્ધાંજલિ... :** આપણા લાડીલા, મૂક ગુરુસેવક શ્રી જ્યોતિષભાઈ શાંતિભિક્ષુ પંડ્યા (નડિયાદ) ઓમપુરધામ-નિવાસી થયા. તેમને આપણા સૌ તરફથી શ્રદ્ધાંજલિ-પુષ્પાંજલિ-સ્મરણાંજલિ.

વર્ષો પહેલાંની વાત છે :

દુષ્કાળ ચાલતો હતો. ઓમ્‌પરિવાર મિત્રોએ વિચાર કર્યો કે એક માસ સુધી અખંડ ગાયત્રીમંત્ર જપયજ્ઞ કરીએ. એ વિચારને જબરજસ્ત પીઠબળ મળ્યું, તન-મન-ધન-વિચાર-વાણી-વર્તન દ્વારા, મહામના જ્યોતિષભાઈનું. તેમના ગામ ઉમરેઠમાં આ મહાકલ્યાણકારી કાર્ય સંપન્ન થયું. જપયજ્ઞના ત્રીસમે દિવસે બ્રહ્મચોરાસી રાખેલ અને ત્યારે આહુતિયજ્ઞ ચાલતો હતો, ત્યારે જ મેઘમહારાજે મહેર કરી - વરસ્યા.

આમ, આવા, કદી વિસ્મરણ ન થાય તેવાં તેમના સંસ્મરણો થકી તેઓ હાજરા-હજૂર છે.

ત્રીસ દિવસના જપયજ્ઞની પૂર્ણાહુતિના બીજા જ દિવસે, અમદાવાદમાં શ્રી વિજયભાઈ પટેલ (હાલ અમેરિકા)ના ગૃહે ચોવીસ દિવસનો જપયજ્ઞનો શુભારંભ થયેલો. ડૉ. ભિક્ષુના જયશ્રી ઓમ્‌ગુરુદેવ

**૬૭૫. પ્રેરક સંભારણાં... :-** વર્ષો પહેલાંની વાત છે. પરમ ગુરુપ્રેમી આપણા મણિભાઈ પટેલ. જાણે સતયુગનો માણસ. શ્વેતાંબરી સંન્યાસી. ઓમ્‌પરિવારનાં લખાણો તપાસવાની સેવા આપતા. એક પ્રસંગની વાત છે :

ભરતભાઈના અમેરિકા વિદાય-સન્માનનો પ્રસંગ હતો. એક લેખ અમે વાંચતા હતા. એક શબ્દ માટે અમે કહ્યું કે આ શબ્દ અમે ત્રણ વખત સુધાર્યો, પણ તોય કોણ જાણે તેને કોણ બદલી નાખે છે? એ સાંભળીને, સભામાં ઊભા થઈને, પોતાની છાતિ પર હાથ મૂકીને મણિભાઈ કહે કે "એ કામ આ મૂર્ખાનું (પોતાનું) છે." અમે હસીને કહ્યું કે તમે સુધાર્યું છે, તે જ સાચુ છે. પણ એ અવતરણમાં આવેલો અભિપ્રાય હતો, તેથી તે જ પ્રમાણે છાપવાનો હતો, સુધારીને નહિ. અસ્તુ.

**સાર :** પોતે મૂર્ખ છે તેની જેને ખબર પડે તે મૂર્ખ શાનો? પોતે અલ્પબુદ્ધિ છે, તેની પ્રતીતિ જેને થાય, તે અલ્પબુદ્ધિ ન જ હોય.

**૬૭૭. યોગશાસ્ત્ર...અમૃતસૂત્રો... :** પાતંજલ યોગદર્શન - ૧. હેય, ૨. હેય હેતુ, ૩. હાન, ૪. હાનોપાય. **- મહર્ષિ પતંજલિ**

હેય = અનેક પ્રકારનાં દુ:ખો, હેય હેતુ = તે દુ:ખોનું કારણ. હાન= દુ:ખોને દૂર કરવાં જોઈએ.

હાનોપાય = દુ:ખોને દૂર કરવાનો ઉપાય. **- મહર્ષિ પતંજલિ**

ઉપર્યુક્ત રજૂઆતમાં તમામ શાસ્ત્રોનો સાર આવી જાય છે અને સર્વ સમસ્યાઓનું સમાધાન મળી રહે છે.

બુદ્ધસંપ્રદાયમાં આને ચાર આર્યસત્ય કહ્યાં છે.

પાતંજલ યોગદર્શનના સાધનપાદનાં સૂત્રો ૧૬, ૧૭, ૨૪, ૨૫માં ઉપર્યુક્ત કથન છે. આ ચારે સૂત્રો અમૃતસૂત્રો સમાન છે. આખા યોગદર્શનનો નિચોડ આ ચાર સૂત્રોમાં છે અને સમસ્ત શાસ્ત્રોનો સાર એટલે યોગદર્શન. જેમકે—

**આલોક્ય સર્વા શાસ્ત્રાણી, વિચાર્ય ચ પુનઃ પુનઃ;**
**ઈદમેકં સુનિષ્પન્ન, યોગશાસ્ત્ર પરં મતં.**

કૈવલ્યની - મુક્તિની પ્રાપ્તિથી જ જન્મમરણથી પર થવાય છે અને તે જ અમરપણું

**૬૭૯. અનિષ્ટ... :-**

**॥ સ્થાન્યુનિમંત્રણે, સંગસ્મયાકરણં, પુનર્અનિષ્ટપ્રસંગાત્ ॥**

**- પાતંજલ યોગદર્શન**

સેવકો-ભક્તોનાં આમંત્રણ-નિમંત્રણથી અને તેમના દ્વારા થતી પૂજા-આરતી-ચાકરી વગેરેથી જો સાધક-યોગી-સંતોના મનમાં અભિમાન કે મોહ-મમતા-માયા ઉત્પન્ન થાય, તો તેનું પુનઃ પતન થાય છે. એટલે કે સાધના પહેલા હતો, તેવી સ્થિતિમાં આવી જાય છે. **- યોગભિક્ષુ**

**૬૮૦. પાપપુન્ય... :** ઈન્ટરનેટ, કૉમ્પ્યૂટર વિગેરેમાં કેટલી બધી માહિતીઓના ભંડારો ભર્યા હોય છે!

આપણા મનમાં જે સંકલ્પ ઊઠે તે પૂછો અને એ જ સમયે તેનો જવાબ! આનો સ્વાનુભવ ન કર્યો હોય, તેઓ તો આ બધું સાચું પણ ન માને, પણ આપણે તો સ્વાનુભવ કર્યો છે. આવી બધી શોધો કરનાર મગજ કેવું અલૌકિક હશે! પણ -

આવા અલૌકિક મગજની રચના કરનાર કોણ હશે, કેવા હશે ? તેમનું નામ જ પરમાત્મા કે જેમના વર્ણન માટે નેતિ-નેતિ શબ્દ વપરાય છે.

પરમાત્માના મગજમાં મનુષ્ય-પશુ-પક્ષી-કીટ-પતંગ વગેરેનાં તમામેતમામ કર્મોના અને સંપૂર્ણ પાપ-પુન્યના રેકર્ડ હાજરાહજૂર, તેમનાથી કોઈ પણ છટકી ન શકે.

આવું બધું જાણવા છતાં પણ આપણે નથી જાણતા, એ રીતે વર્તીને આપણને જ છેતરી રહ્યા છીએ!

**૬૮૧. દેવોનાં વાહનો... :** મહાદેવનો પોઠિયો, કાર્તિકેયનો મોર, ગણપતિનો ઉંદર, બ્રહ્માનો હંસ, વિષ્ણુનું ગરુડ, યમરાજનો પાડો, અંબાનો સિંહ, બહુચરનો કૂકડો, ઈન્દ્રનો ઐરાવત, ગંગાનો મગર, અમુકનું અમુક વગેરે બધાં જ દેવોનાં વાહનો કોઈ પશુ-પક્ષી છે.

ખરેખર તો તે બધાં હવાઈજહાજો (ઍરોપ્લેનો) જ છે, પણ તેનો આકાર ઉપર મુજબ પશુ-પક્ષી જેવો બનાવ્યો અને તેનું નામ તે મુજબ આપ્યું.

પોતાનાં વિમાનોને પશુ-પક્ષીઓનાં નામ અને આકાર આપવા તે દેવોનો પશુ-પક્ષીઓ તરફનો પ્રેમ સૂચવે છે.

**૬૮૨. સનાતનધામ... :**

- ભૌતિક સુખો પ્રાપ્ત કરાવવામાં મદદ કરે તે મદદગાર.
- સનાતનસુખ પ્રાપ્ત કરાવવામાં મદદ કરે તે ગુરુ અને -
- આંગળી પકડીને કે ખભે બેસાડીને સનાતન સુખ ધામમાં પહોંચાડી દે, તે સદ્‌ગુરુદેવ તથા -
- સદ્‌ગુરુદેવ પણ જેમની ઉપાસના કરે છે, તે પરમગુરુ, તે પ્રણવગુરુ પરમાત્મા કે જેઓ ત્રણે કાળના ગુરુઓના પણ ગુરુ છે.

**॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥**

**૬૮૪. સિદ્ધ હોય ભલે... :** ભલે સિદ્ધ, પરમહંસ, અવધૂત કે કહેવાતો ભગવાનનો અવતાર હોય અથવા સાવ સામાન્ય માનવી હોય, પણ તે બધાંનાં શરીરો તો પંચમહાભૂતનાં છે, તેથી તેમને સૌને પણ બચપણ, યુવાની, બુઢાપો, રોગ અને મૃત્યુ આવવાનાં જ. કારણ કે પંચમહાભૂતનો એ ધર્મ-સ્વભાવ છે.

જો શરીરો બચપન વગેરે અવસ્થાનોથી પર હોય, તો તે પંચમહાભૂતનાં શાનાં? હા, ચિન્મય-શરીરોની વાત જુદી છે. જેમકે :

**ન તસ્ય રોગો, ન જરા, ન મૃત્યુ ;**
**પ્રાપ્તસ્ય યોગાગ્નિમયં શરીરં** -(ઉપ.)

રોગ, જરા અને મૃત્યુથી તે શરીરો પર છે, જે શરીરો યોગાગ્નિમય થઈ ગયાં છે.

**-યોગભિક્ષુ**

**૬૮૪. અર્ધનારી-નટેશ્વર... :** અર્ધનારી-નટેશ્વરના ચિત્રમાં અર્ધું શરીર શિવનું (નરનું) અને અર્ધું શરીર મા પાર્વતીનું (નારીનું) બતાવે છે. આ ગૃહ્ય-ગહન રહસ્યને યથાશક્તિ-ભક્તિ-મતિ ઉદ્‌ઘાટિત કરવાનો નમ્ર પ્રયત્ન કરીએ.

અર્ધનારી-નટેશ્વર અર્થાત્‌ દરેક પુરુષશરીરમાં અર્ધું શરીર નારીનું અને દરેક નારીશરીરમાં અર્ધું શરીર નરનું હોય છે તેથી નરશરીરમાં પણ રજતત્ત્વ હોય અને નારીશરીરમાં પણ વીર્યતત્ત્વ હોય. અર્થાત્‌ નરનારી બંનેનાં શરીરોમાં રજ-વીર્ય બંને હોય. પોતાના જ શરીરમાં રહેલા એ રજ-વીર્યનું સંમિલન કરાવવું અને સ્વશરીરમાં જ પચાવવા એ જ સાચી વજ્રોલી મુદ્રા છે.

યોગ્ય માર્ગદર્શન, દીર્ઘકાલીન અભ્યાસ અને પરમગુરુપરમાત્માની કૃપાથી આ બધું જ સંભવ છે.

નરશરીર રચનામાં વૃષણ (અંડકોષ) છે, તો નારીશરીર રચનામાં સ્તનો છે. નરમાં દાઢી-મૂછ છે, તો નારીમાં ગર્ભાશય છે.

આવનારા નવા જીવાત્માની શરીરરચના માટે જે તત્ત્વની જરૂર છે, તેના માટે અંડકોષ જ તે તત્ત્વનો સંગ્રહકોષ છે. અને જે અને જેવા પોષકતત્ત્વોની એને જરૂર છે, તે માટે સ્તનકોષ જ તેનો પોષણકોષ છે.

નરશરીરનું વીર્યતત્ત્વ અને નારીશરીરનું રજતત્ત્વ બંને નારીશરીરમાં સંમિલન-સમાધાન સાંધીને જો એક નવીનતમ શરીર રચનાનો અલૌકિક ચમત્કાર સર્જી શકતાં હોય, તો એક જ શરીરમાં (નરના નરમાં અને નારીના નારીમાં) સ્થાપિત થયેલાં બંને ઓજતત્ત્વો ''પરસ્પર દેવોભવ'' સાધીને ચમત્કારોનો જે ચક્રાવો ચલાવી શકે, તેને કોણ માપી કે પામી શકે!?

(નોંધ : યોગી સ્વાત્મારામજીની 'હઠયોગ પ્રદીપિકા'માં વજ્રોલીમુદ્રાનો ખૂબ મહિમા ગાયો છે. તેમાં તો કહ્યું છે કે આ મુદ્રાનો અભ્યાસી યોગસાધક સંયમનિયમના પાલન વિના પણ સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે.)

વજ્રોલીમુદ્રાના તાત્ત્વિક સ્વરૂપને ઉપર દર્શાવ્યું જ છે. અસ્તુ.

**૬૮૭. સૂત્રની ભાષા... :** બધાં પુરાણોનો સાર એ કે સત્ય બોલવાથી સુખી થવાય. એ જ વાતને સંક્ષિપ્ત રીતે કહેવા માટે સત્યવાદી હરિશ્ચંદ્રનું આખ્યાન રચાયું. એ પણ લાંબું લાગતાં. સત્યનો મહિમા ગાતી સત્યનારાયણની કથાની રચના થઈ. પણ કળીયુગી અલ્પાયુ માણસ પાસે એટલો પણ સમય નહિ હોવાથી સત્યનો મહિમા ગાવા માટે ચોપાઈઓ અને પછી દોહરાઓની રચના થઈ. જેમકે, સત્ય વદ, ધર્મ ચર, સાચ બરાબર તપ નહિ. જૂઠ બરાબર પાપ; જાકી હૃદયે સાચ હૈ, તાકી હૃદયે આપ. વગેરે માટે -

જે કાંઈ કહેવું હોય તે ઓછામાં ઓછા શબ્દોમાં કહી દઈએ. લાંબું લખાણ જોઈને માણસ ગભરાઈ જાય છે, પાંચસો વર્ષનું આયુષ્ય હતું, ત્યારે પુરાણો પણ ટૂંકાં પડતાં'તાં. શાસ્ત્રો સૂત્રોની ભાષામાં રચાયાં. સૂત્ર એટલે જાણે ગાગરમાં સાગર.

અતિસંક્ષિપ્ત, વધુમાં વધુ કલ્યાણપ્રદ સામગ્રીથી ભરેલું અને સાવ સરળ લખાણ હોય, તો જ વધુમાં વધુ લોકો તેનો લાભ લઈ શકે. લોકો, કલ્યાણપ્રદ સાહિત્યનો ખૂબ લાભ લઈ શકે, તેના માટે આ જ સરળ માર્ગ છે.

**૬૯૧. ગજગ્રાહ... :** **તિલભર સૂંઢ રહી જલ બાહિર,**
**તબ હરિ નામ પુકાર્યો.**

હાથી તળાવમાં પાણી પીતો હોય છે, ત્યારે જ મગર તેનો પગ પકડે છે, ભયંકર ખેંચાતાણી ચાલે છે, હાથી ઊંડાણમાં ખેંચાતો જ જાય છે, પૂરો ડૂબી જાય છે, એટલે સૂંઢ ઊંચી કરે છે. હવે ફક્ત બે નસકોરાં જ બાકી છે હવે બીજો કોઈ ઉપાય નથી, એમ લાગે છે ત્યારે હરિને પુકારે છે, અને તુરત જ હરિ તેને છોડાવે છે.

**સાર :** હરિએ જેટલી શક્તિ આપી હોય, તે બધીનો અજમાયેશ કરી લીધા પછી જ જો હરિને પોકારાય, તો જ તે આવે, નહિ તો નહિ.

સતી દ્રૌપદીએ પણ છેલ્લી ઘડીએ જ ગુહાર લગાવીને શ્રીકૃષ્ણથી મદદ મેળવી હતી.

**૬૯૨. આંધળી બહુમતી... :** સાત આંધળાઓએ હાથીનું જે વર્ણન કર્યું તે ખોટું, પણ એક દેખતાએ હાથીનું જે વર્ણન કર્યું તે સાચું. કેમકે -

આંધળાની બહુમતી હતી એ ખરું પણ એ આંધળી હતી અને દેખતાની લઘુમતિ હતી તે દેખતી લઘુમતિ હતી.

આગળના કાળમાં, રાજ્ય માટે કુળગુરુ અને રાજ્યગુરુ તરીકે ઋષિઓની નિમણૂક કરવાની જે પ્રથા હતી, તે એટલા માટે હતી કે ઋષિઓ ઋતવાળા અર્થાત્ સ્વાનુભૂત સત્યવાળા હતા.

**૬૯૩. સ્વાર્થ... :** આપણાં બાળકો અને આપણા માથાની જૂ એ બંને આપણા જ પરસેવામાંથી પેદા થાય છે, તોય જૂને મારી નાખીએ છીએ અને બાળકોને પ્રેમથી મોટા કરીએ છીએ! કેમ!

બાળકોમાં સ્વાર્થ દેખાય છે અને જૂમાં નહિ. પણ -

સર્જનહારનાં દરેક સર્જનમાં સ્વાર્થ અને પરમાર્થ, ઝેર અને અમૃત બંને એકસાથે જ રહ્યાં છે, પણ -

જોનારાના દષ્ટિભેદના કારણે સમગ્રતયા દર્શન થતું નથી.

**૬૯૪. ઋત... :** બુદ્ધિ જ્યારે ઇન્દ્રિયાતિત પદાર્થોને ગ્રહણ કરી શકે એટલી સૂક્ષ્મ થાય, ત્યારે તેને પ્રજ્ઞા કહે છે,

સત્ય જ્યારે સ્વાનુભૂતિયુક્ત હોય, ત્યારે તે ઋત કહેવાય છે. ઋત પરથી જ ઋષિ.

**૬૯૫. ભગવાનનું સ્વરૂપ... :**

**"ભગવાનના એક રુંવાડામાં, અનંતકોટિ બ્રહ્માંડો, એક અણુની પેઠે ઊડ્યાં કરે છે."**

સમસ્ત પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, તારા વગેરે મળીને એક બ્રહ્માંડ થાય. એવા અનંત કરોડ બ્રહ્માંડો એક રૂંવાડામાં એક અણુની પેઠે ઊડ્યાં કરે, તો એ રુંવાડું કેવડું? એક શરીરમાં પાંચ લાખ રૂંવાડાંની ગણતરી છે, તો એ શરીર કેવડું?

આ સમજવા માટે ઊંડા ઊતરીએ એટલે સમાધિ-સાક્ષાત્કાર!

**૬૯૬. વિકાસ... :** વિકાસ ગાંડો થયો છે કે બાંડો થયો છે, થંભી ગયો છે કે ઊંઘી ગયો છે, રીઝી ગયો છે કે થીજી ગયો છે, વિકાસ રકાસ કરાવશે કે બચાવ, વિ.વિ. સૌ પોતાના મગજની ઘૂમરીઓને મુક્તપણે-મને, વિચારવા દે છે. આ છે માનવસહજ જ સ્વભાવ. પરંતુ વિકાસનું પરમલક્ષ્ય શું?

ભૌતિક વિકાસને તેની ચરમસીમાએ પહોંચાડીને તેનાથી ઉપરામતા પ્રાપ્ત કરી લેવી તે છે –

આધ્યાત્મિક વિકાસદ્વારનું પહેલું પગથિયું, અને તેની ટોચ છે 'કૈવલ્ય'. જો કેવળ ભૌતિક વિકાસમાં' જ સદા રાચતા રહ્યા - ગડથોલિયાં ખાતાં રહ્યાં તો લૂંટાઈ ગયા, અર્થાત્ ચોરાસીના ચક્કરમાં ચડી ગયા.

માનવજન્મ એટલા માટે જ છે કે વિકાસને તેની ચરમ-પરમસીમાએ પહોંચાડીને **'પુનરપિ મરણં, પુનરપિ જનનં પુનરપિ જનનિ જઠરે શયનં'**ના ચક્રાવાને ફેંકી દઈએ. અને જો એમ ન કરી શકીએ તો

**કાશી ગયા કરબલા ગયા,**
**જૈસા ગયા થા, વૈસા ચલફિરકે આ ગયા.**
**જાના તો યહ જાના, ન જાના કુછ ભી.**

**૬૯૭. ઈર્ષા... :** આજે ભલે તમે અમને આપસમાં લડાવી મારો, પણ યાદ રાખજો, તમે કાંઈ સોનારૂપાના નથી બન્યા, તમે પણ ધૂળ-ઢેફાંના અર્થાત્ પંચમહાભૂતના બન્યા છો, તમારી ઈર્ષા જ તમને આપસમાં લડાવી મારશે!

**૬૯૯. એપ્રિલફૂલ... :** 'એપ્રિલફૂલ' એટલે કે તમારો એપ્રિલમાસ ફૂલ જેવો હલકો, સુગંધિત અને નયનરમ્ય હજો. બીજો અર્થ - તમારો એપ્રિલ માસ આત્મીય લાગણીઓથી, ઊર્મિઓથી ભરપૂર ભરેલો (ફુલ) હજો.

**૭૦૩. શ્રીરામે... :** શ્રી રામે હરણનો શિકાર કર્યો નહોતો, પણ મારીચ નામના કપટી, બહુરૂપિયા રાક્ષસને હણ્યો હતો કે જે રાવણનો મામો હતો અને રાવણના દબાણથી, સીતાજીનું હરણ કરવામાં રાવણને મદદ કરવા તેણે કનકમૃગનું રૂપ ધારણ કર્યું હતું.

શિકારીને જેનો શિકાર કરવો હોય, તેના સ્થાનમાં તે જાય, નહિ કે શિકાર શિકારીના સ્થાનમાં આવે.

**૭૦૪. સીતાનું હરણ :** કથાની પૂર્ણાહુતિ થઈ એટલે બધાં તો ગયાં પણ એક ભાઈ જે હજુ બેઠા હતા. તેની પાસે જઈને કથાવાચકે પૂછ્યું કે ભાઈ, હજુ કેમ બેઠા છો? તમને તો કથા ખૂબ ગમી. ઘર તો યાદ જ નથી આવતું?

**જવાબ :** અરે બાપા! કથા સાંભળી છે કોણે? કથામાં આવ્યું કે સીતાનું હરણ થયું, પણ પછી એ તો આવ્યું જ નહિ કે હરણમાંથી સીતા ક્યારે થયાં? હું તો એ સાંભળવાની રાહ જોઈને બેઠો છું.

આપણે પણ આવું ક્યાંક તો કરતા જ હોઈશું.

**૭૦૮. ઈર્ષા :** આપણા મિત્રની ખૂબ પ્રગતિ થાય એ માટે તન, મન, ધન અને બધી રીતે આપણે વર્ષો સુધી ખૂબ મહેનત કરતા હોઈએ અને તે ખૂબ આગળ વધતો હોય અને તેથી આપણે પણ ખૂબ ખુશ થતાં હોઈએ. પણ આશ્ચર્ય!

આપણે નક્કી કરેલી મર્યાદાથી પણ તે વધુ ઉન્નતિ કરી રહ્યો છે, તેની આપણને ખબર પડે ત્યારે? ખરેખર તો ત્યારે આપણે ખૂબ ખુશ થવું જોઈએ, પણ ત્યારે આપણને તેની ઈર્ષા થવા લાગે છે. કેમકે—

આપણે તેના કલ્યાણ માટે નહિ પણ આપણા અહંના પોષણ માટે તેને મદદ કરતા હતા, ભલે તે બાબતથી આપણે સાવ અજાણ હતા.

ઈર્ષાતત્ત્વ મહા બળવાન છૂપા રુસ્તમ જેવું છે, માટે મદદ લેનારે અને મદદ દેનારે અતિ સાવધાન રહેવું અનિવાર્ય ગણાય.

મિત્રનું તો અહીં માત્ર દૃષ્ટાંત આપ્યું છે, આ રહસ્યને તો આરપાર સમજી લેવું જોઈએ.

**'પાંચ પાંડવ અને છઠ્ઠા નારાયણ, તારા ખપ્પર બહાર.'**

આવી છે ઈર્ષાની બોલબાલા.

**૭૦૯. માન્યતાઓ :** ગઈ કાલે જે માનતા હતા તે આજે ખોટું લાગે છે. આજનું આવતી કાલે જુદું લાગે છે અને પછી આવતા મહિને, આવતા વર્ષે અને આવતા જન્મે તો તે બધાંમાં આમૂલ પરિવર્તન!

બચપણમાં જે સાચું લાગતું હતું, જે ગમતું હતું, જે ભાવતું હતું તે બધું જુવાનીમાં બદલાઈ ગયું અને જુવાનીનું ઘડપણમાં અણગમતું થઈ ગયું! બધું જ પરિવર્તન પામનારું.

**'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા'**

મિથ્યા એટલે એક રંગરૂપમાંથી અન્ય રૂપરંગમાં સતત પરિવર્તિત થતું રહેનારું.

**૭૦૯. કામ : 'કામાતુરાણાં ન ભયં, ન લજ્જા'** કામવાસનાથી આતુર થયેલાને ભય કે શરમ હોતાં નથી.

દારૂના વ્યસનીને ખબર છે કે પોતાને કેટલું જબરજસ્ત નુકસાન થઈ રહ્યું છે, છતાંય તે દારૂ છોડી શકતો નથી.

દારૂ તો બહારની ચીજ છે પણ છ વિકારો તો કુદરતી છે. તેમાંય કામવાસના એ તો અતિ બળવાન. તેથી—

અનંત પ્રકારના ભયો કે લાલચો કે ત્રાસો કે શિશ્ન કાપી નાખવાની ચેતવણીઓ વિગેરે કામાતુરને રોકી શકશે નહિ. તો પતંગિયાની જેમ દીવા પર બળી મરવા માટે ઝંપલાવવાના જ. કામાવેગ સમયે વિવેકબુદ્ધિનાં બારણાં જડબેસલાક બંધ થઈ જાય છે. આવેગ ઓસર્યા પછી જ તે ધીમે-ધીમે ખૂલવા લાગે છે, પણ પછી તો—

**"અબ પછતાકર ક્યા હોત? જબ ચીડિયા ચૂગ ગઈ ખેત."**

એટલે બળાત્કાર, બળાત્કારી, તેને ફાંસી વગેરેની શિક્ષા, એ ક્રમ અનાદિ કાળથી ચાલુ છે અને ચાલુ રહેશે.

કુદરતી આવેગને પડકારવાનું સામાન્ય માણસનું ગજું નહિ. તેના નિવારણ માટે સૌ કોઈ યથાશક્તિ-મતિ પ્રયત્ન કરતાં રહીએ તે જ માત્ર આપણા હાથની વાત.

તેને નિવારવાના ઉપાયોમાં વધુમાં વધુ ફળદાતા ઉપાય છે બાળમંદિરથી જ એવા સંસ્કાર એવી તાલીમ, યુક્તિપ્રયુક્તિ દ્વારા આપવાનો પ્રારંભ થાય કે મન પર કાબૂ કઈ રીતે રખાય?

**૭૧૦. બ્રહ્મચર્ય... :**

(૧) બ્રહ્મચર્યરૂપી તપથી દેવોએ મૃત્યુને મારી નાંખ્યું. -ઉપનિષદ.

(૨) મરણં બિંદુ પાતેન, જીવનં બિંદુ ધારણાત્. -હ.પ્ર.

(૩) બ્રહ્મચર્યના પાલનથી વીર્યનો લાભ. - પા.યો. દર્શન

(૪) મહાદેવ કહે છે - હે દેવી! ભૂતળ પર એવી સિદ્ધિ કઈ છે જે બ્રહ્મચર્ય સિદ્ધ કરવાથી સિદ્ધ ન થાય? મારો મહિમા પણ બ્રહ્મચર્યના પ્રતાપે જ છે. **- યો.શા.**

**- યોગભિક્ષુ**

**૭૧૦. જન્મસ્થળ... :** જે ગામમાં અને જે સ્થળમાં આપણા શરીરનો જન્મ થયો હોય, ત્યાંનું વાતાવરણ આપણા શરીરને વધુ અનુકૂળ આવે છે. શરીર પર જન્મસ્થળનો પ્રભાવ ખૂબ વધુ હોય છે. કેમકે જન્મ થતાં જ તે સ્થળના વાતાવરણમાંથી શ્વાસોચ્છ્વાસ લીધા હોય છે, તેથી શરીરના બંધારણમાં મુખ્ય રૂપે ત્યાંના અણુ-પરમાણુ હોય છે.

**૭૧૧. અમૃત :** જીવતાને મારી નાંખે એવું તત્ત્વ **ઝેર** જો છે, તો મરેલાને જીવતા કરે એવું તત્ત્વ અમૃત હોય જ, ભલે આપણા હાથમાં તે નથી આવ્યું.

કુદરતના સમતોલપણાના નિયમ મુજબ ઝેર અને અમૃત બંને હોય જ, જો હોય તો બંને હોય, એક તો ન જ હોય.

ઝેર શોધવું સરળ છે, અમૃત શોધવું મહા કઠિન છે.

માનવસહજ સ્વભાવ મુજબ, માણસ સહેલું પહેલું શોધે અને સહેલાનો પ્રયોગ પણ તુરંત અને નિઃસંકોચ કરે.

**૭૧૧. કૂતરું... :** કૂતરું આપણને કરડે અને આપણે તેને. તો તેનામાં અને આપણામાં ફર્ક શું? ફક્ત એટલો જ કે તે પહેલાં કરડ્યું અને આપણે પછી, તેથી તેને પહેલાં સજા થવી જોઈએ અને આપણને પછી. પણ સજા તો બંનેને થવાની જ.

આવાં વ્યાવહારિક ગહન કટુ સત્યોને પૂર્ણપણે સમજીને-આચરીને સુખી થવાનો પ્રયત્ન કરવો તે મનુષ્યનું કામ છે, પશુનું નહિ. સુખ કાંઈ આકાશમાંથી વરસવાનું નથી. આકાશી સુખથી છેતરાઈએ નહિ.

**૭૧૨. એક... :**

**॥ એક ગણું દાન, સહસ્ર ગણું પુણ્ય ॥**

કુદરતને એક દાણો આપીએ, તો તે હજાર દાણા આપે, કુદરતને એક સુખ આપીએ, તો તે હજાર સુખ આપે અને જો તેને એક દુઃખ આપીએ, તો તે હજાર દુઃખ આપે.

જો કુદરતને સોંપીએ તો હજાર ગણું પાછું મળે, સુખ આપીએ તો સુખ અને દુઃખ આપીએ તો દુઃખ.

જો આપણે જાતે હિસાબ પતાવીએ, તો હજાર ગણું ન થાય, એકના બદલે એક જ મળે. માટે —

બરાબર સમજીને લેણું - દેણું કરીએ.

**૭૧૩. ગર્ભસંસ્કાર... :** મનુષ્યનાં તન, મન અને સમગ્ર જીવન પર, સામ્રાજ્ય કરે છે તેના ગર્ભસંસ્કારો, બીજા તો ગૌણ હોય છે. માટે —

સમાજમાં આમૂલ પરિવર્તન લાવવું હશે તો, આવતી પેઢીને સત્ત્વશીલ સર્જવી હશે તો, ગર્ભસંસ્કારને જ પાયાની ઈંટ બનાવવી રહી. બાળમંદિર તો પછીનું પગથિયું ગણાય. આથી જ સોળ સંસ્કાર-વિધિ વીસરવી પાલવશે નહિ.

**૭૧૪. નિંદા... :** જો કોઈ આપણી ખૂબ પ્રશંસા કરે છે તો કોઈ આપણી એટલી જ નિંદા જરૂર કરી રહ્યું છે.

જો કોઈને આપણા તરફ ખૂબ પ્રેમ છે, તો કોઈ આપણા તરફ એટલો જ દ્વેષ જરૂર કરી રહ્યું છે.

જો ક્રિયા-પ્રતિક્રિયાના આ અતિ સૂક્ષ્મ નિયમને સાંગોપાંગ સમજી લીધો હોય, તો જીવનમાં ખૂબ સમાધાન પ્રવર્તે.

**૭૧૫. સ્વભાવ... :** મનુષ્યનો એવો સ્વભાવ છે કે તે, તેને નવ્વાણું વખત મદદ કરી હોય તે, તે ભૂલી જાય અને એક વખત મદદ ન થઈ શકી હોય તે, તે યાદ રાખે.

કોઈએ સમાજસેવામાં જ પોતાનું જીવન સમર્પી દીધું હોય અને જો તેનાથી માત્ર એકાદ જ ભૂલ થઈ જાય તો સમાજ તેને તેલમાં પડેલી માખીની જેમ બહાર ફેંકી દેતા વાર નહિ કરે. પરાપૂર્વથી આમ જ ચાલે છે. માટે–

**સેવકોએ પૂર્ણ સાવધાની અને સંપૂર્ણ તૈયારી સાથે સેવાના ભેખધારી બનવું જોઈએ. મેવાની લાલચે સેવા નહિ, પણ આનંદપ્રાપ્તિ માટે જ પરોપકારી બનવાની ઈચ્છા રાખવી જોઈએ.**

અન્યોને સુખી કરવાથી આપણને જે આનંદ થાય તે જ તેની પ્રાપ્તિ અને સેવામય જીવન જીવતા જે કાંઈ ઝંઝાવાતો સામે ઝઝૂમવું પડે એ જ આપણું મહાતપ એમ સમજી લેવું જોઈએ.

સાચા સેવકોની માનસિક તૈયારી આવી. ઈન્દ્રના વજ્ર જેવી બધી જ પરિસ્થિતિઓને, એડીથી તે ચોટી સુધી (ટોપ ટુ બોટમ) માપી લે તેવી હોય.

**૭૧૫. મિથ્યા... :**

**॥ બ્રહ્મ સત્ય, જગત મિથ્યા ॥**

સત્ય એટલે વિકાર વિનાનું, સતત રહેવાવાળું, જેમાં ક્યારેય, કોઈ પણ પ્રકારનું પરિવર્તન ન આવે તેવું.

મિથ્યા એટલે જેનું અસ્તિત્વ જ નથી એવું નહિ, પણ હર ક્ષણે પરિવર્તન પામનારું તત્ત્વ. હાલમાં તેનાં જે નામરૂપ દેખાય છે, તે મિથ્યા છે, હર ક્ષણે તેમાં બદલાવ આવે છે, એ રીતે જગત મિથ્યા છે.

**૭૧૬. સુખદુ:ખ... :** ઇચ્છીએ કે ન ઇચ્છીએ, જાણ્યે કે અજાણ્યે પાપ-પુણ્ય થતાં જ રહેવાનાં. તેના ફળસ્વરૂપે સુખદુ:ખ ભોગવતા જ રહેવાનાં, પણ જો—

નક્કી કર્યું હોય કે પાપ તો નથી જ કરવાં, તો પાપ ઓછાં થાય અને તેથી દુ:ખ ઓછાં આવે.

શરીરધર્મના નિયમ મુજબ, અમુક વિકારો, આવેગો વિગેરે શરીરમાં રહેવાના જ, હોવાના જ. ભલે પછી તે શરીર સંત-મહંત, જતિ-સતી-સંન્યાસી, યોગી કે કહેવાતા ભગવાનના અવતાર વિગેરેનું હોય. પંચમહાભૂતના જીવિત શરીરમાં તે બધું જ હોવાનું, જેને સારું-ખરાબ કહીએ છીએ. હા...

મૃત શરીરમાં કે લોઢા-લાકડાના શરીરમાં એ બધું ન હોય.

માતા-પિતા દ્વારા જન્મ ધારણ કરનાર દરેક શરીર પંચમહાભૂતનાં જ હોય.

**૭૧૬. પ્રદર્શન... :** તન-મન-ધન કે રૂપ, પદવી કે સંપ વગેરેની આપણી ઉન્નતિના પ્રદર્શનથી આપણું ભલું નહિ થાય, તેથી તો લોકોની ઈર્ષાના જ ભોગ બનીશું. લોકો તો ઈર્ષા કરવાના નિમિત્તની રાહ જોઈને જ બેઠા છે. પ્રાણી માત્રનો એ સ્વભાવ છે. એ ઈર્ષા પછી કેવાં-કેવાં અને કેટકેટલા રૂપો લઈને આવીને આપણી ઉન્નતિના ભુક્કા બોલાવી દેશે, તેની કલ્પના આપણને ક્યાંથી આવે?

માટે પ્રદર્શનથી સાવધાન.

**૭૧૭. જનોઈ... :** ન્યુયૉર્કમાં એક સ્વામીબુવા નામના સંત(હઠયોગી) રહેતા હતા. અમે તેમને બે વખત મળ્યા. બીજી વખતે મળ્યા, ત્યારે તેમની ઉંમર ૧૧૨-૧૩ વર્ષની હતી. અમારા ખૂબ પ્રેમી હતા. અમારો ફોટો પણ તેમના કક્ષમાં લગાડેલો. ડાબા ખભે જનોઈ, કપાળે, છાતીએ, હાથ વગેરે અંગો પર ભસ્મ લગાવતા. ખૂબ ભવ્ય અને પવિત્ર પ્રભાવ હતો તેમનો. એક વખત કહે કે—

ભારતમાં તો અમુક લોકો જ જનોઈ પહેરે છે. પણ અહીં અમેરિકામાં તો બધાં જ જનોઈ પહેરે છે. ઘરેથી બહાર જવા નીકળીને ગાડીમાં બેસે એટલે તુરંત જ સીટ-બેલ્ટ, સેફ્ટી-બેલ્ટ પહેરી લ્યે.

તેમની વાત પણ ખરી, જનોઈ પણ પહેરનારની રક્ષા કરે છે અને સીટબેલ્ટ પણ રક્ષા કરે છે.

તેઓ હિંદીભાષી હતા. છેલ્લા સમાચાર મુજબ તેઓ ૧૧૪-૧૫ વર્ષે દેવ થઈ ગયા. તેઓના કહેવા મુજબ તેઓ ઈરાનના રાજાને યોગ શિખડાવવા ગયેલા. એ વખતે

ત્યાં ૧૦૦ રૂપિયાની એક-એક કેરી મળતી હતી. તેઓ સંપૂર્ણ શાકાહારી હતા. ખેચરીમુદ્રાના પૂર્ણ જ્ઞાતા હતા.

**૭૧૯ . ગાયત્રીમંત્ર... :** દરેક આહુતિયજ્ઞ દ્વારા વાતાવરણની શુદ્ધિ થાય છે. ગાયત્રીમંત્ર સાથે યજ્ઞ કરવાથી વાતાવરણ અને બુદ્ધિ બંનેની શુદ્ધિ થાય છે.

શ્રીરામ, કૃષ્ણ, સહજાનંદ, હનુમાન, ગણપતિ, ભિષ્મ, પરશુરામ વગેરે વગેરેને યોગ્ય ઉંમરે યજ્ઞોપવીતસંસ્કાર થયેલા, એટલે કે તેઓ સૌને ગાયત્રીમંત્રની દીક્ષા અપાયેલી. આમ—

પરાપૂર્વથી ગાયત્રીમંત્રનો પ્રભાવ, મહિમા અખંડપણે ગવાય છે. તેનાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે, માટે તેને 'મહામંત્ર'થી નવાજાય છે.

**૭૨૦. યજ્ઞકુંડ... :** ગઈ કાલે અઢારમો "ગુરુ-યજ્ઞ-મહોત્સવ ઊજવાયો. શ્રી જગતભાઈ અરવિંદભાઈ કે. સોની તરફથી, યજ્ઞાર્થીઓને, કુટુંબ દીઠ એક ગુરુકૅલેન્ડર તથા યજ્ઞકુંડ ભેટ અપાયાં. યજ્ઞકુંડ એ શરતે અપાયા કે કમસે કમ, મહિનામાં એક વખત તો પોતાના ઘરે યજ્ઞ કરવાનો જ. આ શરતે પંચાવન યજ્ઞકુંડ ભેટ અપાયા.

**પૂશ્રીના નેવુંમા વર્ષ નિમિત્તે જે નેવુ લાખ ગાયત્રીમંત્રો, એક વર્ષમાં કરવાનો સંકલ્પ કરાયો છે તેમાં ૫૦,૦૫,૫૦૦ મંત્રો થઈ ગયા છે. તે નિમિત્તે ૧,૩૮,૩૩,૫૦૦ મંત્રો નોંધાયેલા છે.** **-પ્રબંધક-ઓમ્પરિવાર**

**૭૨૧. હેય-દુઃખ... :** મહર્ષિ પતંજલિના, ચાર પાદયુક્ત યોગદર્શનના મુખ્ય ચાર સ્તંભ, મુખ્ય ચાર ઉપદેશ :-

(૧) હેય = ત્યજવાયોગ્ય દુઃખો,

(૨) હેયહેતુ = દુઃખોનું કારણ,

(૩) હાન = દુઃખોનો ત્યાગ કરવો જોઈએ.

(૪) હાનોપાય-દુઃખોનો ત્યાગ કરવાનો ઉપાય.

ઉપાય માટે અષ્ટાંગયોગનું સાધન બતાવાયું છે.

ગૌતમ બુદ્ધના ઉપદેશનો મુખ્ય સાર : ચાર આર્યસત્યોઃ

(૧) દુઃખ, (૨) દુઃખનું કારણ, (૩) કારણને દૂર કરવું જોઈએ. (૪) દૂર કરવાનો ઉપાય.

ઉપાય માટે અષ્ટાંગિક માર્ગનું સાધન બતાવાયું.

પતંજલિના મતે પરમાત્મા જ સર્વસ્વ અને બુદ્ધના મતે આત્મા જ સર્વસ્વ.

ભગવાન બુદ્ધે તો ભગવાનનો સ્વીકાર ન કર્યો પણ ભક્તોએ, સમાજે તો તેમને જ ભગવાન બનાવી દીધા.

## ૭૨૨. ૐ રામ ૐ... :

**॥ ૐ રામ ૐ ॥**

રામ નામની ડાબી અને જમણી બાજુ ૐ જોડીને (ૐ રામ ૐ) તે મંત્રનો જપ પચાસ લાખ વખત જપવાથી તે જપ છન્નુ કરોડ બરાબર થઈ જાય છે. આવો છે ઓમ્‌નો પ્રભાવ.

– શ્રીરામ ઉપનિષદ

**- યોગભિક્ષુ**

**૭૨૩. સ્વામીબુવા... :** ન્યુયૉર્કવાળા સ્વામીબુવાના પગનાં આંગળાં મરડાઈ ગયેલાં હતાં. તે બાબતમાં તેમણે ખુલાસો કરતાં કહ્યું કે :

મારા દેશમાં હું મૃત્યુ પામેલો. મારી ચિતા પર અગ્નિદાહ થતાં જ મારાં આંગળાં દાઝ્યાં એટલે હું જીવતો થઈ ગયો. સૌ ઘરે લઈ ગયા. ઘરનાની સૌની માન્યતા એવી હતી કે : મરેલું માણસ ચિતા પર જીવતું થાય તેને ઘરમાં રાખીએ તો ઘણું નુકસાન થાય, તેથી મને ઘરમાં ન રાખ્યો. સારા પ્રતાપ એ સૌના કે મને ઘરમાં ન રાખ્યો, તેથી હું ફરતો-ફરતો અમેરિકા આવી ચડ્યો અને તેમણે મને અપનાવી લીધો, ચિતા પર જીવતા થયેલાની તેમને બીક નહોતી. અત્યારે મારા યોગશિષ્યોમાં બધા જ અમેરિકનો છે.

**૭૨૪. સ્વામીબુવા... : સ્વામીબુવા કહે કે મારા બધા શિષ્યો અમેરિકનો છે. તેમને ફક્ત યોગ શીખવાથી કામ, બીજી કોઈ લપ્પનછપ્પન નહિ, ભારતીયો તો પૂછે કે ભસ્મ કેમ લગાડો છો? પંચકેશ કેમ રાખો છો? વગેરે. અરે ભાઈ! તારે યોગ શીખવાથી કામ છે કે ભસ્મ વગેરેથી?**

અમને ઊંચા આસને બેસાડ્યા. પોતે શિષ્યોને આસનો શિખવતા હતા. ખૂબ અઘરાં આસનોનો ક્રમ શરૂ થયો એટલે બધા અમેરિકનો તો કરતા હતા પણ મદ્રાસ બાજુના એક સાધક ઊભા રહી ગયા, એટલે સ્વામી કહે : મોદકપ્રિય બ્રાહ્મણા. અમે ઓઠીંકણ દઈને બેઠા હતા, તોય થાકી ગયા. પણ તેઓ ઊભા-ઊભા આસન શિખવાડતા હતા તોય લાંબો સમય સુધી થાક્યા નહિ. છેલ્લે અમને પૂછ્યું કે કેમ બધું બરાબર થાય છેને? આવા નિરાભિમાની.

તેઓ આંખમાંથી હવા કાઢતા. વચ્ચે રોકાયા સિવાય, લાંબો સમય શંખ વગાડતા. કક્ષની દીવાલ પર એક હજાર આસનનો ચાર્ટ લટકતો હતો. આજ સુધી અમે ચોરાસી

આસન જ જોયેલાં. તેમણે જાતે રસોઈ બનાવીને અમને જમાડ્યા, બનતા સુધી ભરત દેસાઈ અમારી સાથે હતા.

**૭૨૫. સ્વભાવ... : ચાર પ્રકારનો સ્વભાવ**

(૧) કોઈ પુસ્તક કે લેખ વાંચતા હોય, તો તેમાંથી ભૂલો ક્યાં છે, કેટલી છે તે જ ગોતે, તે જ પોતાના મગજમાં ઠાલવે.

(૨) લેખ વગેરેમાં સારું-સારું કેટલું છે, પોતાને ઉપયોગી કેટલું છે, તે જ ગોતે-નોંધે.

(૩) લેખમાં સારું-સારું, ખોટું-ખોટું જે કાંઈ હોય તે, તે બધાંયનું અવલોકન કરે.

(૪) બધુંય વાંચવાખાતર જ વાંચે, સારા-સાચા-ખોટાથી તેને કાંઈ લેવાદેવા નહિ, બસ, વાંચ્યું અને અહં પોસાયો, પત્યું કામ, જળકમળવત્.

**૭૨૬. સ્વામીબુવા... :** બુવાજી કહે : એક વાર અડધી રાત્રે ચોર આવ્યા. હું તો લંગોટીભર સૂતો હતો તે ઊભો થઈ ગયો. મેં ચોરને કહ્યું કે તમને જે જરૂરનું લાગે તે બધું લઈ જાવ, મારે બહુ ઉપયોગી નથી. રાજા-મહારાજાઓ તરફથી જે કાંઈ સોના-ચાંદીના ઇનામ-ઇકરામ મળેલાં તે બધું ચોરો લઈ ગયા. હું જાણે સાવ હલકો થઈ ગયો.

બુવાજીની ખૂબ ઇચ્છા હતી અમને ખેચરીમુદ્રા શીખવવાની. તેઓ કહે કે : તમારી જ્યારે ઇચ્છા થાય, ત્યારે તમને ખચરી શિખવાડીશ. બધી વિધિ હું જાતે કરીશ. પણ ત્યાંના ટૂંકા રોકાણના કારણે એ અનાયાસે મળતો લાભ લઈ શકાયો નહિ.

યુવાનીમાં જે શીખવા માટે ડુંગરો-પહાડોમાં રખડેલા તે જ્યારે અનાયાસે સામે આવીને ઊભું ત્યારે અમે તૈયાર નહોતા. વાહ! માંગે સો ભાગે, ને ત્યાગે સો આગે!

જ્યારે પણ તરસ લાગે ત્યારે તેઓ, થોડું લીંબુ અને મધ નાંખીને જ નવશેકું પાણી પીતા.

**૭૨૭. વ્યવહારપ્રપંચ... :** આપણો સંસાર જેટલો નાનો તેટલો વ્યવહારપ્રપંચ ઓછો અને તેથી સત્કર્મો કરવાનો સમય વધુ મળે અને તો જ માનવજન્મ સફળ-સાર્થક થાય.

**૭૨૮. ગુરુસંતો... :** આપણા ગુરુસંતો, વધુમાં વધુ મૂલ્યવાન વસ્તુ આપણને આપવા ઇચ્છતા હોય, પણ આપણને તે વસ્તુ સાવ મૂલ્ય વગરની લાગતી હોય! આનો શું ઉપાય?

જેને આપણે આપણાથી વધુ બુદ્ધિશાળી માનતા હોઈએ, તેના પર વિશ્વાસ રાખવાથી આપણું કલ્યાણ જ થાય.

**૭૨૯. અભિનેતા... :** રામ-કૃષ્ણ, હનુમાન-ગણેશ આદિ અવતારોનાં પાત્ર ભજવતા અભિનેતાઓને આપણે ફિલ્મમાં જોઈએ છીએ. તેમણે ભજવેલાં પાત્રમાં અને તેમના વ્યક્તિગત જીવનમાં ઘણો વિરોધાભાસ હોય છે. જેમકે—

જગદ્‌ગુરુ શંકરાચાર્ય ફિલ્મમાં તેમના ચાર શિષ્યોમાંના એક શિષ્યનું પાત્ર અમે ભજવેલું. શંકરાચાર્ય તરીકે એક બંગાળી અભિનેતા હતા. તેમના હાથમાં સતત સિગારેટનો ડબ્બો હોય!

આદ્ય શંકરાચાર્ય મહારાજે કદાચ સિગારેટ જોઈ પણ નહિ હોય.

આપણે સૌએ પણ આવા જ વિરોધાભાસોમાંથી પસાર થવું પડતું હોય છે. આપણે જીવનમાં અનંત પાત્રો ભજવવાં પડતાં હોય છે. જાતજાતના સંબંધો અને ધંધાઓ એ પણ એક પ્રકારનાં પાત્રો જ છે. એક જ માણસ કોઈનો બાપ-દીકરો, મામો-ભાણેજ-કાકો-ભત્રીજો, કોઈની કાકી-મામી, માસી-ફોઈ, બહેન-દિકરી વગેરે એ બધાં જ વિશ્વ મહાનાટકનાં પાત્રો-અભિનેતાઓ જ છે - છીએ.

**૭૩૦. પ્રશ્ન... :**

**પ્રશ્ન :** ગુરુદેવ આપનું શરીર નરમ-ગરમ હોય, ત્યારે આપ શું કરો છો?

**- ભાવેશ રાવલ**

**જવાબ :** કદાચ આ તમારો પ્રશ્ન ઘણાનો પ્રશ્ન હશે, માટે ઉપયોગી ગણાય, તો સાંભળો—

શરીર નરમ-ગરમ લાગે કે તુરત નાસ્તો છોડી દઉં એ પહેલો ઉપાય, બીજો ઉપાય એક ટંક ભોજન છોડી દઉં. ત્રીજો ઉપાય દવાઓ—

નેચરોપથી, ઍલોપથી, હોમિયોપથી, આયુર્વેદ અને ગુરુપથી વગેરે, જયારે જે અનુકૂળ આવે તે.

નેચરોપથીનો એક સામાન્ય નિયમ છે કેઃ

**ખાઁય કિ ન ખાઁય? તો ન ખાના, જાઁય કિ (સંડાસ) ન જાઁય? તો જરૂર જાના.**

**- યોગભિક્ષુ**

**૭૩૧. ભૂંડો ભૂતકાળ... :** કોઈ માણસ પોતાનો ભૂંડો ભૂતકાળ છોડીને શુભ વર્તમાનમાં પ્રવેશવા માંગતો હોય, તો તેને સહર્ષ અપનાવી લેવામાં જ સમાજનું હિત છે, નહિ કે તેના ભૂંડા ભૂતકાળને યાદ કરીકરીને તેને ધક્કે ચડાવવામાં.

**૭૩૨. ગુનેગાર... :** ગુનેગારને કદાચ તેનાં માતા-પિતા કે વડીલો કે મિત્રો કે સરકાર પણ માફ કરી દે, પણ કુદરત તો દંડ આપે જ, તેનો કાયદો અટલ-અફર છે કે—

શુભ કર્મનું શુભ ફળ અને અશુભ કર્મનું અશુભ ફળ મળે જ. એ શુભ-અશુભ કર્મનું ફળ ક્યારે, કેવા પ્રકારે મળે તે સામાન્ય માનવી સમજી ન શકે, પણ ખૂબ સૂક્ષ્મબુદ્ધિ માનવ, ખૂબ સૂક્ષ્મ રીતે અવલોકવાનો પ્રયત્ન કરે, તો તેને કાંઈક અંદાજ આવી શકે અને તો તે ચેતી પણ જાય.

**૭૩૩. બા... :**

(૧) બ+આ = બા, એટલે કે બહુ આપવાવાળા.

(૨) મા+તા = માતા, એટલે કે જેમનાં સંસ્મરણો સાગરમાં પણ નથી સમાતાં તે.

(૩) મ+આ = મા, એટલે કે મહા આનંદ આપે છે તે.

(૪) બા+પા = બાપા, એટલે કે બાના પા (ચોથા ભાગના.)

(૫) બાપુજી એટલે બા જેને પૂજે છે તે, બાની પૂંજી.

(૬) પિતા એટલે જેઓ પોતાના પરિવાર માટે કડવા ઘૂંટ પીતા તે, પીવે છે તે.

**૭૩૪. કરુણાલુ... :** એક ગુનેગારે, પોતાને ફાંસી આપતાં પહેલાં પોતાની માને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. તેની મા આવી એટલે તે કહે કે નજીક આવો, કાનમાં કહેવું છે. માએ કાન ધર્યો કે દીકરાએ કાન કરડી ખાધો અને કહે કે—તેં મને નાની ચોરી કરતા રોક્યો નહિ પણ પ્રોત્સાહન આપ્યું, તેથી હું મોટી ચોરીએ ચડી ગયો અને પરિણામે આજે ફાંસી!

આપણે જાણ્યે-અજાણ્યે કરેલા ગુનાઓની સજા, કુદરત યોગ્ય સમયે આપીને આપણા ચોપડા ચોખ્ખા કરી નાખે છે કે જેથી ફાંસી સુધી પહોંચી જઈએ એટલો મોટો જથ્થો ન ભેળો થઈ જાય. આથી જ કુદરત કરુણાલુ કહેવાય છે.

જે દુઃખો આજે જ, આ જ જન્મે ભોગવી લઈએ, તો તે આવતા જન્મે પણ સાથે આવવાની ફિકર ટળી જાય.

**૭૩૬. નાભિથી... :** નાભિથી નીચે સરીને 'બહુ થવું' તેનું નામ જ અનંત જન્મોની રહેંટગતિ અને નાભિથી ઉપર ચડીને, ઊર્ધ્વ જઈને કલ્યાણમાર્ગમાં વિલાઈ જવું તેનું નામ જ મોક્ષગતિ. અસ્તુ.

(પૂ.શ્રીની 'શાંતા' {પાતાંજલયોગદર્શન-સાધનપાદ} પુસ્તકમાંથી સાભાર)

**૭૩૯. કૌન સો... :**

**કૌનસો સંકટ મોર ગરીબકો? જો તુમ સો નહિ જાત હૈ ટારો,**
**વેગી હરો હનુમાન મહાપ્રભુ; જો કછુ સંકટ હોય હમારો.**

આમાં જે 'મહાપ્રભુ' શબ્દ છે તે સમજવા જેવો છે. પ્રભુ નહિ પણ મહાપ્રભુ કહ્યા હનુમાનદાદાને. કેમકે તેમણે શ્રી રામપ્રભુનાં પણ કાર્યો કર્યાં. રામપ્રભુને પણ તેમની મદદની જરૂરત પડી, તેથી હનુમાનજીને મહાપ્રભુનું બિરુદ પ્રાપ્ત થયું.

આવાં રહસ્યાત્મક ચિંતન-મનનથી સાત્ત્વિક આનંદની પ્રાપ્તિ થાય છે.

**૭૪૦. પ્રયોગશાળા... :** વિશ્વની બધી જ પ્રયોગશાળાઓ કરતાં આપણું શરીર ઘણી મોટી અને અલૌકિક પ્રયોગશાળા છે. તેનો કેવો, કેટલો, ક્યારે, લાભ લેવો; તેના થકી કેવાં પરિણામો પ્રાપ્ત કરવાં તે બધું આપણા હાથની વાત છે, આપણી બુદ્ધિ અને તાકાત પર નિર્ભર છે.

**૭૪૧. ઝાંઝર... :** ...લક્ષ્મણજીએ કહ્યું કે "આ બધાં ઘરેણાંમાંથી હું ફક્ત પગનાં ઝાંઝર જ ઓળખું છું. કારણ કે હું સીતામાતાની ચરણસેવા કરતો હતો, એટલે મેં ઝાંઝર જોયેલાં." પણ–

શ્રીરામને તો પગના, હાથના કે ગળાનાં એકેય ઘરેણાંની ઓળખ નહોતી, પતિ-પત્ની સતત સાથે રહેતાં હતાં છતાંય!!!

શ્રીરામભક્તોએ આવાં રહસ્યો જાણવાં અને માણવાં જોઈએ. અથવા તો આવાં રહસ્યો જે જાણે અને માણે તે રામભક્ત કહેવાય.

**૭૪૨. અંગ્રેજી... :** કોઈ અંગ્રેજી ભાષાનો નિષ્ણાત બધાને અંગ્રેજીમાં જ લખે એ તો જાણે ઠીક, પણ અંગ્રેજી જાણતો ન હોય તેને પણ અંગ્રેજીમાં!? આ તે ભાષાગુલામી કેવી? પણ કોઈ જ્યારે તેને ઉર્દૂમાં લખે, ત્યારે તેને પોતાની ચૂક સમજાય, જો શોધક-બુદ્ધિ હોય તો.

**૭૪૩. બહુત... :** આપણે ૬૦-૭૦ના થઈએ ત્યાં સુધીમાં તો આપણાં માતાપિતા કાકા-મામા-સાસુ સસરા વગેરે અને આપ્તજનોનો એક મોટો કાફલો મોટી યાત્રાએ વિદાય થઈ ગયો હોય છે. અને જે બચી ગયા હોય તેમાંથી પણ કોઈ આપણા દુઃખદર્દમાં ભાગ પડાવી શકતું નથી.

આપણે પણ મોટી યાત્રાએ જવાનું નક્કી જ છે. બહોત ગઈ અને થોડી રહી. જેટલી પણ ગઈ તેને બહોત સમજવાની અને જેટલી પણ રહી તેને થોડી સમજવાની. કારણ કે કેટલી બાકી છે, તેની આપણને ખબર નથી. માટે 'થોડી રહી' તેમ જ સમજવાનું.

જો થોડી જ રહી છે તો 'ગુણગ્રાહી' થઈ જવાનું. આપણા પર થયેલા તમામ અવગુણોને ભૂલીને ફક્ત ગુણોને જ યાદ રાખવાના. કારણ કે બાકી 'થોડી રહી' છે.

આવતો જન્મ ઉચ્ચ પ્રાપ્ત થાય માટે પરભવનું ભાથું બાંધી લેવાનું છે. 'થોડી'નો પૂરો લાભ લઈ લેવાનો છે.

**૭૪૪. યુવાનીમાં... :** યુવાનીમાં સોના-ચાંદી, તાંબા-પિત્તળની માળા (ઘરેણાં) પહેરીએ છીએ અને પતિ-પત્નીનું નામસ્મરણ-જપ કરીએ છીએ તેમ—

બુઢાપામાં રુદ્રાક્ષ-ચંદન-તુલસી વગેરેની માળા પહેરીએ અને પરમગુરુ પ્રણવ-પરમાત્માનું નામ-જપસ્મરણ કરીએ.

ઉંમર પ્રમાણે બધું બદલાય તો અનુકૂળતા સારી રહે. કુદરત પણ માણસની સુખાકારી માટે મોસમમાં બદલાવ લાવે જ છેને?

**૭૪૬. સંતોષ... :** સંતોષ એ કાંઈ અન્ય કોઈ પાસેથી લેવાની વસ્તુ નથી. માંગેલી-ઉછીની લીધેલી વસ્તુની કિંમત કેટલી? સંતોષ તો આપણી ભીતરથી લેવાનો છે, સત્કર્મો દ્વારા, સાત્ત્વિક-તાત્ત્વિક સાચી સમજણ દ્વારા.

**૭૪૭. બુદ્ધિશાળી... :** બુદ્ધિશાળી તે છે કે જે ગુરુ-સંતોનાં ચરણોમાં, બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને બેસી શકે છે.

**૭૪૮. ડૉક્ટર... :** ડૉ. ઓ.પ્ર. મોદીસાહેબ(MD)ને મળવાનું થયું ડૉ. ભિક્ષુજીના ત્યાં. સ્વભાવ એવો કે વાણીમાંથી નર્યું વાત્સલ્ય જ નીતરે. દર્દી તેમની વાણી સાંભળીને જ અર્ધો સાજો થઈ જાય. વૈદ્ય-ડૉક્ટરનો દર્દી જોડે જે વાત્સલ્યભાવ, ત્યાંથી જ ઉપચારનો પ્રારંભ થયો ગણાય. તેઓશ્રી કહે કે

ગુરુજી મારે એક વખત આપના ત્યાં મળવા આવવું છે. અમે કહ્યું કે જરૂર પધારો. તેઓ કહે કે ડૉક્ટર તરીકે નહિ પણ એક દર્દી તરીકે. એમ કહ્યું કે આપ ડૉક્ટર તરીકે આવો તોય સ્વાગત છે. દર્દી તરીકે આવો તોય સ્વાગત છે અને ડૉક્ટર તથા દર્દી એમ બંને તરીકે આવો તોય અને કોઈ પણ રીતે પધારો તોય આપનું સ્વાગત છે, સુસ્વાગત જ છે.

**ઓમ્‌પરિવારનાં કલ્યાણકારી કાર્યોની તેઓ ખૂબ પ્રશંસા કરે છે.**

**૭૪૯. ડૉ. ઝવેરી... :** ડૉ. સુરેશ ઝવેરીસાહેબ(MD લંડન) એ શુભેચ્છા સાથે લખ્યું હતું કે આપ સો વર્ષના થાવ. અમે જવાબમાં લખ્યું હતું કે :

તમારા આશિષ ફળતા જોવા માટે તમારી હયાતીની જરૂર. અમારી હયાતીમાં જ તમે સૌ શુભેચ્છકો હાલી નીકળો તો અમારું શતાયુ અકળાવનારું થઈ પડે.

તેઓશ્રી અમદાવાદમાં ભરાયેલા હિંસાનિવારણ સંમેલનમાં સંચાલક હતા. તેમાં અમારું પણ વક્તવ્ય હતું. તેઓ છેલ્લે-છેલ્લે નિસર્ગ-ઉપચારમાં માનતા થઈ ગયેલા.

**આપણે સો વર્ષના થઈએ ત્યાં સુધીમાં તો આપણો બધો કુટુંબપરિવાર સાફ થઈ ગયો હોય.પછી જીવવામાં શું મજા? માટે આપણે પણ સો વર્ષ જીવવાનો પ્રયત્ન કરવાનો અને આપ્તજનોને પણ દીર્ઘાયુ થાય તેવો પ્રયત્ન તેમની પાસે કરાવવાનો.**

**૭૫૦. પ્રમુખસ્વામીજી... :** પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના આશિષ અને અભિપ્રાયઃ (અતિ સંક્ષિપ્ત)

પ્રતિ, પૂ.યોગભિક્ષુજી, ‘નિર્ઝર ઝરા કો ગેબ સે’ નામક આપ કી પુસ્તિકા મિલી. ... ભગવાન સ્વામીનારાયણને ભી ઈસી સિદ્ધાંતો કા પ્રતિપાદન કિયા થા...

**જો ભી કોઈ ઈસે અનુસરેગા વહ શાંતિ કે મૂલ કો પાયેગા...**

- સ્વામી નારાયણસ્વરૂપદાસ કે જય સ્વામિનારાયણ.

**૭૫૧. ડૉ. શરણપ્રસાદજી... :** પૂના પાસે, ઉરુલિકાંચન ગામમાં ગાંધીજી સંસ્થાપિત નિસર્ગોપચાર આશ્રમના ડૉ. શરણપ્રસાદજી કહેતા કે :

પહેલે તુમ લડુ કો ખાવ બાદ મેં લડુ તુમ કો ખાયેગા.

મતલબ કે ખૂબ ગળપણ ખાવાથી ડાયાબિટીસ થાય, તે મટાડવા ભારે દવાના રગડા ખાવો-પીવો, એટલે કે હવે લાડુ આપણને ખાઈ રહ્યો છે.

**૭૫૨. જનોઈ... :** જનોઈ એટલે ગાયત્રીમંત્ર અને ગાયત્રીમંત્ર એટલે બુદ્ધિની શુદ્ધિ, વૃદ્ધિ નહિ. અને બુદ્ધિની શુદ્ધિ એટલે—

**સાર સાર કો ગ્રહી રહે, થોથા દિયે ઉડાઈ!**

બુદ્ધિની વૃદ્ધિ એટલે માતા-પિતા તથા ગુરુ-સંતોની સેવાનોય બદલો ઈચ્છે!

**૭૫૩. કાન દો... :** ‘થોડી રહી’ એટલા માટે ગુણગ્રાહી થવાનું છે. રાત થોડી ને વેશ ઝાઝાની જેમ થોડા સમયમાં પરભવનું ભાથું બાંધી લેવાનું છે. ઝેરવેરથી ભરેલા મગજ સાથે વિદાય નથી થવાનું. હૃદય અને મગજને ચોખ્ખાંચટ્ટ કરીને મહાયાત્રાએ જવાનું છે.

**કહે એક, સુન લે ઈન્સાન દો, માલિકને જબાન એક દી, કાન દો.**

બોલીએ ઓછું અને સાંભળીએ વધુ તો આપોઆપ જ ગંદકીથી બચી જવાશે.

**૭૫૪. નૈષધ વ્યાસ... :** "જેક ઑફ ઓલ, બટ માસ્ટર ઑફ નન." એમ નહિ પણ–

**આપણા ગુરુદેવ પૂ.શ્રી યોગભિક્ષુજી તો–**

**"જેક ઑફ ઑલ, બટ માસ્ટર ઑફ યોગ." - નૈષધ વ્યાસ**

આગળનું આપણું જે સત્તસાહિત્ય પ્રગટ થઈ શક્યું છે તે ચિ. નૈષધભાઈના પ્રચંડ પુરુષાર્થ અને અદ્વિતીય ગુરુનિષ્ટાના કારણે જ. આશિષ. **- યોગભિક્ષુ**

**૭૫૫. કાંકરે... :** સાસુએ વહુને કહ્યું

જુઓ સામા ખૂણામાં અનાજ ભરેલી કોઠી છે તેમાંનું બધું જ અનાજ તમારે દળવાનું છે. વહુ તો આ સાંભળીને રડવા લાગી. સાસુ કહે- આજે ને આજે નહિ, રોજનું એક કિલો.

આપણે પણ રોજે થોડું-થોડું સત્કર્મ કરવાનો નિયમ રાખીએ, તો જોતજોતામાં મોક્ષપ્રાપ્તિના અધિકારી થઈ જઈએ.

કાંકરે-કાંકરે પાળ બંધાય.

**૭૫૬. યોગભ્રષ્ટ... :**

**અર્જુન :** હે પ્રભો! યોગનો અભ્યાસ પૂર્ણ થતાં પહેલાં જ, સાધક-યોગીનું શરીર છૂટી જાય, તો તેની શું ગતિ થાય? શું તેનો નાશ થઈ જાય?

**શ્રીકૃષ્ણ :** ના, એવું કદી પણ થાય નહિ. તેવા યોગભ્રષ્ટ આત્માનો જન્મ, શૂચિ (પવિત્ર) સુખી અને સંપન્ન કુટુંબમાં થાય અને ત્યાં તે પોતાનો અભ્યાસ પૂર્ણ કરે.

**શૂચિનામ શ્રીમતાં ગેહે, યોગભ્રષ્ટો ભી જાયતે.** –ગીતા

**૭૫૭. સાક્ષાત્કાર... :** આત્મસાક્ષાત્કાર પછી આયુષ્ય પૂરું થાય ત્યાં સુધી જીવે અને નિષ્કામભાવે કાર્ય કરતા રહે.

તેમનાં જે કાંઈ પાપ-પુણ્ય ભેગાં થાય તેમાંથી પાપ તેમના નિંદકોને મળે અને પુણ્ય તેમના પ્રશંસકોને. તેમની સ્થિતિ તો રૂના પૂમડા જેવી હોય, પવન પ્રમાણે પૂમડું ઊડ્યા કરે, પોતાનો કોઈ આગ્રહ નહિ. આયુષ્ય પૂરી થવાની જ રાહ જોવાતી હોય.

**૭૫૮. દયાનંદ... :** સ્વામી દયાનંદજીને ઝેર અપાયું. ડૉક્ટર તેમને તપાસીને પૂછે છે : આ કોણ છે? આમને તો હળાહળ ઝેર અપાયું છે, ઝેર એટલું ઉગ્ર છે કે માણસ તુરંત જ મરી જાય, પણ આ તો હજુ જીવે છે અને વાતો કરે છે!"

આ હતો તેમના નૈષ્ઠિક બ્રહ્મચર્યનો પ્રબળ પ્રભાવ.

**૭૬૧. આકર્ષણ... :** પતિ-પત્ની વચ્ચે, સ્ત્રી-પુરુષ વચ્ચે જે પરસ્પર અતિ પ્રેમ અને આકર્ષણ હોય છે, તે શરીરનું છે કે આત્માનું, તે કેવી રીતે જાણવું?

બંને આજીવન બ્રહ્મચર્ય પાલનનું વ્રત લે અને ત્યાર પછી પણ જો પહેલાં જેવું જ આકર્ષણ રહે, તો તે આત્માનું, નહીંતર શરીરનું.

**૭૬૨. એકમત... :** જંગલમાં ભયાનક આગ લાગી. શિયાળે તે દૂરથી જોઈ અને તે ભાગ્યું. દૂરના વડ પર પક્ષીઓ અને તેના થડમાં ઉંદર તેના મિત્રો રહેતાં હતાં. મિત્રોને તેણે ભાગવાની સલાહ આપી. તો ઉંદર કહે કે મારે ભાગવાની જરૂર નથી. મારે તો મારા દરની અંદર, ભાગવાના સો રસ્તા છે. પક્ષીઓ પણ કહે કે અમારે પણ આકાશમાં લાખ રસ્તા છે. શિયાળે વિચાર્યું કે મારે તો ભાગવાનો એક જ રસ્તો છે, તેથી તે ઘણે દૂર ખેતરમાં સામે સેઢે ભાગી ગયું.

આખા જંગલની આગ હોલાણી એટલે શિયાળ, મિત્રોની ખબર જોવા વડના ઝાડ પાસે ગયું. જોયું તો ઝાડ સાવ ઠૂંઠું, પક્ષીઓ બધાં ઊંધે માથે લટકતાં હતાં અને ઉંદરભાઈ સસળીને ઊંધા પડ્યા હતા. આ જોઈને શિયાળ ખૂબ દુખી થયું અને મનમાં મનમાં બબડ્યું કે–

**સો મત સસળીને લાખ મત લબળી,**
**એક મત આપણી કે સામા સેઢે મૂક્યા તાપડી.**

માણસ (સ્ત્રી કે પુરુષ) એકલો હોય ત્યાં સુધી તેની એકમત. જેમ ઠીક લાગે તેમ રહે, મગજમાં કોઈ ઘર્ષણ નહિ. પરણે એટલે તેની સો મત. પોતે બે અને આખો સસરાપક્ષ. સંતાન થાય એટલે તેની લાખ મત. પછી તો ખેંચાખેંચ! મારું ધાર્યું કે તારું ધાર્યું? શિયાળ તાણે સીમ ભણી અને કૂતરું તાણે ગામ ભણી! લાખ મત લબળી!

**૭૬૩. ગુરુકુળ... :** જ્યારે ગુરુકુળની પ્રથા હતી, ત્યારે વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કરે પછી જેની ઇચ્છા આજીવન બ્રહ્મચારી રહેવાની હોય તે ગુરુકુળમાં રહી જાય અને જેમણે ગૃહસ્થાશ્રમી બનવું હોય તે ગુરુદેવના આશિષ લઈને પોતાના ગૃહે જાય. પણ પછી તેનેઃ

ઘરે ગયા પછી એ ચિંતા ન હોય કે હવે મારે આજીવિકા માટે શું કરવું? કારણકે તે ગુરુકુળમાંથી ચોસઠ કળા હસ્તગત કરીને જ આવ્યો હોય. પોતાની આજીવિકા માટે તે પોતાને મનગમતી કળાને વિકસાવે.

ગુરુકુળમાં અને નિશાળ-કૉલેજમાં માત્ર આટલો જ ફર્ક-ભેદ.

**૭૬૪. દયાનંદ... :**

(૧) શ્રદ્ધેયશ્રી સ્વામી દયાનંદજી કહેતા કે : અમે શાસ્ત્રાર્થ અને શસ્ત્રાર્થ બંને જાણીએ છીએ. અમે ભલે શસ્ત્ર નથી ઉઠાવતા પણ જરૂરત પડ્યે અમે અમારા ક્ષત્રિય શિષ્યની પીઠ થાબડી ઊભો કરી દઈએ, જેને શસ્ત્રાર્થ કરવાની ચળ ઊપડી હોય તેની સામે. માટે વિચાર કરીને આવજો.

(૨) સ્વામીજી ભરશિયાળે એક કૌપિનભર બેઠા હતા. ત્યાંથી એક બગી પસાર થઈ. તેમાં એક અંગ્રેજ અને તેના મઢમ બેઠાં હતાં. તેઓ સ્વામીજી પાસે જઈને પૂછે છે કે : તમને ઠંડી કેમ નથી લાગતી? અમે તો પગથી તે માથા સુધી ઢાંક્યું છે, તોય ઠંડી લાગે છે! સ્વામીજી કહે : તમે આખું શરીર ઢાંક્યું છે પણ મોઢું તો ખુલ્લું છે, ત્યાં ઠંડી નથી લાગતી. કેમકે મોઢાને તેની આદત છે. તેવી જ રીતે :

અમારા આખા શરીરને આદત છે. તેમાં ચમત્કાર જેવું કાંઈ જ નથી.

**૭૬૫. આંબામાંથી... :** "આંબામાંથી કેરી અને બાવળમાંથી કાંટા જ મળે."

તો એક મિત્રે લખ્યું કે બાવળમાંથી દાતણ પણ મળે.

હા ભાઈ, ખરી વાત. દાતણ, સીંગો, તેની છાલ વગેરે ઘણું મળે બાવળમાંથી, જો બુદ્ધિ ચલાવીએ તો. પણ ગમે તેટલી બુદ્ધિ ચલાવો તોય કેરી તો ન જ મળે, તે ન જ મળે.

**"ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર."**

**૭૬૬. ભગવાન... :** ભગવાન ખૂબ દયાળુ છે. સૌના ગજા પ્રમાણે સૌને સુખ-દુઃખ આપે છે. ગજા ઉપરાંત જો દુઃખ આપે તો તો માણસ દુખી-દુખી થઈ જ જાય પણ જો ગજા ઉપરાંત સુખ આપે તોપણ તે દુખી-દુખી થઈ જ જાય. પણ :-

માણસને ખૂબ દુઃખમાં દુખી થયાની તો ખબર પડે છે પણ ખૂબ સુખમાં સુખી થયાની ખબર નથી પડતી! જેમકેઃ-

તીખું ભડકા જેવું મરચુંએ ખાતો જાય, સીસકારા કરતો જાય, આંખમાંથી આંસુ ટપકતાં જાય અને—

**પાઈલ્સ પણ ભલે થાય, પણ મરચું તો ખૂબ ખાય!**

**૭૬૭. ગુરુભાઈ... :**

વ્હાલાં ગુરુ-ભાઈ-બહેનો,

પૂ. ગુરુદેવ દ્વારા, 'ફેસબુક'માં 'આજનું ભાથું' મથાળા નીચે જે દિવ્ય સામગ્રી પીરસાય છે, તે ઊંડાણપૂર્વક અવલોકવાનું ચૂકવું જોઈએ નહિ. કેમકે તે અલૌકિક,

અદ્વિતીય સામગ્રીમાં સુંદર સર્વાંગી રજૂઆત હોય છે. તે, સર્વ વર્ગના, સર્વ પ્રકારના, સર્વ જ્ઞાતિ વગેરેના ઉપયોગનું હોય છે.

આપણે ભાગ્યશાળી છીએ કે ગુરુદેવ આપણને ઘરેબેઠા તૈયાર કરી રહ્યા છે. પહેલાંના કાળમાં જંગલોમાં-આશ્રમોમાં રહીને તૈયાર થવામાં કેટલાં બધાં કષ્ટો સહેવા પડતાં હતાં.

'આજનું ભાથું'માં ઝીણામાં ઝીણી બાબતો અને કઠિનમાં કઠિન સમસ્યાઓના સમાધાનની વાતો પીરસાતી રહે છે. ઘણા બધા મિત્રો જણાવે છે કે અમને અમારી કઠિન સમસ્યાઓના સમાધાન પણ આજનું ભાથુંમાંથી મળતા રહે છે.

લૌકિક સુખ અને પારમાર્થિક સુખ પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઈએ, તેની અતિ ઉપયોગી જાણકારીઓને પણ અવારનવાર આમાં સ્થાન મળતું રહે છે.

થોડામાં ઘણું સમજી લ્યો, એટલી ક્ષમતા તો તમો સૌ ગુરુપ્રેમીઓમાં હોય જ.

**- ડૉ. સદ્‌ગુરુ સમર્પણભિક્ષુ**

**- નૈષધ વ્યાસના જયશ્રી ઓમ્‌ગુરુદેવ**

**૭૭૧. કૃપા... :** હે પરમગુરુ પ્રણવપરમાત્મા! હે પરમકૃપાળુ ગુરુ- સંતો-ભગવંતો! કૃપા કરીને કદી અમારી પરીક્ષા ન લેશો, કારણ કે અમે છ વિકારોથી ઘેરાયેલા છીએ. તેના વશમાં છીએ, ઈન્દ્રિયોના ગુલામ છીએ, માટે અમે આપની પરીક્ષામાં પાસ નહિ થઈ શકીએ.

જો આપ એમ ઈચ્છતા હો કે અમે નાપાસ થઈએ અથવા આપ અમને નાપાસ થયેલા જોવા ઈચ્છતા હો, તો અમારી પરીક્ષા લેજો.

છ વિકારોથી ઘેરાયેલાના પ્રણામ સ્વીકારશો.

**૭૭૨. અંગ્રેજી... :** પોતાની માતૃભાષાને બોલી-બોલી, લખી-લખી, વાંચી-વાંચીને કંટાળી ગયા હોય, ઊબકાઈ ગયા હોય કે તેનાથી ધરાઈ ગયા હોય તેમણે, થોડા બદલાવ માટે (ચેન્જિસ માટે) અંગ્રેજી નહિ પણ રાષ્ટ્રભાષા હિંદીનો ઉપયોગ કરવો હિતાવહ ગણાય. કેમકે એ રીતે તેઓ–

અંગ્રેજી ન જાણનાર, પોતાના દેશવાસીઓની સેવા અને સહાય કરવાનો મહદ્ લાભ અનાયાસે જ પ્રાપ્ત કરી શકે છે.

આ વાત તો માત્ર તેઓની જ છે કે જેઓ પોતાની માતૃભાષાથી ઊબાઈ કે ધરાઈ ગયા હોય, એ સિવાયનાઓ માટે તો–

**માતા અમારી માતૃભાષા, છે અમારી માવડી;**
**'ફના થઈશું તેના માટે, તે પ્રતિજ્ઞા પાળવી.**

**૭૭૩. સામદામ... :** સામ, દામ, દંડ અને ભેદ–

૧. સામ એટલે સમજાવવું.

૨. દામ એટલે પ્રલોભન આપવું.

૩. દંડ એટલે શિક્ષા કરવી, ત્રાસ-કષ્ટ આપવાં.

૪. ભેદ એટલે યુક્તિ-પ્રયુક્તિથી, છળકપટથી પોતાનું ધાર્યું કરાવવું.

રાજ્ય ચલાવવા માટે આ ચાર અનિવાર્ય ગણાય છે, તેથી–

જેમની ઈચ્છા સીધું-સાદું જીવન જીવી જવાની હોય તેઓ રાજનીતિમાં પડવાનું પસંદ નથી કરતા. વળી, કોઈના મનમાં એમ હોય કે આપણે તો રાજનીતિમાં રહેવા છતાંય સામદામનો ઉપયોગ નહિ જ કરીએ અને કદાચ એવો અવસર આવશે, તો તે ક્ષેત્ર ત્યાગી દઈશું. તો તે તેઓની ભ્રમણા માત્ર છે. પછી તો એ ક્ષેત્રમાં એટલી હદે આગળ વધી જવાયું હોય છે કે પાછું વળવું અસંભવ-અશક્ય હોય છે.

માટે જેઓ ખેરિયત ચાહતા હોય તેમણે રાજનીતિને દૂરથી સલામ જ ઉત્તમ નિર્ણય છે.

બાકી તો જેને ત્રણ તાંતણાની જનોઈ, દાભડાની વીંટી, ત્રણ આંગળની કોપીન અને પાણીમાં લોટ ઓગાળીને બનાવેલું દૂધ જ સર્વસ્વ હોય, તેની સ્થિતિ તો આવી હોય છે.

**તીન ટૂક કોપીન કો, અરુ બિન ભાજી લોન;**
**તુલસી રઘુવર ઉર બસે, ઈન્દ્ર બાપુડો કૌન?!**

**૭૭૪. ચમત્કાર... :** એક પત્રકાર, મિત્રને કહે કે હું ગુરુજીના દર્શને ગયો હતો, ત્યારે તેમણે મને ચાંદલો કરેલો એક રૂપિયાનો સિક્કો આપ્યો. ઘરે ગયા પછી હું વાંકો વળીને કાંઈક લેતો હતો ત્યાં જ મારા ખિસ્સામાંથી એ સિક્કા સાથે બીજા ઘણા સિક્કાઓ જમીન પર સરી પડ્યા. હું આ વાત કહેવા ગુરુજીના ઘરે જાઉં છું.

મિત્ર કહે, ભલે, પણ ભૂલથીયે આ સિક્કાની વાત ગુરુજીને કરતો નહિ, નહિ તો ગુરુજી તને ઘરમાં પેસવા નહિ દે, તેઓ આવા ચમત્કારોમાં માનતા નથી. તેઓ તો ચમત્કારની વ્યાખ્યા આવી કરે છે–

"ચમત્કાર એટલે ચ, મત, કર = ચમત્કાર મત કર."

**નહિ કાગજ-કલમ જરૂરત હૈ, બિન રંગ બની સબ મૂરત હૈ,**
**ઈન મૂરત મેં એક સૂરત હૈ, તૂને એક અનેક દિખાઈ દિયા.**
**કામિલ કામ કમાલ કિયા...**

**-સ્વામી બ્રહ્માનંદ**

**- યોગભિક્ષુ**

**૭૭૬. નવ્વાણું... :** સો સાંઢણીઓને ચરાવવા લઈ જતાં પહેલાં, શિષ્યે ગુરુજીને પૂછ્યું કે મારો જમવાનો અને આરામનો સમય કયો? જવાબ : બધી સાંઢ્યો ચરતી હોય, ત્યારે તારે જમી લેવું. એ બધી સાંઢ્યો આરામ કરે, ત્યારે તારે આરામ કરવો.

જંગલમાં બધી સાંઢ્યો ચરતી હતી, ત્યારે તેણે જમી લીધું. અજવાળી રાત્રે બધી સાંઢ્યોને એક મોટા ઝાડ નીચે તે આરામ કરવા લઈ ગયો. પોતે લાકડી ઉપર દાઢી ટેકવીને, એક પગની આંટી ચઢાવીને ઊભો-ઊભો બેસતી સાંઢ્યોને ગણ્યા કરે. નવ્વાણું સાંઢો બેસતા અડધી રાત થઈ. હવે શિષ્ય મૂંઝાણો કે હમણાં સવાર પડશે. આ એક સાંઢ બેસતી નથી, હું આરામ ક્યારે કરીશ? એટલે તેણે એક યુક્તિ અજમાવી. જાડા દોરડાનો એક છેડો સાંઢના એક પગે બાંધીને જોરથી ખેંચ્યો. એટલે સાંઢ ધબાક કરતી પડી. આ ધબાકો સાંભળીને જે સાંઢો બેઠી હતી, તે બધી પણ ઊભી થઈ ગઈ!

આને કહેવાય એકને બેસાડતાં નવ્વાણું જાગી; એક પ્રશ્નના ઉત્તરમાંથી બીજા નવ્વાણું પ્રશ્નો જાગ્યા!

ઊભેલી સાંઢના એક પગે કાંટો વાગ્યો હતો. તે તપાસ શિષ્યે ન કરી અને "બધી" શબ્દને જડપણે પકડી રાખીને દુખી થયો.

આજ્ઞાંકિતપણામાં પણ જડપણું ન પેસી જાય તે માટે સાવધાન અને અતિ સતર્ક રહેવું જોઈએ.

**૭૭૭. હીરો... :** હીરો મૂલવવા શાકવાળા પાસે ગયા તો તે કહે કે એક કિલો રીંગણાં આપું.

ભરવાડ પાસે ગયા તો કહે, બશેર દૂધ આપું. મારી બકરીની ડોકે બાંધીશ.

આમ, ઘણા પાસે ગયા પણ જ્યારે ઝવેરી પાસે ગયા, ત્યારે જ હીરાની સાચી કિંમત સમજાણી.

હીરાના સાચા મૂલ્યની જેને ખબર ન હોય, તેની પાસે હીરો લાંબો સમય ટકે પણ નહિ.

હીરાને તો ઝવેરીની કિંમતની પણ કાંઈ કિંમત નથી. તે તો—

જ્યાં પણ પડ્યો છે, ત્યાં-નિજાનંદમાં-સ્વરૂપાનંદમાં-મહાનંદમાં ચકચૂર છે. ભરપૂર છે.

ઉછીના આનંદનું આયુષ્ય કેટલું ? નિજાનંદમાં સનાતન સુખને વરીએ

**૭૭૮. ફાધર્સ... :** હે પરમકૃપાળુ, પરમગુરુ પ્રણવપિતા પરમાત્મા! અમે સૌ ફાધર્સ ડે હરશ્વાસે ઊજવીએ છીએ, પણ તોય એક બુંદભર પણ આપનું ઋણ ચૂકવી શકીએ તેમ નથી. પણ તોય, આત્મવંચના કરીને મન મનાવીએ છીએ કે અમે પણ પિતૃદિવસ ઊજવ્યો! કેવું વિરાટ આશ્ચર્ય!!??

**૭૭૯. મુસીબત... :** "...પણ મુસીબતને બતાવી દઈએ કે તારા કરતાં અમારા ગુરુ મોટા છે." આનો તાત્ત્વિક અર્થ આ છે :-

જીવનમાં આવતી હર મુસીબતની આપણા પર કાંઈ જ અસર ન થાય. જળકમળવત્! મુસીબતને પચાવી જવાની આપણી ક્ષમતા, તેને ઊંડાણપૂર્વક સમજીને તેને માપી લેવાની, આંબી જવાની આપણી યુક્તિ-પ્રયુક્તિઓ અવલોકીને, બિચારી મુસીબતને પણ એમ થાય કે "અહીં આપણી દાળ નહિ ગળે, મારા કરતાં આના ગુરુ ઘણા મોટા છે.

જીવનસંગ્રામના મેદાનમાં કેવી રીતે યુદ્ધ ખેલાય અને વિજયી થવાય. તેના માટે, તેના ગુરુએ તેને સંપૂર્ણ તૈયાર કરી દીધો છે, માટે અહીંથી ભાગી જવામાં જ સલામતી છે."

**૭૮૦. પરમગુરુ... :**

**॥ પૂર્વેસામઅપિગુરુઃકાલેનાનવચ્છેદાત્ ॥**

**- મહર્ષિ પતંજલિ**

**ભાવાર્થ :** ભૂતકાળમાં થઈ ગયેલા, ભવિષ્યમાં થનાર અને વર્તમાનકાળમાં છે, જે હયાત તે સર્વેના પણ– (ઈશ્વર) ગુરુ છે અને તેમને કાળ છેદી-ભેદી શકતો નથી.

તેમનું (મુખ્ય) નામ ઓમ્ (ॐ) છે. **- યોગભિક્ષુ**

**૭૮૧. વ્યાવહારિક... :** અમેરિકામાં અમારે એક ભક્તમિત્રના ત્યાં રહેવાનું થયું. એમનાં બા ગામડેથી આવેલાં. તેમને ખબર પડી કે અહીં દૂધ ઘણું મોંઘું છે, તેથી તેમણે દૂધ વાપરવું બંધ કરી દીધેલું. અમને આ વાતની ખબર પડી એટલે અમે સમજી ગયા. અમે તેમના દીકરાને કહ્યું કે તમે બાને દૂધનો ભાવ રૂપિયામાં કહ્યો હતો, હવે તમને મળતો પગાર પણ બાને રૂપિયામાં કહો. દિકરાએ તેમ કર્યું. થોડા દિવસ પછી બા દૂધ વાપરતાં થઈ ગયાં.

આવું વ્યાવહારિક જ્ઞાન જીવનમાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે, અણજોતી આફતોમાંથી, અનાયાસે જ આપણો બચાવ કરે છે.

**૭૮૨. નાનું ખોટું... :** એક નાના ખોટાને જાહેર કરી દેવામાં નુકસાન સાવ ઓછું, પણ તેને છુપાવવા માટે પાંચ ખોટાં; પાંચને છુપાવવા માટે પચાસ; અને પછી સો, હજાર ને લાખ ખોટાં કરવાં પડે. આમ ખોટાનું હિમાલય જેવડું કદ થઈ જાય પછી તેને છુપાવી ન શકાય. ફળસ્વરૂપ કાંતો આજીવન કેદ, કાં તો ફાંસીનો ફંદો.

**૭૮૩. વિવેકાંધ... :** માતાપિતા કોઈ પણ ભોગે દીકરાને પરદેશ ભણવા મોકલે. દીકરાને ભણતર દરમિયાન ત્યાંની ચકાચૌંધમાં અને ત્યાંના સ્ત્રી-પુરુષ મિત્રો સાથે રહેવાની આદત પડી જાય. આ બધાં કારણે દીકરો ત્યાં સ્થાઈ થઈ જાય. તો તે માટે પણ માતાપિતા પોતાનું સર્વસ્વ વેચીસાટીને દીકરાને ત્યાં રહેવાની સગવડ કરી આપે! અને પછી સૂક્ષ્મપણે ફુલાય અને માને કે દીકરા માટે ખૂબ બલિદાન આપ્યું! પણ તેઓ પોતાના વિવેકાંધપણાને કારણે એટલું ન સમજે કે તેમણે આ બધું કરીને દીકરાને અલૌકિક વસ્તુથી વંચિત રાખી દીધો છે. એટલે કે -

દીકરો પોતાનાં માતાપિતાની અમૂલ્ય સેવાથી હંમેશાંને માટે વંચિત થઈ ગયો કે જેના માટે, સુર, અસુર, ગંધર્વ વગેરે પણ તડપતા-તરસતા હોય છે !

આને લાગણી કે પ્રેમ નહિ પણ મોહ કે વિવેકાંધ પણું જ કહેવાયને ?

**૭૮૧. પૂછીને :** હું ગુરુજીને કહીને ગયો હતો અને હું ગુરુજીને પૂછીને ગયો હતો.

કહીને અને પૂછીને એ બંનેમાં કેટલો બધો ફર્ક! હું બહારગામ જાઉં છું, એમ કહીને ગયા અને હું બહારગામ જાઉં ? એને કહેવાય પૂછવું. પછી હા કહે, તો જાય અને ના કહે, તો ન જાય.

**૮૭૫. અમેરિકા :** આ વાત અમેરિકાની છે. એક અંગ્રેજીના પ્રોફેસરસાહેબ અમારા ખૂબ પ્રેમી, થોડા સમયમાં જ તેઓ અમને ખૂબ ઊંડાણપૂર્વક સમજી શકેલા.

દેશમાંથી તેમના પર તાર આવ્યો. તેમાં તેમના પિતાજીના સ્વર્ગવાસ થયાના સમાચાર હતા. તે વાંચીને તેમના મુખમાંથી દુખોદ્ગાર સરી પડ્યો કે :

**"અમેરિકામાં રહેવાના મોહની કિંમત ઘણી મોટી ચૂકવવી પડી. માતાપિતાના અંતિમ સમયે પણ હાજર ન રહી શકાયું."**

તેઓ ખૂબ સાવધાન કહેવાય, નહિ તો અત્યારે આવી વાતની ગણતરી કોને હોય ?

**૭૮૬. ઘાયલ... :** એક માણસના મોઢા પર ઘણા ઘા વાગવાથી તે ખૂબ કદરૂપો લાગે છે, પણ તોય લોકો તેને ખૂબ આદર આપે છે. બીજા માણસની પણ એવી જ સ્થિતિ છે,

પણ લોકો તેનું અપમાન કરે છે! કેમ? એટલે કે પહેલો એક સ્ત્રીની રક્ષા કાજે, ઝપાઝપીમાં ઘાયલ થયો હતો અને બીજો ચોરીજારી કરવા જતા ઝપાઝપીમાં ઘાયલ થયો હતો.

**૭૮૭. કહે તેમ... :** ગુરુ-શિષ્ય ભિક્ષા માટે નીકળ્યા. પહેલા ઘરેથી જે ભિક્ષા મળી તે સાત્ત્વિકજનો માટે ત્યાજ્ય હતી. આશ્રમે જઈને ગુરુજીની સાથે શિષ્યે પણ જમી લીધું. ગુરુજીને શિષ્યનું આ વર્તન સારુ, ન લાગ્યું. તેમણે તેને યુક્તિપૂર્વક સમજાવવાનો વિચાર કર્યો.

બીજે દિવસે પણ બંને ભિક્ષા માટે નીકળ્યા. ગુરુજી સીધા લુહારની કોઢે ગયા. લુહાર આ જોઈને ખિજાયો. તે બડબડવા લાગ્યો કે આ સાધુડાને એટલું પણ ભાન નથી કે આ કોઢ છે. આજ એમને પાઠ ભણાવું. તે ઊનો ફરફરતો લોહરસ લઈને ઊભો થયો. ગુરુજીએ તો રસ લીધો પણ શિષ્ય ભાગી ગયો. તેને ખબર પડી ગઈ કે-

ગુરુજી જેમ કહે તેમ કરાય, તેઓ જેમ કરે તેમ ન કરાય.

**૭૮૯. નાનો ગુનો... :** આબરુ જવાના ડરના કારણે નાનો ગુનો જાહેર કરી શકતા નથી. નાના ગુનાને છુપાવવા માટે પછી ઘણા મોટા ગુના કરવા પડે છે અને પછી પકડાઈ જવાથી જેલ થાય, ત્યારે બધું જ છાપરે ચડીને પોકારે છે, ત્યારે આબરુની રેવડી દાણાદાણ થઈ જાય છે.

**૭૯૦. બાપુ... :** શતાવધાની, બાલબ્રહ્મચારી ભક્તશ્રી રવુભાબાપુ (બકરાણા) કહેતા કેઃ

**'ભગત તો જંગલમાંય પહેલા અને દંગલમાંય પહેલા.'**

ભગતબાપુ સો આંકડાનો ગુણાકાર માનસિક રીતે કરી શકતા. એટલું જ નહિ પણ એ કુલ આંકડામાંથી ઊભી લાઈનનો કે આડી લાઈનનો અમુક આંકડો કયો છે તે પણ કહી શકતા અને આ ઢગલો એક આંકડા દિવસો સુધી યાદ રાખી શકતા.

અમદાવાદ આવે ત્યારે જરૂર મળવા આવે અને અમે પણ બકરાણા જતા. અત્યારે તો તેમની પુણ્યસ્મૃતિ વાગોળીને સંતોષ માનીએ. જે રામજી કી.

**૭૯૨. દુખી... :** ડુંગળી અને રોટલો ખાઈને, નિજાનંદમાં પોઢેલાને પણ...

પોતાને સુધરેલો-સુખી માનનારો, ઊધરેલી બુદ્ધિવાળો, એ સાબિત કરી બતાવે છે કે તું દુખી છે...

એટલે નિજાનંદવાળો દોટ મૂકે છે મૃગજળની પાછળ અને પછી ખૂબ-ખૂબ દુખી થાય છે અને તેને એ ખબરેય નથી હોતી કે પોતે પહેલાં કરતાં અત્યારે મહા દુખી છે !!!

અને એ વખતે, તું દુખી છે, એમ સાબિત કરી દેનારો, પોતાને સુધરેલો માનનારો કોઈ બુદ્ધિનો બુઠ્ઠો એને મળતો નથી !!!

**૭૯૩. મીઠાઈ... :** શિષ્ય : ગુરુજી, આપણા ભક્તોમાં કંદોઈ બહુ છે.

હા ભાઈ, તેથી પ્રસાદમાં મીઠાઈ બહુ આવે છે અને તેથી કફ બહુ થાય છે અને તેથી ડૉક્ટરો બહુ આવે છે, અને તેથી દવા-ઇંજેક્શન બહુ ખાવાં પડે છે.

**૭૯૪. બાપા... :** નૈષધભાઈ અને ગિરીશભાઈ બેઠા હતા ત્યાં જ, નદાણનો ઉત્સવ પતાવીને સૌ ભક્તો આવ્યા.

**અમે** વજુભાઈને પૂછ્યું કે ગોવિંદપુરામાં અત્યારે વધુ ઉંમરનું કોણ ?

**જવાબ :** વિઠ્ઠલભાઈ, તેમને પંચોતેર થયાં.

**અમે :** વિઠાભાઈ? પંચોતેર વર્ષ !!! પછી યાદ આવ્યું કે અમને નેવું થયાં તો તેમને પંચોતેર થાય જને? પણ અમને નેવું કેમ યાદ નથી આવતાં? એટલે કે અમને ‘પિતા’ કહીને અમારી ઉંમરની યાદ આપનાર કોઈ નથી એટલે.

ગૃહસ્થોને તો દિવસમાં ઘણી વખત તેમનાં બાળકો ‘બા-બાપા, બા-બાપા’ કહીને તેમને એ યાદ આપે કે તમે બા કે બાપા છો, એટલે કે તમે હવે વયોવૃદ્ધ થયાં.

અમને તો એવી યાદ આપનાર કોઈ નહિ! અમે જાતે તે યાદ કરીએ તો ભલે. (જ્ઞાન સાથે ગંમત)

**૭૯૫. ગુરુપૂર્ણિમા... :** ઓમ્‌પરિવારના ઉપક્રમે પૂ. શ્રીના નેવુંમા વર્ષ નિમિત્તે ગુરુપૂર્ણિમા તથા ગુરુયજ્ઞ-મહોત્સવ ચોવીસમો તથા પર્યાવરણ-પરિશુદ્ધિ યજ્ઞ તથા ગાયત્રી મારુતિયજ્ઞ.

નિમંત્રક - હંસાબહેન દેવુભાઈ પટેલ તથા હીમાબહેન વિનયકુમાર જયંતીભાઈ જોશી અને હર્ષિદાબહેન દીપકભાઈ જયંતીભાઈ જોશી (સુરેન્દ્રનગરવાળા)ના જયશ્રી ઓમ્‌ગુરુદેવ.

તા. ૨૭-૭-૧૮ શુક્રવાર, સમય : સવારે ૮થી ૨. સ્થળ : શ્રી કામનાથ મહાદેવ હૉલ, લોયલા (સેંટ ઝેવિયર્સ) સ્કૂલ સામે, દર્પણ સર્કલ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. **- પ્રબંધક સમિતિ ઓમ્‌પરિવાર**

**કબીર ખડે બાઝાર મેં, સબ કી પૂછે ખૈર;**
**ના કાહૂસે દોસ્તી, ના કાહૂ સે બૈર.**

**૭૯૬. મંત્રનું મશીન... :** ગુરુજી દ્વારા રચિત તથા તેમના જ કંઠે ગવાયેલા મંત્રો અને ધૂનોનાં સો મશીનો તૈયાર થઈ ગયાં છે, જે ગુરુપૂર્ણિમાએ ભેટ અપાશે. કુટુંબ દીઠ એક. શરત એ કે લેનારે ગાયત્રીમંત્રની એક સો માળા કરવાની, આખું કુટુંબ મળીને કરે અને માસ કે બે માસમાં કરે તેની છૂટ. તો –

નીચેના નંબરો પર નામ લખાવી દેવાં, વહેલો તે પહેલોના ધોરણે અપાશે.

મશીનની મૂળકિંમત રૂ. પાંચસો છે પણ બનાવનાર ગુરુપ્રેમી શ્રી દિનેશભાઈ શાસ્ત્રીએ રૂ. બસો સિત્તેરમાં બનાવી આપ્યાં છે, પણ ગુરુપ્રેમી શ્રી રમેશ પંડ્યા તથા કિરણભાઈ પટેલ તરફથી, ગુરુ-ભાઈ-બહેનોને મશીનો ભેટ આપવાનાં છે. શરત ઉપર કહી તે છે, માટે તુરત નામ લખાવી દેવાં.

ફોન નં. ૯૩૨૭૦૬૬૫૩૭, ૯૮૨૫૪૪૩૬૪૨

**- પ્રબંધક સમિતિ, ઓમ્‌પરિવાર**

**૭૯૭. મંત્રો... :** પૂ. શ્રીના નેવુમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે, નેવુ લાખ ગાયત્રીમંત્રોના જપ કરવાનો સંકલ્પ ગુરુપ્રેમીઓએ કરેલો, તેની સંખ્યા અત્યારે એક કરોડ, આડત્રીસ લાખ, તેત્રીસ હજાર અને પાંચ સો થઈ ગઈ છે.

સૌને વંદન, અભિનંદન, આશિષ.

**૭૯૯. વહેલો તે પહેલો... :** "ગુરુજીની વાણી સાંભળવા આતુર હોય તે રહી જાય અને જેને ગુરુવાણીમાં બિલકુલ રસ ન હોય તે લઈ જાય - તે ફાવી જાય," તેવું ન થાય માટે મશીન માટે મંત્રજપની શરત રાખી છે, તો તુરત નામ લખાવી દેવાં.

**૮૦૦. અમારા... :** અમારા ગુરુજી સમજાવે છે કે : તાત્ત્વિક રીતે જોતાં એ સમજાય છે કે જ્યારે આપણે અન્યને છેતરતા હોઈએ છીએ, ત્યારે આપણે પોતે જ છેતરાતા હોઈએ છીએ, પણ જડપણાને કારણે એ વાત ન સમજાતા ઘણા મોટા નુકસાનમાં રહીએ છીએ.

**૮૦૧. હર્ષશોક... :** જેમ અતિ શોક ઘાતક છે, તેમ અતિ હર્ષ પણ ઘાતક છે. અનુકૂળ-પ્રતિકૂળ તમામ પરિસ્થિતિઓમાં જો હર્ષશોકને મર્યાદામાં રાખી શકીએ એટલી તાત્ત્વિક સમજણ પ્રાપ્ત કરી લીધી હોય, તો જીવન બહુ ડહોળાય નહિ - મર્યાદામાં રહે. આનું નામ જ **યોગઃ કર્મષુકૌશલમ્.**

**૮૦૨. કરેગા... :**

**પ્રશ્ન :** મંત્રનું મશીન તો લ્યે પણ જો શરત મુજબ મંત્રની માળાઓ ન કરે તો?

**ઉત્તર :** તો મશીન લેનાર જાણે, અમારે કાંઈ લેવાદેવા નહિ. ભગવાનના ચોપડામાં તેનું નામ ઉધારખાતામાં લખાશે.

**"કરેગા સો ભરેગા, તૂ ક્યોં ભયા ઉદાસ?"**

**૮૦૩. ગુરુપૂર્ણિમા... :** ઈશ્વરનું નામ ઓમ્ છે. ગુરુપૂર્ણિમા નિમિત્તે, પરમગુરુ પ્રણવપરમાત્માને, આપણા સૌના, સાષ્ટાંગ દંડ્વત્ પ્રણામ.

સૌ આધ્યાત્મિકમિત્રોને વંદન - અભિનંદન - આશિષ

**૮૦૪. ફેશન... :**

**લાલી-લિપસ્ટિક ને પાઉડર લગાડે, બહુવિધ શણગાર ધારે;**
**કહે યોગભિક્ષુ સાચો શણગાર તો સદ્‌ગુણ જ કહાવે...**
**આ બધું કોણ તને (મને) સમજાવે?...**

અત્યારે ફેશનની-સુધારાની તો જાણે હરીફાઈ જામી છે! જેઓ વધુમાં વધુ ઉઘાડાં અંગઉપાંગોનું પ્રદર્શન કરી શકે, નાગાં-ઉઘાડાં રહેવાની હિંમત દાખવી શકે તે સુધરેલા! તે ફેશનવાળા!

**મિટ્ટી ઓઢાવન, મિટ્ટી બિછાવન, મિટ્ટી સે મિલ જાના હોગા...**
**કર લે શુંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા...**

**૮૧૦. કમબખ્તી... :** ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુજીની તો કમબખ્તી! તે દિવસે ન પૂજાપાઠનાં ઠેકાણાં, ન વ્યાયામનાં ઠેકાણાં, ન સ્નાનનાં ઠેકાણાં, ન જમવાના ઠેકાણાં કે ન આરામનાં ઠેકાણાં! બસ! ભક્તોના હરખનાં હિંડોળે હિલોળા ખાવાના! અને... એમને તોય એમાં આનંદ! વાહ!!

**૮૧૧. દસ્તાવેજી ફિલ્મ... :**

**: ગુરુપ્રેમીઓને શુભસમાચાર :**

પૂ. ગુરુદેવની સંક્ષિપ્ત આત્મકથા, દસ્તાવેજી ફિલ્મમાં પ્રગટ થઈ રહી છે, જેનું નામ છે -

**'અમર યોગીની અમર કથા'** તે - તા. ૨૯-૭-૧૮ ને રવિવારે, રાત્રે આઠથી દસ સુધી - 'શુભ' નામની ચૅનલ પર, પ્રદર્શિત-પ્રસારિત થઈ રહી છે.

**- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૮૧૨. મમતા... :** દાદા પૌત્રને કહે : બેટા, આ બિલાડીના બચ્ચાને તેં હેરવ્યું છે, પણ પછી તકલીફ પડશે. વહેલામોડા તેને છોડવું તો પડશે જ, એ વખતે તમે બંને પરસ્પરનો વિયોગ સહન નહિ કરી શકો. કારણ કે પરસ્પરને ખૂબ મમતા થઈ ગઈ છે, માટે અત્યારથી જ તેનાથી મુક્ત થતો જા, જેથી ભવિષ્યના મોટા આઘાતથી બચી શકાય.

આ જ ન્યાયે કુટુંબમિત્રો, સ્નેહીઓ વગેરે સાથે મમતા રાખવી જોઈએ. અને -

એ જ પ્રમાણે આપણા શરીર જોડે પણ મોહમમતા મર્યાદામાં રાખી શકીએ, તો કલ્યાણપથ પર ખૂબ ઝડપથી અગ્રેસર થઈ શકાય.

**૮૧૩. તારો બાપ ?... :** શેઠાણી, શીરાના કોળિયા શેઠના મોઢામાં આપે તોય શેઠ ઉંહકારા કરે. એટલે શેઠાણી પૂછે કે કેમ ઊંહકારા કરો છો? તમને તકલીફ ન પડે એટલે તો શીરાના કોળિયા તમારા મોઢામાં આપું છું.

**જવાબ :** પણ ગળે કોણ ઉતારે છે? તારો બાપ...?

આપણી સ્થિતિ પણ જો આવી જ હોય, તો ગુરુ-સંતો કે ભગવાન પણ શું કરી શકે? નારાયણ... નારાયણ... નારાયણ...

**૮૧૫. યજ્ઞમહોત્સવ... :** ઓમ્પરિવારના ઉપક્રમે પૂ.શ્રીના નેવુંમા વર્ષ નિમિત્તે ગુરુ-યજ્ઞ-મહોત્સવ પચીસમો.

સત્સંગ-સ્વાધ્યાય, પર્યાવરણ, પરિશુદ્ધિ, યજ્ઞ તથા ગાયત્રી-મારુતિયજ્ઞ.

સમય : સવારે નવથી બાર, સ્થળ : ૩૮, રવિકુંજ સોસાયટી, પ્રભાતચોક, ઘાટલોડિયા, અમદાવાદ (ટ્રસ્ટની ઑફિસ)

નિમંત્રક : કામીનીબહેન મનીષકુમાર પટેલ, C/o. દેવચંદભાઈ વી. પટેલ

**-પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**॥ મનુષ્યમાત્ર, ભૂલને પાત્ર ॥**

**॥ જીવમાત્ર, કર્મને આધીન ॥**

**૮૧૬. અમેરિકા... :** હર વર્ષની જેમ આ વર્ષે પણ ઓમ્પરિવારના ઉપક્રમે અમદાવાદમાં અને અમેરિકામાં, ગુરુપૂર્ણિમા ધામધૂમથી ઊજવાઈ.

અમેરિકામાં ગુરુપ્રેમી શીલાબહેન ગોપાલભાઈ શાહ પરિવારે ગુરુપૂર્ણિમા ઊજવી. ગુરુજીએ ફોન દ્વારા આશીર્વચનમાં મનુષ્યજન્મની સાર્થકતા વિશે તાત્ત્વિક રીતે ઘણું બધું કહ્યું.

શીલાબહેન તથા ગોપાલભાઈએ તળેલું તથા ગળ્યું ન ખાવાનું વ્રત લીધું. તેઓ કહેતાં કે ગુરુજી - તળેલું અને ગળ્યું ન ખાવાથી ખૂબ સ્ફૂર્તિ રહે છે અને ડાયાબિટીસનો ભય પણ રહેતો નથી. વળી, તેલના પાંચ ડબ્બાને બદલે બે ડબ્બા જ વપરાય છે. ગુરુદેવે આશિષ આપતા કહ્યું કે ગુરુપૂર્ણિમાનો સાચો અને પૂરો લાભ તો તમે જ લ્યો છો.

પરમગુરુ પરમાત્મા સૌને આવું મનોબળ આપે.

**૮૧૭. મિત્ર... : પાની પિજિયે છાન કે, મિત્ર કીજિયે જાન કે.**

એકાદ મિત્ર હોય તો તો જાણીને કરી શકાય, પણ જો ગણ્યા ગણાય નહિ એટલા મિત્રો હોય તો?

તો 'કૂતરું તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી' જેવું જ થાયને? વધુ મિત્રો એ મહત્ત્વનું નથી પણ જે હોય તેને જીવનભર નિભાવી જાણવો, તેની મહત્તા છે. અને તેને જ નિભાવી શકાય તે જેને માથાથી તે ચોટી સુધી પિછાણી લીધો હોય.

**૮૧૮. આખરે... :** ક્યાં જન્મ્યા? ક્યાં બાળમંદિર, ક્યાં નિશાળ, ક્યાં કૉલેજ, ક્યાં નોકરી, ક્યાં લગ્ન, 'ક્યાંનું ઘરડાઘર', અને ક્યાંનું મહાણ (સ્મશાન) મળશે?

છે કાંઈ ખબર કોઈને? આખર?

**આખરે ધૂલ કી ધૂલ !**

(આ બધું ભાંગી પડવા માટે નહિ પણ ટટ્ટાર થઈ જવા માટે—ચેતી જવા માટે-સાવધાન થઈ જવા માટે.)

**૮૧૯. છવ્વીસમો... :** ઓમ્પરિવારના ઉપક્રમે - નેવુંમા પ્રવેશ નિમિત્તે છવ્વીસમો ગુરુ-યજ્ઞ-મહોત્સવ. સત્સંગ-સ્વાધ્યાય, ગાયત્રી-મારુતિ તથા પર્યાવરણ-પરિશુદ્ધિ યજ્ઞ. **તા.** ૨૬-૮-૧૮ રવિવાર, સવારે ૯ થી ૧૨, **નિમંત્રક :** વનિતાબહેન નિમેશકુમાર પટેલ, C/o. દેવચંદભાઈ પટેલ. **સ્થળ :** બી-૫, ઍરાઇઝ વેસ્ટર્ન, ઉમિયા કેમ્પસ પાસે, ઉમિયા ગર્લ્સ હૉસ્ટેલ સામે, એસ.જી.હાઈવે સામે, સોલા, અમદાવાદ.

**-પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;**
**અવસર બિતા જાત હૈ, ફિર કરેગા કબ ?**

**૮૨૦. ક્ષેત્ર... :** જે કામ સિંહ કરી શકે તે કામ શિયાળ ન કરી શકે અને જે કાર્ય શિયાળ કરી શકે તેમાં સિંહનું ગજું નહિ. સૌ પોતાના ક્ષેત્રમાં મહાન, બળવાન.

**રહિમન બડેન કો દેખ કર, લઘુ ન દીજિયે ડાર;**
**જહાં કામ આયે સૂઈ, કહા કરૈ તલવાર?**

**૮૨૧. ફેસબુક... :** નવા થનાર ફેસબુક મિત્રોને વિનંતી છે કે તેઓ પોતાની ટૂંકી ઓળખ (બાયોડેટા) અચૂક જણાવે. સાવ અધૂરી વિગત હોય તેને સ્વીકૃતિ આપી શકાતી નથી. રોજ અધૂરી વિગત વાળી બે-ત્રણ અરજીની આવે છે. દુઃખ સાથે તેને અસ્વીકૃત કરવી પડે છે. **-પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૮૨૨. ફેસબુક... :** જેઓ ફેસબુકમિત્રો છે તેઓ સૌને વિનંતી છે કે તેઓ નવા થનાર ફેસબુકમિત્રોને માર્ગદર્શન આપે કે કેવી રીતે 'ફેસબુકમિત્ર' થવા માટેની અરજી કરાય, જેથી તેઓને તુરત સ્વીકૃતિ મળી શકે. **-પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૮૨૩. આવકાર્ય... :** આજના પ્રદૂષણના સમયમાં જનકલ્યાણ માટે પર્યાવરણ-પરિશુદ્ધિ યજ્ઞો થાય તે જરૂરી છે. આ અંગે ઓમ્‌પરિવારે આ નવો પ્રયોગ કરવાની પહેલ કરી છે; જે સમગ્ર રાજ્ય અને દેશ માટે અનુકરણીય-આવકાર્ય છે.

ગુરુદેવના નેવુંમા જન્મવર્ષની ઉજવણીના ભાગ રૂપે, વિશ્વકલ્યાણ અર્થે વિવિધ સ્થળોએ, વિવિધ કાર્યક્રમો થાય છે અને ૩૦-૧૨-૧૮ સુધીના કાર્યક્રમોનું આયોજન છે.

(‘હળવદની ઓળખ’માંથી સાભાર, તંત્રીશ્રી : સુધાકર જાની, લેખક : રમેશ પાઠક)

**૮૨૪. ભૂલસુધાર... :** ‘હળવદની ઓળખ’માં ભૂલથી એમ છપાયું છે કે -

સો ગાયત્રીમંત્ર કરનારને ગાયત્રીમંત્રનું મશીન આપવામાં આવ્યું. તે આ પ્રમાણે વાંચવું.

ગાયત્રીમંત્રની સો માળા કરનારને મંત્રનું મશીન આપવામાં આવ્યું.

**-પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૮૨૫. અક્ષરાનંદજી... :** પ.પૂ.ડૉ. સ્વામી અક્ષરાનંદજી યોગાશ્રમ, જોરસિંહગઢ, તા. ૧૦-૨-૮૮ તરફથી, ‘મારે સમાજને બેઠો કરવો છે’ ને મળેલા -

**: અભિપ્રાય - આશિષ :**

પરમ આદરણીય, શ્રદ્ધેય, પરમ ઉપકારક, શ્રી યોગભિક્ષુજી

આપના તરફથી એક-એક પુસ્તકરૂપી પુષ્પ પ્રાપ્ત થાય છે અને તેની અપ્રતિમ સુગંધથી મારુ હૃદયમંદિર મઘમઘી ઉઠે છે. આપની પ્રેમપ્રસાદીના સ્વાદનું વર્ણન આ ક્ષુદ્ર શબ્દો દ્વારા કરવાનું શક્ય નથી. ‘મારે સમાજને બેઠો કરવો છે’, આ એક જ વાક્યમાં ઝળકે છે :

**★ આપનો ઉત્તમ આદર્શ ★ આપનો મક્કમ નિર્ધાર ★ આપની સાગરને પી જવા જેટલી ધીરજ ★ આપના સંતહૃદયની કરુણા.**

**આપના શબ્દો તીખા તીર જેવા છે, પણ સમજાય તો અમૃતના પ્યાલા જેવા અનુભવાય છે અને તેને સેવાના ક્ષેત્રમાં ચરિતાર્થ કરે, તો ધન્યધન્ય બની જવાય તેવું છે.**

**‘મારે સમાજને બેઠો કરવો છે’. તે નાનકડું પુસ્તક સર્વ સેવકો અને કર્મચારીઓ માટેની ગીતા સમાન છે. તેની એક પૉકેટસાઈઝમાં આવૃત્તિ કરવી જોઈએ અને જેમ માઓત્સેતુંગની ‘રેડબુક’ સૌના ખિસ્સામાં રહેતી તેમ આ નિત્યપઠન માટે સૌએ સાથે રાખવા જેવી છે.**

**૮૨૬. જરજમીન... :** જર, જમીન ને જોરુ, એ ત્રણ કજિયાના છોરુ.

એ ખોટું, પણ તે ત્રણે પર મારો હક્ક-અધિકાર એવી જે ભાવના તે-તે કજિયાના છોરુ ખરા.

**૮૨૭. સત્યવાદી... :** સત્યવાદી અને સત્યાચરણી થવામાં બુદ્ધિશક્તિની જેટલી જરૂરત પડે છે, તેના કરતાં, બુદ્ધિની ઘણી વધુ જરૂરત અસત્યવાદી અને અસત્યાચરણી થવામાં પડે છે, તોય અસત્ય છોડી શકાતું નથી, કેમકે

જેમ, પોતાને નુકસાન થઈ રહ્યું છે, તેવું જાણતો હોવા છતાં વ્યસની વ્યસન છોડી શકતો નથી, તેમ -

અસત્યવાદી પણ તેનો વ્યસની થઈ ગયો હોય છે.

'શું સત્ય છે અને શું અસત્ય છે, તે હું જાણું છું. પણ હું સત્યને અપનાવી શકતો નથી અને અસત્યને છોડી શકતો નથી.'

**- મહાબુદ્ધિશાળી દુર્યોધન**

**૮૨૮. પૂજાવું... :** એક પૂજાવા માટે ખૂબ સત્કર્મો કરે છે. જ્યારે બીજો ખૂબ સત્કર્મો કરે છે એટલે પૂજાય છે.

**જિસકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂર્તિ દેખી તીન તૈસી.**

**૮૨૯. સેવા... :** મેવા માટે જે સેવા કરતો હોય તેને જ્યારે મેવા ન મળે ત્યારે તેની સેવા છૂટી જાય. અને -

જે, આનંદ માટે સેવા કરતો હોય તેની સેવા જીવનભર ટકી રહે અને તેને દિન દૂના, રાત ચૌગુના આનંદ આપતી રહે.

**૮૩૦. પાયાનો... :** પાયાનો પથ્થર કદી દેખાય નહિ અને જો તે દેખાય, તો તે પાયાનો પથ્થર નહિ.

**૮૩૩./૮૩૪. શિખામણ...: (૧)** કયા વારે કોણે ગુરુજીના ત્યાં જવું તે મિત્રોએ નક્કી કરેલું. કોઈ રોજ, કોઈ અઠવાડિયામાં બે વાર તો કોઈ મહિનામાં એક વાર આવે.

ડૉ. ભિક્ષુજી અઠવાડિયામાં બે વાર આવે. અમે તેમને ફોનથી કહ્યું કે કાલે છ સંતરાં લેતા આવજો. તેમણે વિચાર્યું કે ગુરુજી તો ઓછું જ મંગાવવાનાં એટલે એમણે નીરુબહેનને કહ્યું કે ગુરુજી માટે એક ડઝન સંતરાં લઈ લેજો. આ તો ભિક્ષુજીનાં પત્ની, તેમને પણ ભિક્ષુજી જેવા જ વિચારો આવ્યા. એટલે તેમણે લીધાં બે ડઝન સંતરાં!! ગુરુજીને તો અડધાને બદલે બે ડઝન સંતરાં આવ્યાં.

આ પ્રસંગથી પણ કાંઈક શીખવાનું મળે છે જરૂર

(૨) એક ભાઈ તૈયાર પૅન્ટ લાવ્યા. ખોલ્યું તો ખબર પડી કે ૫-૬ ઇંચ લાંબું છે. તેણે પત્નીને માપે કરી આપવા કહ્યું તો પત્નીએ પોતાની અતિ વ્યસ્તતા જણાવી. એ જ પ્રમાણે તેની બહેને, ભાઈની પત્નીએ, બાએ પણ એવો જ જવાબ આપ્યો. તે ભાઈએ બીજે દાડે દરજી પાસે લઈ જવાનો વિચાર કર્યો.

બીજે દાડે જોયું તો પૅન્ટમાંથી હાફપૅન્ટ થઈ ગયું હતું ! કેમકે રાત્રે પત્ની વગેરે બધાંએ પોતપોતાની જવાબદારી વારાફરતી પૂરી પ્રામાણિકતાથી નિભાવી હતી.

આ પ્રસંગ પણ કાંઈક શીખવી જાય છે.

**૮૩૫. બે-ચાર... :** બે-પાંચ બાળકોનાં માતા-પિતા તો પશુ-પક્ષીઓ પણ બને છે, શું આપણે પણ એવું જ કરવાનું? ના, કદી નહિ, તો તેનામાં અને આપણામાં ફર્ક શું?

આપણે તો અનંતાનંત બાળકોનાં - જીવમાત્રનાં માતા-પિતા બનવાનું છે.

અંતરમાં ઊતરીને આ ગહન રહસ્યને સમજવાનો પ્રયત્ન કરવાથી આ રહસ્ય સાવ સ્વાભાવિક લાગશે.

**જય જગત... વસુધૈવ કુટુંબકમ્.... પરસ્પરદેવો ભવ...**

**૮૩૬. સત્તાવીસમો... :** ।।ॐ।।

પૂ.શ્રીના નેવુંમા વર્ષ-પ્રવેશ નિમિત્તે ગુરુ-યજ્ઞ-મહોત્સવ સત્તાવીસમો.

**નિમંત્રકઃ**- મિતાબેન મૂકેશકુમાર લલિતાશંકર જોશી - (હળવદિયા)

**તા.** ૨- ૯-૧૮ રવિવાર. **સ્થળ :**- જેસોર રીંછ અભ્યારણ્ય, SH S4G. બનાસકાંઠા, ઈકબાલગઢ, પાલનપુર-આબુ હાઈવે, ગુજરાત-૩૮૫૫૦૫.

**૮૩૮. ગુરુ... :** 'ગુરુ' થવાની ઈચ્છા થવી એ જ 'લઘુ છીએ'ની સાબિતી છે. ગુરુને કદી ગુરુ થવાની ઈચ્છા થાય જ નહિ.

**૮૩૯. અઠ્ઠાવીસમો... :** પૂ. શ્રીના નેવુંમા વર્ષ-પ્રવેશ નિમિત્તે -

ગુરુ-યજ્ઞ-મહોત્સવ - ૨૮મો. **નિમંત્રક :** ચંદુભાઈ બ. પટેલ (મહાદેવપુરાવાળા) તથા લક્ષ્મણભાઈ પટેલ (ખંડેરાવપુરાવાળા)ના જયશ્રી ઓમ્ગુરુદેવા. **સ્થળ :** એ-૨૦૪, ઍરોહાઈટ, વડસરબ્રિજ પાસે, મુ. વડોદરા. **તા.** ૩૦-૯-૧૮ રવિવારે સવારે ૧૦થી ૧

**- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**તું શીદને ફરે છે ગુમાનમાં? તારે, રહેવું ભાડાના મકાનમાં!**

**૮૪૦. વધુ... :** જેમ, પ્લાસ્ટિકની કોથળીમાં વધુ પ્રમાણમાં કચરો ભરવાથી તે ફાટે છે, તેમ તેમાં વધુ પ્રમાણમાં હીરામોતી ભરવાથી પણ તે ફાટે જ. તેમ -

વધુ પડતા શોકથી કે વધુ પડતા હર્ષથી પણ હૃદયની કોથળી ફાટે જ.

**૮૪૧. ઉપવાસ... :** ઉપવાસ અને ફરાળ=ફલાહાર-

ઉપ+વાસ=પાસે વાસ=સત્તકર્મોની પાસે વાસ એટલે કે ખૂબ સત્કર્મો કરવા, સાત્ત્વિક આચાર-વિચાર-ચિંતન-મનન-વાણી-વર્તન રાખવા.

ફરાળ=ફલાહાર=ફળોનો આહાર. જેથી સાત્ત્વિકતાને બળ મળે અને આળસ-પ્રમાદને દૂર રાખી શકાય.

જૂગાર એવો ખેલવો, એવો ખેલવો કે, ફરી-ફરી ખેલવો ન પડે, પુનઃ પુનઃ જન્મ ધારણ ન કરવો પડે. જીતમાં જોઈએ કેવળ મોક્ષ, એ સિવાય બીજું ના ખપે, આ વખતે છેતરાવું નથી, કોઈના પણ ભરમાવવાથી ભરમાવું નથી, નુગરા નહિ પણ સુગરા છીએ એ આ વખતે તો સાબિત કરી જ બતાવવું છે-છે ને-છે જ.

જન્માષ્ટમી નિમિત્તે-વંદન, અભિનંદન, આશીષ

**૮૪૨. પહેલવાન... :** ઉપરથી તો પહેલવાન લાગે પણ જો બાથરૂમમાં ગરોળીનું બચ્ચું જુએ તો બાથરૂમમાં જાય નહિ.

બીજો પહેલવાન ગરોળીને મારી નાખે અને બાથરૂમમાં જાય.

ત્રીજો પહેલવાન ગરોળીને મારે પણ નહિ બાથરૂમમાં પણ જાય.

ત્રીજાએ કેવળ પહેલવાની જ નહિ, પણ સાચી સમજણ પણ પ્રાપ્ત કરી હતી.

જે જેને આડું આવે તેને તે મારી જ નાખે તો? તો અત્યારે દુનિયાનું અસ્તિત્વ જ ન હોત.

હું તને આડો આવું, તું તેને આડો આવે અને તે પેલાને આડો આવે. આમ તેનો અંત જ નહિ. પછી દુનિયા હોય ક્યાંથી?

**૮૪૩. વાણીવિલાસ... :** જુગાર અને શરાબથી જે જબરજસ્ત નુકસાન થાય છે, તેના વિષે જે કાંઈ લખાય છે, તે બધું તેઓ જ ખૂબ વાંચે છે કે જેઓ થોડા પણ જુગારી કે શરાબી નથી.

જેઓ અઠંગ જુગારી અને શરાબી છે તે તો આમાંનું કાંઈ કોઈ જ વાંચતું નથી. અને જો કદાચ કોઈ તે વાંચે છે, તો તેને તો તે બધું -

'ચંડુખાને કે ગપ જ કે ગાંડાઓનો વાણીવિલાસ જ' લાગે છે.

લેખકો આ અંતરંગ વાતને ધ્યાનમાં રાખીને લખે તો હતોત્સાહ ન થાય.

**૮૪૪. ઓગણત્રીસમો... :** ઓમ્‌પરિવારના ઉપક્રમે, પૂ. શ્રીના નેવુંમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે, ૨૯મો ગુરુ-યજ્ઞ-મહોત્સવ તથા શ્રાવણ માસના જપયજ્ઞની પૂર્ણાહુતિ. **નિમંત્રક :** ઉમાબહેન કમલેશભાઈ પટેલ (ગાંધીનગર) તથા દામોદરભાઈ અં. પટેલ (કેનેડા)ના જયશ્રી ઓમ્‌ગુરુદેવ. **તા.** ૯-૯-૧૮ રવિવારે, સવારે ૮થી .... **સ્થળ :** ટ્રસ્ટની ઑફિસ, રવિકુંજ, ઘાટલોડિયા, અમદાવાદ.

**-પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**પંછી કે પાની પીયે, ઘટે ન સરિતા નીર;**
**ધર્મ કિયે ધન ના ઘટે કહ ગયે દાસ કબીર**

**૮૪૫. પૂર્ણાહુતિ... :** શ્રાવણમાસના જપયજ્ઞની પૂર્ણાહુતિ. આજે સાંજે ૫થી ૮ **સ્થળ :** ઓમ્‌પરિવાર તાલીમકેન્દ્ર, નૈષધભાઈ ચં. વ્યાસ. મણિનગર, અમદાવાદ. ૭.૩૦ પૂ. ગુરુદેવનાં આશીર્વચન. - **પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**॥ યજ્ઞોમાં જપયજ્ઞ હું છું ॥ - ગીતા**

**૮૪૬. ગુરુજીના... :** ઓમ્‌પરિવારના દરેક મહોત્સવમાં ભોજન-પ્રસાદમાં આઠ-નવ વાનગીઓ તો હોય. તેમાં એકના (ગુરુજીના) સ્વાદનું ધ્યાન રાખે કે અનેકના સ્વાદનું?

ત્યાંથી ગુરુજી માટે પ્રસાદ આવે, જેમાં ખૂબ મીઠું-મરચું હોય, પણ ગળ્યામાં તો મીઠું-મરચું ન હોયને? બસ, ભયોભયો! ગળ્યામાંથી બે કોળિયો ઠાકોરજીને ધરાવી દઈએ. પછી વહેલી પડે સાંજ, પછી તો 'ઈદ ઈદળિયા ને ઘી ખીચડિયા' તો આપણી રાહ જ જોતી હોય!

**'ક્ષિપ્રાભોજનં લભ્યતે નિદ્રા'**
**આવીને મજા!? વાંચવામાં?**

પણ આ બધાનો સાર શું? હાલશે, ચાલશે, ફાવશે. પરિસ્થિતિને અનુકૂળ થઈ જઈને સુખ મેળવવાની કુશળતા કેળવવી.

**૮૪૭. મિચ્છામિ... :** એક મિત્રે બીજાને કહ્યું. 'મને માફ કરો' એટલે બીજા મિત્રે સામેથી કહ્યું 'મને માફ કરો.' પણ બેમાંથી એકેયે એમ ન કહ્યું કે ''હા, હું તને માફ કરું છું''. જો એમ કહ્યું હોત તો ભયો-ભયો, કામ પરિપૂર્ણ થઈ જાત.

આ તો આપણે માફી માગી અને આપણે જ મન મનાવી લેવાનું કે સામાએ આપણને માફી આપી દીધી. 'મને માફ માફ કરો' એમ કહેવામાં પણ ઘણી ઊંચી સમજણની જરૂરત પડે છે. **મિચ્છામિ દુક્કડં**

**- યોગભિક્ષુ**

**૮૪૮. ભક્ત... :** ભક્તશ્રી રવુભાબાપુ એક વાર અમને કહે કે "યોગીરાજ, આપ તો યોગી, એટલે ભગવાનના મોટા દીકરા. અમે રહ્યા ભગત, એટલે કે ભગવાનના નાના દીકરા. મોટા દીકરાએ પોતાની સંભાળ પોતે રાખવી જોઈએ. નાનાની સંભાળ ભગવાન (મા) રાખે. જેમકે માનો ખોળો તેનું બાળક ભીનો કરે, તો મા ગુસ્સે ન થાય અને બાળકને સાફ કરી નાખે."

**અમે કહ્યું** - "ભગતજી, આપની વાત સાચી ખરી પણ મા એવું કદી ઇચ્છે નહિ કે મારું બાળક કદી મોટું જ ન થાય ને કાયમ જ મારો ખોળો ભીનો કરતું રહે! મા પણ ઇચ્છતી જ હોય છે કે મારું બાળક જલદી મોટું થાય અને મને મદદ કરે. ખરુંને ભગતજી?" એટલે ભગતજી ખડખડાટ હસી પડ્યા અને સાથે-સાથે અમે પણ અને સાથે-સાથે તમે પણ!!!

**૮૫૦. કબીર... :** **કબીર ખડે બાઝાર મેં, સબ કી પૂછે ખૈર;**
**ના કાહૂ સે દોસ્તી, ના કાહૂ સે બૈર.**

મોક્ષાર્થીના મનની સ્થિતિ લગભગ આવી હોય.

ભલે કોઈ સાથે દોસ્તી પણ ન હોય છતાંય સૌનાં ખબર-અંતર તો પૂછે જ.

**૮૫૧. સૂક્ષ્મ... :** સ્થૂળ શરીરની પાયાની ઈંટ છે સૂક્ષ્મ શરીર. સ્થૂળ શરીરને ગમે તેટલા માલમલિદા ખવડાવીશું અને સૂક્ષ્મ શરીરને ઉપવાસ કરાવીશું, તો પાયા વગરની ઈમારતની જેમ સ્થૂળ શરીર ઢહી પડવાનું.

સૂક્ષ્મ શરીરનો પુષ્ટિદાયક ખોરાક છે સત્સંગ-ભજન,પરોપકાર, દાન-પુણ્ય, શુભ ચિંતન-મનન, ક્ષમાવૃત્તિ, અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ વગેરે-વગેરે.

**૮૫૨. સંતો... :** સંતો પોતાના પ્રવચનમાં, પોતાના વિરોધીઓને આગ્રહપૂર્વક સભામાં આગળ બેસાડે, એમ સમજીને કે આગળ બેસશે, તો બરોબર સાંભળી શકશે અને તો એનું જડપણું ટળશે અને તો એનું કલ્યાણ થશે.

ત્યારે પેલા ભાઈસાહેબ એમ સમજે કે સંતો આપણાથી ડરે છે. એટલે આગળ બેસાડે છે!!

**૮૫૪. મરના... :**

**મરતે-મરતે જગ મરા, મરના જાને ના કોય!**
**ઐસા મરના કોઈ ન મરા, ફિર ના મરના હોય,**
**મરના હૈ દુઈ ભાઁતિ કા, જો મરના જાને કોઈ,**
**રામદુવારે જો મરે, ફિર ન મરના હોય.**

**- કબીર**

**૮૫૫. દાભડા... :**

**દાભડાના બાપને, પાટલે બેસાડે, વિધવિધ પુષ્પે વધાવે,**
**જીવતા બાપ જ્યારે, સાચું કહે ત્યારે સાઠે બુદ્ધિ નાઠે,**
**દુનિયા એમ કહીને, ઉડાવે! દુનિયા જૂઠા દેવ મનાવે...**
(જૂના ભજનના ચાબખા)

**૮૫૬. શ્રાદ્ધ... :** શ્રાદ્ધપક્ષના સોળ દિવસો તો જીવતા પિતૃઓ માટે પણ કાંઈક કરી છૂટવા માટે જ - ઋણ ચૂકવવા માટે જ નક્કી થયેલા છે. આ સોળે દિવસો, જીવતા પિતૃઓની સેવાનો થોડો અભ્યાસ થાય તો પછી બારે માસ તેનો લાભ લેવાનું ગમે. આવો મહદ્ લાભ ચુકાય નહિ.

**૮૫૭. બહુરત્ના વસુંધરા... :** કાશીના એક પ્રખ્યાત સંતની આ વાત છે -

રાબેતા મુજબ સવારમાં ગીતા પર ઉપદેશ ચાલુ હતો. ઉપરના માળે રડવાનો અવાજ આવ્યો. ભક્તોએ પૂછ્યું તો જવાબ મળ્યો કે મારી મોટી દીકરી બીમાર હતી તે ગુજરી ગઈ હશે. સાંભળનારા અવાક્ થઈ ગયા. સંત કહે કથા ચાલુ રાખો, તે લોકો તેમનું કામ કરશે, આપણે આપણું કામ કરીએ. આ સાંભળી સૌ જતા રહ્યા. બીજે દિવસે ભક્તોએ પૂછ્યું કે ગુરુજી, આવા માઠા પ્રસંગનો તમને આઘાત નથી લાગતો? જવાબ - આઘાત તો મને પણ લાગે પણ તમારા જેવો-જેટલો નહિ. જેમકે બંદૂકની ગોળી પથ્થર પર લાગે, તો અથડાઈને પડી જાય અને માટીમાં લાગે, તો અંદર ઊંડે પેસી જાય.

**૮૫૮. કાશ્મીરી... :** રાષ્ટ્રભાષા 'રત્ન'માં, ઉપન્યાસસમ્રાટ પ્રેમચંદજીનો પાઠ આવતો - 'કાશ્મીરી શેવ'. તેનો સાર આ છે - તેઓ સફરજન ખરીદીને લાવે છે તે બધાં જ સડેલાં નીકળ્યાં. તે માટે તેઓ પોતાને જ દોષી ગણે છે. તેઓ આમ વિચારે છે કે મેં

સફરજન જાતે જોયાં નહિ અને દુકાનદાર પર વિશ્વાસ રાખીને લઈ લીધાં તેથી જ આમ બન્યું, આળસ અને બેદરકારી રાખીને મેં જ દુકાનદારને દગો કરવાનો મોકો આપ્યો, વિશ્વાસઘાત કરવા તેને લલચાવ્યો.

આના પરથી એ શીખ મળે છે કે કોઈ પણ કારણે પણ કોઈનું ખોટું કાર્ય કરવાનું બહાનું, ઉત્તેજન, લાલચ, પ્રલોભન, આકર્ષણ વગેરે આપણા તરફથી ન જ મળવા જોઈએ. પછી એમ થાય કે 'મા મને કોઠીમાંથી બહાર કાઢ' એ શું કામનું?

**આપણે સૌએ પણ આપણું વર્તન, વ્યવહાર, પહેરવેશ, સાજશૃંગાર એવાં રાખવાં ઉચિત ગણાય કે જેથી કોઈને કોઈના તરફ અનઉચિત આકર્ષણ ન થવા પામે.**

**૮૫૯. હળવદ... :** હળવદમાં રહેતા સર્વે - 'ફેસબુકમિત્રો'ને જણાવવાનું કે તેઓ સૌ રમેશભાઈ પાઠકના ત્યાંથી સી.ડી.નંગ એક મેળવી લ્યે. સીડીમાં આધ્યાત્મિક ભજનો છે, જે ગુરુજી દ્વારા ગવાયેલાં અને રચાયેલાં છે.

પૂ.શ્રીના નેવુંમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે જે ઉજવણી થઈ રહી છે, તેની ભેટ-પ્રસાદી-યાદી રૂપે આ સીડી છે.

સ્થળ : શ્રી રમેશભાઈ પ્રે. પાઠક, 'પ્રેમ-દયા' ૧૭ વસંતપાર્ક, ગિરનારીનગર ગેઇટ પાસે, મુ. હળવદ **- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;**
**અવસર બીતા જાત હૈ, ફિર કરેગા કબ?**

સીડીમાં જે સામગ્રી છે તે ગુરુજી દ્વારા રચાયેલ છે અને 'છડી' શશીકાંત પટેલ દ્વારા રચાયેલ છે અને તે બધું રાજકોટના કલાકાર દ્વારા ગવાયેલ છે. અસ્તુ.

**- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૮૬૧. ત્રીસમો... :** ઓમ્પરિવારના ઉપક્રમે પૂ. ગુરુદેવના નેવુંમા જન્મોત્સવ નિમિત્તે - ત્રીસમો ગુરુ-યજ્ઞ-મહોત્સવ : તા. ૭-૧૦-૧૮, રવિવાર સવારે ૧૦થી ૧
**સ્થળ :** કુસુમ હરનાથ મંદિર, લાલ દરવાજા પાસે, મુ. ઉમરેઠ (આણંદ)
(ઓમ્પરિવાર કેન્દ્ર, ઉમરેઠ)
**નિમંત્રક :** તુષારભાઈ ગૌ. પંડ્યા તથા રમેશભાઈ દે. પંડ્યા તથા સમસ્ત ઓમ્પરિવાર, ઉમરેઠ. **- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**ગુરુ-સંતોનાં ચરણોમાં જેઓ બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને બેસી શકે છે, તેઓ જ ખરા બુદ્ધિશાળી છે.**

**૮૬૨. ઉપકાર... :** ફેસબુક પરની આપણી પોસ્ટને જેઓ વાંચે છે, તેઓ આપણા પર ઉપકાર કરે છે.

આ હળાહળ કળિકાળમાં, અલ્પાયુ જીવનકાળમાં સમય જ ક્યાં છે? શ્રુતિ-સ્મૃતિ વીસરાયાં, પુરાણો પૂરાં થયાં, વ્યાખ્યાનો વલવલે છે, ત્યારે સત્યનારાયણની કથાઓ સામે ચડે છે. આ કથાઓ પણ લાંબી લાગે, ત્યારે આવે છે સંતોના દોહરા દોહા ટૂંકા ને ટચ. ગાગરમાં સાગર જેવા. જેમકે હરિશ્ચંદ્ર-આખ્યાન અને સત્યનારાયણની કથાની જગ્યાએ આવ્યું.

**સાઁચ બરાબર તપ નહિ. જૂઠ બરાબર પાપ,**
**જાકિ હૃદયે સાઁચ હૈ, તાકિ હૃદયે આપ. વગેરે.**

લખાણ જેટલું સૂત્રાત્મક (ટૂંકું) અને તાત્ત્વિક હશે તેટલું વધુ કલ્યાણપ્રદ સાબિત થશે.

આજીવિકા કમાવાના ભવસાગરમાં ડૂબકા ખાતા માણસમાં, એટલી બધી મહાશૂરવીરતાની આશા રાખવી કે તે, હનુમંતજીના પૂંછ સમ લંબાયમાન લખાણોને પણ આનંદથી અવલોકશે, તો તે નિરાશામાં જ પરિણમશે. પણ હા તો એમ કહી શકાય કે આપણે મહાશૂરવીર ખરા કે આપણું લાંબુલચક પૂંછ કોઈ માપી જ નથી શકતું!!

**૮૬૪. નરહાથી... : 'નરસાથી નારાયણે વેગળા'.**

શું નરસાથી નારાયણ ડરે છે? ના. પણ વેગળા (દૂર) એટલા માટે કે નારાયણ પાસે તો લક્ષ્મી હોય, લક્ષ્મી નરસાને (નાલાયકને)ન મળવી જોઈએ, એટલે નારાયણ નરસાથી દૂર. વળી, બીજું કારણ એ કે -

જેની નજીક નારાયણ હોય તેનું કલ્યાણ થઈ જાય! નરસાનું કલ્યાણ ન થઈ જાય, માટે તેનાથી નારાયણ દૂર રહે.

**૮૬૫. વાંકાથી... :** 'વાંકાથી બધા ડરે.' એટલે શું આપણે વાંકા થવાનું? ના, જેનાથી બધા ડરે, તેની ગેરહાજરીમાં તેની સૌ નિંદા જ કરે. અને મોકો જ ગોતતા હોય કે વાંકાને ક્યારે સીધો કરી નાખીયે. અને જ્યારે વાંકાને સીધો કરનારો કોઈ ભેટી જાય, ત્યારે વાંકાની કમરના મણકાના કડાકા બોલી જાય.

સાપ પણ પોતાનું દર આવે, ત્યારે સીધો થઈ જ જાય છે.

**૮૬૬. નિવેદન... :** સર્વે ગુરુપ્રેમીમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે -

આપણા ગુરુદેવની પોસ્ટને પસંદ (લાઇક) કરનારા મિત્રોનો આંકડો બે લાખ અને પચાસ હજાર સુધી પહોંચી ગયો છે,

'ફેસબુકમિત્રો'નો આંકડો એક હજાર ત્રણસો ને સાઈઠ પર છે અને પૂ. ગુરુદેવનું જે સત્સાહિત્ય વેબસાઈટ પર મુકાયેલું છે (ગુજરાતી) તેને વાંચનારાઓની સંખ્યા થઈ છે -

**આઠ કરોડ, સત્તર લાખ, ત્રીસ હજાર, ત્રણ સોને છત્રીસ (૮,૧૭,૩૦,૩૩૬)**

(કોઈ પણ પ્રકારની જાહેરાત વગર. આ આંકડો ૨૦૧૭ સુધીનો છે.)

આપને સૌને નમ્ર નિવેદન છે કે આપ ગમતી પોસ્ટને જરૂર લાઈક કરો અને મિત્રોને શેર કરો, જેથી તેઓ પણ જીવનના ભાથારૂપ સત્સાહિત્ય વાંચવાનો લાભ મેળવી શકે. આ રીતે આપણે સાવ ઓછા પ્રયત્ને ઘણો મોટો લાભ મિત્રને ઘરે બેઠા આપી શકીએ.

**નિવેદક :** આપનો મિત્ર, ગુરુભાઈ ભરતકુમાર દેસાઈ (યુ.એસ.એ.)ના જયશ્રી ઓમ્‌ગુરુદેવ, જયનારાયણ.

**૮૬૭. ગરબા... :** ઓમ્‌પરિવારના ઉપક્રમે પૂ.શ્રી રચિત, ઓમ્‌પરિવારના **આધ્યાત્મિક ગરબા.** તા.૧૪-૧૦-૧૮, રવિવાર, રાત્રે ૮થી ૧૦.

**નિમંત્રક :** જિજ્ઞેષભાઈ સોમાભાઈ પટેલ. ૩/બ, પલિયડનગર સોસાયટી, દર્પણ સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ. **- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૮૬૮. એકત્રીસમો... :**

ઓમ્‌પરિવારના ઉપક્રમે - પૂ. ગુરુદેવ યોગભિક્ષુજીના, નેવુંમા વર્ષમાં પ્રવેશ નિમિત્તેની ઉજવણીના એક ભાગ રૂપે, સર્વજનહિતાય-સુખાય અર્થે, ૩૧મો મહોત્સવ.

**સત્સંગ - સ્વાધ્યાય – પર્યાવરણ-પરિશુદ્ધિ-યજ્ઞ – ગાયત્રી-મારુતિ-યજ્ઞ**

**તા.** ૨૮-૧૦-૧૮ રવિવાર, સવારે ૧૦થી ૧,

**સ્થળ :** શ્રી શરણેશ્વર મહાદેવ, મુ. હળવદ (પૂ. ગુરુદેવની માતૃભૂમિ)

**નિમંત્રક :** તપોમૂર્તિ રાવલ મંજુબહેન રવિશંકર જટાશંકર જોશી તથા મહાભાગાં હિનાબહેન વિરેનભાઈ જોશી તથા મહામના નુપૂરબહેન યથાર્થભાઈ જોશી તથા ચિ. જયિતા અને ચિ. વીયાનાના (હળવદિયાના) જયશ્રી ઓમ્‌ગુરુદેવ.

**માટી કહે કુંભારસે, તુ ક્યા ખૂંદે મોય?**
**એક દિન ઐસો આયગા, મૈં ખૂદૂંગી તોય.**

**૮૭૦. સનાતન... :** જે સનાતનસુખને આપણે આપણી બુદ્ધિશક્તિથી પ્રાપ્ત નથી કરી શકતા, તેને માટે ગુરુ-સંતોની સહાયતાની જરૂર; ભૌતિક સુખો માટે નહિ. તેના માટે તો પરમાત્માએ સર્વાંગ પરિપૂર્ણ શરીર આપ્યું જ છે; લૂલા-લંગડા કે બહેરા-બોબડા નથી બનાવ્યા.

**૮૭૫. વરદાન... :**

**અષ્ટસિદ્ધિ નવ નિધિ કે દાતા, અસવર દિન્હ, જાન કી માતા.**

સીતામાતાએ હનુમાનજીને એવું વરદાન આપ્યું કે તમે પણ અષ્ટસિદ્ધિ અને નવનિધિનું વરદાન આપી શકશો.

**૮૭૬. માથું... :** જે પોતાનું માથું આપી દેવા તૈયાર હોય, તેનું માથું તો લેવાય જ કેમ? તો તો જે ડાળ પર બેઠા છીએ, તેને જ કાપ્યા બરાબર થાય.

**૮૭૭. દેવામાં... :** જેઓ પોતાનું સર્વસ્વ અન્યને આપી દેવામાં કે અન્યનું સર્વસ્વ લઈ લેવામાં મર્યાદા ચૂકે એ જીવનનું સમતોલપણું પણ ચૂકે અને સમતોલપણાના ગયા પછી બચી રહે માત્ર ગાંડપણ.

**૮૮૨. ગુરુનિષ્ઠા... :** ગોપાલભાઈ શાહ અને શીલાબહેન (ઉમરેઠ) અમને કહે કે :

ગુરુજી! અમારા અમેરિકા જવાથી આપને દુઃખ થતું હોય તો અમારે ત્યાં નથી જવું, બધું કેન્સલ. અમે કહ્યું કે "તમે સૌ અમેરિકા જાવ તેથી અમને દુઃખ કરતાં સુખ અનેક ગણું વધુ થયું છે, કેમકે તમે ત્યાં જઈને પણ ઓમ્‌પરિવારનું કામ તો કરવાનાં જ છો."

એક વર્ષમાં તો ત્યાં ઘરનું ઘર, ગાડીઓ, સારી જૉબ અને સારો ધંધો પણ. સૌ આનંદમાં. પાંચ-સાત વર્ષ થઈ ગયાં.

દશબાર વર્ષે અમેરિકા જવાનો નંબર આવે અને ગુરુજી માટે એ બધું સહર્ષ છોડી દેવું એ ઘણી મોટી સમજદારી - ઘણી મોટી શૂરવીરતા કહેવાય. ધન્ય છે આવી સમજદારીભરી ગુરુનિષ્ઠાને. આશિષ.

**૮૮૩. સંસ્મરણો... :** પુરાણાં સંસ્મરણોની યાદ સાવધાન કરે છે. દોડીને ગિરનાર ચડતા ઊતરતા હતા અને મૂક્કો મારીને પથ્થર તોડી નાખતા હતા, તે આપણે અત્યારે ઉંબરા તો ડુંગરા થયા અને પાદર થયા પરદેશની સ્થિતિમાં આવી ગયા. હવે આયુ હોય ત્યાં સુધી, આ પંચભૂતના પૂતળાનો સદ્‌ઉપયોગ કરી લઉં, આગલા જન્મનું ભાથું બાંધી લઉં. બચપણ, યુવાની તો ગયા અને આ ઘડપણ પણ આ ચાલ્યું. વીજળીના ઝબકારે મોતી પરોવી લઉં. આ રીતે પુરાણી યાદો સાવધાન કરે છે, જેને થવું હોય તેને. નહિ તો પછી ચોરાસી લાખનું ચક્કર તો છે જને!

**૮૮૪. આપણો... :** "તા. ૨૮મીનો પવિત્ર પ્રસંગ આપણો પોતાનો છે, બીજા બધા તો આપણને સાથ આપી રહ્યા છે." જો બધા જ એમ માને તો એ સમજણ પરિપક્વ ગણાય - તો સાચો આનંદ માણી શકીએ.

**૮૮૬. જવાબદારી... :** ઓમ્પરિવાર એટલે પ્રભુપરિવાર, પ્રભુપરિવાર એટલે આપણો પરિવાર, અને તેથી તેના ઉત્સવોની, સ્વૈચ્છિક જવાબદારી પણ આપણી. પોતાની જવાબદારી નિભાવવાનો આનંદ સૌને હોય જ.

**૮૮૭. સૌઆપણે... :-** 'ઓમ્પરિવાર' એટલે આપણે સૌ. આપણા સૌના ઉત્સવને ઊજવવાની જવાબદારી ઉપાડવાનો આનંદ તો અલૌકિક જ હોય છે.

જયશ્રી ઓમ્ગુરુદેવ

**૮૮૮. સત્ય... : ॥ સત્ય ધર્મ ગુરુદેવ કી જય... ॥**

સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ, તેમની જય તો જ આપણી જય. જય નારાયણ

**૮૮૯. નમ્રનિવેદન :**

પૂ. ગુરુદેવના ૯૦મા જન્મોત્સવ પ્રસંગે આપને સૌને એટલે કે : (૧) સમસ્ત ઓમ્પરિવારમિત્રોને, (૨) ફેસબુકમિત્રોને, (૩) કુટુંબ-પરિવાર-મિત્રોને, (૪) સ્નેહીઓ, મિત્રો, શુભેચ્છકોને, (૫) બાળમિત્રોને સૌને નમ્ર નિવેદન છે કે સૌ ૨૮મીના ઉત્સવમાં પ્રારંભથીતે પૂર્ણાહુતિ પર્યંત હાજરી આપીને શોભામાં અભિવૃદ્ધિ કરે, સૌનો ઉત્સાહ વધારીને આશિષ પ્રદાન કરે અને યજ્ઞનાં ભોજન-પ્રસાદનો લાભ પણ લે.

**નિવેદક : યોગભિક્ષુ**

(આધ્યાત્મિક વડા ઓમ્પરિવાર-અમદાવાદ)ના વંદન, અભિનંદન, આશિષ.

**કૌટુંબિક નામ :** મુગટરામ પ્રભાશંકર કેશવજી જોશી - આ નામથી પણ ઓળખાણ પડે.

**સ્થળ :** શરણેશ્વર મહાદેવ... જય નારાયણ.

**૮૯૦. મંત્ર... :** **બુદ્ધિ-શુદ્ધિ-મંત્ર :**

**॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ, તત્ સવિતુર્વરેણ્યં,**

**ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ॥**

**: સંકટ-મોચન-મંત્ર :**

**॥ કૌન સો સંકટ મોર ગરીબ કો, જો તુમસો નહીં જાત હૈ ટારો,**

**વેગી હરો હનુમાન મહાપ્રભુ, જો કછુ સંકટ હોય હમારો. ॥**

**પર્યાવરણ-પરિશુદ્ધિ-મંત્ર**

**॥ પર્યાવરણ પરિશુદ્ધિ કરવા, આપીએ આહુતિ સોમ સ્વાહા,**

**જીવ સર્વેના રોગ ટાળવા, સ્વીકારો આહુતિ ઓમ્‌સ્વાહા.**

**૮૯૨. શોભાયાત્રા... : :ઓમ્‌પરિવારના ઉપક્રમે, ૩૧મો ગુરુ-યજ્ઞ-મહોત્સવ :**

અમદાવાદથી બે લક્ઝરી બસો તથા છ-સાત ગાડીઓ વહેલી સવારે હળવદ જવા ઊપડશે. પૂ.ગુરુદેવના ગૃહેથી સાડા આઠ વાગ્યે ઓમ્‌પરિવારની, આધ્યાત્મિક નગરયાત્રા-શોભાયાત્રા, (ફુલેકું) શણગારેલા ટ્રૅક્ટરમાં, પૂ.ગુરુદેવના ફોટા અને ઢોલ-મંજીરા સાથે, લાઉડ સ્પીકર પર, પવિત્ર ધૂનોની ધ્વનીઓ રેલાવતી આગળ વધશે. ગૃહથી - લક્ષ્મીનારાયણ ચોક, દરબારના નાકેથી રણછોડજી મંદિર થઈને શરણેશ્વર મંદિર પહોંચશે. મંદિરે સત્સંગ-સ્વાધ્યાય-હવનનો કાર્યક્રમ ચાલશે. લગભગ ૧૨:૧૫ વાગ્યે પૂ. ગુરુદેવ, વીડિયોકૉલથી આશીર્વચન આપશે. યજ્ઞની પૂર્ણાહુતિ પછી ભોજન-પ્રસાદ.- જયશ્રી ઓમ્‌ગુરુદેવ **- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૮૯૩. સફેદ વસ્ત્ર... :** જણાવવાનું કે હળવદમાં શોભાયાત્રા-નગરયાત્રા-ફુલેકામાં સામેલ થનારે - સફેદ વસ્ત્રો પહેરવાં ફરજિયાત નથી.

**૮૯૪. ખુલાસો... :** કલાક પહેલાં ગુરુપ્રેમી ચિ. રમેશભાઈનો ફોન હતો, તેથી થોડું યાદ આવી ગયું.—

જેમની પણ પૂ. ગુરુદેવનું સ્વાગત-સન્માન કરવાની ઇચ્છા હોય, તેઓ કરી શકે છે. સાલ કે પાઘડી કે પુષ્પમાળા કે જે રીતે સન્માન કરવાની ઇચ્છા હોય, તેઓ તે વસ્તુઓ ગુરુજીના ફોટા પાસે પધરાવીને પછી **ડૉ. ભિક્ષુજી**ને પહેરાવી-ઓઢાડી દે તે અમારું જ સ્વાગત છે. **ડૉ. સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજી** અમારા પ્રતિનિધિ છે. બીજું -

ગુરુપ્રેમી સર્વે પત્રકાર મિત્રોને હાર્દિક નિમંત્રણ છે, તેઓ સૌ પણ આ મહોત્સવને ભરપૂર લાભ આપે અને લાભ લે. પત્રકારો, પત્રકાર તરીકેની પોતાની પવિત્ર ફરજ-જવાબદારી નિભાવે એ તો જાણે સોનામાં સુગંધ!!

### ૮૯૫. વેદ... :

**વેદ ઉપનિષદ ભણ્યો નથી, મહાશાળાએ હું ચડ્યો નથી;**
**જે વદ્યો તે પ્રભુકૃપાથી, 'યોગભિક્ષુ' બન્યો બહુ મથી.**
**ભિક્ષુની જગમાં શું હસ્તી? કૃપા વિણ જાણે એ પસ્તી;**
**પ્રભુ તણી અકળ શક્તિ, એ ગુરુ સ્થાપે જબરજસ્તી!**

-**૮૯૬. ભારતીય... :** (એક ફેસબુકમિત્રના પ્રશ્નના જવાબ રૂપે આ લખાણ છે. આમાં ઘણાના પ્રશ્નોનો જવાબ પણ હોઈ શકે.)

**૧.** ૨૫ વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમ, ૫૦ સુધી ગૃહસ્થાશ્રમ, ૭૦ સુધી વાનપ્રસ્થાશ્રમ અને ૧૦૦ સુધી સંન્યાસ-આશ્રમ. વાનપ્રસ્થ અને સંન્યાસ એ બે તો તપ, ત્યાગ અને બ્રહ્મચર્ય માટેના જ છે.

**૨.** ગૃહસ્થાશ્રમ એ તો વંશને આગળ વધારવા અને માનવ-વંશ-તંતુ અખંડ રાખવા માટે જ છે. એ કાર્ય પૂર્ણ થાય એટલે પતિ-પત્નીએ ભાઈ-બહેન કે પિતા-પુત્રી તરીકે જ રહેવાનું હોય છે. આ કારણે જ ભારતીય સંસ્કૃતિ સર્વોચ્ચ ગણાય છે.

**૩.** ઋગ્વેદમાં પણ કહ્યું છે કે દેવોએ બ્રહ્મચર્યરૂપી તપથી મૃત્યુને મારી નાખ્યું.

**૪.** યોગશાસ્ત્ર પણ કહે છે કે મરણં બિંદુ પાતેન, જીવનં બિંદુ ધારણાત્.

**૫.** મહર્ષિ પતંજલિએ પણ કહ્યું છે કે બ્રહ્મચર્યના પાલનથી વીર્યનો લાભ થાય છે.

-

### ૮૯૭. બત્રીસમો... :

**: ઓમ્ગુરુદેવ જયંતી તથા બત્રીસમો ગુરુ-યજ્ઞ-મહોત્સવ.:**

**તા.** ૨-૧૧-૧૮ શુક્રવાર, સાંજે ૪.૩૦થી ૭.૦૦.

**નિમંત્રક :** એન્જિનિયર કાંતિભાઈ એ. પટેલ,

**સ્થળ :** કૉમન પ્લૉટ, શાકુંતલ બંગલોઝ, સત્તાધાર સર્કલ પાસે, બી.આર.ટી.એસ. બસ સ્ટૅન્ડ સામે, ઘાટલોડિયા, અમદાવાદ.

**તા. ૩-૧૧-૧૮ના દિવસે પૂ. ગુરુદેવનો ૯૧મા વર્ષમાં શુભપ્રવેશ.**

**-પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૮૯૮. ઓમ્જયંતી... :** તા. ૨-૧૧-૧૮ના દિવસે ઓમ્ગુરુદેવજયંતી. સૌને - વંદન, અભિનંદન, આશિષ. **- યોગભિક્ષુ**

**૮૯૯. અમૂલ્ય... :** રજ અને વીર્ય એવાં અમૂલ્ય-અલૌકિક તત્ત્વો છે કે જેનાથી મનુષ્ય પોતાના જેવા મનુષ્યનું સર્જન કરી શકે છે! મનુષ્યસર્જન સિવાયના કોઈ પણ કાર્ય

માટે તે તત્ત્વોનો વ્યય કરવો તે મનુષ્યજન્મના મૂળ ઉદ્દેશ્યનું દેવાળું કાઢવા બરાબર છે. અનુભવીઓના કહેવા મુજબ એક વખતના અસંયમથી, એક મહિનાના શક્તિ-સંચયનો વ્યય થઈ જાય છે. આવાં અમૂલ્ય રહસ્યોનું ખૂબ ચિંતન-મનન જરૂરી ગણાય.

**શ્વાન હાડકું ચૂસે, રુધિર વહે પોતાના મુખે;**
**તે દેખીને, તે મલકાય, પણ તે કારણ, પોતા માંહ્ય!!**

## ૯૦૦. મુબારક... :

॥ ૐ ગુરુ ૐ ॥

ગુરુસંતોના જન્મદિવસે તેમને 'મુબારક' કહેવાના બદલે 'જયનારાયણ કે વંદન-પ્રણામ' કહીએ, તો આપણું કલ્યાણ થાય, મુબારકબાદી તો તેમને કુદરત તરફથી મળેલી છે જ છે, આપણે તેમને મુબારકબાદી શું આપી શકીએ? **વંદન-પ્રણામ**

**- યોગભિક્ષુ**

**૯૦૧. અભૂતપૂર્વ... :** ગુરુ-યજ્ઞ-જન્મોત્સવનો, હળવદનો પ્રસંગ, સૌના કહેવા પ્રમાણે 'અભૂતપૂર્વ' હતો. સર્વે ગુરુપ્રેમીઓ તથા સત્ય-ધર્મ-પ્રેમીઓએ, તન-મન-ધનથી, વિચાર-વાણી-વર્તનથી ભરપૂર સાથ-સહકાર આપ્યો. આથી એ સાબિત થાય છે કે તેઓ સૌ પરભવનું આધ્યાત્મિક ભાથું સાથે લઈને આવેલા છે, તો જ આટલો બધો ઉત્સાહ-ઉમંગ હોય, સભામાં તો, સૌના મુખપર ઉત્સાહ-આનંદના તો ફુવારા ઊડતા દેખાતા હતા.

**ઘણું થોડું વર્ણન કર્યું તેમાં ઘણું વધુ સમજી લીધું હશે. સૌને વંદન, અભિનંદન, આશિષ, ધન્યવાદ.**

**૯૦૨. અપૂર્વ... :** ૐ પરિવાર - હળવદનો - ગુરુ-યજ્ઞ-જન્મોત્સવ - અભૂતપૂર્વ અદ્‌ભુત

**૯૦૩. આશ્ચર્યમ્... :-** હજુ તો હળવદનો ઉત્સાહ-ઉમંગ શમ્યો નથી, ત્યાં જ 'ઓમ્‌ગુરુદેવજયંતી'નો આનંદ-ઉમંગ હેલે ચડ્યો! આશ્ચર્યમ્!

એન્જિનિયર શ્રી કાંતિભાઈ એ. પટેલસાહેબે સ્ટેજ પર ગુરુદેવ માટે આબેહૂબ કુટિર બનાવી હતી કે જાણે, ખંડેરાવપુરાની 'યોગસાધના કુટિર'! ફેસબુક પર તેના ફોટા જોઈને અમે પોતે પણ વિચારમાં પડી ગયા કે આ ફોટા ક્યાંના? આવી ઝૂંપડીમાં તો અમે કદી ક્યારે પણ રહ્યા નથી! પછી ધીમેધીમે ખબર પડી કે આ તો એન્જિનિયર સાહેબની કમાલ છે! આનંદનું એક મોજું તો હિલોરતું હતું ત્યાં તેમાં બીજો હિલોરો ભળ્યો! એટલે જાણે દરિયો! આ ગુરુપ્રેમના દરિયામાં ભક્તો કોણ જાણે કેટલા દિવસો સુધી 'હરહર મહાદેવ હર...' કરશે?

ગુરુ-ભાઈ-બહેનો વાતો કરે છે- ગુરુ-યજ્ઞ-જન્મોત્સવનું વર્ષ તો પૂરું થવા આવ્યું! પછી શું કરીશું? પછી વળી **'હરિઈચ્છા બલિયશી'** જયશ્રી ઓમ્‌ગુરુદેવ.

**૯૦૪. કુટિર :**

અભૂતપૂર્વ-અલૌકિક ઓમ્‌પરિવારના ઉત્સવોમાં આજ સુધી આવી, 'કલાનો અલૌકિક નમૂના' રૂપ કુટિર બની નથી. આ તો બનાવનારના ઉરમાં ઊભરાતા, ગુરુપ્રેમના ઊભરાનું પ્રતિબિંબ માત્ર છે. **જયનારાયણ.**

**૯૦૫. ૯૧મું... :** ગઈ કાલે પૂ. ગુરુદેવનો ૯૧મા વર્ષમાં શુભપ્રવેશ થયો, તે નિમિત્તે સૌને નૂતન વર્ષાભિનંદન - વંદન, અભિનંદન, આશિષ.

**ક્યાંથી આવ્યો, ક્યાં જવાનો, તે નવ સમજી લીધું, મનવા જનમ ધરી શું કીધું?**

**૯૦૬. બહાનાં... :** કોઈ કહે 'અમે બીમાર હતા કે મહેમાન હતા કે તારીખ ભૂલી ગયા કે ઑફિસ ચાલુ હતી કે આમ હતું ને તેમ હતું વગેરે, તેથી અમે આપણા ઉત્સવમાં હાજર ન રહી શક્યા. અમને તેનું ખૂબ દુઃખ છે' વગેરે.

અમે ઉપરથી તો તેને કહીએ કે હા ભાઈ, તમારી વાત બરાબર છે તમે જે કર્યું તે બરાબર જ છે. પણ મનમાં તો બબડતા હોઈએ કે -

ભઈલા, બહાનાં શીદને ઠબકાર્યે રાખો છો? આવવું હોય તેને તો કોઈ રોકી નથી શકતું. જેમકે -

ઓમ્‌ગુરુદેવજયંતીની આગલી રાત્રે, અમેરિકાથી વિજયભાઈ પટેલ અને તેમનાં પત્ની સરોજબેન ઉત્સવમાં ભાગ લેવા માટે આવી ગયાં! કેવી સ્થિતિમાં? વિજયભાઈનું આખું જમણું અંગ લકવાગ્રસ્ત છે. તેમનું પ્લેનમાં શું થયું હશે? અમારા નિવાસસ્થાનના ઝાંપાથી અમારા રૂમ સુધી, પૈડાંવાળા વૉકર અને ચાર જણાંની મદદથી પહોંચ્યાં! એ ભડવીર પતિ-પત્નીને કોઈ કારણ રોકી ન શક્યું, તેમના વહાલા ગુરુજી સુધી પહોંચતાં!

આ બધું કોઈની ટીકા માટે નહિ પણ પ્રશંસા અને પ્રેરણા માટે લખાય છે. પ્રશંસાપ્રાપ્તિની ઇચ્છાથી કામ કરનાર, શેક્યો પાપડ પણ ભાંગી ન શકે.

પ્રશંસાપાત્રની પ્રશંસા ન કરવી એ પણ એક પ્રકારનો ગુનો જ ગણાય. પ્રશંસા અને ખુશામત વચ્ચેની ભેદરેખા ઘણી પાતળી હોય છે.

**૯૦૭. ભિક્ષુ... :** આપણા ત્રણ ભિક્ષુ : ૧. ગુરુપ્રેમભિક્ષુ, ૨. ડૉ. સદ્‌ગુરુ સમર્પણભિક્ષુ, ૩. ગુરુધ્યાનભિક્ષુ.

બે ગુપ્ત ભિક્ષુ : ૧. કૃપાભિક્ષુ, ૨. મૌની ભિક્ષુ. એક ભિક્ષુણી. આ બધાંમાંથી ફક્ત ડૉ. ભિક્ષુ જ હયાત છે.

અતિ ગુપ્ત ભિક્ષુઓ તો ઘણાં એમાં અમુકને જ અમે ઓળખીએ છીએ, બીજાઓને અમે પણ ઓળખતા નથી. તેઓ સૌ તો, અતિ ગુપ્ત રહીને, અંતઃસ્ફુરણા પ્રમાણે ગુરુદેવના-ઓમ્‌પરિવારના-બહુજન હિતાય સુખાયનાં કાર્યો અવિરતપણે કર્યે જાય છે. તેઓ ભારતમાં અને વિદેશોમાં પણ છે. તેમાંથી અમુકે તો અમારા શરીરને પણ જોયું નહિ હોય. તેઓ તો અમારા અક્ષરદેહ દ્વારા (સત્સાહિત્ય દ્વારા), પ્રેરણા-સ્ફુરણા પ્રાપ્ત કરીને કલ્યાણકારી પ્રવૃત્તિઓ અખંડ ચલાવે છે. ઓમ્‌પરમાત્મા તેઓ સૌને અડીખમ રાખે.

**૯૦૮. સજીવ... :** ગુરુપ્રેમીઓ પૂછી રહ્યા છે કે 'ઓમ્‌ગુરુદેવ જયંતીના દિવસે સ્ટેજ પર ગુરુદેવ પોતે જ ઊભા હતા કે તેઓનું પૂતળું હતું? થોડો સમય તો એવું લાગ્યું કે તેઓ પોતે જ છે, પણ વિચાર આવ્યો કે ગુરુદેવ તો બહાર નીકળતા નથી, એટલે તો આબેહૂબ પૂતળું જ - કોતરેલો ફોટો જ છે.' આ બધું સતત સાંભળતા રહેવાથી અમારા ઉરમાં પણ એક ઊર્મિ કંડરાવા લાગી -

**કામિલ કામ કમાલ કિયા તૂને, નિર્જીવ કો સજીવ દિખાઈ દિયા!!**

બ્રહ્માનંદજીની લીટી આ પ્રમાણે છે :

**કામિલ કામ કમાલ કિયા તૂ ને, ખ્યાલ સે ખેલ બનાય દિયા.**

**૯૦૯. છૂટાં... :** પતિ-પત્નીને મેળ ન પડ્યો એટલે છૂટાં થયાં, બે ભાઈબંધને મનદુઃખ થયું, બે ભાગીદારમાં વિચારભેદ થયો એટલે છૂટા પડ્યા. બાપદીકરાને ફાવ્યું નહિ, સાસુવહુ સહનશક્તિના અભાવે જુદાં રહેવા લાગ્યાં.

આમ, જુદાં થવાનાં કારણો અનેક પણ મુખ્ય કારણ ઋણાનુબંધ લેણાં-દેણાં પૂરાં થયાં.

આ બધાં જુદાંપણાં તો ગૌણ છે, સામાન્ય છે. મુખ્ય જુદાપણું છે શરીરનું અને જીવાત્માનું.

ગૌણ જુદાપણાથી ડરવાનું શું? તેનો તો ડટકર સામનો કરવાનો.

**૯૧૧. તેત્રીસમો... :** ગુરુ-યજ્ઞ-જન્મોત્સવ ૩૩મો તથા ઓમ્‌ગુરુદેવ જયંતી (તારીખ પ્રમાણે તા. ૨૭ મી નવે. છે પણ રવિવાર લેવા માટે ૨૫મી નવે. રાખેલ છે.)

**સત્સંગ-સ્વાધ્યાય તથા પર્યાવરણ-પરિશુદ્ધિ-ગાયત્રી-મારુતિ-યજ્ઞ.**

**નિમંત્રક :** પરમ ગુરુનિષ્ઠ શ્રી ગોપાલભાઈ ચી. શાહ (વાસણવાળા), મહામનાં શીલાબહેન ગો. શાહ, પંકિતભાઈ ગો. શાહ, મહાભાગાં પરિતાબહેન પં. શાહ, ચિ. પૂર્વીબહેન, પ્રણવભાઈ અને દીક્ષાબહેનના (ઉમરેઠવાળા, હાલ અમેરિકા. સૌ ઉત્સવમાં હાજર રહેશે.) જયશ્રી ઓમ્‌ગુરુદેવ.

**સમય :** તા. ૨૫-૧૧-૧૮ રવિવાર, સવારે ૯થી ૧૨.

**સ્થળ :** ૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ-૧૩

**૯૧૨. સોળથંભી... :** થોડાં વર્ષો પહેલાં અમે સૌ પૂ. ગુરુદેવ જોડે હળવદ ગયેલા. સૌએ, રાજેશ્વરમાં ભવાની ભૂતેશ્વરના દર્શન કરીને 'સોળથંભી'માં બેસીને સ્વાધ્યાય કર્યો. પાંચેક ફૂટ દૂરથી, દશ-પંદર મંકોડાની લાઈન અમારા તરફ આવતી હતી, તે જોઈને પૂ.શ્રી નિજાનંદની મસ્તીમાં બોલ્યા કે -

'આ મંકોડા જેના તરફ જશે તે ધનવાન બનશે અને અત્યારે, સોળથંભીમાં જેમણે સ્વાધ્યાય કર્યો છે, તે સૌને અમેરિકા જવાનું થશે.'

તેમ જ થયું, જેના તરફ મંકોડા ગયા તે ભાઈ ધનવાન બની ગયા અને બીજા સૌને અમેરિકા જવાનું થયું અને અમુક તો ત્યાં કાયમ જ વસી ગયા.

**– ડૉ. સદ્‌ગુરુ સમર્પણભિક્ષુના જયશ્રી ઓમ્‌ગુરુદેવ**

**૯૧૩. પ્રસાદી... :** ઓમ્‌પરિવારના ઉપક્રમે, તા. ૨૫-૧૧-૧૮ના ગુરુ-યજ્ઞ-જન્મોત્સવ પ્રસંગે પૂ. ગુરુદેવનો અતિ સુંદર, મોટો ફોટો ભેટ-પ્રસાદી-આશિષ રૂપે આપવામાં આવશે. કોને?—

કે જેમના તરફથી આ જન્મોત્સવ-પ્રસંગ ઊજવાયો હોય તેઓ સૌને. એક, બે કે ત્રણ જણાંએ ભાગમાં ઊજવ્યો હશે તો ત્રણેને પ્રસાદી અપાશે. માટે તેઓ સૌ તે દિવસે જરૂર પધારે. બીજા મિત્રોને પણ ખબર આપે.

**સ્થળ :** ડૉ. સદ્‌ગુરુ સમર્પણભિક્ષુ, ૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ-૧૩

**(ચોરાસી લાખ જન્મોના ચક્કરમાંથી છૂટવા માટે જ મનુષ્યજન્મ મળ્યોછે.)**

**- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**૯૧૪. ગર્ભવાસ... :** ગર્ભવાસમાં જ્યારે દારુણ પીડા ભોગવતા હતા ત્યારે પ્રભુને પ્રાર્થના કરી હતી કે 'હે પ્રભુ, આ પીડામાંથી છોડાવો. અમે વચન આપીએ છીએ કે અમે આપનું ભજન કરીશું, આપને નહિ ભૂલીએ.'

જો ચોરાસીના ચક્કરમાં ન ફસાવું હોય તો, આજે નવા વર્ષે, પ્રભુને આપેલા વચનને ન ભૂલીએ, બીજું બધું ગૌણ સમજીને વચનને મુખ્ય ગણીએ.

યોગભિક્ષુના વંદન, અભિનંદન, આશિષ.

**૯૧૫. વિવેકી... :** "સૂર્ય ઊગ્યો અને અસ્ત થયો, આયુષ્યનો એક દિવસ ઓછો થયો - નવું વર્ષ આવ્યું અને ગયું, ઉંમરમાંથી એક વર્ષ ગયું."

વિવેકીજનો તો, આવી અતિ ઉપયોગી વાતોને વાગોળીને-આપલે કરીને નવું વર્ષ ઊજવે છે.

**૯૧૬. સવા શેર... :** 'હું જ એક સવા શેર નહિ પણ સૌના મનથી સૌ સવા શેર', એમ જો આપણા સંપર્કમાં આવનારાઓની સાથે વર્તીએ તો ચિત્ત અશાંત થવાના પ્રસંગો જવલ્લે જ આવે.

**૯૧૭. નવી-નવી... :**

**જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ;**
**જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી;**
**જ્યાં ન પહોંચે અનુભવી, ત્યાં પણ પહોંચે,**
**રચના-યોગભિક્ષુની, નવી-નવી.**
(ગુરુભાઈ-બહેનોને મજા આવીને વાંચવાની?)

**૯૧૮. બાપાનું નામ... :** ફેસબુકમિત્રો પોતાના ફોટા પણ મૂકતા નથી અને પોતાના બાપાનું નામ પણ લખતા નથી. એક જ નામની વીસ-ત્રીસ વ્યક્તિ હોય તો શું કરવું?

આવું તો ચાલે ભાઈ. અત્યારે બાપાનું નામ ન લખવાની ફેશન છે!! માબાપને વૃદ્ધાશ્રમમાં મૂકવાની પણ ફેશન છે! હે ભગવાન! માબાપને ભૂખ્યા રાખવાની ફેશન કરાવતા નહિ! (બોલ્યુંચાલ્યું માફ, લખ્યુંવાંચ્યું માફ.)

**૯૧૯. ચમત્કાર... :** હિમાબહેન જોશી, સુરેન્દ્રનગરથી ફોન પર કહે કે -

ગુરુજી, હળવદના યજ્ઞમહોત્સવમાં આપ, એકધારું એક કલાક ને ચાલીસ મિનિટ બોલ્યા, એક પણ ઉધરસ ન આવી! આ તો ચમત્કાર જ કહેવાય! અમે કહ્યું -

હા, એ ખરું, પણ તમે ગુરુજીના ઘરેથી તે ઠેઠ શરણેશ્વર સુધી, નગરયાત્રામાં ચાલતાં-ચાલતાં ગયાં! કેવી સ્થિતિમાં? બે ઢીંચણનું ઓપરેશન કરાવેલું, પાંચ ફૂટ પણ ચાલી શકતા નહોતા છતાંય! ખરો ચમત્કાર તો આ ગણાય!! તેઓ કહે -

ગુરુજી, હવે મને ખબર પડી કે હું ચાલી શકું છું! હવે હું બધા જ પ્રસંગોમાં જઈશ.

પરમ ગુરુ ઓમ્‌પરમાત્માની શક્તિ કેવી છે? આવી—

**કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ**

**ભાવાર્થ :** પરમાત્મા, અશક્ય ને શક્ય, શક્ય ને અશક્ય કરવામાં સમર્થ છે.

**૯૨૦. સુધારો !... :** અત્યારે તો જેઓ વધારેમાં વધારે મર્યાદા તોડે, અંગો ઉઘાડાં રાખે તે સુધારાવાદી! લાજ કાઢવી એ રૂઢિવાદી રિવાજ! સસરા સાથે ખૂબ છૂટથી વર્તવું એ સુધારો! પછી પુત્ર અને પિતા વચ્ચે ઈર્ષા જાગે એ પણ સુધારો! પછી ઈર્ષાને વશ પુત્ર પિતાનું કે પિતા પૂત્રનું ખૂન કરી નાખે એ તો ઘણો બધો મોટો સુ...ધા...રો...!!!???

**૯૨૧. પૂજાય... :** સાપ વગેરે ઝેરી જંતુઓ જ્યાં સુધી શિવજીના શરીર પર હોય ત્યાં સુધી પૂજાય અને શરીરથી અલગ હોય ત્યારે?

મળ મૂત્ર, કફ-શ્લેશ્મ, રક્ત-માંસ વગેરે જ્યાં સુધી શરીરની અંદર હોય, ત્યાં સુધી તે પણ પૂજાય, પણ જે ઘડીએ તે બહાર દર્શન દે ત્યારે?

**કાયા કલેવર કારમું છે, ગંદકીનો ઘાડવો;**
**સમજુ જને સમજી જઈ, અભિમાનને તો છાંડવો.**

**૯૨૩. ૯૧મુ... :** ગુરુજી, આપ તો ૯૧ વર્ષેય સ્વસ્થ છો. અમે તો ૭૦ની ઉંમરે જ લબળી ગયા! આમ કેમ! જવાબ - તમે કહો છોને કે તમારે ત્રણ સંતાન છે -

એક ૧૫ વર્ષનું, ૧૬નું અને ૧૭ વર્ષનું. એ ત્રણેનો સરવાળો ૪૮ થાય? એ ૪૮ને તમારા ૭૦માં ભેળવો એટલે -

તમારી ઉંમર ૧૧૮ વર્ષની થઈ. આટલી મોટી ઉંમરે લબડી જવાય એ સ્વાભાવિક છે, માટે એ બાબતને વાગોળ્યા ન કરવી.

**૯૨૪. ચંડુબાજ... : : ચંડુખાને કી ગપ :**

બે ચંડુબાજ વાતે વળગ્યા. એક કહે, મારા બાપાનો ઘોડાનો તબેલો એટલો મોટો કે તેનો એક છેડો દુનિયાના આ છેડે તો બીજો છેડો દુનિયાના પેલે છેડે! તો બીજો કહે -

મારા બાપાનો ભાલો એટલો મોટો હતો કે તેનો એક છેડો પાતાળે પહોંચે અને બીજો છેડો આકાશને આંબે! તો પહેલો કહે-

ખોટું, એવડો મોટો ભાલો રાખે ક્યાં? તો પહેલો કહે-

તારા બાપના તબેલામાં! (થોડોક હાસ્યરસ પણ)

**૯૨૫. નિંદક... :**

**નિંદક નિયરે રાખીએ, આંગન કુટી છવાય;**
**બિન પાની, સાબુન બિના, નિર્મલ કરે સુભાય = સ્વભાવ.**

**- સંત કબીર**

**સાર :** વિરોધીઓની-વિરોધપક્ષની પણ ખૂબ જરૂરત ગણાય. તટસ્થ-પ્રામાણિક વિરોધ કરનારાઓ હોય, તો માણસ સાવધાન રહી શકે - થઈ શકે. **- યોગભિક્ષુ**

**૯૨૬. તરતા... :** હળવદના દવે ફળિયાવાળા એક પ્રેમીભાઈ મળવા આવેલા. તેઓ કહે - ગુરુજી મને ઓળખ્યો? આપે મને, હળવદમાં નિલકંઠમહાદેવના ભમ્મરિયા કૂવામાં તરતા શિખવાડેલું. અમે કહ્યું - હા ભાઈ ખરું, અત્યારે પણ તરતા શિખવવાનું ચાલુ જ છે! પણ ત્યારે કૂવો સાવ નાનો અને પાણી સાવ થોડું હતું. અત્યારે સંસાર-વ્યવહારરૂપી કૂવો ઘણો મોટો અને તેમાં અનંત પ્રકારની સમસ્યાઓરૂપી પાણી ડેકા દઈ રહ્યું છે. તેમાં તરતા શીખવાનું અને શિખવાડવાનું ચાલુ જ છે.

માસ્તર તો બધા જ વિદ્યાર્થીઓને એકસરખું જ ભણાવે છે, પણ સૌ પોતાની ગ્રહણક્ષમતા મુજબ પ્રાપ્ત કરી શકે છે.

**૯૨૭. પદ્મ... :** પાંડવોના રાજસૂયયજ્ઞમાં, સોનાનું દાન કરવાનું કામ શ્રીકૃષ્ણે દુર્યોધનને સોંપ્યું હતું. ભીમે તેનો વિરોધ કર્યો, એટલે શ્રીકૃષ્ણે સમજાવ્યું કે -

ભીમભાઈ, તમે ચિંતા કરશો નહિ, દુર્યોધન ઈર્ષાવશ સોનું ખૂબ વહેંચશે કે જેથી સોનું ખૂટી જાય, પણ તેને ખબર નથી કે તેના પોતાના જ હાથમાં પદ્મ છે, તેથી જેટલું દાનમાં વધુ આપશે, તેથી અનેક ગણું સોનું વધતું જશે. અને એમ જ થયેલું, યજ્ઞ પૂર્ણ થયો, ત્યારે જ્યાં સવા મણ સોનું દાન માટે રાખેલું તે તો મણબંધી થઈ ગયેલું!! આ જોઈને દુર્યોધન પોતે પણ ઘાંઘો થઈ ગયો હતો.

પરમગુરુ વેદવ્યાસજીએ આ અતિ ઉપયોગી રહસ્યને અતિ રહસ્યમય રીતે એટલા માટે રજૂ કર્યું હશે કે અનધિકારીના હાથમાં મોટો ખજાનો ન લાગી જાય.

આપણા સૌના હાથમાં પણ પદ્મ છે જ, પણ તે વાત આપણને સાચી લાગતી નથી એટલે તેનો લાભ લઈ શકાતો નથી.

આનું નામ જ ભાગ્ય!

**૯૨૮. યુ.એસ.એ.યજ્ઞ... : ગાયત્રી-મારુતિ-યજ્ઞ**

(ચિ. ધવલભાઈ દેસાઈ (યુએસએ)ના જન્મદિવસ નિમિત્તે)

**નિમંત્રક** : પરમગુરુપ્રેમી શ્રી ભરતભાઈ દેસાઈ, મહામના અરવિંદાબહેન દેસાઈ, ચિ. ધવલભાઈ દેસાઈ, મહાભાગાં મેઘનાબહેન દેસાઈ તથા બાળગોપાળ સહિત સર્વે દેસાઈપરિવારના જયશ્રી ઓમ્‌ગુરુદેવ. સૌ યુએસએમાં.

**તા.** ૨૪-૧૧-૧૮ **સ્થળ :** અમેરિકા. (આપણા સૌની ઇચ્છા તો જરૂર હોય, યજ્ઞમાં હાજરી આપવાની, પણ પહોંચી શકીએ નહિ માટે અહીંથી જ ચિ. ધવલભાઈને જન્મદિવસના શુભેચ્છા-આશિષ-જયનારાયણ-જયશ્રી ઓમ્‌ગુરુદેવ.

(પૂ. ગુરુદેવ, અમેરિકામાં તેમને ત્યાં રહેલા, ત્યારે ચિ. ધવલભાઈએ, છ માસ સુધી જાતે રસોઈ બનાવીને ગુરુદેવને જમાડેલા, ત્યારે તેઓ વિદ્યાર્થી-અવસ્થામાં હતા.)

આવાં જૂનાં પવિત્ર સંભારણાં વાંચવા-સાંભળવાથી જરૂર પ્રેરણા મળે, જો લેવી હોય તો.

**૯૨૯. પૂર્ણાહુતિ... :** પૂ. ગુરુદેવના ૯૧મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે જે વર્ષભર માટે 'બહુજનહિતાયસુખાય'નાં કાર્યો નિર્ધારિલ હતાં, તેની પૂર્ણાહુતિ લગભગ -

તા. ૨૫-૧૧-૧૮ના ગુરુયજ્ઞ-મહોત્સવમાં થશે. જેમણે આખા વર્ષ દરમિયાન એક વખત પણ લાભ ન લીધો હોય તેમના માટે આ સુવર્ણ તક છે.

આ કલ્યાણકારી કાર્યોમાં, જેમણે જે રીતે પણ શુભેચ્છાઓ આપી હોય તે સૌને વંદન, અભિનંદન, આશિષ, ધન્યવાદ, આભાર. **- પ્રબંધક સમિતિ-ઓમ્ પરિવાર**

**સૂક્ષ્મબુદ્ધિ માણસ તકને ઊભી કરે છે, જ્યારે જડબુદ્ધિ માણસ મળેલી તકને પણ ગુમાવી દે છે. - યોગભિક્ષુ**

**૯૩૦. ડાબો... :** 'ડાબો હાથ જે સત્કર્મ કરે તે જમણો ન જાણે અને જમણો હાથ જે સત્કર્મ કરે તે ડાબો હાથ ન જાણે.' આમ, અનુભવીઓએ શા માટે કહ્યું હશે? એટલા માટે કે :

એક શરીરના અવિભાજ્ય એવા બે હાથને પણ પરસ્પરનાં સત્કર્મોની ઈર્ષા થશે માટે.

જો આમ જ હોય તો એક માણસનાં સત્કર્મોની બીજા માણસને ઈર્ષા કેમ ન થાય? થાય જ થાય. માટે - સાવધાન, પોતાની કોઈ પણ પ્રકારની ઉન્નતિનું પ્રદર્શન ન થઈ જવું જોઈએ. જો થઈ જશે તો, ઈર્ષાખોર તમને પણ પછાડશે અને પોતે પણ પછડાશે.

મહર્ષિ પતંજલિએ પણ કહ્યું છે કે સુખીઓ તરફ ઈર્ષાન કરવી. એનો મતલબ એ કે ઈર્ષાતત્ત્વ સ્વાભાવિક છે, માટે આપણે પોતે તેનાથી સાવધાન રહેવાનું છે.

**૯૩૧. થૂંક... :** મુખમાંથી જ ખોરાકને પચાવવાની શરૂઆત થઈ જાય છે. મોઢામાંનું થૂંક એ પાચકરસ છે. આખુંપાખું પેટમાં પધરાવી દેવાથી ખોરાક પૂરો પચતો નથી અને એટલે પૌષ્ટિક ખાવા છતાં પૂરું પોષણ મળતું નથી. કહ્યું છે કે - ખોરાકને પીઓ અને પ્રવાહીને ચાવો. એટલે કે ખોરાકને પાણી જેવો પ્રવાહી કરીને પછી પેટમાં ઉતારો અને પ્રવાહીને ખૂબ ધીમેધીમે પેટમાં જવા દો.

**૯૩૨. રાખડી... :** રક્ષાબંધનના દિવસે, સૌને વંદન, અભિનંદન, આશિષ.

**- યોગભિક્ષુ**

**૯૩૩. સિદ્ધિ... :** પ્રસિદ્ધ થવું સહેલું છે પણ સિદ્ધ થવું કઠિન છે અને સુસિદ્ધ થવું તો અતિ મહાકઠિન છે.

સુસિદ્ધ એટલે જેઓ પોતાના ઐશ્વર્યનો ઉપયોગ, કેવળ બહુજનહિતાયસુખાય માટે કરે તે.

**૯૩૪. છાપ... :** ત્રણ વારનો કાપડનો ટુકડો અનેક રીતે ઉપયોગી થઈ શકે, જેમકે પહેરી શકાય, ઓઢી શકાય, પાથરી શકાય, માથે બાંધી શકાય, પોટલું બાંધી શકાય, ગરણું બનાવી શકાય વગેરે-વગેરે. પણ તેમાંથી શર્ટ, પૅન્ટકોટ ઇત્યાદિ બનાવી નાખીએ પછી એની એક સીમા બંધાઈ ગઈ, પછી તેનો તે જ ઉપયોગ કરી શકાય, બીજો કોઈ ઉપયોગ નહિ. તેમ-

માણસ પર પણ કોઈ એક સંપ્રદાય કે પક્ષ કે અન્ય બીજા કોઈ પણ પ્રકારની છાપ કે સિક્કો લાગી જાય પછી તેની સ્થિતિ પેલા ત્રણ વારના કાપડમાંથી બનેલાં શર્ટ, પૅન્ટ વગેરે જેવી થઈ જાય, પછી તેના વિચરણક્ષેત્રની, સેવાક્ષેત્રની પણ એક સીમા બંધાઈ જાય.

**૯૩૬. ઘડપણ... :** ઘડપણ - ઘડ પણ - પણ ઘડ. એટલે કે 'પણ, ઘડ હવે તો સ્વભાવને.'

ઘડપણમાં પણ જો સ્વભાવને, પરિસ્થિતિ મુજબ ઘડીશું નહિ, તો ઘડપણ બગડશે.

આપણા સ્વભાવને આપણા સિવાય બીજો કોઈ ઘડી નહિ શકે.

**૯૩૭. ધવલભાઈ... :** તા. ૨૪મીએ ધવલભાઈનો જન્મદિવસ અને યજ્ઞ અને એ નિમિત્તે જૂનાં સંસ્મરણોની યાદ પણ -

સવારમાં પાંચ-છ વાગ્યે તેમનાં બા મહામનાં અરવિંદાબહેન જૉબ પર જાય, અમારા માટે લોટની કણક તૈયાર કરીને ઢાંકીને મૂકતાં જાય. અમે અમારા સમય મુજબ ઊઠીને નાહવાધોવાનું, પૂજા-પાઠ, વ્યાયામ-પ્રામાયામ પતાવીને થોડું વાંચન વગેરે પતાવીએ, ત્યાં ધવલભાઈ ભોજન માટે બોલાવે. બાએ બનાવેલી કણકમાંથી સરસ મજાની રોટલી બનાવીને અમને જમાડે. એમને તો તોય અસંતોષ જ રહે. કહે કે મને રોટલી ક્યાંથી આવડે? હું ચામડા જેવી રોટલી બનાવું છું તોય ગુરુજી વખાણ જ કરે છે!

ડિજિટલ સાધનો વાપરવાની શરૂઆત અમે ત્યારથી કરી. ડિજિટલ ડાયરી અને ઘડિયાળ કેવી રીતે વપરાય તે શિખવાડવાવાળા અમારા ગુરુભાઈ ધવલભાઈ.

સંસ્મરણોનાં સ્મરણ માટે પણ કાંઈક નિમિત્ત જોઈએ. ચિ. ધવલભાઈના જન્મદિવસે આ કામ કર્યું. અમને નિમિત્ત આપ્યું.

**૯૩૮. ભાર... :** કોઈનો ભાર ન રાખે, સદ્ ગુ...રુ...જી... આપે વ્યાજ સહિત, પૂરેપૂરું જી... **- ભરતકુમાર દેસાઈ, યુએસએ**

**૯૪૦. પ્રશંસા... :** આપણને આપણી પ્રશંસા સાંભળવાનું વ્યસન થઈ જાય તે તો સારુ કહેવાય. પ્રશંસા ત્યારે થાય કે જ્યારે સારાં કામો કરીએ. એટલે વ્યસન પૂરું કરવા માટે પણ સારાં કામો કરતા જ રહીએ.

હા પણ, ખુશામતનું વ્યસન કદી ન થવા દેવાય અને જો થઈ જાય તો તેની દશા હરેડ દારૂડિયા કરતાં પણ ભૂંડી થાય.

પ્રશંસા તો સારાં કામોની જ થાય. જ્યારે ખુશામત તો સાવ ખોટેખોટી થાય. જે મહામખ્ખીચૂસ હોય તેને પણ કહીએ કે "તમે તો મહા દાની છો. કેટલે ઠેકાણે તો તમારાં અન્નક્ષેત્રો ચાલે છે." આવું બધું ખોટેખોટું કહી કહીને તેની પાસેથી કાંઈક લાભ ખાટવો હોય, તેની બરાબર છાલ ઉતારવાની હોય. જેની પાસે એક હજાર રૂપિયા પણ ન હોય, તેની ગણતરી કરોડપતિમાં કરીએ. એટલે એ કહેવાતા કરોડપતિનું બિચારાનું ક્યારેક ખૂન પણ થઈ જાય.

**૯૪૧. ખુશામત... :** "ખુશામત ખુદા કો ભી પ્યારી હોતી હૈ." જો ખુશામત ભગવાનને પણ પ્યારી હોય, તો ભક્તને તો હોય જને! પણ ખુશામત, નુકસાન તો ભગવાનને અને ભક્તને બંનેને કરે છે. આપણે વાંચીએ-સાંભળીએ છીએ જ કે અમુક રાક્ષસે શિવજીનું ખૂબ તપ (એક પ્રકારની ખુશામત) કરીને ન માગવાનું માગ્યું અને શિવજીએ તે આપ્યું અને પછી પોતે અને ઘણા બધા દેવો ધર્મસંકટમાં મુકાણા હતા. જો

શિવજીને પણ ખુશામત નુકસાન કરી શકતી હોય, તો માટીપગા માણસને તો છોડે જ શાની?

ખુશામત અને પ્રશંસાની ભેદરેખા ઘણી પાતળી છે, ભલભલાને ગોથાં ખવડાવી દે છે - છેતરી પાડે છે.

**૯૪૨. જન્મદિવસ... :** આટલાં વર્ષો સુધી, સનાતનસુખ પ્રાપ્ત કરવા માટે આપણે શું-શું કર્યું અને શું-શું કરવાનું બાકી છે? તે તપાસી જવાનો-તેનું અવલોકન કરી જવાનો - તેની નોંધ લેવાનો અને જે કરવાનું બાકી છે, તે કરવા માટે દૃઢ સંકલ્પબદ્ધ થવાનો દિવસ એટલે તે જન્મદિવસ.

**૯૪૪. સેવા... :** સમાજસેવાના ભેખધારીઓએ પ્રથમ પોતાની સેવા કરવી અનિવાર્ય ગણાય. એટલે કે પોતાના આરોગ્ય માટે રતીભાર પણ પ્રમાદ ન કરાય- બેદરકાર ન રહેવાય. કેમકે જો પોતાનું શરીર સંપૂર્ણ સ્વસ્થ હોય, તો જ સેવા સંભવી શકે, ભલે સ્વાર્થખાતર નહિ પણ પરમાર્થખાતર પણ પોતે જ પોતાની સેવા કરવી જોઈએ, આરોગ્યના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ, તો જ તેમનું 'વસુધૈવ કુટુંબકમ્'નું વ્રત સફળ થઈ શકે.

ઉપર્યુક્ત વાતો ઉપરથી ભલે સામાન્ય લાગે પણ ઊંડાણપૂર્વક તેનું અવલોકન કરવાથી, તેનું મૂલ્ય સમજાયા વગર ના રહે.

**૯૪૫. અરીસો... :** જુવાનીમાં અરીસામાં વારેવારે જોવાથી અહંકાર વધે, માટે અતિ આવશ્યકતા હોય, ત્યારે જ જોઈએ તો ઠીક.

ઘડપણમાં રોજ અરીસામાં જોવું જોઈએ, દિવસમાં બે-ત્રણ વખત જોવાય તો સારું. તેથી એ વાતની સતત યાદ રહે કે 'હમણાં ચાલ્યા, કાંઈક પરભવનું ભાથું બાંધી લે, ખોટા વિચારોમા જ જુવાની વેડફાઈ ગઈ, આ અરીસો શરમ રાખ્યા વિના સાવ સાચું બતાવે છે માટે ચેત-ચેત.'

અધિકારી જીવને અરીસો સાચા વૈરાગ્યની બક્ષિસ બક્ષે છે.

**૯૪૬. અસામાન્ય :** આપણે આપણને ગણાવીએ તો છીએ અસામાન્યમાં, પણ સામાન્યો જે સુખો-જેવાં સુખો માણે છે, આપણે પણ તે જ સુખો - તેવાં જ સુખો માણીએ છીએ! જેઓ અસામાન્ય હોય તેઓનાં સુખો પણ અસામાન્ય - અલૌકિક જ હોવાં જોઈએને?

**૯૪૭. એલાર્મ... :** પોતે જ મૂકેલો એલાર્મ વાગ્યો, પણ ઘોર ઊંઘમાંથી ઊઠવું ન ગમ્યું. એટલે તેનું બટન દબાવી દીધું! એલાર્મ તો પોતાની જવાબદારી પ્રાણાણિકપણે ઉઠાડવા તૈયાર હતો, પણ આપણને તે ન ગમ્યું, આપણે જ તેને બંધ કરી દીધો, આપણે જ ચીંધેલું કાર્ય કરનારાનું મોઢું આપણે જ બંધ કરી દીધું!!

આ બધી વિચિત્ર લાગતી વાતો આપણા જ જીવનની છે, જો સમજવી હોય તો...

**૯૪૮. શુદ્ધિ... :** ગાયત્રીમંત્રના સાર્થક જપથી બુદ્ધિ શુદ્ધ થાય છે. એ શુદ્ધતા વધતી વધતી મેધા, પ્રજ્ઞા અને ઋતંભરા સુધી પહોંચે છે. ઋતથી ભરેલી બુદ્ધિમાં, અતેન્દ્રિય પદાર્થોને વિષયોને આત્મીય કરવાની ક્ષમતા-સામર્થ્ય હોય છે. (સાર્થક = અર્થના ચિંતન સહિત)

**૯૪૯. રાષ્ટ્રની સંપત્તિ... :** શ્રી બાલકોબાજી ભાવે, (શ્રી વિનોબાજી ભાવેના નાના ભાઈ) તેમના પર આવેલી ટપાલ પરના બીજી બાજુના કોરા ભાગ પર લખીને જવાબ આપતા. તે માટે તેઓ કહેતા કે રાષ્ટ્રની સંપત્તિને ખૂબ સંભાળપૂર્વક વાપરવી જોઈએ.

તેઓશ્રીની ડાબી આંખ બંધ જોઈને અમને એમ થયું કે કદાચ એક આંખે કાણા હશે. સાંજે અમે તેમની રૂમ પર (ઉરુલિકાંચન આશ્રમે) મળવા ગયા, ત્યારે તેમની જમણી આંખ બંધ હતી! આ જોઈને અમે વિચારમાં પડી ગયા, કદાચ સવારે જોવામાં અમારી ભૂલ તો નહિ થઈ હોયને? તેઓશ્રી સમજી ગયા, ખુલાસો કરતા તેમણે કહ્યું કે -

એક આંખથી ચાલતું હોય તો બે આંખ શા માટે વાપરવી? આપણું શરીર પણ રાષ્ટ્રની સંપત્તિ છે, રાષ્ટ્રની સંપત્તિનો દૂરુપયોગ ન થવો જોઈએ.

**૯૫૦. સર્વશ્રેષ્ઠ... :-** યૌગિક વ્યાયામ સર્વશ્રેષ્ઠ એટલે છે કે તેમાં બીજાં કોઈ સ્થૂળ સાધનોની જરૂરત પડતી નથી, જેમકે - લાઠી, લેજીમ, મગદળ, મલખમ વગેરે. તે માટે તો પોતાનું શરીર જ બસ છે.

યૌગિક વ્યાયામની આ સર્વશ્રેષ્ઠતા યાદ રાખવા જેવી છે.

**૯૫૧. પ્રેમના... :** શ્રીજીમહારાજનો એક અતિપ્રેમી દરજી ભક્ત, મહારાજ માટે, એવી સરસ ગોદડીની બંડી બનાવી લાવ્યો કે ભરશિયાળામાં પણ ઠંડી સ્પર્શે પણ નહિ. બંડી મહારાજનાં ચરણોમાં મૂકી, ત્યારે ત્યાં એક શેઠ પણ હાજર હતા.ભક્ત સભાની બહાર નીકળ્યો ત્યારે શેઠ તેની સાથે બહાર નીકળ્યા. પછી દરજીભક્તને કહે કે ભગત,

મહારાજ જેવી બંડી મારા માટે પણ બનાવી આપ, મોંમાગ્યા પૈસા આપું. ભગતે જવાબ આપ્યો કે :

"શેઠજી, એ બંડી તો અમૂલ્ય છે, હીરા-મોતીથી પણ તેનું મૂલ્ય ન આંકી શકો. કારણ કે બંડીમાં તો એક-એક ટાંકો પ્રેમનો છે."

**પ્રેમ ન વાડી ઊપજે, પ્રેમ ન હાટ બિકાય,**
**રાજા-પરજા જેહી રુચે, શીશ દેઈ લેઈ જાય.**

**૯૫૨. સુખદુ:ખ... :** બીજાની તુલનાએ પોતે કેટલો બધો સુખી છે, તેની ખબર જો પોતાને ન હોય, તો બીજો કોણ તેને સુખી કરી શકે?

જો પોતાની એકાંતપ્રિયતાને કારણે પોતે કેટલો બધો સ્વતંત્ર છે, તેને પારખવાની જો પોતાનામાં કુશળતા ન હોય તો તે, તે સ્વતંત્રતાને કઈ રીતે માણી શકે?

**૯૫૩. ભયયુગ... :**

**શ્રી રામચંદ્ર કહ ગયે સિયા સે, ઐસા ભયયુગ આયેગા;**
**જેબ મેં સબકી, હોગા મોબાઈલ, બોતલ મુઁહ મેં પાયેગા...**

★ ★ ★

**અમારો સંગાથ, તેને જ ગમશે; જેને વૈરાગમાં રાગ,**
**હવે વીતી ગઈ છે રાત... રૂડું ઊઘડ્યું પ્રભાત...**

**- યોગભિક્ષુ**

**૯૫૬. સાચી સમજ... :** પરમતપસ્વિની ચિ. જયશ્રીબહેન, ઘણાં વર્ષો પહેલાંનું, પૂ.ગુરુજીનું સત્સાહિત્ય ગોતીગોતીને ફેસબુક પર મૂક્યે રાખે છે. ક્યારેક તો ગુરુજીને પણ યાદ ન આવે અને તેઓ વિચારે કે આ અમારું લખેલું હશે? પછી ગુરુજી તેમને પૂછે કે આ લખાણ તમે શામાંથી લીધું છે? ત્યારે જયશ્રીબહેન પૂરેપૂરી વિગત જણાવે!

આવું બધું ત્યારે જ બની શકે કે જ્યારે સાચી સમજણ હોય, ગુરુદેવના જીવનકાર્યને, જીવન-ઉદ્દેશ્યને ખૂબ ઊંડાણપૂર્વક સમજી લેવાયા હોય અને તે ઉદ્દેશ્યને માટે સંપૂર્ણપણે સમર્પિત થઈ જવાની અને અહંથી મુક્ત થઈ જવાની તૈયારી હોય તથા મનુષ્યજન્મનું મૂલ્ય સમજાઈ ગયું હોય. આવું બધું હોવું અતિ દુર્લભ ગણાય. પણ—

શ્રીબહેનને તો આ બધી સત્ત્વસંપત્તિ વારસામાં મળેલી છે. તેમના પિતાશ્રીએ તો પોતાનું નામ જાતે જ 'કૃપાભિક્ષુ' રાખેલું. ગુરુદેવ જ્યારે પણ ઉત્સવમાં ઉમરેઠ પધારે, ત્યારે તેઓશ્રી ગુરુદેવનું ષોડશોપચારે પૂજન કરે. પોતે વેદાંતાચાર્ય, જ્યોતિષાચાર્ય અને સંગિતાચાર્ય હતા. તેમનો આખો પરિવાર જાણે સત્‌યુગના માણસો.

**૯૫૮. ગુરુપ્રેમી... :** આપણા નવીનભાઈ વ્યાસને શરૂમાં તો પાનનો ગલ્લો હતો. શ્રી કનુભાઈ પંડ્યા દ્વારા તેઓ ગુરુજીના સંપર્કમાં આવ્યા. મૂળ તો સંસ્કારી જીવ, એટલે તેમણે આ તક ઝડપી લીધી.

ગલ્લો છોડી દીદો, કર્મકાંડનું કામ શરૂ કર્યું. ગુરુજીનાં દરેક કામમાં ખડેપગે. પોતાના કામની ક્યાંક તારીખ આપી દીધી હોય, પણ જો તે દિવસે ગુરુજીનું કામ નીકળે, તો પોતે આપેલી તારીખ કૅન્સલ કરીને ગુરુજીનું કામ સાચવે. બધે ગુરુજીની સાથે-સાથે જ હોય.

તેમનાં પત્ની દેવ થઈ ગયાં પછી થોડા દિવસ પછી તેઓ ગુરુજીના દર્શને આવ્યા. નમસ્કાર કરીને ગુરુજીનાં ચરણોમાં એક નાની પોટલી મૂકી. ગુરુજીએ પૂછ્યું કે આ શું છે? તો કહે કે મારાં પત્નીનાં ઘરેણાં છે, હવે મારે તેની જરૂર નથી. ગુરુજી કહે કે અમારે પણ જરૂર નથી. તેમણે ખૂબ આગ્રહ કર્યો એટલે ગુરુજીએ કહ્યું કે ભલે, અમે ઘરેણાં સ્વીકાર્યાં, પણ હવે અમે તમને આ ઘરેણાં ભેટ આપીએ છીએ, તમારાં દીકરા-દીકરીઓ માટે. તેમણે ઘરેણાં, કાંઈક હસતા અને કાંઈક કચવાતા મને સ્વીકારી લીધાં.

અત્યારે તો તેમની પુણ્યસ્મૃતિઓ યાદ કરી તેમની હાજરીનો અનુભવ કરીએ.

અત્યારે તો તેમના પુત્ર તેમનું કર્મકાંડનું કામ ધમધોકાર ચલાવે છે.

**૯૫૯. શુભેચ્છા... :** (હળવદની ઓળખમાટે)

'હળવદની ઓળખ' તેનું સેવન કરનારાઓને ક્રમે-ક્રમે જીવથી આગળ વધીને શિવની પણ ઓળખ કરાવે એ મહેચ્છા વધુ પડતી ન કહેવાય, સ્વાભાવિક કહેવાય. કારણ કે—

તેના તંત્રી સુધાકર-સુધારક જાની છે માટે. આ સુધારક માત્ર સામાજિ સુધારા જ નહિ પણ આધ્યાત્મિક સુધારા કરવા-કરાવવા માટેય ખમતીધર હોય.

'હળવદની ઓળખ'ને નવા વર્ષના-

વંદન, અભિનંદન, આશિષ, શુભેચ્છા.

**૯૬૦. પ્રેમ... :** પતંગિયાને દીપક તરફ ખૂબ પ્રેમ છે, એટલે તે દીપક પર ઝંપલાવે છે?કે પછી દીપકનેપતંગિયા તરફ અઢળક પ્રેમ છે, તેથી પતંગિયુ તેના તરફ આકર્ષાય છે? કે પરસ્પર બંનેના પ્રેમના કારણે આવું બને છે?

ખરેખર નક્કી કરવું ખૂબ કઠિન છે.

**૯૬૧. રખે ચુકાય... :**

વ્હાલાં ગુરુ-ભાઈબહેનો, સહર્ષ જણાવવાનું કે—

પૂ. ગુરુદેવની દસ્તાવેજી ફિલ્મ, સુધારા-વધારા સાથે રજૂ થઈ રહી છે, તો તે જોવાનું રખે ચુકાય.

તા. ૯-૧૨-૧૮ રવિવારે રાત્રે ૧૦.૦૦થી ૧૨.૧૫

જીટીપીએલ ટીવીની ૫૫૧ નંબરની 'ભક્તિ' ચૅનલ ઉપર.

**- ભાવેશ રાવલ**

**૯૬૩. પરમાત્મા... :** દુઃખના સમયે આપણે સહાયતા માટે, ગુરુસંતોને કરેલી પુકાર તુરત પરમકૃપાળુ પ્રણવપરમાત્મા સુધી પહોંચી જાય છે અને આપણને સહાય મળવા લાગે છે.

તો પછી સીધી જ સહાય પરમાત્મા પાસે કેમ ન માંગવી? એને આ રીતે સમજીએ-

સમજો કે પરમાત્મા આપણાથી સો ગાઉ દૂર છે અને આપણો અવાજ પચાસ ગાઉ સુધી પહોંચી શકે તેવો છે. આપણા ગુરુ-સંતો આપણાથી પચાસ ગાઉ દૂર છે, તેથી આપણે આપણી માગણી આપણા ગુરુસંતો સુધી પહોંચાડી અને ગુરુસંતોએ તે પરમ ગુરુ પરમાત્મા સુધી પહોંચાડી દીધી.

મૂળ સૂક્ષ્મ વાતને સમજવા માટેનાં આ માત્ર સ્થૂળ દૃષ્ટાંતો છે.

**ભાષાને વળગે શું ભૂર? જે રણમાં જીતે તે શૂર.**

**૯૬૪. સુખશાંતિ... :**

**'ગુરુ-સંતનું સ્વાગત થાયે, ભાઈ-ભાઈ જ્યાં રહે સંપથી;**
**સુખ-શાંતિ ત્યાં આળોટે છે,' એવું કહે 'યોગભિક્ષુજી.'**

**જે ગૃહે ગુરુસંતોની આવન-જાવન હોય, ત્યાં સંપ જ હોયને! અને જે ગૃહે સંપ હોય, ત્યાં ગુરુસંતોને આવકારાતા જ હોયને?**

**॥ સંત હોય ત્યાં સંપ હોય ॥**
**॥ સંપ હોય ત્યાં સંત હોય ॥**

**૯૬૫. ગાદી... :** ઘણાં વર્ષો પહેલાં અમે લીંબડી જગદીશ આશ્રમમાં ગયેલા. ત્યાં આચાર્યમહારાજશ્રીના શિષ્યો, ભક્તો તથા ટ્રસ્ટીઓએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું. તેમની સૌની ખૂબ આત્મીયતા અનુભવીને ખૂબ આનંદ અને સંતોષ થયો. ત્યાંથી વિદાય થતી વખતે તેઓ સૌએ હાથ જોડીને અમને વિનંતી કરી કે આપ આ ગાદી (આશ્રમ)

સંભાળો, તો અમારા સૌનાં ભાગ્ય ખૂલી જાય! આ સાંભળીને અમારા ઉરમાં તો આનંદનો ઊભરો ચડ્યો! હવે અમારે શું જવાબ આપવો? અમે હાથ જોડીને જવાબમાં કહ્યું કે -

આટલા મોટા પવિત્ર આશ્રમની જવાબદારી અમે સંભાળી શકીએ એટલી આપને અમારામાં શ્રદ્ધા બેઠી તે માટે અમે આપ સૌનો આભાર કઈ રીતે માનીએ તેની સમજ પડતી નથી. તે માટે અમે આપ સૌને હાર્દિક નમોનારાયણાય જ કરી શકીએ. બાકી તો અમે અમારા ગૃહે જે રૂની ગાદી પર બેસીએ છીએ તે પણ સંભાળી શકતા નથી, તો આ પૂજ્ય શંકરાચાર્યમહારાજશ્રીનો આશ્રમ સંભાળી શકવાનું અમારું શું ગજું? આપ મોટું દિલ રાખીને અમને ક્ષમા કરશોજી. બસ, આટલું બોલીને અમે ત્યાંથી વસમી વિદાય લીધી.

**૯૬૬. ખંડેર :** પૂ. ગુરુદેવના - હળવદવાળા ખંડિયેર (માત્ર ચાર ભીંતડાં જ ઊભાં છે) મકાનને સેવકોએ - મિત્રોએ નવી જાળી લગાવી દીધી. જાણે - ઘરડી ઘોડી ને લાલ લગામ! વંદન-અભિનંદન-આશિષ.

**૯૬૭. દર્દ મટ્યું... :** કહે છેને કે - દર્દ મટ્યું અને વૈદ્ય વેરી!

તે જ પ્રમાણે ગર્ભવાસમાં તો બહુ વિનંતીઓ કરી કે "હે... કરુણાસાગર! આ રૌ રૌ નર્કમાંથી છોડાવો, આ મહાયંત્રણામાંથી બચાવો, આ ઘોર યંત્રણામાંથી છૂટ્યા પછી આપને કદી નહિ ભૂલું, હું વચન આપું છું." બસ... જેવો બંધનમાંથી મુક્ત થયો કે - દર્દ મટ્યું ને વૈદ્ય વેરી! પછી તો ભાઈસાહેબ, લાડી, વાડી અને ગાડીના ચક્કરમાં એવા તો ચડી ગયા કે - કોણ વૈદ્ય અને કોણ દર્દી? જયનારાયણ!!!

## ૯૬૮. રહીમન... :

**૧. રહીમન દેખી બડેન કો, લઘુ ન દીજિયે ડાર,**
**જહાઁ કામ આયે સૂઈ, કહા કરૈ તલવાર?**

**૨. તીન ટૂક કૌપીન કો, અરુ બિન ભાજી લોન,**
**તુલસી રઘુવર ઉર બસે, ઈંદ્ર બાપૂરો કૌન?**

**૩. રામભજન મેં આલસી, ભોજન મેં હુશિયાર,**
**તુલસી ઐસે જીવ કો, લાખ બાર ધિક્કાર.**

## ૯૬૯. ઉપયોગી... :

**પ્રશ્ન :** "ગુરુદેવ! આપને ભક્તો તરફથી જે આલીશાન મકાનો ભેટમાં મળે છે, તેનો આપ આપના નામનો દસ્તાવેજ કેમ નથી કરાવી લેતા? પાછળથી મકાન આપનારાની દાનત બગડે અને મકાન પાછું માગે તો ?"

**જવાબ :** હા ભાઈ, એટલે જ અમારા નામે મકાન નથી કરાવતા. મકાન ભેટ આપનાર કે તેમના વંશવારસોને, ભવિષ્યમાં ક્યારેય પણ પસ્તાવો થાય કે એમ થાય કે - આ તો ખોટું થયું, હવે તો દસ્તાવેજ થઈ ગયા છે, મકાન પાછું કેવી રીતે લેવું?'' આમ તેઓ મનમાં મનમાં કચવાતા હોય, પાછું માગવાની હિંમત ન કરી શકતા હોય અને તેનો અણસાર આપણને આવી જાય તો તુરત, ભેટ મળેલું મકાન, સહેલાઈથી તેને પાછું આપી દેવાય - પાછું આપી શકાય, માટે. અસ્તુ.

પૂ. ગુરુજીને ત્રણ મકાનો, અમદાવાદમાં અને એક મકાન ગામડે ભેટ મળેલું, પણ બધાં જ મકાનો ગુરુજીએ તેના મૂળ માલિકને પાછા સોંપી દીધેલાં.

**- ભાવેશ રાવલના જયશ્રી ઓમ્ ગુરુદેવ**

**૯૭૦. ગાયત્રી... :** ઓમ્પરિવારના ઉપક્રમે ગાયત્રી-મારુતિયજ્ઞ તા. ૬-૧-૧૮ સમય ૯થી ૧૨ સવારે **સ્થળ :** ભદ્રેશ્વર ફ્લૅટ, અંકુર ચારરસ્તા, નારણપુરા, અમદાવાદ. **નિમંત્રક :** પરમ ગુરુપ્રેમી શ્રી વિજયભાઈ/ સરોજબહેન પટેલ તથા હર્ષુલભાઈ પટેલ અને જયભાઈ પટેલ સપરિવારના જયશ્રી ઓમ્ગુરુદેવ. (સૌ અમેરિકા નિવાસી)

**કબીરા તેરી ઝોંપડી, ગલકટ્ટેકે પાસ,**
**કરેગા સો ભરેગા, તૂ ક્યો ભયા ઉદાસ?**

**૯૭૧. અમીનસાહેબ... :** પૂ. ગુરુદેવ ત્રીજી વખત અમેરિકા ગયા, ત્યારે ટિકિટની વ્યવસ્થા, સત્યધર્મપ્રેમી શ્રી અમીનસાહેબે કરેલી. પોતે અમેરિકન કંપનીમાં ખૂબ મોટા, જૂના અને વફાદાર ઑફિસર હતા. પતિ-પત્ની ખૂબ ગુરુ-સંત-પ્રેમી હતાં. તેમના વડીલો તો સ્વામીનારાયણસંપ્રદાયમાં માને. પણ તેઓ બંને પરમહંસ યોગાનંદજીમાં માને. તેમનાં પત્ની કહેતાં કે ગુરુજી આપનું અને યોગાનંદજીનું કથન એકસરખું જ છે. ફર્ક એટલો કે આપ ગુજરાતીમાં અને યોગાનંદજી અંગ્રેજીમાં કહે છે.

અમીનજી અમને તેમની ઑફિસે લઈ ગયા, ત્યારે તેમના સાહેબ કહે કે - અમેરિકામાં આપના જેવા સંતોની ખૂબ જરૂરત છે. તેમનાં પત્નીએ સૌને નાસ્તાની પ્લેટ પીરસી, ત્યારે અમે જમવામાં થોડી વાર કરી એટલે તેઓ અમને કહે કે - આપ નિઃસંકોચ નાસ્તો કરો. નાસ્તામાં ઈંડાં વગેરે કાંઈ નથી.'' વાહ! કેટલી ઊંચી સમજ!?

અમારા ભારત પાછા ફરવાના દિવસો નજીક આવ્યા. અમીન સાહેબ અમને કહે કે ગુરુદેવ, આપ જો અમેરિકામાં આશ્રમ બનાવો અને અહીં જ સ્થાયી થાવ તો હું આપને મારાં માલ-મિલકત વગેરે બધું સમર્પિત કરી દઉં. અમે જવાબમાં કહ્યું કે આપની આ અલૌકિક વાણી સાંભળીને અમને અદ્વિતીય આનંદ અને સંતોષ થયો છે. પણ અમે

જરૂરત મુજબ અમેરિકામાં રહ્યા, હવે રહેવાની જરૂરત નથી, જો અમને જરૂરત લાગે તો રહીએ જ. તે માટે આપે અમને કાંઈ જ આપવાની જરૂરત નહિ.'

સત્પુરુષો, સત્યધર્મ માટે કેટલાં જબરજસ્ત ત્યાગ-બલિદાન આપવા સહર્ષ તૈયાર હોય છે, તેની સાબિતી ઉપરના દૃષ્ટાંતથી મળે છે.

**ધન્ય હો, ધન્ય હો મા ભારત ભોમકાને**

**- ડૉ. સદ્‌ગુરુ સમર્પણભિક્ષુના જયશ્રીઓમ્‌ગુરુદેવ**

## ૯૭૩. સાચું સુખ... :

★ 'પહેલું સુખ તે જાતે નર્યા = તંદુરસ્ત.'

★ 'લાડી, વાડી ને ગાડી' અને અન્ય બધાં જ સુખો તો જ સુખ આપે, જો સ્વસ્થ હોઈએ.

★ સાચું સુખ તો જ મળે જો કર્મના અટલ-અફર નિયમને સૂક્ષ્મપણે સમજી શકીએ, તેને આચરણમાં મૂકી શકીએ.

★ સાચા સમજદાર તો જ ગણાઈએ કે જો સરકારના ગુના કરતાં પણ કુદરતના ગુનાને વધુ સમજી શકીએ ને તેથી તે ગુનાથી પ્રયત્નપૂર્વક દૂર, અતિ દૂર રહીએ.

★ 'તેજણને ટકોર બસ છે.'

**૯૭૪. હસો-રડો... :** જો અતિ ખૂબ હર્ષ થયો હોય, તો નિઃસંકોચ ખૂબ હસી લેવું, અને જો અતિ ખૂબ શોકનો પ્રસંગ આવ્યો હોય, તો નિઃસંકોચ રડી લેવું જોઈએ. જો એ અતિ આવેગો બહાર નીકળી ન જાય, તો હાર્ટફેઈલ આવી જવાની સંભાવના ઘણી.

**૯૭૫. ઔષધં... : ઔષધં જાહ્નવી તોયં, વૈદ્યો નારાયણો હરિઃ.**

બધી દવાઓ જ્યારે નિષ્ફળ જાય અને બધા વૈદ્યો-હકીમો જ્યારે હાથ ઊંચા કરી દે ત્યારે માત્ર પવિત્ર ગંગાજળ જ એક દવા અને ત્યારે માત્ર સાક્ષાત્ નારાયણ- હરિ જ આપણા વૈદ્ય-હકીમ-ડૉક્ટર!

**૯૭૬. કૃપા... :** આપણે કોઈની કૃપા પણ શા માટે માંગવી જોઈએ? કૃપાભંડારીએ કૃપા કરવામાં કાંઈ પાછું વાળીને જોયું છે? હવે તો બસ એવું જીવન જીવીએ કે કૃપા આપોઆપ જ વરસતી રહે... વરસતી જ રહે...

પ્રભુ તો સૌના દેણદાર છે, લેણદાર કોઈના નહિ. તેથી જ કહ્યું છે કે—

**કોઈનો ભાર ન રાખે મુરારિ, આપે વ્યાજ સહિત ગિરિધારી.**

**૯૭૭. આપ દરજી છો... :** (માણસ કેવા કે કેવા તબક્કાઓમાંથી પસાર થાય છે— તેને થવું પડતું હોય છે?!!) (ભાગ-૧)

ગુરુજી : અમુક ભાઈ તો કહેતા હતા કે આપ દરજી છો!

હા ખરી વાત, તેમણે અમને દરજીકામ કરતા જોયા હશે. જેમણે અમને લુહાર-સુધાર-કડિયા કે મોચી-સોનીકામ કરતા જોયા હશે, તેઓ અમને એ સમજતા હશે. જેમણે અમને બંદૂક ચલાવતા કે ઘોડા દોડાવતા જોયા હશે, તેઓ અમને તે સમજતા હશે. જેઓ અમને યોગાસનો-પ્રાણાયામ-જપજાપ વગેરે કરતા જોતા હશે, તેઓ અમને યોગી-ભક્ત માનતા હશે. જેમણે અમને ફિટર તરીકે કે હાથસાળ-મશીનસાળ ચલાવનાર તરીકે કે ઍક્ટર તરીકે કામ કરતા જોયા હશે, તેઓ સૌ અમને તેવા સમજતા હશે. ભરત-ગૂંથણ કે સ્વૅટર-મોજાં બનાવતા અમને જોનારાને તેવા લાગ્યા હોઈશું. કોઈને હિંદીના માસ્તર તો કોઈને પાણી પર ચત્તા સૂઈ રહેનાર (પ્લાવિનીપ્રાણાયામ) મહાન તરવૈયા પણ લાગ્યા હોઈએ. કોઈ કહે કે તેઓએ અમને-રાંધતા-તરતા-નેતી-ધોતી કરતા શીખવ્યું.

**૯૭૮. જીવનસાધના... :** આપણે ક્યાં યોગ સાધવો છે કે મોક્ષ મેળવવો છે તે આસન-પ્રાણાયામ કરીએ!?

હા ભાઈ! પણ આપણે તંદુરસ્ત તો રહેવું છેને? સુખી રહીને શાંતિ તો જોઈએ છેને? એટલા માટે એ બધું કરવાનું છે. મોક્ષ મેળવવા માટે તો જેવાં તપ-ત્યાગ-સાધનાની જરૂરત છે, તેવા કરવાનું તો આપણું ગજું કેટલું? માત્ર જીવન સુખ-શાંતિમય રહે તે માટે યોગ કરવાનો છે. જીવન પણ એક સાધના, યોગસાધના જ છે, જો સમતોલ જીવન જીવીએ તો!

**૯.૭૯. વિજ્ઞાન... :** જ્યાં ભૌતિકવિજ્ઞાન પૂર્ણ થાય છે, ત્યાંથી આધ્યાત્મિક વિજ્ઞાનનો પ્રારંભ થાય છે-ત્યાંથી યોગવિજ્ઞાનની શરૂઆત થાય છે.

**૯૮૦. એક વખત... :** પોતે દુઃખ વેઠીને પણ બીજાને આનંદભેટ આપનારાઓનો, આનંદ-નશો કેવો અદ્વિતીય-અલૌકિક હોય છે, તેનો સ્વાનુભવ, કમસે કમ નાતાલમાં તો કરી જોઈએ કે જેથી અન્ય લૌકિક નશાઓની સરખામણી, અલૌકિક નશા સાથે કરી શકીએ!!

**૯૮૧. ભિક્ષુ... :** ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીની આધ્યાત્મિક ઉંમર ૩૬ વર્ષની થઈ, એમણે કેટલી પદવીઓ પ્રાપ્ત કરી છે, તે તો તેમના આધ્યાત્મિક નામ પરથી જ સમજી લેવાય છે.

આજે તેમનો જન્મોત્સવ ધામધૂમથી પલિયડ(વેડા)માં ઊજવાઈ રહ્યો છે. ૪૦ વર્ષ પહેલાં આ જગ્યાએ, નવ દિવસની 'ગાયત્રી સાધનાશિબિર'નું આયોજન થયું હતું.

તેમાં ઘાસની એક સો કુટિરોમાં, સો સાધકો ગાયત્રી-જપ-યજ્ઞ કરતાં હતાં. તેનું નામ રાખ્યું હતું 'નિર્વિકલ્પ-મુક્તિધામ'. રોજ મિષ્ટાન્ન-પ્રસાદ બનતો હતો. પત્રકારોએ આને 'સત્‌યુગની શિબિર' કહેલી. કારણ કે શિબિરાર્થીઓ પાસેથી એક પણ પૈસો લેવામાં નહોતો આવ્યો.

તેની યાદમાં ત્યાં દર વર્ષે ઓમ્‌પરિવારનો મહોત્સવ ઊજવાય છે અને ધજા ચડે છે.

થોડું જણાવ્યું, વધુ સમજી લેશોજી.

**૯૮૨. પ્રતિભાવો... :** ફેસબુક પરની અમારી પોસ્ટ- 'આજનું ભાથું' વાંચનારા મિત્રોના એટલો પ્રભાવી પ્રતિભાવો આવે છે કે ગદગદ થઈ જવાય છે. કોઈ તો જણાવે છે કે અમે સવારમાં આપની પોસ્ટ વાંચ્યા પછી જ દિવસનાં કાર્યોની શરૂઆત કરીએ છીએ.

આ જાણ્યા પછી એમ લાગે છે કે ૯૧ વર્ષે પણ અમે જે યથાશક્તિ પ્રયત્ન કરીએ છીએ તે લેખે લાગે છે.

અમારો, તમારો અને આપણા સૌનો-

**- યોગભિક્ષુ**

**૯૮૪. ૬૪ કળા... :** ગુરુકુળકાળમાં વિદ્યાર્થી અભ્યાસ પૂરો કરીને ઘરે જતો ત્યારે તેને એ ફિકર નહોતી રહેતી કે હવે મારે આજીવિકા માટે શું કરવું? કેમકે તેને ગુરુકુળમાં અન્ય અભ્યાસો સાથે ૬૪ કળા પણ શીખવી દેવાઈ હોય છે, તેને જે કળામાં રસ હોય, તેનો વિકાસ તે કરી લે છે.

**૯૮૫. શુભ સમાચાર... :**

ફેસબુકમિત્રોને શુભ સમાચાર—

પૂ. ગુરુદેવ દ્વારા જેમ 'આજનું ભાથું' રજૂ થાય છે, તેમ હવે પછીથી અવારનવાર 'વીજળીના ઝબકારે' પ્રગટ થશે. તેમાં નાના-નાના ટુકડા રૂપે અતિ જીવન-ઉપયોગી સૂત્રો રજૂ થશે, વીડિયો દ્વારા, પૂજ્યશ્રીની વાણીમાં જ.

અમને શ્રદ્ધા છે કે આપને ગમશે. ગમશેને મિત્રો??

**— આપના ભાવેશ જ. રાવલના જયશ્રી ઓમ્‌ગુરુદેવ**

**૯૮૬. અધિકાર... :** આપણે આપણા ગુરુ-સંતોને એવો-એટલો અધિકાર આપ્યો છે કે તેઓ આપણા પર ગુસ્સો કરી શકે કે આપણને અણગમતું-કડવું કહી શકે? જો ના, તો જ્યારે આપણને કડવી દવાની અનિવાર્ય આવશ્યકતા હશે, ત્યારે તેઓ આપણને કડવી

દવાનું સેવન કઈ રીતે કરાવી શકશે? અને તો આપણું ભયંકર ભગંદર-ભયંકર ભવરોગ ક્યાંથી ટળશે?

આ માટે આંતરદર્શનની જરૂરત નથી લાગતી?

**૯૮૭. આશ્રમ... :** (ભાગ-૧)

'ઓમ્પરિવાર'ના બહુજન હિતાય-સુખાયના, કાર્યવિસ્તારના કારણે તેના ભાવિકોની-જિજ્ઞાસુઓની સંખ્યા ખૂબ વધતી જાય છે. ઘણા પ્રેમીઓ એમ માને છે કે ગુરુદેવને ઘણો મોટો આશ્રમ હશે. એવું સમજીને ઘણા મિત્રો એ બાબતે પૃચ્છા પણ કરતા હોય છે, તેથી થોડો ખુલાસો કરવો જરૂરી લાગ્યો–

ચીલાચાલુ ભાષામાં આશ્રમ કહી શકાય એવું ગુરુજીને કાંઈ જ નથી. તેઓ પોતે તો ૧૨ બાય ૧૬ ફૂટની ઓરડીમાં રહે છે. તે જ રૂમ તેમનું આરામગૃહ, પૂજાગૃહ, લેખન-વાચનગૃહ, સવારથી સાંજ સુધી, વગર ઍપૉઈન્ટમેન્ટે આવતા ભક્તો, મુલાકાતીઓ વગેરેને મળવાનું મિલનસ્થાન પણ એ જ.

પરંતુ તાત્ત્વિક રીતે જોતા અનેક આશ્રમો છે.

મિત્રો-ભક્તો-પ્રેમીઓનાં ઘરોને જ ગુરુદેવ પોતાના આશ્રમો કહે છે-માને છે.

**-સદ્‌ગુરુ સમર્પણભિક્ષુ**

**૯૮૮. હાક... :**

**કારી ચકલી ચક-ચક કરે, ધોરી ચકલી ધાય;**
**હનુમાનદાદો હાક મારે, બધા રોગ ભાગી જાય.**

**૯૯૦. જગમાં... :**

**આશ્રમ વિનાના યોગભિક્ષુજી, સૌને સાથે રાખે,**
**જે કોઈ તેમનો સંગ કરે તે, મોક્ષનો સુસ્વાદ ચાખે,**
**સંગ કર્યો ભિક્ષુત્રિપુટીએ, જગમાં ડંકો દીધો,**
**જીવ માત્રનું કલ્યાણ સાધવા, ત્રણએ મનસૂબો કીધો.**
**આશ્રમ બનાવો ગુરુમહારાજા, અમો બાળક પર કૃપા કરો,**
**કહે યોગભિક્ષુજી બેઉ કર જોડી, ગુના અમારા માફ કરો.**

**- યોગભિક્ષુ**

**૯૯૧. હવન-યજ્ઞ... :** હોમ-હવન, યજ્ઞ-યાગ એ સમાનાર્થી શબ્દો છે. તે અતિ સૂક્ષ્મ અને અતિ વિશાળ રૂપે પણ થઈ શકે છે. તે અનેક પ્રકારના લાભ પ્રાપ્ત કરવા

કરાય છે. સૂક્ષ્મ રીતે જોતાં અગરબત્તી અને ઘીના દીવાથી લઈને રાજસૂય, અશ્વમેધ વિગેરે પણ નાનામોટા યજ્ઞો જ છે. તેનું મુખ્ય પ્રયોજન પર્યાવરણ-પરિશુદ્ધિનું છે.

યજ્ઞનો વ્યાપક અર્થ થાય છે બદલાની ભાવના સિવાય ત્યાગવું.

અગરબત્તી, ઘીનો દીવો, રુદ્ર-મહારુદ્ર-અતિરુદ્ર-અશ્વમેધ-રાજસૂય, પુત્રેષ્ટિ વગેરે નાનામોટા યજ્ઞો, નાનામોટા અનેક મનોરથો પૂરા કરવા માટે કરાતા યજ્ઞો જ છે.

યજ્ઞોને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાયઃ રાજસિક, તામસિક અને સાત્ત્વિક.

આ રજૂઆતો વાદવિવાદ માટે નથી. પણ જિજ્ઞાસુઓ, શોધકો, સાધકો વગેરે માટે છે.

**૯૯૨. દીપક... :** વિરાટ યજ્ઞનું અતિ સૂક્ષ્મ સ્વરૂપ દીપક છે, અને–
સૂક્ષ્મ દીપકનું અતિ વિરાટ સ્વરૂપ યજ્ઞ છે.

**૯૯૩. મોહ... :** ''પોતાને કવિ કે ગુરુ કહેવડાવવાનો મોહ શા માટે?'' પણ–

બીજાને આવો ઉપદેશ આપવાનો મોહ આપણને શા માટે?! આપણને એવો અધિકાર કોણે આપ્યો?! આપણે આપણા આ મોહનો વિચાર કદી કર્યો છે?

દલીલબાજી અને પ્રશ્નોત્તરબાજી અનંત છે. જો તેમ કરવા જઈએ તો–

''એકને બેસાડવા જતાં નવ્વાણું ઊભી થઈ'' જેવું થાય. નેતિ... નેતિ...

**૯૯૪. કંસાર બનાવો... :** 'બા.. બા.. આજે તો કંસાર બનાવ, આજે હું કાશીના પંડિતોને જીતીને આવ્યો!'

'વાહ દીકરા! પણ એ તો કહે કે પ્રકાંડપંડિતોને તેં જીત્યા કેવી રીતે!?'

'જો, સાંભળ... સૌ પંડિતોએ કહ્યું કે સૂર્ય તો ખૂબ ઉષ્ણ તો મેં કહ્યું કે ખોટું, સૂર્ય તો ખૂબ શીતળ. મતલબ કે–

જ્યાં પંડિતોએ પાડી હા, ત્યાં મેં પાડી ના અને તેમણે જ્યાં પાડી ના, ત્યાં મેં પાડી હા.'

'વાહ દીકરા વાહ! આવો વિજય તો આજ સુધી કોઈએ પ્રાપ્ત કર્યો નથી!'

**૯૯૫. મૃત્યુ સમયે... :** આજે પ્રવીણભાઈ ડૉક્ટર અને દક્ષાબહેન આવ્યાં હતાં. અમેરિકાનાં સંસ્મરણો તાજાં થયાં. તેમના ઘરે ગુરુજીએ ગાયત્રીમંત્રનું અનુષ્ટાન કરેલું. ત્યાર પછી તેમના ત્યાં, બે પુત્રીઓ પર પુત્રની પ્રાપ્તિ થઈ. તેમના ગૃહે ૭૨ કલાકનો ગાયત્રી જપયજ્ઞ રાખેલો, ત્યારે અમેરિકામાં એટલો સ્નો પડ્યો કે ગાડીઓ દટાઈ ગઈ. સૌને થયું કે શું થશે. પણ જપયજ્ઞ, ભક્તોની ભરચક હાજરીમાં પૂર્ણ થયો અને યજ્ઞની આરતીની ઉછામણી મંત્રની સંખ્યાથી અને પછી ડૉલરથી થઈ. પ્રવીણભાઈએ ગુરુજીને

ડૉલરનો હાર પહેરાવેલો, જેના ફોટા ડૉક્યુમેન્ટરીમાં છે. તેમની ઇચ્છા કેવી છે તે તેમણે આજે પૂ.શ્રીનાં ચરણોમાં સંસ્કૃતમાં લખીને મૂકી. તેનો સાર આવો છે, જે મુમૂક્ષુઓ માટે અતિ ઉપયોગી છે.—

(૧) આયાસ વગર જ મૃત્યુ (મળે)

(૨) દિનતા વગરનું જ જીવન (જિવાય)

(૩) દેહ પડે ત્યારે આપનું સાંનિધ્ય (હોય)

(૪) આપ મારા ગુરુરેશ્વર (પરમેશ્વર-રી)

આટલું તો બસ છે, તેમને અને આપણને, આધ્યાત્મિક રીતે ઓળખી લેવા માટે.

**૯૯૭. આ દુનિયામાં... : રામનામ જપી શંકર કાશી, દેહુ હમહી શુભગતિ અવિનાશી,** આ દુનિયામાં મારે પાછા આવવું નથી.

**-પ્રવીણભાઈ ડૉક્ટર**

**૯૯૮. જપયજ્ઞ... :** શ્રીકૃષ્ણે કહ્યું, યજ્ઞોમાં જપયજ્ઞ હું છું. એનો મતલબ એ નહિ કે બીજા યજ્ઞો તેઓ નથી. આ તો જપયજ્ઞની મહત્તા બતાવી.

જપ માટે 'યજ્ઞ' શબ્દ વપરાયો તે ઘણું બધું કહી જાય છે. જપયજ્ઞની પ્રથમ અને મોટી વિશેષતા એ છે કે તેમાં થોડી પણ હિંસા થતી નથી. વળી, તે સાવ સરળતાથી ઘી-ઔષધી-સમિધ-વિદ્વાનો વગર થઈ શકે છે. જ્યારે ઇચ્છો ત્યારે થઈ શકે છે. અન્ય કોઈની પણ જરૂરત પડતી નથી. બીજા કોઈને તકલીફ પણ પડતી નથી અને ખાસ-ખાસ તો—

મોટી યાત્રાએ જતી વેળાએ તો જપયજ્ઞ અમોઘ (કદી નિષ્ફળ ન જનાર) ઉપાય છે. વગેરે... વગેરે...

**૯૯૯. વેદોમાં... :** વેદોમાં સામવેદ હું છું તેમ શ્રીકૃષ્ણે કહ્યું, તેનો અર્થ એ નથી કે બીજા વેદો તેઓ નથી. આ રીતે તેઓ સામવેદનું મહિમાગાન કરે છે.

અમે પણ સામવેદી છીએ પણ તેના વિષે કાંઈ વિશેષ જાણતા નથી. હળવદમાં હતા ત્યારે, સામવેદી શ્રાવણીએ નિલકંઠમહાદેવમાં જનોઈ બદલતા. ત્યારે બે મહાનુભાવો જ સામવેદવિધિ જાણતા. તેઓ બંને સગા ભાઈ હતા. અસ્તુ.

ઘણાં વર્ષો પહેલાં વડોદરામાં બાબા મુક્તાનંદજીના સત્સંગ-પ્રવચનમાં અમે ગયેલા, ત્યારની આ વાત છે—

ત્યાં ડોંગરેજી મહારાજશ્રીના નાના ભાઈ પણ આવેલા. તેમનો બોલવાનો નંબર આવ્યો, ત્યારે તેમણે પ્રથમ તો ઝબ્બો કાઢી નાખ્યો. પછી સામગાનનો પ્રારંભ કર્યો, તેમણે શાસ્ત્રોક્તપદ્ધતિથી, મુખના હાવભાવ અને હાથોના સુસંચાલન તથા મુદ્રાઓ

સહ એવા-એટલા જુસ્સા સાથે સામગાન કર્યું કે જોનારા-સાંભળનારા દંગ થઈ ગયા. શિયાળો હતો, તોય તેઓ પરસેવે રેબઝેબ થઈ ગયા!!

આ વાંચીને સામવેદની એક ઝલક મળે કદાચ!!

**૧૦૦૦. વાંઝણી... : ગાઁવ કા જોગી જોગડા, આન ગાઁવ કા સિદ્ધ!!!**

આ માનવસહજ-સ્વભાવ છે. તેનાથી જેઓ ઉપર ઊઠે તે કલ્યાણપથના પથિક હોય.

બધા જ કાંઈ કલ્યાણ-પથિકના હોય, તેવી મહેચ્છા વાંઝણી નીવડવાની પૂરી સંભાવના.

**૧૦૦૧. પ્રશંસા... :**

★ પ્રશંસા જોઈતી હોય, તો નિંદા માટે તૈયાર રહીએ.

★ રૂપ-ગુણનું પ્રદર્શન કરવું હોય તો, ઈર્ષ્યા માટે તૈયાર રહીએ.

★ ભોગો જોઈતા હોય, તો રોગો માટે તૈયાર રહીએ.

★ સેવા જોઈતી હોય, તો મેવા માટે તૈયાર રહીએ.

વગેરે... વગેરે... આ બધું એક સિક્કાની બે બાજુ જેવું...

**નિંદક નિયરે રાખીએ, આંગન કુટિ છવાય,**
**બિન પાની, સાબુ બિના, નિર્મલ કરે સુભાય=સવભાવ**

**૧૦૦૨. સાવધાન... :** આપણા સૌના અતિ આગ્રહ અને પ્રેમના કારણે પૂજ્ય ગુરુદેવ 'આજનું ભાથું'એ મથાળા દ્વારા અતિ ઉપયોગી સામગ્રી થકી કરુણા વરસાવે છે, તેને આપણે તન્મય-તદાકાર થઈને આત્મસાત્ કરી લેવાની તક ચૂકવી ન જોઈએ. તેને માટે વાદવિવાદ, તર્ક-કુતર્ક, લૌકિક કે અભદ્ર ટીકાટિપ્પણી, સ્વબુદ્ધિ-પ્રદર્શન ઇત્યાદિમાં આપણો મહામૂલો સમય વેડફાઈ જાય તે મુમુક્ષુ માટે ઠીક ન ગણાય. કલ્યાણ-પિપાસુઓની સ્થિતિ તો ચાતક જેવી હોય.

પૂ.શ્રી ૯૧ વર્ષે પણ આપણા તરફના પ્રેમને વશ થઈ જે કાંઈ કરે છે, તેને માપી-તોલી શકવાનું આપણું ગજુ કેટલું?!

પૂ.ગુરુજી આપણને જે કાંઈ, જેટલું કાંઈ અમૃત સત્સામગ્રી રૂપે પીરસે છે, તે આપણી શક્તિ-ભક્તિ-મતિ પ્રમાણે પી લઈએ, બાકી બીજું બધું અમૃત તો તેના ઉત્પત્તિભંડારમાં પાછું વહી જ જવાનું છે.

માટે જો આપણે સૌ જિજ્ઞાસુઓ પૂર્ણ સાવધાન રહીએ, તો પૂ.શ્રીનો પરિશ્રમ લેખે લાગે અને તેઓશ્રીની આપણા તરફની અલૌકિક મમતાને ન્યાય મળ્યો કહેવાય અસ્તુ.

બધું ખૂબ સરસ અને સુચારુરૂપે જ ચાલી રહ્યું છે. સૌ 'આજનું ભાથું' વગેરેનો પૂર્ણ લાભ લઈ રહ્યા છીએ જ, તે માટે સૌને હાર્દિક ધન્યવાદ. આ તો બધું આગામી સાવધાની માટે જણાવાયુ છે. જયશ્રી ઓમ્ ગુરુદેવ

''ક્યારે ગુરુજી કાંઈક લખે, કાંઈક પોતાના વિષે જણાવે કે ઉપદેશ - આજ્ઞા કરે' તેની મેઘની જેમ રાહ જોતા હોય અને બહુમુખી માહિતીઓ-જાણકારીઓ પ્રાપ્ત કરવા માટે જેઓ તલપાપડ થતાં હોય તેવા બધા માટે 'આજનું ભાથું' વગેરે છે. આવી મનઃસ્થિતિ અને જિજ્ઞાસાવૃત્તિ હોય તેમણે જ અમારા 'ફેસબુકમિત્ર' પણ થવું જોઈએ.

ફેસબુકમિત્ર થનારે પોતાની સંક્ષિપ્ત જાણકારી અચૂક જણાવવી જોઈએ.

**- નૈષધ વ્યાસ**

**૧૦૦૪. માણસે... :** થોડાં વર્ષો પહેલાં દુષ્કાળ પડેલો, ત્યારની આ વાત છે–

ઉમરેઠમાં પંડ્યા શાંતિપ્રસાદ જ્યોતિષાચાર્ય-વેદાંતાચાર્યજીના ત્યાં ત્રીસ દિવસનો ગાયત્રીમંત્રનો અખંડ જપયજ્ઞ, ઓમ્પરિવારના ઉપક્રમે થયેલો. પૂર્ણાહુતિ સમયે ઉમરેઠ ગામની બ્રહ્મ ચોરાસી રાખેલી. પૂર્ણાહુતિના સમયે મેઘ મહારાજાએ પધરામણી કરેલી.

એકત્રીસમા દિવસે અમદાવાદમાં વિજયભાઈ ચી. પટેલના ત્યાં ચોવીસ દિવસના ગાયત્રીમંત્રના અખંડ જપનો પ્રારંભ થયો. બે રૂમોમાં જયયજ્ઞ ચાલે અને એક રૂમમાં તેમનાં બા કૉમામાં.

આઠેક દિવસ પછી અમે વિજયભાઈને પૂછ્યું કે ભાઈ, ન કરે નારાયણ અને બા આ દિવસોમાં જ ધામમાં જતાં રહે તો શું કરીશું?

**જવાબ :** જો બા ટકી જાય તો તો આનંદ છે જ. પણ જો કદાચ ધામમાં પધારી જાય તોપણ આનંદ.' આવી ધન્ય ઘડી માટેય પ્રભુકૃપા જોઈએ. પ્રસાદમાં અત્યારે એક મિષ્ટાન્ન કરીએ છીએ. માની યાદમાં પછી બે મિષ્ટાન કરીશું.

તેમની આવી જ્ઞાનભરપૂર પવિત્ર વાણી સાંભળીને અમારા મનમાં 'ધન્ય-ધન્ય' ઉછાળો મારી ગયું.

ઉમરેઠ અને અમદાવાદના આ બે મહાન પવિત્ર પ્રસંગોએ જૂની કહેવતની યાદ આવી ગઈ કે–

માણસે-માણસે ફેર કોઈ લાખેય ન મળે અને કોઈ ટકાના તેર!

**૧૦૦૫. ભિષ્મ... :** આજે ઉત્તરાયન એટલે ભિષ્મ-પરાક્રમી ભિષ્મ મહાપિતાનો મહાપ્રયાણનો દિવસ, અર્થાત્—

**'ભિષ્મ-મહાપ્રયાણ-મહાપર્વ'**

**જય હો મહાપિતા ભિષ્મનો...**

**૧૦૦૬. રબ્બરની... :** ઘણા સમય પહેલાં, કાંકરિયા પરના બાથમાં અમે થોડો સમય તરવા જતા, ત્યારે પાણી ઉપર ચત્તા સૂઈને-પ્લાવીની પ્રાણાયામ કરીને-છાતી પર ઈંટ મૂકીને પડ્યા રહેતા. બહાર નીકળીને કપડાં પહેરતા હોઈએ ત્યારે, તરતા શીખવનાર માસ્તર કહેતા કે ભાઈ! તમે તો રબ્બરની થેલી છો!!

તેમને અમે 'રબ્બરની થેલી લાગ્યા.' પછી-

બીજા સ્નાનાર્થીઓ અમને ઘેરી વળે અને પૂછે કે આમ કેવી રીતે કરાય ?

અમે શું જવાબ આપી શકીએ? ફક્ત આટલું જ કહીએ કે-

**'કરત-કરત અભ્યાસા, જડમતિ હોત સુજાન.'**

**૧૦૦૮. સાચા... :** પૂ.ગુરુદેવ એક વખત કહેતા હતા કે-

"અમે 'જગત ગુરુ શંકરાચાર્ય' ફિલ્મમાં, તેમના એક શિષ્યનો માત્ર અભિનય કર્યો, તોય પરમાત્માએ અમને ગુરુનું પદ આપી દીધું, તો જો

જેઓ સાચા ગુરુસંતોના સાચા શિષ્યો બની જતા હશે, તેઓ તો અણમોલ એવા કેવાં-કેવાં, કેટ-કેટલાં પદો-લાભો-કલ્યાણ પ્રાપ્ત કરી લેતા હશે, તેનું માપ કોણ કાઢી શકે?!"

પરમાત્મા તો, કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ છે.

**- ડૉ. સદ્ગુરુ સમર્પણભિક્ષુ**

**૩૭૦. ઈચ્છા :** ઈચ્છાનું મૂળ સંકલ્પ છે. આથી મનુષ્ય જેવો સંકલ્પ કરે છે, તેવી ઈચ્છા કરે છે અને પછી તે ઈચ્છા પૂરી કરવા તેને અનુરૂપ કર્મ કરતો રહે છે.

-સુવિચાર

**૪૧૯. દર્દ કા... :** **'દર્દ કા હદ સે ગુજરના, હૈ દવા હો જાના.'**

પરમાત્મા કી પીડા ઐસી હૈ કિ ઉસકા કોઈ ઇલાજ નહીં, પીડા મેં હી ઇલાજ છુપા હૈ. ક્યોંકિ પરમાત્મા આખિરી પીડા હૈ, ઉસકે આગે ઇલાજ હો હી નહીં સકતા. વહી પીડા હૈ, વહી ઇલાજ હૈ, વહી રોગ હૈ, વહી ઔષધિ હૈ, ક્યોંકિ ઉસકે પાર કુછ ભી નહીં. તો ઘબરાઓ મત. દર્દ કી તૈયારી ચાહિયે. જબ પરમાત્મા કે આનંદ કો માંગને

ચલે હો તો યહ સૌદા કરને જૈસા હૈ. જિતના દર્દ ઉઠાને કી તૈયારી દિખાઓગે, ઉતના હી પરમાત્મા કા આનંદ ઉપલબ્ધ હોગા. તુમ્હારે દર્દ કો ઝેલ લેને કી તૈયારી પરીક્ષા હૈ, તુમ્હારી કસૌટી હૈ ઔર તુમ્હારી ભૂમિકા ભી હૈ, દર્દ નિખારતા હૈ, દર્દ સાફ કરતા હૈ, દર્દ ઐસા હૈ જૈસે કિ કોઈ સોને કો આગ મેં ધરતા હૈ. તો જો વ્યર્થ હૈ, જલ જાયગા, સ્વર્ણ બચ રહેગા ખાલિસ. દર્દ મેં વહી જલેગા જો વ્યર્થ હૈ, જો જલ હી જાના થા, કુડા-કરકટ થા. તુમ્હારે ભીતર જો ભી સોના હૈ વહ બચ જાયગા.

**- ઓશો**

## ૪૪૧. જૂનું તો થયું... :

**જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું,**
**મારો હંસલો નાનો ને દેવળ... જૂનું તો થયું.**
**આરે કાયા રે હંસા, ડોલવાને લાગી;**
**પડી ગયા દાંત, માંહેની રેખુ તો રહ્યું. મારો હંસલો...**
**તારે ને મારે હંસા, પ્રિત્યુ બંધાણી;**
**ઊડી ગયો હંસ, પિંજર પડી તો રહ્યું. મારો...**
**બાઈ મીરાં કહે પ્રભુ, ગિરધરના ગુણ;**
**પ્રેમનો પ્યાલો તમને પાવું ને પીઉં. મારો હંસલો...**

**- મીરાંબાઈ**

## ૫૫૩ ગુરુપ્રેમભિક્ષુજી...: (ગુરુપ્રેમભિક્ષુજીના પત્રો)

તા.૧૭.૬.૮૬.

પ.પૂ. પ્રાતઃસ્મરણીય શ્રી ગુરુદેવબાપુ,

દરરોજ વિવેકપૂર્ણ રીતે, માનસિક રીતે અદબ જાળવીને આપની સવારે અને રાત્રે પ્રણવવંદનાની આરતી કરું છું. એક દિવસ સાકાર થશે. મન આઝાદી માગે છે, પણ સ્વછંદતા નહિ. ગુરુઆજ્ઞાથી ચાલવાનું. ઓમ્ભગવાનને મંજૂર હોય તે જ થાય છે. ઓમ્નું ધ્યાન અમોઘ ચાવી છે, તેવી ખબર અનુભવથી પડી. આપની પાસેથી ઘણું જાણ્યું. ઋણ ચૂકવવા માટે બધું જ ઓછું પડે છે, છતાં જ્યારે માણસ થાકી જાય છે, ત્યારે ભગવાન છે એવું કહ્યા વગર રહી શકતો નથી. ઓમ્ભગવાનના કાર્યક્રમો અચૂક પાર પડશે તેમાં શંકા નથી. પ્રગટસ્વરૂપે બિરાજમાન પ્રભુ છે, તો શ્રદ્ધા અને શક્તિ અવિરત રીતે સમય અને શિસ્ત સાથે કામ કરશે જ, આ વાત સત્ય છે. થોડી ઓછી સમજણવાળા

માટે નજીકનું દર્શન પણ દૂર લાગે છે. આવતો ઇતિહાસ સુવર્ણ અક્ષરોથી લખાશે, પરંતુ તે બધી જ કૃપા આપની છે, એ માન્ય રાખવું જ પડશે.

## ૫૫૬. ગુરુપ્રેમભિક્ષુજીના પત્રો ...

....ભૌતિક રમકડાંમાં રાચતા જીવોને સુખ માટે સાચી સમજ ક્યારે મળે? જીવ, જગત અને જગદીશ એ દ્વૈતને અદ્વૈતમાં લઈ જવાનું શક્ય, ત્યારે જ બને, જ્યારે આપની પરમકૃપાનું અવતરણ થાય.

ત્યાગીઓનાં જીવન ઘટનાઓની ઘટમાળ છે. દૂર રહીને જોવાની મજા આવે છે. છતાં તેમનામય થઈને જીવીએ તો આનંદ થાય છે. છતાં આપણું કશું જ અને કાંઈ નથી, એવો ભાવ ઓમ્‌ભગવાન પ્રગટાવે છે.... આપે કહ્યું હતું કે બે-ત્રણ માસ પછી બત્તીઓ પ્રકાશશે તેની અનુભૂતિ થઈ રહી છે. બાપુ, અતિશયોક્તિ નથી કરતો, પણ જ્યાં-જ્યાં આપની પધરામણી થઈ છે, ત્યાં સુખ અને શાંતિ પ્રગટ્યાં છે.

**- ગુરુપ્રેમભિક્ષુ**

## ૫૫૮ . ગુરુપ્રેમભિક્ષુજીના પત્રો...

.....શશિકાંતભાઈનો અહેવાલ વાંચ્યો, આનંદ થયો. તેમની લખવાની શૈલી સુંદર છે અને નમ્રતા પુષ્કળ છે. મહાપુરુષોનું જીવનચરિત્ર લખવા માટેની શક્તિ ઓમ્‌ભગવાને તેમનામાં રેડી છે, એ ગૌરવની વાત છે. પૂજ્યશ્રીની કૃપાવાણી તેમનામાં દેખાય છે.

લિ.આપનો આજ્ઞાંકિત ગુરુપ્રેમભિક્ષુના પ્રણામ.

(ભિક્ષુજીનો પહેલો પત્ર પૂરો થયો.) **- ગુરુપ્રેમભિક્ષુ**

## ૫૫૯. ગુરુપ્રેમભિક્ષુજી...: (ભિક્ષુજીનો પત્ર-વસુબહેન ઉપર)

તા.૪-૭-૮૦, યુ.એસ.એ.

.....બાપુ (યોગભિક્ષુ) જ્યાં જાય છે, ત્યાં ભગવાનને આંટા મારવા જ પડે. સંતપુરુષોનું પ્રભુ ધ્યાન રાખે છે. ઇતિહાસ સાક્ષી પૂરે છે.

પત્રોની ઘણી રાહ જુઓ છો, તેટલી પરમાત્માની જુઓ, તો જન્મમરણ બહાર નીકળી જવાય. મનુષ્યદેહ પર આટલી આસક્તિ! છતાં કર્મનાં બંધન પૂરા કરવાનાં છે. તમો સતત 'ગુરુઓમ્-ગુરુઓમ્ ' સ્મરણ કરો. ખરાબ વિચારોથી દૂર રહો. ગુરુજી પાસેથી અમૂલ્ય વારસો મળ્યો છે. **- ગુરુપ્રેમભિક્ષુ**

## ૫૬૪. ગુરુપ્રેમભિક્ષુજી - ગુરુપ્રેમભિક્ષુજીનો પત્ર

તા.૧૬-૪-૮૩ હોબોકેન, યુ.એસ.એ.

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુદેવબાપુ.

આપના ગયા પછી ઘરમાં મને શૂન્યાવકાશ જેવું લાગ્યું અને તે ક્ષણે શ્વાસ ન લઈ શક્યો. સંતોની પ્રેમનીતરતી વાણી મારા જેવા નિષ્ક્રિયને ચેતન બનાવવા શું કરી શકે છે, તેનો જાતે જ અનુભવ કર્યો. ગુરુજી, આપ વિષે કાંઈ બોલવું કે લખવું તે બધું જ સૂરજની સામે દીવો ધરવા જેવું છે. ઘણા માણસોને આપના દ્વારા અનન્ય અનુભૂતિ થઈ છે. જે કાંઈ પ્રાપ્તિ છે, તે આપ દ્વારા જ છે. પ્રભુ આવે છે, ત્યારે ઓળખાતા- સમજાતા નથી, જાય છે ત્યારે શોધે છે. તેનું નામ માયા નહિ, તો બીજું શું?

અત્યારે હું તો દિશાશૂન્ય છું. શું કરવું, શું ન કરવું, કાંઈ ખબર નથી.પરંતુ ગાયત્રીમાળા નિયમિત કરું છું. અનુભૂતિ કરું એવી કૃપા કરશો.

બધાંને માટે આપ સંસ્મરણ બની રહ્યા છો. યુગોની ઊંઘ ઊડી છે. મગજ તર્ક-વિતર્કથી બહાર નીકળી ગયું છે. દસ માસમાં મારા જીવનનું ઘડતર થયું છે, છતાં જૂનો સ્વભાવ બહાર આવી જાય છે.

લિ. પ્રેમભિક્ષુના દંડવત્ નમસ્કાર

## ૫૬૭. ગુરુપ્રેમભિક્ષુજીનો પત્ર...

યુ.એસ.એ. —તા.૧૩-૫-૮૩

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી ગુરુદેવબાપુ સેવામાં,

આપના પત્રથી અનહદ આનંદ થયો. વિચારોની ગતિ નિયંત્રિત થઈ. આપના નિવાસ દરમિયાન આનંદ-આનંદ હતો, પછી વાતાવરણ નિષ્ક્રિય થઈ ગયું. સાચી સમજણ સમાધિ-અવસ્થાએ પહોંચે, ત્યારે વ્યક્તિ તેના જીવનમાં નિવૃત્તિ પામે તેમ બન્યું છે.

**- ગુરુપ્રેમભિક્ષુ**

## ૫૬૯. ગુરુપ્રેમભિક્ષુજીનો પત્ર ...

....અમેરિકાના જીવનમાં પલટા પુષ્કળ આવે છે.પ્રકૃતિ અને હવામાનમાં પુષ્કળ પલટા આવ્યા છે.વસંતઋતુમાં પુષ્કળ વરસાદ પડ્યો અને ઉનાળામાં વસંતઋતુ જેવું. કાંઈ ખબર નથી.પ્રકૃતિ પણ આપની પાસે ઝૂકે છે, તે દિવ્ય અનુભવ થયો છે. દસ મહિનામાં મગજ ઍક્ટિવ બની ગયું છે. કઈ દિશામાં કયું સ્વરૂપ લેશે તે ખબર નથી,પરંતુ આપની કૃપા જ સર્વત્ર સરળ કરી દેશે. જીવજગતનું કલ્યાણ આપના દ્વારા થશે તે નિશ્ચિત છે.

પ્રભુ,આપની કૃપા જ સર્વ સમાધિનું મૂળ છે.

ઓમ્ભગવાન જે કરે છે, તે કલ્યાણમય હોય છે, એવી મારી અનુભૂતિ છે.

લિ.ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર-નારાયણ. **- યોગભિક્ષુ**

**૫૭૫. આત્મસાક્ષાત્કાર...** ગુરુપ્રેમભિક્ષુજીના મૌલિક વિચારો :

'(૧) ગુરુજી! દુનિયામાં અતિ મહત્ત્વની વાત લોકો કઈ માને છે? આત્મસાક્ષાત્કારની.પણ મારી માન્યતા એથી જુદી છે -

(૨) ગુરુદેવનું પ્રાપ્ત થવું તેને હું જીવનમાં મોટામાં મોટી વાત માનું છું.

(૩) ગુરુદેવની પ્રાપ્તિ,તેને જ હું આત્મસાક્ષાત્કાર કરતાં વધુ મહત્ત્વની વાત માનું છું, હું તેને જ આત્મસાક્ષાત્કાર કહું છું.

(૪) મારા માટે ગુરુદેવના મિલન સિવાયનો બીજો કોઈ આત્મસાક્ષાત્કાર જ નથી.'

**- ગુરુપ્રેમભિક્ષુ**

## ૫૭૮. પ્રેમભિક્ષુજી...

......આપનો છેલ્લો પત્ર તા.૭.૭.૮૩ના રોજ મળ્યો, તે જ દિવસે મારી જન્મતારીખ હતી, એટલે પરોક્ષ રીતે આશીર્વાદ મળ્યા.ગુરુ અને ભગવાન કોઈ રીતે આવે છે. પત્ર દ્વારા,વિચાર દ્વારા,સ્વપ્ન દ્વારા.જેની લગની લાગે છે, તે કોઈ પણ પ્રકારે મળે છે.પત્ર મળ્યા પછી અને પત્રમાં હું જે માંગણી લખું છું, તે સાકાર થઈ જાય છે, એટલે આપની દિવ્ય કૃપા સિવાય કાંઈ માંગતો નથી. જ્યારે આપની સાથે અમેરિકામાં ફરવાનું થતું અને વાતો થતી, ત્યારે મને લાગતું કે બાપુ શા માટે આવું કરે છે ? હવે એ બધી વાતો અનુભવી રહ્યો છું.આપ અંતર્યામી ખરા કે નહિ છતાં સાહજિક તો છો જ.ગર્ગ એવું કહેતા કે ગુરુજી કૃપા કરે તો જ વાણી-વિચાર સમજી શકાય.

લિ.ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર.

## ૫૮૫. પ્રેમભિક્ષુજી...

હોબોકેન, યુ.એસ.એ., તા.૧૪-૦૭-૮૩

પૂજ્યશ્રી ગુરુદેવબાપુ,

ગુરુપૂર્ણિમાના મહાન પર્વના અવસરે જન્મજન્માંતરનાં કર્મો કરવા બદલ ક્ષમા માગવાની અને જીવનને ધન્ય બનાવવાની નમ્રતા દાખવી રહ્યો છું. કોઈ પણ ક્ષણ અને વિચાર ગુરુમય બનાવવાની શ્રી ગુરુદેવની કૃપા મેળવવાનો મહામૂલો અવસર એ જ ગુરુપૂર્ણિમા.

અમારા જેવા મનુષ્યભાવમાં રમી રહેલા જીવો ઉપર કૃપા કરશો. ખરી વાત એ છે કે જેમણે જીવજગતને આપવા માટે જન્મ ધારણ કરેલ છે,પ્રભુ! તેમને શું આપી શકીએ? નિજાનંદ,બસ નિજાનંદ. આપનાર અને લેનાર એક થઈ ગયા છે,જીવન ધન્ય બની ઊઠ્યું છે. બધે જ ઓમ્ભગવાન અને બધાંમાં આપ. દિવ્યતા ને દિગ્મૂઢ! કેવું રહસ્ય!

.......આપ્યા વગરની અપેક્ષા એ પ્રભુની ઉપેક્ષાનું પાત્ર બને છે.પૂજ્ય ગુરુદેવ જ્યાં બધું છે-જ્ઞાનાવતાર-આપની કૃપાથી બધું સરળ છે ને સમર્પણ.

લિ.આપનો-ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ.

## ૫૮૮. પ્રેમભિક્ષુજી...

હોબોકેન, યુ.એસ.એ. તા.૧૦-૦૮-૮૩,

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય યોગેશ્વર વહાલા બાપુ

અખંડ આપના નામનું સ્મરણ ચાલે છે. આપનો પત્ર મળ્યો.પત્રમાં વ્યક્ત થતી વાણી કેટલું બળ આપે છે, તે જ અમારા માટે નિજાનંદ છે. ધ્યાન વિષે વાંચ્યું, ત્યારે લાગ્યું કે બાપુ માટે કાંઈ નવું નથી, પરંતુ આપ અમારા બાપુ કહેવાઓ તેથી જ 'ગાઁવકા જોગી જોગટા' ની જેમ આપનું કહેવાનું સામાન્ય લાગે.આ જ મનની વિચિત્રતા છે. મને એમ લાગ્યું કે દૂર હોવામાં જ મજા છે.સાચું દર્શન થતું હશે. એક માસ પહેલાં એમ થયું હતું કે રાજચંદ્રનાં પુસ્તકો બાપુ વાંચે તો કેવું સારું? પરંતુ આપે જ ધ્યાન વિષે કટિંગ મોકલ્યાં, ત્યારે મારું મન આશ્ચર્ય શોધવામાં ઘણા સમયથી રોકાયેલું હોવાથી આનંદ અનુભવે તે સ્વાભાવિક છે...... **- ગુરુપ્રેમભિક્ષુ**

## ૫૯૦. પ્રેમભિક્ષુજીનો પત્ર...

તા.૧૦-૦૮-૮૩. ..... આપને અમેરિકા આવવા માટે આપનો વિચાર સર્વોત્તમ સાધન છે એવું અમે માનતા થઈ ગયા છીએ. દુખદ સમાચારો મનની ભૂમિકાનું પરિણામ હોઈ શકે. સંસારથી ભાગનારાની ભગવાન ભારે કસોટી કરે છે, કારણ કે ભગવાન તરફ જવા માટે સંસાર મોટી પાઠશાળા છે,છતાં મને ખબર નથી શું બનશે? પ્રણવવંદના સાચો જવાબ આપી શકે છે. સર્વ શાસ્ત્રોનો સાર એ જ પ્રણવવંદના.

જગતે જે લેવાનું છે, તે છોડી કાંકરા લેવા જાય છે. જ્ઞાનની અંતિમ સ્થિતિ તે સાચી સમજ છે.બાપુ! દરેક માણસને, જાણ્યે-અજાણ્યે આપે સમાધિપાદ શીખવ્યો છે અને સમાધિ સમજાવી છે.'સમજ્યો તે નર ફરી ન બોલ્યો.' ગજવામાં હોવા છતાં રખડીએ છીએ. આનું નામ કમનસીબ...

પ્રભુ કૃપા કરજો. ભગવાન ને વિનંતી, પ્રાર્થના કરીએ કે અમારા બાપુને શતઃ વર્ષ દીર્ઘાયુ રાખે, અમારા જેવા ભૂખ્યા તરસ્યા અને નિરાધાર ઓમ્ભક્તોના કલ્યાણ માટે.

## ૭૧૩. પરિવર્તન... :

હોતા યદિ રાજત્વ માત્ર હી, લક્ષ્ય હમારે જીવન કા;
તો ક્યોં અપને પૂર્વજ ઉસકો, છોડ માર્ગ લેતે વન કા?
પરિવર્તન હી યદિ ઉન્નતિ હૈ, તો હમ બઢતે જાતે હૈં;
કિન્તુ મુઝે તો સીધે-સચ્ચે પૂર્વ-ભાવ હી ભાતે હૈં.

- મૈથિલીશરણ ગુપ્ત ('પંચવટી' મહાકાવ્ય)

**૭૬૯. પહેલી મુલાકાત... :** ...જ્યાં સુધી આપણે પોતે આત્મજ્ઞાની ન થઈએ, ત્યાં સુધી એક યોગીપુરુષ કેટલું કાર્ય કરી શકે છે, તેનો ખ્યાલ ન આવી શકે.

હજારો ભક્તોનાં હૃદયમાં ઈશ્વરીય ચેતનાને જાગૃત કરવી એ અત્યંત કપરું અને કઠિન કાર્ય છે.

**કોઈ યુનિર્વસિટીનો વાઈસ ચાન્સેલર કે હજારો પ્રોફેસરો અને ટીચર્સ મળીને પણ જે કાર્ય ન કરી શકે તેવું કાર્ય પૂ. યોગભિક્ષુજીના હાથે થઈ રહ્યું છે અને અનેક પેઢીઓ સુધી આ કાર્ય જીવંત રહેવાનું છે. પૂ. બાપજીએ કરેલો આ પ્રયત્ન ભગીરથ અને પ્રસંશનીય છે.**

પૂ. બાપજીની પાસે મારે છેલ્લાં ૨૩ વર્ષથી, દર સપ્તાહે કે પંદર દિવસે જવાનું થાય છે. તેમના દ્વારા મારું જે આધ્યાત્મિક ઉત્થાન થયું છે, તેને માટે હું તેમનો આજીવન ઋણી છું અને એ હું વર્ણવી શકું તેમ નથી કે કેટલું બધું ઉત્થાન થયું છે...

- રશ્મિકાંત ભટ્ટ

## ૯૪૩. ધૂલીમય... :

ઈસ બડે તૂફાન કે ઝોંકે ઝકોરે ઝેલને કો,
માનવી સંપૂર્ણ સાહસ વક્ષ બીચ સંજો રહા હૈ;
અવની અંબર કી તરાજૂ સામને રખ દી ગઈ હૈ,
ક્યોં ન તોલુ આજ અપની શક્તિ ઈસ પર ગર્વ સે ધર?
ધૂલીમય નભ ક્યા ઈસી સે બાંધ દૂ મૈં નાવ તટ પર?

- હરિવંશરાય બચ્ચન

**૯૫૪. સાધી... :** આ લાકડાના લાડવા, મારે કદી ખાવા નથી, સાધી સમાધિ શ્યામની, ત્યાં કામિની શું કામની? ત્યાં કામિનો શું કામનો?

ઉંબરા તો ડુંગરા થયા, પાદર થયા પરદેશ, ગોળી (ગોળી = મોટી માટલી) તો ગંગા થઈ, અંગે ધોળા થયા કેશ...

**- નરસિંહ મહેતા**

**૯૫૫. ડૉક્યુમેન્ટરી... :**
**પૂજ્ય ગુરુદેવશ્રી યોગભિક્ષુજીની, 'અમરયોગીની અમરકથા' નામની દસ્તાવેજી (ડૉક્યુમેન્ટરી) ફિલ્મ રજૂ થઈ રહી છે.**

**તા. ૯/૧૨/૧૮ રવિવારે રાત્રે, ૧૦.૦૦ વાગ્યાથી ૧૨.૧૫ સુધી.**

**ચેનલ : જીટીપીએલ ટીવીની ૫૫૧ નંબરની 'ભક્તિ' ચૅનલ ઉપર.**

**- ઓ.પ.પ્ર.સમિતીના જયશ્રી ઓમ્ ગુરુદેવ**

**૯૬૨. કીર્તિ... :** કીર્તિ, કાંચન અને કામિનીમાં જેમને રસ અને રાગ નથી રહ્યા, તેવા પવિત્ર સંતમાં હું પૃથ્વીના પટાંગણ પર અખંડિત રહીશ.

**- ભગવાન સ્વામીનારાયણ**

★ ★ ★

(સ્ત્રી અને પુરુષ બંનેને ભગવાન પ્રાપ્ત કરવાનો અધિકાર સમાન છે, તે બતાવવા માટે, થોડા ફેરફાર સાથે, ઉપરનું લખાણ નીચે મૂક્યું છે.)

કીર્તિ, કાંચન અને કામાતુરમાં જેમને રસ અને રાગ નથી રહ્યા, તેવા પવિત્ર સંતીમાં-સતીમાં હું પૃથ્વીના પટાંગણ પર અખંડિત રહીશ.

**- ભગવતીમાં નારાયણી**

**૯૭૨. રવિન્દ્રનાથ ટાગોર... :** આત્માની ઉપાસના છોડીને અહંકારની કે રાષ્ટ્ર-ઉપાસનાની પાછળ પડોમા, આત્માને જ વળગી રહો. તે શિવ છે, મંગલ છે, પરમ સુંદર છે. તેની જ ઉપાસના કરો, તેની જ ઉપાસના કરો.

હે પ્રભુ! હું ઘણી બધી ઈચ્છાઓને પૂર્ણ કરવા પ્રાણપણે પ્રયત્ન કરું છું, પણ તમે મને તે બધાંથી વંચિત રાખીને બચાવી લ્યો છો. તમારી આ કઠોરકૃપા છે.

**- રવિન્દ્રનાથ ટાગોર**

## -: ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટના પ્રકાશનો :-

### -: જયનારાયણ ગ્રંથાવલી :-

| ગુજરાતી | રૂ. પૈસા |
|---|---|
| ૧. ગુરુમહિમા (યોગરહસ્યોથી ભરપૂર) (બીજી આવૃત્તિ) | ૫૫.૦૦ |
| ૨. મુક્તા (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ) (ત્રીજી આવૃત્તિ) | ૯૦.૦૦ |
| ૩. શાંતા (પાતંજલ યોગદર્શન-સાધનપાદ) (બીજી આવૃત્તિ) | ૬૦.૦૦ |
| ૪. મારા ગુરુદેવ (જીવન અને સાધનાની અનુભૂતિ) (બીજી આવૃત્તિ) | ૧૬.૦૦ |
| ૫. ઈશ્વરની ઓળખ (ઈશ્વર કોને કહી શકાય?) (પાંચમી આવૃત્તિ) | ૩૫.૦૦ |
| ૬. મંત્રવિજ્ઞાન અને ધ્યાન (ત્રીજી આવૃત્તિ) | ૫૦.૦૦ |
| ૭. નિર્ઝર ઝર્યું કો ગેબથી (આવૃત્તિ-૨ વિશ્વઅશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત) | ૧૫.૦૦ |
| ૮. કિસકો લાગું પાય? (ત્રીજી આવૃત્તિ) | ૦૫.૦૦ |
| ૯. સ્વાધ્યાય (ત્રીજી આવૃત્તિ) | ૬૦.૦૦ |
| ૧૦. મારે સમાજને બેઠો કરવો છે. (ત્રીજી આવૃત્તિ) | ૨૫.૦૦ |
| ૧૧. પ્રેરણાસિંધુ (ત્રીજી આવૃત્તિ) | ૮૦.૦૦ |
| ૧૨. પ્રેરણાપીયૂષ (શ્રી ગુરુપ્રેમભિક્ષુજીના પ્રેરણાદાયી પત્રો) (પ્રથમ આવત્તિ) | ૦૮.૦૦ |
| ૧૩. કડવું અમૃત (ચોથી આવૃત્તિ) | ૮૦.૦૦ |
| ૧૪. મૃતસંજીવની (પહેલી આવૃત્તિ) | ૧૧૦.૦૦ |
| ૧૫. વીજળીના ઝબકારે (પહેલી આવૃત્તિ) | ૧૦૦.૦૦ |
| ૧૬. આધ્યાત્મિક ગરબા (ક્રાંતિકારી તળપદી) | ૨૫.૦૦ |
| ૧૭. અમૃત છલકાયું ભિક્ષુ ઝોળીએથી | ૨૦.૦૦ |
| ૧૮. અમેરિકા - શુભેચ્છા યાત્રા | ૨૦.૦૦ |
| ૧૯. આજનું ભાથુ (આવૃત્તિ પ્રથમ) | ૧૪૦.૦૦ |
| ૨૦. આજનું ભાથુ-૨ (આવૃત્તિ પ્રથમ) | ૧૪૦.૦૦ |

## -: ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટના પ્રકાશનો :-

### -: જયનારાયણ ગ્રંથાવલી :–

ૠતમ્ભરા (ત્રિમાસિક) લવાજમ : ત્રિવાર્ષિક રૂા.૧૦૦.૦૦, આજીવન રૂા.૫૦૦.૦૦
પરદેશ ત્રિવાર્ષિક : $ ૫૦, આજીવન : $ ૧૫૦

**हिन्दी**

१. ईश्वर की पहचान (ઓમ્‌ વિષેની વિસ્તૃત માહિતી) ............................૧૧.૦૦

२. क्रांत-चिंतन (પૂ.યોગભિક્ષુજી અને ઓ.પ્રે.પ.ટ્રસ્ટનો પરિચય) .............૧૭.૦૦

३. मुक्ता (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ) ................................૫૫.૦૦

४. निर्झर झरा को गेब से ..................................................૦૭.૦૦

**English**

1. Streaming from The invisible (The Subtlest causes of world unrest).....................7.00
2. Easiest is Realization (Articles) ........................................................................5.00
3. Yogabhikshu – An Introduction .........................................................................5.00
4. I wish to Awaken The Society ..........................................................................10.00

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.